[૨]

મુનિચન્દ્રસૂરિ-વિરચિત

विक्रमादित्यस्य पञ्चदण्डप्रबन्धः

(વિક્રમના પંદરમા શતકનો પૂર્વાર્ધ)

આ પ્રબન્ધની એક પ્રત બ્રિટીશ મ્યુઝિયમ, લંડનના સંગ્રહમાં છે, અને તેનો રજિસ્ટર નં. ઓરિએન્ટલ-૨૬૮૪૨ છે. મારા પ્રોફેસર ડૉ. ભોગીલાલ સાંડેસરા, રોકફેલર ફાઉન્ડેશનના આમંત્રણથી, યુરોપ-અમેરિકામાં ભારતીય વિદ્યાવિષયક કાર્ય કરતી સંસ્થાઓની મુલાકાતે અમેરિકા જવા નીકળ્યા ત્યારે તેઓએ ઇંગ્લેંડના બ્રિટીશ મ્યુઝિયમની પણ મુલાકાત લીધી હતી. બ્રિટીશ મ્યુઝિયમના હસ્તપ્રતોના સંગ્રહમાંથી, મારા ઉપયોગ માટે તેઓએ આ પ્રબન્ધની નોંધ કરી હતી. આ હસ્તપ્રત પરથી પ્રસિદ્ધ જર્મન ભારતીય વિદ્યાવિદ પ્રો. એ. વેબરે 'પઞ્ચદણ્ડછત્રપ્રબન્ધ'નું સંપાદન કરી, ઇ.સ. ૧૮૭૭માં જર્મનીના એક પ્રસિદ્ધ સામયિકમાં છપાવ્યું છે.[૨૧] આ સામયિકના 'Philosophisch-Historische Klasse' એ વિભાગના પૃષ્ઠાંક ૧-૧૦૧ પર 'Pañchadaṇḍachhatra-prabandha' Ein Märchen von Kośī König Vikramaditya' એ શીર્ષકથી આ કૃતિ પ્રસિદ્ધ થયેલી છે. તેમાં સંસ્કૃત ટેક્સ્ટ દેવનાગરી લિપિમાં નહિ પણ રોમન લિપિમાં છાપેલી છે, અને પ્રસ્તાવના જર્મનમાં છે.[૨૨]

આ પ્રબન્ધની બે હસ્તપ્રતો, પાટણના શ્રીહેમચન્દ્રાચાર્ય જ્ઞાનમન્દિરમાં છે; તેઓના રજિસ્ટર નં. અનુક્રમે ૧૭૮૧ અને ૧૧૨૩૩ છે. ભાંડારકર ઓરિએન્ટલ ઇન્સ્ટીટ્યૂટ, પૂનામાં પણ આની એક હસ્તપ્રત

---

૨૧. 'ABANDLUNGEN Der Königlichen Akademie Der Wissenschaften Zu Berlin Aus Dem Jahre, 1877 (Philosophical and Historical Annals of the Royal Academy of Sciences in Berlin, 1877) આ સામયિકની શોધ વડોદરા યુનિવર્સિટી લાઇબ્રેરીના લાયબ્રેરિયન ડૉ. [illegible] શુક્લે કરી ~~મારા ઉપયોગ માટે મંગાવી હતી~~

૨૨. વડોદરાના જર્મનભાષાવિદ પ્રો. [illegible] એ આ પ્રસ્તાવનાનું અંગ્રેજી ભાષાંતર કરી આપ્યું હતું.

છે. તેનો નોંધ નં. ૧૭૨/૧૮૭૨-૭૩ BORI છે. પ્રો. વેબરે જે પ્રત પરથી સંપાદન કર્યું છે તેમાં કૃતિનો રચનાકાલ, કર્તાનું નામ કે લેખનસંવત આપેલાં નથી; પણ વડોદરા પ્રાચ્યવિદ્યા મંદિરની નં. ૨૩૭૬ની આ પ્રબન્ધ-ની હસ્તપ્રત કે જેના આધારે તેની વિવેચના હું અહીં કરી રહ્યો છું તેમાં કર્તા પૂર્ણચન્દ્રસૂરિના નામનો ઉલ્લેખ છે; તેમાં રચનાસંવત કે લેખનસંવત આપેલાં નથી. પૂર્ણચન્દ્રસૂરિ કે તેઓની કૃતિઓના સમય વિષે ચોક્કસ માહિતી મળતી નથી; પણ સ્વ. શ્રી મોહનલાલ દ. દેસાઈકૃત 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ'માં, પૃ. ૨૭૮, પૅરા ૩૨૭માં આ પ્રમાણે ઉલ્લેખ છે:

'....વીરાત્ ૧૬૩૧ (સં. ૧૧૬૧)માં ચંદ્રકુલના બૃહદ્ગચ્છના નેમિચંદ્ર શિષ્ય શાન્તિસૂરિએ સ્વશિષ્ય મુનિચંદ્ર માટે 'પૃથ્વીચંદ્રચરિત્ર' રચ્યું. (કાં. છાણી; જે.પ્ર. ૭૬). આ શાન્તિસૂરિએ સિદ્ધ નામે શ્રાવકે બંધાવેલા નેમિચૈત્યમાં પોતાની પાટે આઠ આચાર્યો નામે મહેન્દ્ર, વિજયસિંહ, દેવેન્દ્ર ચન્દ્ર, પદ્મદેવ, પૂર્ણચન્દ્ર, જયદેવ, હેમપ્રભ અને જિનેશ્વર સ્થાપ્યા અને પોતાનો ગચ્છ પિપ્પલગચ્છ પ્રસિદ્ધ કર્યો.'

આના પરથી એમ ફલિત થાય કે, પૂર્ણચન્દ્રસૂરિ વિક્રમના ૧૨મા શતકમાં થઈ ગયા. પણ આ કૃતિનો, અજ્ઞાત સંસ્કૃત ગદ્યકાર (કૃતિ નં. ૧)ની કૃતિ સાથે સરખાવતાં, તેને પંદરમા શતક પહેલાં મૂકી શકાય તેમ નથી. સ્વ. શ્રી મો. દ. દેસાઈકૃત 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ'માં, પૃ. ૫૨૭, પૅરા ૮૦૭માં, બીજા એક પૂર્ણચન્દ્રનો આ પ્રમાણે ઉલ્લેખ કરેલો છે:

'સં. ૧૬૬૦ આસપાસ દેવકુલ નાગોરી (મૂળમાં 'નાગોરીય' છપાયેલું છે તે ભૂલ છે.) તપાગચ્છના રત્નશેખરસૂરિ — પૂર્ણચન્દ્ર — હેમહંસ — હેમસમુદ્ર — સોમરત્ન — રાજરત્નસૂરિના પટ્ટધર ચંદ્રકીર્તિ-સૂરિએ પોતાના પૂર્વજ રત્નશેખરસૂરિના પ્રાકૃત 'છંદઃકોશ' પર સંસ્કૃત ટીકા રચી.'

રત્નશેખરસૂરિના શિષ્ય પૂર્ણચન્દ્ર. એ 'પંચદંડ છત્ર પ્રબન્ધ'ના કર્તા-

વજ્રદિવાલ ઊભી કરી, રાજાની સવારી આગળ વધતી રોકવાની એ પ્રસંગ 'પંચદંડ'ની મધ્યકાલીન ગુજરાતી કૃતિઓમાં મળે છે, જ્યારે તે આ પ્રબન્ધમાં, શુભશીલગણિકૃત 'पञ्चदण्डछत्रकथा'માં, અજ્ઞાત સંસ્કૃત ગદ્યકારના પ્રબન્ધમાં (કૃતિ નં-૧), દેવમૂર્તિ-વિરચિત 'पञ्च-दण्डछत्रकथा'માં, અજ્ઞાત સંસ્કૃત ગદ્યકાર (કૃતિ નં-૫) કે બીજા સંસ્કૃત ગદ્યકાર (કૃતિ નં-૬)માં મળતો નથી. વિ.સં. ૧૪૯૦માં રચાયેલ, કણોઈના રામચંદ્રસૂરિ-રચિત 'पञ्चदण्डछत्रप्रबन्ध'માં તે પ્રસંગ સૌથી પહેલો મળે છે. આના પરથી પરથી એમ અનુમાન થઈ શકે કે, ઉપર્યુક્ત સર્વ સંસ્કૃત કૃતિઓ (કૃતિ નં-૧ થી ૬) સંભવતઃ રામચન્દ્રસૂરિ પહેલાં રચાઈ હોવી જોઈએ; (જુઓ આ પ્રકરણના અન્તે 'પંચદંડ'ની પરંપરાઓની યાદી) એટલું જ નહિ પણ મધ્યકાલીન ગુજરાતી 'પંચદંડ'ની કૃતિઓના લેખકોએ પોતાનું વસ્તુ રામચન્દ્રસૂરિની રચનામાંથી લીધેલું હોવું જોઈએ.

પૂર્ણચન્દ્રસૂરિના આ પ્રબન્ધમાં, વૃદ્ધા ગાંછણ મહેણું મારે છે:
'न दृष्टोऽसौ राजा पञ्चदण्डछत्रं मूर्ध्नि धृत्वा समागच्छन् यस्य गृहे दासीः सम्मार्जनं कुर्वन्ती निषिध्यते।'

વિક્રમ, આ વચન સાંભળી, વૃદ્ધા ગાંછણને (આ પ્રબન્ધમાં વૃદ્ધા ગાંછણનું નામ આપેલું નથી.) રાજદરબારમાં બોલાવે છે અને તેને 'પંચદંડછત્ર'ના રહસ્ય વિષે પૂછે છે:

"पञ्चदण्डच्छत्रनामाप्यदृष्टमश्रुतमुक्तं; तत् केनापि निष्पाद्यते न वा?" गांछिकयोक्तं, "खड्गे निष्कासिते कोऽपि विद्यां न यच्छति; यदि कोऽप्यादेशकारको भवति, तदा निष्पाद्यते।" राज्ञोक्तं "कत्यादेशाः?" तयोक्तं, "पञ्च"।

આ 'પંચદંડછત્ર'ની પ્રાપ્તિ, ગાંછણે આપેલા પાંચ આદેશો પૂરા કરવાથી થાય છે. મુનિરત્નસૂરિ-રચિત સંસ્કૃત 'અમમચરિત્ર'માં,

ગોરખયોગિની અંબડને સાત આદેશ આપે છે. આ આદેશને પ્રો. વેળકર સમસ્યાઓરૂપે ઓળખે છે. એ સમસ્યાઓ ઉકેલો તો તમને ઇચ્છિત વસ્તુની 'પ્રાપ્તિ—લબ્ધિ' થશે. આ 'પંચદંડ'ની વાર્તાઓનો પ્રધાન સૂર છે.

આ પ્રબંધ અને બીજી સંસ્કૃત, ગુજરાતી અને રાજસ્થાની કૃતિઓમાં 'ગંધવહ' સ્મશાનનો ઉલ્લેખ આવે છે. જ્યાં ભૂત, પ્રેત, પિશાચ, યોગિનીઓ, ભૈરવ વગેરે યથેચ્છ વિહરે છે એવું આ સ્મશાન ઉજ્જયિનીમાં આવેલું છે, એમ 'પંચદંડ'વિષયક પ્રાપ્ત સર્વ કૃતિઓ પરથી જણાય છે. કાલકાચાર્ય નામના જૈન આચાર્યની બહેન સરસ્વતીના રૂપના મોહ પાશમાં તેને પકડનાર ઉજ્જયિનીનો રાજા ગર્દભિલ્લ 'ગર્દભ-ભટ્ટ' કહેવાતો હતો, એવો ઉલ્લેખ મળે છે. આ ગર્દભિલ્લના નામ સાથે 'ગંધવહ'ને કંઈ સંબંધ હશે? કે પછી 'ગંધર્વનું સ્મશાન' એમ અર્થ નીકળી શકે? આ એક સંશોધનક્ષમ કોયડો છે.

આ પ્રબંધ જૈન કૃતિ છે અને તેમાં જૈન ધર્મ વિશે ઉલ્લેખ મળે છે:

पृथ्वीतले चंक्रममाणः स्वर्णशैले श्रीयुगादीशदेवप्रासादं दृष्ट्वा तुतोष। तत्रेन्द्रादयः समीयुः। जिनं पूजयित्वा यथाप्रदेशमुपविशन्ति स्म।

આની સંસ્કૃત ભાષા પણ જૈન-સંસ્કૃત છે. સંસ્કૃત પર પ્રાદેશિક ભાષાની અસર છે. 'तत्र टोले टोले उपविष्टा वृद्धवयसः' એમાં 'ટોલે' એ દેશ્ય શબ્દ સંસ્કૃત શબ્દ તરીકે વપરાયો છે. સંસ્કૃત 'इन्द्रजालिक'ને બદલે ફારસી 'બાજીગર' શબ્દ મળે છે. 'फार फुंकारा' એ શબ્દજૂથમાં 'फार' જેવો દેશી ભાષાનો શબ્દ મળે છે, જે મરાઠીમાં ચાલુ છે.

આ પ્રમાણે, કૃતિની ભાષા જોતાં, તેના પર લોકબોલીની અસર જણાય છે. લોકવાર્તાઓ [illegible] પ્રાકૃત ભાષાઓમાં પણ પ્રચલિત હતી, તેથી લોકવાર્તાવિષયક કૃતિઓ જે જે દેશ, સમાજ, અને [illegible] ભાષા તેની લોકબોલી, અને [illegible] પ્રચલિત

તત્કાલીન પરંપરાઓને પ્રતીકરૂપે વ્યક્ત કરે છે. લોકવાર્તાઓનું પહેલું ગ્રન્થસ્થ સાહિત્ય ગદ્યરૂપે મળે એ સ્વાભાવિક છે, કારણ કે લોકવાણી પદ્ય કરતાં વાતચીતની ગદ્યની ભાષામાં સહજ રીતે વહી શકે છે.

આ પ્રબંધ, આની પહેલાંની અજ્ઞાત ગદ્યકાર (સં-૧૪૬૫ પહેલાં)ની કૃતિ કરતાં વાર્તાની વિગતો અને પ્રસંગવર્ણનોમાં વિસ્તાર સાધે છે. શરૂઆતમાં, કર્તા એક શ્લોક દ્વારા જણાવે છે કે, 'જો હંમેશાં તમે ધર્મકાર્યો માટે ઉદ્યમ કરતા રહેશો તો તમને વિક્રમના પંચદંડાતપત્રની માફક સારી સંપત્તિ પ્રાપ્ત થશે.' આટલા પ્રાસ્તાવિક પછી, હવે પછીની કૃતિઓમાં જે ઉજ્જયિની, વિક્રમનું સૈન્ય વગેરેનાં લાંબાં વર્ણનો આવે છે તેનાથી અલિપ્ત રહી કર્તા વાર્તા શરૂ કરે છે. રામચંદ્રસૂરિ, નરપતિ અને લક્ષ્મીવલ્લભગણિની કૃતિઓમાં જે લાંબાં લાંબાં વર્ણનો આવે છે તેનાથી વાર્તાનો પ્રવાહ રૂંધાય છે અને વાર્તાના નિરૂપણમાં જે ચોટ, રણક આવવાં જોઈએ, તેના બદલે શિથિલતા આવે છે, વાર્તારસની નિષ્પત્તિ બહુ પાંખી બને છે, જ્યારે આ પ્રબંધકારે નિરૂપણમાં સારો સંયમ દાખવ્યો છે. પંચદંડના દેવદમનીનું વર્ણન તો આ પ્રમાણે આપે છે:

प्रातः [illegible] स्नात्वा सा पुत्री स्नापिता दिव्य[illegible]आभरणैर-लंकृता [illegible] कारयित्वा [illegible] करे, [illegible] प्रेषिता। ततः सा राजभवनं प्राप्ते [illegible] सह [illegible] [illegible] इति [illegible] [illegible] द्वारं प्राप्ता।

પછી દેવદમની વિક્રમ સાથે દ્યૂત રમવા માટે છે. દ્યૂતમાં રમતનો ઉલ્લેખ સંસ્કૃતનાં ઘણાં ગ્રંથોમાં પણ મળે છે. એટલે એ પરંપરા [illegible] કે [illegible] નહીં કહેવું [illegible] આ વાર્તા [illegible] જનતાની [illegible] પ્રતીકરૂપ હોય એમ લાગે છે. [illegible]

મદ્રાવલી આગળ એને બ્રાહ્મણમાં ન મૂકી ગોઠવણી વાત આવી છે;
મદ્રાવલીની પુત્રી ચન્દ્રાવલી દેવદમનીની વાત આવે છે. મદનાવલી
આગળ ને કહે છે: "મારી પુત્રી ચન્દ્રાવલી સાથે જો સુરતિસુંદરી સાથે
તેને હરાવીશ તો તું સાતશતી પૂરી પાડી ... સાધીશ; જો રમતમાં
તું હારી જઈશ તો તારે તેના દાસ થઈને રહેવું પડશે." આવા વાર્તાઓમાં
એક પછી એક શરતો અને સમસ્યાઓ આવવી અને તેના ઉકેલ
માટે વીર નાયક પરાક્રમો કરે એ વિક્રમવિષયક વાર્તાચક્રો અને અન્ય
મધ્યકાલીન ગુજરાતી લોકવાર્તાચક્રોના સ્વરૂપમાં અત્યન્ત સાહજિક
બની ગયું છે.

ત્રણ દિવસ સુધી દ્યૂતની રમત ચાલી. પણ ન તો રાજા જીત્યો કે ન
તો દેવદમની જીતી. આથી, રાજા રાત્રે નગરચર્યા જોવા નીકળ્યો ત્યારે
નગરના કૌલિક, નાલિક, શાંખિક, કુંદલિક વગેરે જાતના લોકોને તેણે
ચર્ચા કરતાં સાંભળ્યા કે, રાજા ભલે તેટલો ચતુર હોય પણ દ્યૂત, પિશાચ
... ના પ્રકાર દેવદમનીને મન રમત જીતવો એ ... છે.

રાજા રાત્રે અન્ય ગોવધ(?) સ્મશાનમાં ગયો; ત્યાં તેણે શું જોયું!

ततो ... स्मशानं अन्धकारपटावृतं प्राप्तः। शाकिन्याः वेतालाः
परिभ्रमन्ति। राक्षसाः कार्तिकराः कटकटायन्ते। भूताः महद् दन्ता भ्रमन्ति।
प्रेताः दन्तनखकुद्दालकन्याजिह्वां ललवलन्तो दृश्यन्ते। पिशाचाः
विकरालकायाः। योगिन्यो हल्लीसकैर्नृत्यन्ति। शाकिन्यः खर्पराधिरूढाः।
शिवाः फेत्काराणि कुर्वन्त्यः। घूकाः घूत्कारान् मुञ्चन्तः। चित्रकाणां
चीत्कारं, श्वानानां बुभुत्कारं इत्यादि रौद्रे स्मशाने परिभ्रमन्
देवकुलिकायां स्थितः।

આવા ભયાનક સ્મશાનમાં, વિક્રમે ક્ષેત્રપ-ક્ષેત્રપાલને જોયો.
તે કેવો હતો?

देहद्वयांतराले तदा डमरूनादं शुश्राव। सावधानमनाः ...
... तावत् कृष्णाहिसंकाशतनुच्छविः ... बर्बरी-

कहकहायमानः खेटकः व्याघ्रपाणिर्मुण्डं खपरिं डमरकं करे दधानः, परैर्यक्षिस्तादृशरूपैश्चतुरशीतिसहस्रैः सेव्यमानः। तथा गौरक्षेत्रपः; सिन्दूरारुणितनेत्रो, ललाटे सिन्दूरतिलकः, कण्ठे रुण्डमालः, पादयोः पादुकाकलितः घुघुरिकशब्दायमानः, महुयर सींगीत्रत्रटादि-सशब्दः प्रकटो जातः। कृष्णाक्षेत्रपस्तत्रायातः।

ઉપર્યુક્ત સ્મશાન અને ક્ષેત્રપાળોનાં વર્ણનોમાં કર્તા અદ્‌ભુત અને ભયાનક ચિત્રો ખડાં કરે છે. 'પંચદંડ', 'સિંહાસનબત્રીસી', 'વેતાલપચીસી'- ના વાર્તાચક્રોમાં સ્મશાન, ભૂત, પ્રેત, ભૈરવ, વેતાલ આદિનાં વર્ણનો વારંવાર આવે છે. લોકવાર્તાઓમાં કથાપ્રવાહ વહેતો હોય ત્યારે વાર્તાઓને વધુ રસિક બનાવવા, લોકકલ્પનાને ઉત્તેજિત કરી રસનિષ્પત્તિ સાધવા આવાં વર્ણનો ઉમેરાયાં હોવાં જોઈએ. છતાં, વર્ણનોની આ પરંપરા, લોકોમાં પ્રચલિત બીજી વાર્તાઓથી આ વાર્તાઓને જુદી પાડે છે. ખરેખર, 'પંચદંડ', 'સિંહાસનબત્રીસી' અને 'વેતાલપચીસી'ની વાર્તાઓની પરંપરામાં આ એક મહત્ત્વની હકીકત છે. ઉપર્યુક્ત વર્ણનોમાં, રાક્ષસોના દાંત કચકચાવવા, શિયાળોના ફેત્કાર, ઘુવડના ઘૂત્કાર, કૂતરાંનું ભસવું, ચિબરીઓના ચિત્કાર આદિ રવાનુકારી શબ્દો પ્રત્યેક અવાજનો અસર- કારક રીતે વ્યક્ત કરે છે.

ક્ષેત્રપાલે રાજાને યુક્તિ બતાવી તે પ્રમાણે તે વેતાલની મદદથી ઇન્દ્રની સભામાં ગયો અને ત્યાં નૃત્ય કરતી દેવદમનીનાં નૂપુર, મંદારમાલા અને બીટક (પાનબીડું), વેતાલની મદદથી વિક્રમે ઓંધાણરૂપે હરી લીધાં. જ્યારે રમત ફરી શરૂ થઈ ત્યારે રાજાએ દેવદમનીને નૂપુર, મંદારમાલા અને બીટકનાં એંધાણ એક પછી એક બતાવી, દેવદમનીને દ્યૂતમાં હરાવી. सा लज्जिता गृहं गता। राज्ञा छत्राधः स्नापित्वा परिणीताय[illegible]

नीचादप्युत्तमां विद्यां, अमेध्यादपि काञ्चनम्।

विषादप्यमृतं ग्राह्यं, स्त्रीरत्नं दुष्कुलादपि ॥१॥

इति प्रथमादेशो जातः॥

'પંચદંડ'ની વાર્તામાં, વિક્રમ વૃદ્ધા ગણિકાએ રચેલા પાંચ આદેશ પૂરા કરે છે; આ આદેશ એટલે આજ્ઞા નહિ, પણ 'સમસ્યા' એમ પ્રો. એ. વેબરે અર્થ ઘટાવ્યો છે; અને એ પાંચ સમસ્યાઓના ઉકેલને માટે વિક્રમે જુદી જુદી જાદુઈ વિદ્યાઓના પ્રતીકરૂપ 'પંચદંડ' પ્રાપ્ત કર્યા તો પહેલો આદેશ પૂર્ણ કરવામાં કોઈજ દંડની જરૂર પડી નથી, છતાં આદેશ પૂરો થયો છે. અજ્ઞાત સંસ્કૃત ગદ્યકાર (સં. ૧૪૬૫ પહેલાં)ની 'પંચદંડ'ની કૃતિમાં આદેશને બદલે દંડ શબ્દ વપરાયેલો છે. આના પરથી, પ્રો. વેબર એમ કહેવા ઇચ્છતા હશે કે, આ વાર્તાઓમાં 'પંચદંડ'નું મહત્ત્વ નથી, પણ પાંચ આદેશ — સમસ્યાઓનો સફળ ઉકેલ એ જ મહત્ત્વની ઘટના છે. 'પંચદંડ' એ તો સાધન બન્યા, પણ પાંચ આદેશ પૂરા કરવાથી સિદ્ધિ પ્રાપ્ત થઈ.

राजा तन्मातां द्वितीयमादेशं पृष्टा साह, "कौतुकादेशे सोपारकपत्तने सोमशर्मगृहिणी उमादेवनाम्नी तत्स्वरूपं सम्यक् ज्ञात्वा समागच्छ।" रा०, "करिष्याम्यादेशं।"

આ આદેશ સિદ્ધ કરતાં કરતાં વિક્રમને 'રસદણ્ડ' અથવા 'સિદ્ધદણ્ડ' આ બે દંડ પ્રાપ્ત થયા. રાજા સોપારક પહોંચ્યો અને ત્યાં તે 'શ્રી યુગાદીશ'નું અર્થાત્ ઋષભદેવનું મંદિર જોઈ, તેની પૂજા કરી ઘણો ખુશ થયો. તે મનમાં વિચારવા લાગ્યો કે, અહીં આવતાં જ જિનેન્દ્રનાં દર્શન થયાં એટલે કાર્ય સફળ થશે. રાજાએ વેતાલની વિદ્યાથી આઠ વર્ષના બાળકનું સ્વરૂપ ધારણ કર્યું અને સોપારકની સમૃદ્ધિનું અવલોકન કરવા લાગ્યો. અહીં વર્ણવેલાં ફળ, ફૂલ અને વૃક્ષવેલિની સમૃદ્ધિ ભૌગોલિક રીતે હાલના કોકણ પ્રદેશને મૂર્ત કરે છે:

तत राजाग्निकवलेन वर्षाष्टकदेशीयं बालकरूपं कृत्वा करे

पट्टिकापाटिकाभाजनपुंटिकापुस्तिकालेखिणीवर्त्तनादिकं बिभ्रन्, सप्तशतसंख्याकानि सरांसि, द्विसहस्रकूपानि, सप्तशतस्वर्णखातय; स्वर्णांकितकीवनानि, स्वर्णजातिरम्भिकानारसिंहिका वापिर्मां केल्यो, कौंतणां केलां: पुन्नागनागाशोकतालतमालहिंतालकृतमालसाल-लवंगिकाकदली वासंतिका बीजपूरी खर्जूरीनालिकेरी पूगीफलद्रुमादिनि पश्यन्- - - - - कदापि टंकपुरुषमप्राक्षीत् ।

આવું આશ્ચર્ય નગર જોતો જોતો વિક્રમ ઉમાદેને ત્યાં ગયો અને સોમશર્મા પાસે ભણવા રહ્યો- પ્રાચીન ભારતમાં, ગુરુ વિદ્યાર્થીઓને આશ્રમમાં રાખતા અને ભણાવતા હતા; એ અધ્યયન-અધ્યાપનની પ્રણાલી આ વાર્તામાં વ્યક્ત થઈ છે. સોમશર્માને ત્યાં ત્રેસઠ વિદ્યાર્થી ભણતા હતા અને વિક્રમ ચોસઠમો થયો. ઉમાદે વિશે કવિ એક સુંદરાની ઉક્તિમાં કહે છે:

मुंडा होइ सुवच्छहला, असई होइ सलज्जा ।
खारं पाणी हंहु कलि कलिहिं अवस्सजा ॥१॥
भोलउ कज्जगाही कारणकुसलो य मुक्को हत्थो ।
गुरु देवादाहा मन्तो मुत्तो पंचासिओ होई ॥२॥

ઉમાદે પાસે રસદંડ હતો; અને તેનામાં જે અદ્ભુત શક્તિ હતી તે કરતાં પણ વધુ અદ્ભુત શક્તિ પ્રાપ્ત કરવા તેણે યોગિનીઓને ચોસઠ બત્રીસલક્ષણા વિદ્યાર્થીઓનું બલિદાન આપવા વચન આપેલું હતું. ચોસઠ વિદ્યાર્થીઓની સંખ્યા પૂરી થતાં, બલિદાન ક્યારે અને ક્યાં આપવું તે નક્કી કરવા ઉમાદે રાત્રે આંબલીના વૃક્ષ ઉપર ચઢી અને દંડના બળથી (કહો કે દંડમાં ભાનકરૂપે રહેલી અદ્ભુત વિદ્યાના બળથી) વૃક્ષ- - - -स्वर्णशैलोपकण्ठ स्वर्णसंचयानगर्याद्वारे अवतीर्ण:। આ વૃક્ષની બખોલમાં ભરાઈ રહેલો વિક્રમ પણ સાથે ઊતર્યો. ઉમાદેએ કેવી રીતે અને ક્યારે

બલિદાન આપવું એ યોગિનીઓ કહ્યું. વિક્રમે ઉમાદે અને યોગિનીઓ વચ્ચેનો સંવાદ સાંભળ્યો. આંબલાના ઝાડ પર ચડી ઉમાદે તેર આવી; તેની સાથે બાલ વિક્રમ પણ આવ્યો. ચૌદસના દિવસે, બલિદાન આપવાના સમયે, ત્રેસઠ વિદ્યાર્થીઓ અને ગુરુ સાથે વિક્રમ બારથી છૂટ્યો. એક વહાણમાં બેસી તે સર્વે કટાહ દ્વીપમાં ઊતર્યા. ત્યાં નગરમાં જતાં રાજાએ શું જોયું!

स्वयं पुरान्तो विवेश। चतुःपथं वस्त्रपरिपूरितं पुष्पापण्येषु मुक्तानि चंगीरकाणि। तैलं गन्धं। नालिकेरी पूगीफलाक्षोड विदाम निमजां द्राक्षा लवंगी एलची जातीफल चंदनागुरु कर्पूर कस्तूरिका कुंकुम विविध यामयोग्यानि। दूसिकापणेषु श्रीबाफ सालिबाफ भैरव कनाग गोनी नर्म पट्टकूल बंधालक नारीकुंजर पंचवर्णादिकान्याच्छादनानि पश्यन् राजभवनं गतः।

ઉપર્યુક્ત ફળફળાદિ અને વસ્ત્રો સાંસ્કૃતિક ઇતિહાસના અભ્યાસ માટે સારી સામગ્રી પૂરી પાડે છે. આવા પ્રબન્ધોમાં આવતી હકીકત, પ્રસંગો અને પાત્રોની ઐતિહાસિકતા શંકાસ્પદ હોવાનો સંભવ છે, પણ સાંસ્કૃતિક પરંપરાગત ભોજનસામગ્રી, વસ્ત્રો, હથિયાર, અલંકાર વગેરે પ્રજાના સામાજિક જીવનનાં જ પ્રતિબિંબ હોઈ, પ્રજાજીવનના સાંસ્કૃતિક અભ્યાસમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. બીજી કૃતિઓના મુકાબલે આ કૃતિ સાંસ્કૃતિક મહત્ત્વ ધરાવે છે તે આ રીતે.

રાજા સૌના રાજમહેલના બાજુ ભાગ ગયો; ત્યાં તેણે આવાં વિવિધ શસ્ત્ર જોયાં:

तत्र जरद् कुसणा टोप पाखरपल्लाणा कुंतक प्रक्षवेडन तीर तोमर नाराचार्द्धचंद्रतीतिका। शरासन सींगिणि सेल च कुंत गदा मुद्गर चक्र परशु खड्ग तरवारि प्रमुख शस्त्राणि......

ત્રીજે, ચોથે અને પાંચમા માળે રાજાએ આ વસ્તુઓ જોઈ:

जवारक वेदिका कळश तोरण चमरादि क्रीडास्थानं विलोक्य

तुर्यभूमिकायां जगाम। तत्र हार दोर कंकण केयूरांगद बाहुरक्षक कटीसूत्र मेखला हारार्द्ध हार त्रिसर नवसर अष्टादशसर चतुःषष्टिसर अष्टोत्तरशतसरिक देवच्छंदेन्द्र छंदगुच्छ माणवक कनकावली मुक्तावली रत्नावली पुरुषजनोचित- स्त्रीजनोचित राखडी मुकुट कुंडल ग्रीवादि विभूषण जातानि... पालकवर भूषणानि निभालयन्। पंचमभूम्यां ययौ तत्र पल्यंक हिंडोलक तूलिकामपहली उच्छाटकोच्छीर्षकगतं च मसूरीमुखानि पश्यन्। षष्ठे भूमिकां ----- धारामंडपांधकारबंध शीतलप्रदेशानि विलोकयन्।२५

સાતમે માળે રાજાએ, આંખોમાં સેવાંજન આંજેલી સુંદર બિલાડી જોઈ. ઉપર દર્શાવેલાં કળકલાદિ આહારસામગ્રી, વસ્ત્રો, શસ્ત્રાસ્ત્ર, અલંકાર વગેરે આ પ્રબંધમાં પ્રબંધકર્તા થયા તે પહેલાં ઘણા સમયથી એમ તેનો ઉપયોગ કરતા હોવા જોઈએ; એટલે આ પ્રબંધ, ભોજ-વાનીની સાથે સાથે કેટલીક ઐતિહાસિક સામગ્રી પણ આપે છે. જાદુઈ વિદ્યાના પ્રયોગનું 'ડંડા'ની કલ્પના... આવી તે પહેલાં પણ પ્રયોગો દ્વારા જાદુઈ વિદ્યા... થતા હોવા જોઈએ, એમ બિલાડીને આંજેલા સેવાંજન – સિદ્ધાંજન ઉપરથી સૂચિત થાય છે. બિલાડીને સિદ્ધાંજન આંજવાથી સુંદર કન્યા બની ગઈ. કન્યાએ કહ્યું કે, હું કનકસેન રાજા અને કનકાવતી રાણીની કનકમાલા નામની

२५. સાંડેસરા, (ડૉ.) ભોગીલાલ જ. – સંપાદિત 'वर्णक-समुच्चय', ભાગ १ (પૃ. ३४-३५)માં આવાં વર્ણક મળે છે; જેવાં કે,

हार अर्द्धहार प्रालंब प्रालंब नवसर कटक कंकण केयूर नूपुर कर्णकुंडल एकावली कनकावली रत्नावली वज्रावली पद्मावली चंद्रावली सूर्यावली नक्षत्रावली श्रोणिसूत्र कांचीकलाप रसना किरीट - - - - - - - - - - - - - - - . . . . . पालंबक त्रिसरक चतुःसरक नवसरक अष्टादशसरक इति आभरणानि.

ડૉ. ભોગીલાલ સાંડેસરા અને ડૉ. રમણલાલ ના. મહેતાએ, 'वर्णक-समुच्चय ભાગ १'માં સમાવિષ્ટ વર્ણકો પરથી, 'वर्णक-समुच्चय, भाग २'માં સાંસ્કૃતિક અધ્યયન રજૂ કર્યું છે.

પુત્રી છું. નરભક્ષી રાક્ષસના ત્રાસથી, રાજા, રાણી, નગરલોક સર્વે નાસી ગયા; રાક્ષસે મને પરણવા માટે રાખી છે, બહાર જાય છે ત્યારે મને શ્વેતાંજન આંજી મને સ્ત્રીરૂપ બનાવે છે. તેની પાસેના વિજયદંડની તે પૂજા કરે છે. જો કોઈ તેના માથા પર વિજયદંડ મારે તો તે મરણ પામે." વિક્રમે રાજમહેલમાં સંતાઈ રહી, પૂજા કરતા રાક્ષસના માથા પર દંડ મારી તેના પ્રાણ લીધા. કનકસેન રાજા, રાણી અને સર્વ પ્રજાજન પાછા આવ્યાં. રાજાએ કનકમાલા વિક્રમને પરણાવી. રાજા, ગુરુ અને શિષ્યો વેતાલની કાંધે બેસી પાછા સોપારક આવ્યા. ત્યાં તેઓને ખબર મળ્યા કે ઉમાદેને યોગિનીઓ ખાઈ ગઈ છે. સોપારકના રાજાએ પોતાની પુત્રી વિજયમાલિકા વિક્રમને પરણાવી. સોમશર્માને રાજપુરોહિતની પુત્રી પરણાવી.

......द्वौ दण्डौ गंचिछकाया दत्तौ। इति द्वितीयादेशः ॥छ॥

આ આદેશ સિદ્ધ કરતાં — ઉમાદેનું સાચું સ્વરૂપ જાણતાં — વિક્રમે બે જાદુઈ દંડ અને બે રાજકન્યાઓ પ્રાપ્ત કરી. આ બે આદેશનું બાહ્ય માળખું જોતાં, વિક્રમ વિકટ સંજોગોમાં મુકાય છે અને તેનું અસ્તિત્વ નાશ પામશે એવી પરાકાષ્ઠાએ વાર્તા પહોંચે છે અને છેવટે અદ્ભુત રીતે વિક્રમ સફળતા મેળવે છે.

पुनरप्युक्तं, "तृतीयमादेशं देहि"। तयोक्तं, स्तंभतीर्थे ताम्रलिप्त्यां जयकर्णभूपगृहे तृतीयभूम्यां रत्नैर्भृता मञ्जूषास्ति, तामानय."

રાજા વેતાલના ખભે બેસી તામ્રલિપ્તિ ગયો. ત્યાં રાજા, નગરજનો વગેરે નગર બહાર ઉજાણીનો ઉત્સવ ઉજવતાં હતાં. રાજા કુંવરીના મહેલ પાસે ગયો. છુપાઈને તે રાજમહેલના ત્રીજે માળે ગયો અને ત્યાં તેણે સખીઓ વચ્ચે રાજકુંવરીને જોઈ. રાસમાળા, વરવાતિ આદિની કૃતિઓમાં રાજકુંવરીનું નામ રત્નમંજરી આપેલું છે. કુંવરીએ ચોથે માળેથી રત્નમંજૂષા આણી. વિક્રમ થાંભલાની ઓથે રહીને જોતો હતો કે, કોઈ પુરુષ સંકેત પ્રમાણે રાજકન્યાને લઈ જવા, તેણે દૂરી રીતે મહેલમાંથી ઉતારતો ~~[illegible]~~

તે પુરુષને મારી નાખ્યો અને રત્નમંજૂષા અને કિન્નરીઓ સાથે કુંવરીને સાંઢ પર બેસાડી, સાંઢ હાંકી. કુંવરીને કાન્યકુબ્જના રાજકુંવરને પરણવાની ઇચ્છા હતી, અને સંકેત પ્રમાણે કાન્યકુબ્જના રાજાનો દૂત તેને લેવા આવ્યો હતો. વિક્રમે સાંઢ ઉજ્જયિની તરફ હાંકવા માંડી એટલે રાજકન્યા બોલી કે, “તું મને અવળી દિશામાં ક્યાં લઈ જાય છે?” રાજાએ કહ્યું કે, “હું કાન્યકુબ્જના રાજાનો દૂત નથી, પણ એક જુગારી છું; જુગારમાં હું મારી પત્ની હારી ગયો છું; તો એ બદલામાં તને આપી, મારી પત્નીને છોડાવીશ.” આ સાંભળી, કુંવરી દુઃખી થઈ. થાકેલો વિક્રમ સૂતો હતો તેના પગની રેખાઓ જોઈ, કુંવરીને લાગ્યું કે આ જુગારી નથી, પણ કોઈ મહાપુરુષ છે. એટલામાં એક સિંહની ત્રાડ સાંભળી, વિક્રમે શબ્દવેધી બાણથી સિંહને માર્યો. કુંવરી તેના પરાક્રમથી પ્રસન્ન થઈ. ત્યાંથી આગળ ચાલતાં, રસ્તામાં એક નગરના ઉદ્યાનમાં કુંવરી, રત્નમંજૂષા અને સાંઢને મૂકી, વિક્રમ નગરમાં ભોજનની વ્યવસ્થા કરવા ગયો. એટલામાં તે નગરની એક વેશ્યા ત્યાં આવી, કુંવરીને પોતાની બહેનની પુત્રી હોવાનું સગપણ બતાવી પોતાને ઘેર લઈ ગઈ. રાજકુંવરીએ જાણ્યું કે આ તો વેશ્યાગૃહ છે એટલે તે સતી થવા તૈયાર થઈ. વિક્રમ ત્યાં આવી પહોંચ્યો અને સળગેલી ચિતામાંથી રાજકુંવરીને બહાર કાઢી. તે નગરના રાજાએ વિક્રમને ઘણું માન આપ્યું અને વેશ્યાનાં નાકકાન કાપી, વિરૂપ બનાવી, ગધેડા પર બેસાડી કાઢી મૂકી. વિક્રમ તામ્રલિપ્તિની રાજકુંવરી અને રત્નમંજૂષા લઈ ઉજ્જયિની આવ્યો.

रत्नमञ्जूषा गन्छिकाय दत्ता॥ इति तृतीयादेशः॥

આ આદેશ સિદ્ધ કરવામાં વિક્રમને મુદ્દઈ દંડ મળ્યો નથી; એક શામળની કૃતિમાં રત્નોની પેટી અને દંડ બન્નેની પ્રાપ્તિ [illegible] છે. રાજકુંવરી અને રત્નમંજૂષાનું હરણ કરી વિક્રમ પ્રયાણ કરે છે ત્યાં વચ્ચે કુંવરી અને રત્નોની પેટી વેશ્યા લઈ જાય છે ત્યાં વાર્તામાં પ્રસ્તાવ

આપે છે. पुनः पृष्टा, "मातस्त्वनुथगाालेशो ॥ देहि ॥" तथोक्तं, "निज वप्रगरणां दंडयित्वा देशपट्टे निष्कासय।"

આ આદેશ સાંભળી રાજા વિચારમાં પડ્યો કે નિર્દોષને દંડ કેવી રીતે દેવો? છતાં તેણે નક્કી કર્યું કે હું આદેશનો ઉત્તરભાગ-'देशपट्टे निष्कासय' એ પૂર્ણ કરીશ. અજ્ઞાત સંસ્કૃત ગદ્યકાર (કૃતિ નં.૧), પૂર્ણચંદ્ર સૂરિ, કુમારગણિ, દેવમૂર્તિ, અજ્ઞાત સંસ્કૃત ગદ્યકાર (કૃતિ નં.[illegible]) અજ્ઞાત સંસ્કૃત ગદ્યકાર (કૃતિ નં.૬) અને અજ્ઞાત ગુજરાતી ગદ્યકારમાં આ વાત પ્રાપ્ત થાય છે. રામચંદ્ર સૂરિ અને તેમને અનુસરનારા [illegible] રાજકથાની, ગુજરાતી પંચદંડકારોમાં આ વાત મળતી નથી. મેં જે અજ્ઞાત ગુજરાતી ગદ્યકારની કૃતિનું સંપાદન કર્યું છે તે સિવાયની પંચદંડની કોઈ મધ્યકાલીન ગુજરાતી કૃતિઓમાં આ પ્રસંગ નથી. આ હકીકત પરથી એવી માન્યતા દૃઢ થાય છે કે બાકી કોઈ સંસ્કૃત કૃતિ કે ગદ્યકાર કરતાં કદાચ રામચંદ્ર સૂરિના [illegible] 'પંચદંડ'ની ગુજરાતી કૃતિઓ [illegible] થઈ હશે. મેં સંપાદન કરેલી ગુજરાતી ગદ્યકૃતિ, તે ગદ્ય હોવાના કારણે જ નહિ, [illegible] દેવદમની [illegible] આ આદેશ જેવા પ્રસંગ તેમાં અંતર્ગત છે તેથી [illegible] ગુજરાતી કૃતિઓમાં તે મહત્વની બની રહે છે, કારણ કે તે [illegible] પ્રાચીન સંસ્કૃત કૃતિઓને અનુસરે છે.

[illegible] વિક્રમ રાજાને મળવા ગયો ત્યારે રાજાએ તેના સામું જોયું નહિ. [illegible] ઘેર આવ્યો. પ્રધાનને ચાર પુત્ર અને ચાર પુત્રની વહુઓ હતી. તેમાં સૌથી નાની પુત્રવધૂ ઘણી ચતુર અને તેજસ્વી હતી. ---- परं कदुवधूः सर्वोत्पत्तिविज्ञो कलाकुशला सर्वोपकारकर्ता तथा राज्ञो शिवाकृतप्रमाणेन [illegible] निज-श्वसुरकुलविप्लवं ज्ञातं राजकोपात् ----।

[illegible] વાતમાં [illegible] આવવાનો છે એમ [illegible] આપવાનું શરૂ કર્યું. સાસરિયાં અને [illegible] ના કહેતા હતાં તેમ[illegible]

છાણાં થાપવાનું ચાલુ રાખ્યું. છ માસમાં તેણે છાણાંનો મોટો ઢગલો કર્યો. પ્રબળ દુરદર્શિતાવાળી આ જાજરમાન સ્ત્રી આવનાર આફતનો સામનો કરવા કેવી તૈયારી કરે છે! તે સમયે રાજા પ્રજા પર કોપ્યા અને તેનું સર્વસ્વ લૂંટીને તેને દેશપાર કર્યો. પુત્રવધૂ પોતે તૈયાર કરેલાં છાણાં ટોપલામાં ભરી, કુટુંબ સાથે બે ત્રણ વસ્ત્રો લઈ ચાલી. લોકો વાત કરવા લાગ્યા કે, રાજાથી અપ્રિય થયેલા આ પોતે છાણાં પણ લઈ જાય છે; તેમને કોણ અટકાવી શકે? સસરો પુત્રવધૂને કહેવા લાગ્યો "હે કુલક્ષણા સ્ત્રી! તારાં વચનો આવાં કેવાં કે આમ આપણે આ દશા પામ્યા? અને છતાં યે તું છાણાંને છોડતી નથી!" એવો ઉપહાસ કરવા લાગ્યા. છતાં યે છાણાં લઈને ચાલતી પુત્રવધૂએ કહ્યું, "સસરાજી! આ છાણાં આપણા કુટુંબનો નિર્વાહ કરશે; એનાથી આપ શુકનનો ભંગ રાખશો નહિ." પ્રવાસ કરતાં તેઓ પ્રતિષ્ઠાનપુર નગરી પહોંચ્યા. પુત્રવધૂએ વિચાર્યું કે કુટુંબનો નિર્વાહ હું કરીશ. એક છાણું ભાંગ્યું તો નવ રત્ન નીકળ્યાં; તેમાંથી એક રત્ન સસરાને આપી કહ્યું, "આના મૂલ્યથી કુટુંબનો નિર્વાહ કરો." તે રત્ન લઈને સસરો પોતાના એકલાનું જ ભરણપોષણ કરવા (એકલપેટો) ક્યાંય જતો રહ્યો; પાછો આવ્યો નહિ. ત્યાર પછી મોટો પુત્ર, **બીજો**, ત્રીજો અને ચોથો પુત્ર પણ દરેક એકેક રત્ન લઈ જતા રહ્યા; સાસુ અને જેઠાણી પણ એકેક રત્ન લઈ જતાં રહ્યાં. નાની વહુનો બાળ અને ત્રણ દેરાણી સાથે ઠીક પ્રેમ હતો. તે સર્વેએ **વિચાર્યું** કે "આપણું શું થશે?" આપણે આપણી આજીવિકા કેવી રીતે ચલાવવી? ---- गुटिका क्रमेण पुरुषरूपं [illegible] पुरमध्ये गता। પછી ગુટિકાના[26] પ્રભાવથી પુરુષરૂપ ધારણ કરી તેઓ નગરમાં ગયા. તેઓએ રત્ન વેચી, તેનાં નાણાં કરી, વાણિયાઓને

૨૬. સિદ્ધગુટિકા જાદુઈ વિદ્યાના પ્રતીકરૂપ હતી એમ સાહિત્ય પ્રાકૃત ગ્રંથના ઉલ્લેખો પરથી જણાય છે.

પૂછ્યું, "અમને રંધનિકા (ભોજનશાળા) બતાવો કે જ્યાં અમે રહી શકીએ; અમે વાણિજ્ય-વેપાર કરીએ છીએ" લોકોએ બજારમાં આવેલી રંધનિકા (ભોજનશાળા) બતાવી ત્યાં તેઓ રહેવા લાગ્યા. રંધિનીપુત્ર (રસોયણનો પુત્ર) પાસે તેઓ અન્ન, ઘી, શાક વગેરે મંગાવતા હતા. સસરા વગેરેનાં રત્ન ખરીદી જવાથી, તેઓને નિર્ધન, વિરૂપ અને જીર્ણવસ્ત્ર જોઈને, દરેકને રંધિનીગૃહમાં લાવવામાં આવ્યા. ત્યાં તેઓને સ્નાનાદિક કરાવ્યું. વસ્ત્રાભરણ આપ્યાં અને મનપસંદ ભોજન કરાવ્યું. સર્વે (સસરો, સાસુ વગેરે) સેવા કોણ કરે છે તેનાથી અજાણ — એ રીતે રહેવા લાગ્યા. પરંતુ સર્વે મનમાં વિચાર કરવા લાગ્યા કે, "તે બિચારી નાની ત્રણ વહુ પોતાની જાતે ક્યાં ગઈ હશે! જો આપણને મળી આવે તો આપણે ધન્ય થઈશું," એમ હંમેશાં તેઓ વાતચીત કરતાં હતાં. "અરે આ શેઠિયાઓ કોણ છે કે જે આપણું બહુમાન કરે છે અને છતાં તેઓ આપણને દેખા દેતા નથી. આપણે તેઓનું ઋણ કેવી રીતે વાળીશું?" એ પ્રમાણે વિચાર કરતાં કરતાં, ઘણા દિવસ વીતી ગયા. ફરીથી એક દિવસ શિયાળ બોલ્યું; તેની બોલી જાણી નાની વહુએ પોતાના કુટુંબનું સન્માન થશે એમ જાણ્યું. આ પ્રમાણે પશુપક્ષીની બોલી જાણવી અને તેના પરથી ભાવિકથન કરવું, એ પરંપરા ભારતીય લોકવાર્તાઓમાં ઠીક પ્રચલિત છે. આ આખી વાર્તામાં વિક્રમના પરાક્રમનો ભાગ તો છેવટે આવે છે, પણ તે બાદ કરતાં, પ્રત્યેક પળે ઊભા થતા સંજોગોમાં, વાસ્તવિક રીતે જીવનનો માર્ગ કાઢવા મથતા જીવનચતુરાનું સંગીતમાધુર્ય અહીં અનુભવાય છે. કુટુંબનું સન્માન થશે એમ જાણી, નાની વહુએ શ્વસુરાદિને પોતાના આવાસમાં લાવ્યાં; સ્નાન, ભોજન કરાવ્યાં, વસ્ત્ર પહેરાવ્યાં અને માન સાથે આસન પર બેસાડ્યાં, પોતે પુરુષનો વેશ ત્યજ્યો. પોતાનું મૂળ રૂપ ધારણ કરી સર્વેની.

વરસો આવી. સર્વે આનંદ પામ્યાં ને વિચારવા લાગ્યાં: "આની
બુદ્ધિને ધન્ય છે કે તેણે પોતાની શીલરક્ષા કરી, આપણને ધન્ય કરી.
આપણા કુટુંબમાં તેની બુદ્ધિ ઉદયને પ્રેરનારી છે." પછી તેઓએ વહુને
પૂછ્યું કે, "હવે આપણે શું કરીશું?" નાની વહુએ કહ્યું, "કાલે સવારે
દિવ્ય વસ્ત્રો ધારણ કરજો. રાજા તમને બોલાવવાને સરોવરના તીરે આવશે;
તે સમયે તમે સર્વ એવું કરજો કે જેથી મહત્તા અને વૃદ્ધિ પ્રાપ્ત થાય. આપણે
ગૌરવપૂર્વક ઘેર જવું જોઈએ." સસરાએ કહ્યું, "તું આદેશ આપીશ તે
પ્રમાણે કરીશું." બીજે દિવસે વૃદ્ધે વહુના કહ્યા પ્રમાણે કર્યું. રાજા ઘેર આવ્યો
ત્યારે તેણે પ્રધાનના સર્વ કુટુંબીઓને માનપૂર્વક સ્નાનમર્દન કરાવી, તેઓને
વસ્ત્રાભરણ પહેરાવ્યાં. રાજાએ કહ્યું: "મારા નગરમાં ચાલો." તેઓએ કહ્યું:
"તમારી કૃપાથી અમે અહીં પણ માનપૂર્વક નિર્વાહ કરીએ છીએ. જ્યાં અમારા
નિર્દોષ પર મહાન અન્યાય થયો ત્યાં અમે કેવી રીતે આવી શકીએ?" રાજાએ
કહ્યું: "મેં જ તમને અન્યાય કર્યો છે, હવે હું તમને લઈ જવા આવ્યો છું;
તમને માન મળશે." તેઓએ ઉત્તર આપ્યો, "તમે જે કહો છો તે સત્ય છે,
પણ અહીં અમે અમારો સર્વ વ્યવહાર શરૂ કર્યો છે, પછી ત્યાં કેવી રીતે
આવી શકીએ?" આ વાર્તાલાપ દરમિયાન ઢોલ વાગતું સંભળાયું. વાર્તાનો
હવે પછીનો ભાગ પૂર્વભાગથી તદ્દન જુદા પ્રકારનો છે; વાર્તાના આગલા પટને
કોઈક માર્યું હોય તેમ આ ઉત્તરભાગ મૂળ વાર્તાના ક્રમિક વિકાસમાં સહજ
લાગતો નથી.

વિક્રમે વાગતા ઢોલનું કારણ જાણવા જિજ્ઞાસા દર્શાવતાં, વૃદ્ધ પ્રધાન
જણાવવા લાગ્યો કે, એક ગૌડદેશીય ઈન્દ્રજાલિકે આ નગરમાં આવી પોતાની
કલા બતાવી. એક ઉદ્યાનમાં ફળફૂલના છોડ ઉગાડ્યા, અને મધ્યમાં એક
કુંડમાં પાતાલગંગાનું પાણી વહેતું બતાવ્યું, જેના પાણીથી સર્વ વૃક્ષ અને
છોડને જલસિંચન થઈ શકે. સુંદર ઉદ્યાનમાં નાળિયેરી, ખજૂરી, કેળ, ચંદન
વગેરે ફાલ્યાંફૂલ્યાં; ભમરાઓ ગુંજન કરવા લાગ્યા અને કોકિલા પંચમ સૂરથી
ગાવા લાગી. આ સર્વ જોઈ ચૈડણના રાજાના મંત્રીએ રાજાને સલાહ આપી
કે જો ઈન્દ્રજાલિકની બાજી ~~કલામાં સાચે તો આ સર્વ માયાવી દેખાવ~~ કાયમ

બ્રહ્મ રહે. રાજાએ ઇન્દ્રજાલિકનો વધ કરાવવા, માયાવી ઉદ્યાન, હૂંડી, કોડ વગેરે પણ માગ્યાં. પ્રતિષ્ઠાનપુરના રાજાએ ઢોલ પીટાવ્યો કે, જે કોઈ આણેલો માયાવી ઉદ્યાન હતું તેવું કરી આપશે તેને રાજા અર્ધું રાજ્ય આપશે અને પોતાની રાજકન્યા પરણાવશે.

વિક્રમ પોતે આ માયાવી ઉદ્યાન તૈયાર કરવા તત્પર થયો. राज्ञाऽग्निकदत्तगुटिकाबलेनात्मानं कुरूपं कृत्वा राजा समीपं गतः। ગુટિકામાં સ્વરૂપપરિવર્તનની વિદ્યાનું આરોપણ થતું હોવું જોઈએ, એમ આ ઉલ્લેખ પરથી ફલિત થાય છે. વિક્રમે માયાવી ઉદ્યાન કરી બતાવ્યું. રાજમાતાએ પોતાની પુત્રીને આવા સામાન્ય ઇન્દ્રજાલિકને પરણાવવા અનિચ્છા બતાવી. મંત્રીએ દાસીપુત્રીને રાજકન્યાનો વેશ પહેરાવી, તેને ઇન્દ્રજાલિકને પરણાવવા તૈયાર કરી, પણ વિક્રમે તેને ઓળખી કાઢી, તેને પરણવા ના પાડી. ચતુર રાજપુત્રીએ અનુમાન કર્યું કે આ કોઈ મહાપુરુષ છે. તે સમયે, વિક્રમના મંત્રીએ વિક્રમને પોતાનું મૂળ સ્વરૂપ ધારણ કરવા કહ્યું. વિક્રમને ઓળખતાં પ્રતિષ્ઠાનપુરનો રાજા હર્ષ પામ્યો અને પોતાની પુત્રી તેને પરણાવી. હાથી, ઘોડા વગેરેની ભેટ લેવા વિક્રમે ના પાડી, પણ માયાવી ઉદ્યાન ઉજ્જયિની લઈ જવા માગણી કરી. વૈતાલની મદદથી વિક્રમે પરણેલી રાજકન્યા, અમાત્ય અને તેનું કુટુંબ, તેમ જ માયાવી ઉદ્યાન-આ સર્વ ઉજ્જયિની આવ્યાં.

तदमात्येन महाविस्तारेण प्रवेशः कृतः। तदा च देवदमनी तया श्रेष्ठिपुत्र्या निजबुद्ध्या पराजिता। सा मनसि तद्रूपं [illegible] हृष्टा जाता। [illegible] स्वपदवीं भेजे। तानि फलानि, तज्जातं प्रत्यहं राज्ञो गृहेऽर्प्यते राजा हर्षितः; तानि फलानि [illegible]काया दत्तानि॥ इति चातुर्मासिके॥ छ॥ श्री॥ छ॥ श्री॥

ઉપર્યુક્ત વાર્તા ગુજરાતી પંચદંડની કૃતિઓમાં ફક્ત રત્નશેખર [illegible] અજ્ઞાત ગદ્યકાર — માં જ મળે છે; ગુજરાતી પદ્યકૃતિઓમાં તે મળતી જ નથી. પંચદંડવિષયક સંસ્કૃત કૃતિઓ (આ પ્રકરણમાં જેનું વિવરણ કરેલું છે તે કૃતિ નં. ૧ થી ૬)માં પણ તે પાંચમી રીતે નિરૂપાયેલી મળે છે. આ વાર્તામાં કોઈ [illegible] [illegible] પ્રાપ્તિ થતી [illegible], બીજા આદર્શોમાં [illegible] વિક્રમને પરણે છે, જ્યારે આ વાર્તામાં લઘુ [illegible] વિક્રમો, શ્રેષ્ઠી [illegible] અને તેની પુત્રી દેવદમનીને મહાત કરી — [illegible]. આવ્યા.

ચૈત્યવાસી શ્રીપાળના કથાના આધારે લોકવાર્તાઓમાં ઉદ્ભવ એ બતાવે છે કે સમાજમાં પોતાના સ્વાભિમાનથી માગનારી રીતે [illegible] ના આધાર, પોતાનું ધાર્યું કરનાર સ્ત્રીઓ હતી.

राजा पुनरुवाच, " हे मात ! मत्कामयाचनां देहि।" तयोक्तं, "निजपुरोधसं राजप्रतिग्रहं कारय॥" રાજાએ યુવતીના તે આદેશ સિદ્ધ કરવા કબૂલ થયો. પોતાના પુરોહિતને બોલાવી તેણે 'રાજપ્રતિગ્રહ' — દાન લેવાની વિનંતી કરી. રાજપુરોહિતે કહ્યું, "હું આવાં દાન ગ્રહણ કરવાથી નરકે જનાર થયેલો છું, એટલે આ દાન લેઈ વધુ નરકે જવાની ઈચ્છા નથી," આમ કહી પુરોહિત ઘેર ગયો. રાજા [illegible] બન્યો અને મનમાં નક્કી કર્યું કે, "[illegible] તે [illegible] ઠાકો તેની પાસે દાન ગ્રહણ કરાવીશ." ત્યાર પછી એક રાત્રે રાજા અંધકારમાં એક મંદિર આગળ છૂપાઈને ઊભો રહ્યો. ત્યાં તેણે પુરોહિતની પુત્રી ગોમતી અને માળીપુત્રી જયતીને, ગામમાં પોતાની સખી નાગપુત્રી પરણવાની છે ત્યાં જતી જોઈ. तत्र पुत्राः [illegible] संगोरिका गीता॥ અહીં કન્યાના લગ્નના ગીતો માટે વપરાયેલો 'સંગોરિકા' શબ્દ સંસ્કૃત નથી, પણ દેશ્ય શબ્દ છે.

કેટલીક [illegible] ઝીણી જેવા વિક્રમ [illegible] નામે 'નાહુક' નામે નોકર [illegible] ગયો. [illegible] તેઓને [illegible] હરિયાળા [illegible] હરિવાળા પાસે વિમાગહાર દંડ હતો તેનાથી તેઓ સર્વ [illegible] [illegible] આ દંડને 'વિમલદ્વાહર દંડ' અને [illegible] 'વિમુંધર દંડ' એ નામથી ઓળખે છે. [illegible] આ [illegible] 'વિમાગહાર દંડ' એવું નામ આપ્યું છે તે ખરું નામ છે.

પાતાળમાં એક સરોવરમાં સર્વ સખીઓને નહાવા પડી. એ સરોવર કેવું હતું? तत्र [illegible] बकरस्थानं [illegible] मण्डपालंकृतं [illegible] जीवन-खण्ड शोभितं [illegible] पद्मादिकमलैर्वृतम्॥ સર્વ સખીઓએ સરોવરમાં

MEHTA LIBRARY

પહેરી પેટી, માટુક દંડ અને વસ્ત્રો લઈ નગરમાં ગયો; કેયૂર, કુંડલ, કંઠની માળા, હાથમાં દંડ, અને બીજાં આભરણ ધારણ કરી શ્રીપાલની મદદથી નાગરાજ-કન્યા વિનાચિકી અને ઉજ્જયિનીની આવેલી આભીરકન્યાઓ—ગોમતી, જયવૂ, હરિયાલી—ને પરણ્યો. નાગરાજ વિક્રમને ઓળખી આનંદ પામ્યો અને પોતાનો રત્નદંડ[23] તેને આપ્યો; વિનાચિકીએ પોતાનો મણિદંડ પણ વિક્રમને આપ્યો. આ રીતે વિક્રમ પાસે, પ્રબંધકારના વર્ણન પ્રમાણે, સિદ્ધદંડ—સર્વરસદંડ, વિજયદંડ, વિષાપહારદંડ, રત્નદંડ, મણિદંડ—એ પાંચ દંડ પ્રાપ્ત થયા. રાજાએ પાંચેય દંડ [illegible] સમક્ષ રજૂ કર્યા:

तैर्दण्डैः रत्नैः कृत्वा पञ्चदण्डछत्रं महाश्चर्यकारकं निष्पादितं। सन्मुहूर्ते राजलोकैः पुरोधादिभिः पञ्चशब्दनिनादपूर्वमानीय राज्ञो मूर्ध्नि धृतं। एकस्यां दिशि श्वेतं, एकत्र नीलं क्वापि हरितं क्वापि पीतं कृष्णं रक्तं, विविधमणिमौक्तिककोटियुतं, उपरि स्वर्णरत्नमणिखचितं, कलशपताका-सहितं एवं छत्रं लोकैरदृष्टपूर्वं दृष्टं। तदा राजा पुण्यार्थी जातः। कलियुगे किं हरिश्चन्द्रो मांधाता पुरूरवा नहुषः श्रीरामो युधिष्ठिरस्ते समानः कविभिर्वर्णितः। असम साहसांकादि चतुरशीति बिरुदैर्विराजमान न्यायमयं राज्यं पालयामास। एवं पुण्याराधनादचिंत्या अपि संपदः संपद्यते। तस्माद्धर्म एव कार्यः ॥छ॥ इति श्रीविक्रमादित्यस्य पञ्चदण्डप्रबन्धः, श्रीपूर्णचन्द्रसूरिकृतः ॥छ॥ ग्रन्थाग्रं ४०७ ॥छ॥

ઉપરના સંસ્કૃતમાં કર્તાએ જે શ્લોક મૂક્યો છે તેના શબ્દશઃ અર્થ પ્રમાણે, વિક્રમે ધર્મયુક્ત પરાક્રમી જીવન જીવી બતાવ્યું. એનું છત્ર રંગે સફેદ, નીલું, કાળું, લાલ એવું હતું. રાજાએ પુષ્કળ સંપત્તિ પણ પ્રાપ્ત

---

૨૩. 'રત્નદંડ' એ પર્વતો તોડવા અને ખાઈઓ ખોદવાના કામમાં આવતું પ્રાચીન ભારતીય ઇજનેરોનું હથિયાર—વજ્રજડિત હથિયાર હોવાની સંભાવના શ્રી 'દંડ' કથાકારની વાર્તામાં, ચોથા પ્રકરણમાં દર્શાવી છે. જો 'રત્નદંડ' એ નાગ લોકોનું હથિયાર હોય તો એમ ફલિત થાય કે તેઓ મોટા ઇજનેર હતા.

કરી છે. પોતાના નાટકમાંથી વિક્રમે ઘણા પ્રદેશના રાજાઓને પણ જીત્યા છે. વિક્રમ છત્ર પ્રાપ્ત કરે છે, પણ સિંહાસન (દિવ્ય સિંહાસન)ની વાત અહીં આવતી નથી. મધ્યકાલીન ગુજરાતી કૃતિઓમાં, આ છત્ર પ્રાપ્ત કર્યા પછી ઇન્દ્રે વિક્રમ માટે દિવ્ય સિંહાસન મોકલ્યાની વાત આવે છે; આ ઘટના સૌ પ્રથમ પૂર્ણિમાગચ્છીય રામચન્દ્રસૂરિની 'પંચદંડ'ની રચનામાં પ્રાપ્ત થાય છે.

રામચન્દ્રસૂરિની આ કૃતિ વિશે પ્રો. એ. વેબરે નીચે પ્રમાણે મત દર્શાવ્યો છે:[28] (મૂળ જર્મનમાં લખાયેલા પ્રસ્તાવનાનું અંગ્રેજી ભાષાન્તર વડોદરાના જર્મન ભાષાવિદ્, શ્રી ઝ. ગો. મહેતાએ કર્યું છે.)

'....... So much can be indeed ascertained that the tone of the exposition as well as the content of the story in all, makes a fresh and healthy, one may even say original, therefore comparatively ancient impression and the small work, distinguishes itself advantageously in comparision with other sterile and puerile stories of the Vetalapancavimsati as well as the Simhasanadvatrimsika.

× × × × ×

In the last story it seems however that the spirit has somewhat gone out of the author; he has lost the thread entirely and one tries to find in vein, for the real fulfilment of the task set to Vikram (to induce his Purohita to accept a gift): and yet the story ends and the conclusion of the whole is quite

૨૮. Webber, A., Op. cit., Introduction to Pancadanda-chhatraprabandha.

do it as if everything was in order.

As a matter of fact, one should expect, as it is a question here of obtaining five wands with five problems to be solved, each one of them would mean the winning of a wand; the first, third and fourth problems, they in this connection, are without any wand while in the second problem two wands and in the fifth, even three wands (and indeed two of them only quite incidentally) are won. Here also is found real lack of proper division and economy in the division of the matter".

પુત્રો હતા, અને તેઓનાં નામ સોમ, ચન્દ્ર અને દેવ હતાં; આ સર્વે વિદ્યાવિશારદ હતા. સૌથી નાના પુત્રની પત્ની ઘણી ચતુર હતી. તે સર્વ પશુપક્ષીઓની ભાષા જાણતી હતી, અને વિક્રમ તેના કુટુંબને દેશપાર કરવાની સ્થિતિમાં મૂકે તે પહેલાં તેણે જાણી લીધું કે આવતા છ માસમાં કુટુંબ પર કોઈ આપત્તિ આવશે. કવિ આ પુત્રવધૂનું વર્ણન કરે છે:

कनिष्ठसूनोर्वधूर्वेत्ति भाषां निखिलपक्षिणाम् ।
चतुर-श्वसुरश्वश्रूभक्तिकरणतत्परा ॥४३१॥

આ પુત્રવધૂએ શિયાળનો અવાજ સાંભળી જાણ્યું કે કુટુંબ પર આપત્તિ આવવાની છે:

तदाऽकस्माच्छिवारवं निशम्य शाकुनिकलटे ।
दध्यौ च मतिसारस्या श्रेष्ठिनः श्वसुरस्य मे ॥४३४॥
अपराधं विना भूपः षण्मासान्तेऽथ दास्यति
प्रवासं, तेन चिन्तयेत यथोपायश्च साम्प्रतम् ॥४३५॥

છ માસ પછી રાજાએ મંત્રીની સહી લઈ, છલ કરી તેને દેશપાર કર્યો:

मतिसारं समाकार्य षाण्मासान्ते नृपो जगौ ।
महां त्वं लेख्यकं देहि नो चेद् दूरं व्रजाधुना ॥४५३॥
ददानं लेख्यकं मन्त्रिराजं कृत्वा छलं नृपः ।
पराभूय श्रियं लात्वा प्रवासं तस्य दत्तवान् ॥४५४॥

પૂર્ણચન્દ્રસૂરિની અને આ કવિની વાર્તામાં ઘણું સામ્ય છે. છતાં કેટલીક રીતે જુદી પડે છે. પૂર્ણચન્દ્રસૂરિની કૃતિમાં મંત્રીના સ્થળે 'વ્યાગરણ' શબ્દ આવે છે. આ વ્યાગરણ, સંસ્કૃત વ્યાપૃતકરણ અર્થાત્ હિસાબનીશ હોઈ, મંત્રીપદે હશે એમ માની શકાય. વળી રાજાએ મંત્રીનું સર્વસ્વ લૂંટીને તેને દેશપાર કર્યો એમ પૂર્ણચન્દ્રસૂરિ વિધાન કરે છે, જ્યારે શુભશીલગણિમાં વિક્રમ પ્રધાન પાસે છલકપટથી સહી કરાવી લઈ, તેના પર કોઈ આરોપ મૂકી, તેને દેશપાર કરે છે. શુભશીલગણિની વાર્તા પ્રમાણમાં ટૂંકી છે, પણ કથન પરત્વે સચોટ છે. પૂર્ણચન્દ્રસૂરિની કૃતિમાં કેટલાક નોંધપાત્ર શબ્દપ્રયોગ અને પ્રસંગ સચવાયેલા છે જે શુભશીલગણિમાં મળતા નથી; જેવા કે, પાડુરિકા – પાડોશી

[3]
દેવમૂર્તિ ઉપાધ્યાયકૃત
पञ्चदण्डकथा
(વિ. સં. ૧૪૭૧ આસપાસ)

કાસદ્રહ ગચ્છના દેવચંદ્રસૂરિશિષ્ય દેવમૂર્તિ ઉપાધ્યાયે વિ. સં. ૧૪૭૧ આસપાસ विक्रमचरित्र નામનું ૧૪ સર્ગનું મહાકાવ્ય રચ્યું છે; તેમાં ચોથા સર્ગમાં पञ्चदण्डकथा અન્તર્ગત કરેલી છે; આ મહાકાવ્યની કર્તાના સમય લગભગ લખાયેલી બે પ્રતો વિશે શ્રી. મોહનલાલ દ. દેસાઈએ આ પ્રમાણે લખ્યું છે:[૨૯]

"આ ગ્રંથની કર્તાના સમય લગભગ લખાયેલી બે પ્રતો મળે છે: એક તો સં. ૧૪૯૨માં મેદપાટ- મેવાડમાં રાણા કુંભકર્ણના રાજ્યમાં વેલગ્રામમાં કાસદ્રહ ગચ્છના દેવચંદ્રસૂરિ (કર્તાના ગુરુ)ના શિષ્ય ઉદ્યોતનસૂરિના પટ્ટધર શિષ્ય સિંહસૂરિએ પોતાના વાચનાર્થે વાચનાચાર્ય રત્નસુંદર પાસે લખાવી તે (વે૦નં૦ ૧૭૭૩), અને બીજી તે જ સિંહસૂરિએ, તે જ રાણાના સમયમાં, મહીતિલક પાસે સં. ૧૪૯૬માં લખાવી તે; (બી.)"

હું જે પ્રત પરથી આ અપ્રસિદ્ધ 'पञ्चदण्डकथा'નું વિવરણ કરી રહ્યો છું તે પ્રત, પાટણના હેમચન્દ્રાચાર્ય જ્ઞાનમન્દિરમાં અન્તર્ગત થયેલ શ્રીસંઘના જૈન જ્ઞાનમન્દિરની છે. તેનો રજિસ્ટર નં. ૩૯૫૯ છે; પ્રતનાં કુલ પાન ૧૪૦ છે, તે પૈકી, પૃષ્ઠાંક ૧૯થી ૩૩ સુધી पञ्चदण्डकथा વર્ણવેલી છે. विक्रमचरित्रના છેલ્લા પાન પર આ પ્રમાણે પ્રતની પુષ્પિકા છે:

इति श्रीकासद्रहगच्छनायकप्रभु-श्रीदेवचंद्रसूरिशिष्य उपाध्याय-श्रीदेवमूर्त्तिविरचिते महाकाव्ये सिंहासनद्वात्रिंशत्कथानिबद्धे चतुर्दशसर्ग:

૨૯

समाप्तः ॥ इति श्रीविक्रमादित्यमहाराजचरित्रं संपूर्णं ॥ ग्रन्थाग्रं ५६४० ॥छ॥ लिखितं संवत् १५१७ वर्षे कार्त्तिक वदि १०, बृहस्पति वारे, भट्टारकप्रभुश्री श्रीलक्ष्मीसागरसूरिशिष्य श्रुतमुनिर्गणेन श्रीस्तंभतीर्थ महानगरे ॥ शुभं भवतु ॥

આ પુષ્પિકા પરથી જણાય છે કે આ પ્રતની નકલ સં. ૧૫૧૭માં, એટલે કૃતિની રચના પછી આશરે ૨૭ વર્ષે થયેલી છે; નકલ ખંભાતમાં થયેલી છે તે નોંધપાત્ર છે. પૂર્ણિમાગચ્છના રામચંદ્રસૂરિની બે કૃતિઓ — 'પંચદંડછત્ર' અને 'સિંહાસનબત્રીસી' પણ સં. ૧૪૯૦માં ખંભાતમાં રચાયેલી છે. પ્રતનાં પાનાંની લંબાઈ અને પહોળાઈ ૧૦.૨"x ૪.૫" છે. દરેક પાનની પહેલી બાજુએ વચ્ચે આવેલી પડતી ફૂલશા કૃતિમાં લાલ રંગનું ખાનું વર્તુળ છે. દરેક પાનની બીજી બાજુએ, ડાબી અને જમણી બાજુના 3/4"ના હાંસિયામાં અને પાનની વચ્ચે નાનાં વર્તુળો કરેલાં છે. દરેક પાનની બીજી બાજુના જમણા હાંસિયાની નીચેના ભાગમાં પૃષ્ઠાંક નાખેલા છે, પાનની ઉપરનીચે ૦.૫" જગ્યા છોડેલી છે. દરેક પાન પર ૧૬ પંક્તિ છે. વિક્રમચરિત્રની આ કૃતિમાં કુલ ૧૪ સર્ગ છે અને દરેક સર્ગનું નામ અનુક્રમે આ પ્રમાણે છે:

विक्रमादित्योत्पत्ति, राज्यप्राप्ति, सुवर्णपुरुषप्राप्ति, पञ्चदण्डछत्र-प्राप्ति, द्वादशावर्त्तवन्दनकफलसूचक कौतुकत्रयवीक्षण, देवपूजाफल-सूचकस्त्रीराज्यगमन, सम्यक्त्वफलसूचको विक्रमप्रतिबोध, श्रीजिनधर्म-प्रभावफलसूचको हंसावलीविवाह, जिनयात्राभावान्वित परकाय-प्रवेशिनी विद्यालाभ, श्रीनमस्कारप्रभाव, सत्त्वाधिककथाकोश, दान-धर्मवर्णन, स्वर्गारोहण, सिंहासनद्वात्रिंशत्कथा ॥

વિક્રમ-વિષયક વાર્તાઓના અભ્યાસમાં ઉપર્યુક્ત સર્ગો એક યા બીજી રીતે સંકળાયેલા છે.

પ્રતના 16-મે પાન પર પઞ્ચદણ્ડકથા શરૂ થાય છે. દેવમૂર્તિની કૃતિ અનુષ્ટુપમાં છે, અને તેની ભાષા [illegible] અને અલંકારપ્રચુર

છે, શુભશીલગણિના 'વિક્રમચરિત્ર'માં 'સિંહાસનબત્રીસી'ની વાર્તાઓ નથી; અને તેમાં નવમા સર્ગમાં 'પંચદણ્ડકથા' આવે છે. શુભશીલગણિની કૃતિ મોટે ભાગે અનુષ્ટુપ છંદમાં અને સાદા સંસ્કૃતમાં છે. પૂર્ણિમાગચ્છીય રામચંદ્રસૂરિએ સં. ૧૪૯૦માં સંસ્કૃતમાં વિક્રમચરિત્ર રચ્યું છે, તેમાં 'સિંહાસનબત્રીસી'ની બત્રીસ કથાઓ પદ્યરૂપે આપવામાં આવી છે; તે સૂરિએ તે જ સાલમાં, સંસ્કૃત ગદ્યપદ્યમાં 'પઞ્ચદણ્ડાતપત્રછત્રપ્રબન્ધ' રચ્યો છે. રામચંદ્રસૂરિની કૃતિ વર્ણનપ્રધાન અને અલંકારોથી ભરપૂર છે. આ ત્રણેય 'વિક્રમચરિત્ર'માં, શુભશીલગણિની કૃતિ સાદી, સરલ અને પોતાના કથન પરત્વે સચોટ છે; તેમાં 'સિંહાસનબત્રીસી'ની વાર્તાઓ આવતી નથી એ હકીકત નોંધપાત્ર છે; જ્યારે દેવમૂર્તિના 'વિક્રમચરિત્ર'માં આવતી 'પંચદંડ' અને 'સિંહાસનબત્રીસી'ની કૃતિઓનું સંકલન રામચંદ્રને જોવાને પ્રેરણારૂપ થઈ પડ્યું હશે.

દેવમૂર્તિને અલંકારોનો શોખ લાગે છે; વિક્રમનું વર્ણન કરતાં તે કહે છે:

वीरः सारधरः साहार, परसारहरः परः ।
शूरः स्थिरतरः स्मेरवीरवारपुरस्सरः ॥३॥

गोमूत्रिकाबन्धः --

कोऽपि तेजाः कलाकांक्षीकमनीयकराम्बुजः ।
कमलाक्षः करियामो कलुषस्य कठोरहृतिः ॥४॥

ઉપર્યુક્ત શ્લોકોમાં, ત્રીજા શ્લોકમાં 'ર'નો પ્રાસ અને અનુપ્રાસ સુંદર રીતે યોજ્યા છે. 'ગોમૂત્રિકાબન્ધ' એ શબ્દાલંકારનો પ્રકાર છે. તે પ્રમાણે કાવ્યપંક્તિ લખી હોય તેમાં પહેલી ઉપર નીચેના અક્ષરે તે જ પ્રકાર [illegible] તેમાં આવવો જોઈએ; આવા શબ્દાલંકાર ચિત્રકાવ્યના સુંદર નમૂના પૂરા પાડે છે. છઠ્ઠા અને સાતમા શ્લોકમાં કવિ

चक्रबंधेन श्लोकोत्तर्यं દ્વારા 'ચક્રબંધ' નામના શબ્દાલંકારનું ઉદાહરણ કવિ આ પ્રમાણે આપે છે:

जयमानोदय शासन् मूर्तदानतनुभूरि च।
भूरिलक्ष्मीप्रसूतिश्च पारावार इवात्वहं ॥६॥

પહેલા ચરણના અન્તે 'भूरि' આવે છે તે જ શબ્દ બીજા ચરણની શરૂઆતમાં આવે છે અને તેથી 'ચક્રબન્ધ'ની શબ્દચાતુરી સધાઈ છે. આ પ્રકારના બંધ દ્વારા શબ્દચાતુરી સાધી, સંસ્કૃત સાક્ષરજનો કાવ્યનું સર્જન કરવું એ ઘણા મધ્યકાલીન સંસ્કૃત કવિઓનો સાહજિક થઈ ગયેલું જણાય છે.

કવિનું પદલાલિત્ય તેમની કૃતિના સૌંદર્યમાં ઓર વધારો કરે છે:

बालोज्जयिन्या उद्यानं हृद्यानन्दप्रदं द्रुमैः।
फलपुष्पभरानम्रैः क्रमैरक्रीडदिच्छया ॥२६॥
नगर्याः मतताख्याया कान्तायाऽमृतदीर्घिका।
राजसक्तौ सानुरागा, सभाभाव्येन पालिका ॥२७॥

ઉપર્યુક્ત શ્લોકોમાં, કાનને ખૂંચે નહિ એવી સંગીતમય રીતે પ્રયોજાયેલા શબ્દ સુંદર રીતે અર્થ વ્યક્ત કરે છે. વિક્રમ ઉદ્યાનમાં ક્રીડા કરવા ગયા છે, ઋતુરાજ વસંત પૂર બહારમાં ખીલેલો છે. આવું ઉદ્યાન વનશ્રીથી છલકાય છે. કવિ આ દૃશ્યનું વર્ણન કરે છે:

गुञ्जन्तो मञ्जरीपुञ्जैर्बहुरोलम्बसंगिनः।
सहकाराश्च शोभन्ते कुलकण्ठकलीकलाः ॥४०॥
ऋतुराजवसन्तस्य दूताः बहुशिलीमुखाः।
दृश्यन्तां बहुगन्धाढ्याः पाटलाः पुष्पपाटलाः ॥४१॥

આવા ઉદ્યાનમાં વિવિધ પ્રકારે ક્રીડા કરી, વિક્રમ ઉજ્જયિની નગરીમાં આવ્યો. અજ્ઞાત સંસ્કૃત ગદ્યકાર (કૃતિ નં.૧), [illegible] કે [illegible], વિક્રમનું ઉદ્યાનમાં ક્રીડા કરવા જવું અને પાછા ફરવું એ પ્રસંગો

જેચાર પંક્તિમાં જ વર્ણવી દે છે; જ્યારે દેવમૂર્તિ સંસ્કૃત વર્ણનાત્મક આખ્યાનશૈલીને અનુસરી, તે પ્રસંગો વર્ણવવા ઠીક ઠીક પાન રોકે છે. વિક્રમ નગરમાંથી પસાર થતાં, વૃદ્ધા ગાંછણના ઘર પાસે આવ્યો, એ ઘર કેવું હતું?

अतिश्वेतसुधाशुभ्रं तन्मध्ये ऽत्र कथं पृथु ।
धनेन धनदप्रख्यं मुख्यगाञ्छिकमन्दिरम् ॥६७॥

એટલે દેવમૂર્તિના વર્ણન પ્રમાણે, વૃદ્ધા ગાંછણ એ સામાન્ય વાંસફોડાનું કામ કરનાર ગરીબ સ્ત્રી ન હતી, પણ ઘણી શ્રીમંત હતી. વિક્રમની સવારી પાસે આવતાં જ ગાંછણપુત્રીએ (બીજી કૃતિઓમાં વૃદ્ધા ગાંછણ પોતે દાસીને હુકમ આપે છે) — गाञ्छिककन्या ततः कन्या प्रज्ञावशात भारती— દાસીને ઘરનો કચરો સાફ કરવા હુકમ કર્યો. દાસી કચરો સાફ કરતી હતી ત્યાં વિક્રમના સેવકોએ તેને અટકાવી. દાસીએ ગાંછણપુત્રી પાસે આવીને કહ્યું કે, રાજાના સેવકોએ તેણે ઘર સાફ કરતાં અટકાવી; એટલે ગાંછણપુત્રીએ ગુસ્સે થઈ કહ્યું:

"पञ्चदण्डछत्रधारी त्रिधारीणां विमर्दकः ।
दोर्दण्डबलसंजुष्टो न दृष्टोऽसौ महाधनः ॥६८॥"

વિક્રમ આવાં વચન સાંભળી વિસ્મય પામ્યો; અને મનમાં મૂંઝવાયો.

मेघाडम्बरकं छत्रं पवित्रं राज्यकारणं ।
दृष्टां [दृष्ट्वा] श्वेतातपत्रं च मयूरातपवारणम् ॥७०॥
गाञ्छिकस्वामिनः कन्याविज्ञाविज्ञानबन्धुरा ।
यच्छन्त्वमेषा भाषितेष्टपटिष्टवचनासती ॥७१॥
दोःसप्ततिकलाखण्डा पञ्चदण्डाभिधानकं ।
तन्नु[30]त्वापश्यन् न चाऽश्रोषं संतोषं हि देवन्मम ॥७२॥

30. હસ્તપ્રતમાં 'तन्ता०' એવો પાઠ મળે છે, જેમાંથી કંઈ અર્થ નીકળતો ન હોવાથી 'तन् त्वापश्यन्' પાઠ સ્વીકાર્યો છે.

રાજચિહ્નના પ્રતીકરૂપ મેઘાડંબર છત્રને ધારણ કરનાર વિક્રમને જોઈ ગાંછણકન્યાઓ હિંમતથી 'પંચદંડછત્ર'નો ઉલ્લેખ કરી, રાજાને ઉતારી પાડ્યો ત્યારે વિક્રમના મનની અશાંતિ વધી ગઈ અને 'પંચદંડછત્ર'નું રહસ્ય જાણવા તેના મનમાં ચટપટી જાગી. તેણે ગાંછણપુત્રીને 'પંચદંડ'નું રહસ્ય જાણવા બોલાવી; પણ પુત્રીને બદલે તેની વૃદ્ધ માતા વિક્રમ પાસે આવી કહેવા લાગી:

तयोक्तं यस्य कस्यापि तेन कार्यं भविष्यति ।
तत्कामो मर्दयित्वापि कला नूनं सत्कारस्यति ॥१७॥
असाधुत्पाटितो कोपि कलां नैव प्रयच्छति ।
'विनयाद् गृह्यते विद्या' लोकोक्तिरिति विश्रुतः ॥१८॥

જેણે વિદ્યા ગ્રહણ કરવી હોય તેણે નમ્રતા અને વિનય ધારણ કરવાં જોઈએ. નીચ જાતિ પાસેથી પણ વિદ્યા ગ્રહણ કરવાની નમ્રતા વિદ્યાર્થીએ કેળવવી જોઈએ. તે દૃષ્ટિએ, વિક્રમ ગાંછિક જેવી નીચ જાતિ પાસેથી પણ 'પંચદંડછત્ર' પ્રાપ્ત કરવાની વિદ્યા શીખવા તૈયાર થયો; અને 'પંચદંડછત્ર'ની પ્રાપ્તિ માટે ગાંછણનો[३१] પાંચ આદેશ પૂર્ણ કરવા તત્પરતા દર્શાવી. ગાંછણે રાજાને પહેલો આદેશ આ પ્રમાણે આપ્યો:

त्रिभिश्छन्नौ विनिर्जित्य सारिपाशकखेलनात् ।
विक्रमक्षात्रयोत्तंस त्वं समुद्वह मत्सुतां ॥१९॥

રાજા અને દેવદમની દ્યૂત રમવા લાગ્યાં; ત્રણ દિવસ સુધી કોઈ હાર્યું કે જીત્યું નહિ. રાજા રાત્રે નગરચર્યા જોવા નીકળ્યો ત્યારે તેણે લોકોને વાત કરતા સાંભળ્યા કે,

देवाऽपि हि दीव्यन्ते अनया धूर्ते का कथा ।
अतोऽस्याः दैवदमनी विख्यातं नाम विष्टपे ॥२०॥

દેવદમની વિશે આવી લોકવાયકા સાંભળી રાજા હાર્યો ત્યાં

३१. અહીં ગાંછણનું નામ આપેલું નથી. ઘણી કૃતિઓમાં વૃદ્ધા ગાંછણનું નામ દમની અને તેની પુત્રીનું નામ દેવદમની છે. શુભશીલગણિએ ~~તેમની કૃતિમાં વૃદ્ધાનું નામ ... દમની અને પુત્રીનું નામ દેવદમની~~ આપેલું છે.

થયો. રાત્રે ફરતો ફરતો તે ગંધવહ સ્મશાનમાં ગયો; ત્યાં તેણે ભયાનક દૃશ્ય જોયું. રૌદ્ર નયનવાળો ખેટક — ક્ષેત્રપાલ, અનેક શાકિનીઓનાં ટોળાં, નૃત્ય કરતી નવકોટિ યોગિનીઓ, વેતાલ અને મહોન્મત્ત ભૈરવ — આ સર્વ તેણે સ્મશાનમાં જોયાં. વિક્રમને ક્ષેત્રપે જોયો. ક્ષેત્રપને વિક્રમે કહ્યું કે તે દેશદેશાંતરમાં ફરતો પ્રવાસી છે, અને સંધ્યાકાળ થવાથી અહીં સ્મશાનમાં રહ્યો છે. વાતચીત કરતાં, સંકટમાં આવી પડેલા વિક્રમની ક્ષેત્રપે વાત કરી:

त्वया साकं मुधा स्पर्धां धत्ते विश्वंभरापतिः।
जेतुं न शक्यते दुष्टा सा केनापि जगत्त्रये ॥१९०॥

છેવટે વિક્રમે ~~મ્લ~~ પોતાના ધારણ કરેલા વેશમાં છતા થઈ કહ્યું, “હું જ વિક્રમ છું; મને દેવદમનીને જીતવાની યુક્તિ બતાવો.” ક્ષેત્રપે કહ્યું:

अद्य कृष्णाचतुर्दश्यां स्त्रीराज्ये स्त्रीसमाकुले।
सीकोत्तरे गिरवेषा सिद्धिसीकोत्तरी निशि ॥१९९॥
निशीथेऽयाति निःशंका पातालेन्द्रस्य संसदि।
प्रयास्यत्युत्सुकाविश्व विश्वविक्षोभकारिणी ॥२००॥

ઉપર્યુક્ત બે શ્લોકમાં, કેટલીક હકીકત આગળની બે કૃતિઓમાં આવી નથી તે આવે છે: એક તો ત્રિયારાજ્યમાં સીઓ સીકોતર પર્વત પર એકઠી મળશે; ત્યાં અર્ધી રાત્રે સિદ્ધિસીકોત્તરી — દેવદમની (વિશ્વને ખળભળાવી મૂકનાર) પાતાલેન્દ્રની સભામાં જશે અને ત્યાં નૃત્ય કરશે. બાકી કૃતિઓમાં, દેવદમની સ્વર્ગના ઇન્દ્રની સભામાં જઈ નૃત્ય કરવાનો ઉલ્લેખ આવે છે, પણ અહીં પહેલી જ વાર પાતાલેન્દ્રનો — કોઈ નાગરાજનો ઉલ્લેખ આવે છે. પાંચમા આદેશ પ્રમાણે વિક્રમ પાતાલમાં જઈ નાગકન્યા પરણી લાવ્યો ને વિષાપહાર, મણિ અને રત્ન એ ત્રણ દંડ પણ જીતી લાવ્યો. બાકી પંચદંડની વાર્તાઓમાં આવતાં સ્ત્રીપાત્ર — કોશી કઠિયારણ, પુરોહિતપુત્રી

ગોમતી, માલીપુત્રી જયતૂ, હરિયાળી, નાગકન્યા વિનાયિકા, તામ્રલિપ્તિની રાજકુંવરી રત્નાવલી, સોપારક નગરની ઊમાદે — આ સર્વ સ્ત્રીપાત્રો થોડે ઘણે અંશે અદ્ભુત વિદ્યાનાં જાણકાર છે અને તેઓ દેવદમનીને સારી રીતે ઓળખે છે. જો ઉપર્યુક્ત શ્લોકમાં દેવદમનીને સિદ્ધયોગિની કહેવામાં આવે તો બીજાં સ્ત્રીપાત્રો પણ સિદ્ધવિદ્યાનાં જાણકાર હોવાં જોઈએ. પંચદંડની વાર્તાઓ પર જેની પ્રબળ અસર છે તેવા ૧૨મા શતકમાં રચાયેલા સંસ્કૃત 'અંબડચરિત્ર'માં, વીર અંબડ એ 'સિદ્ધ વિદ્યાધર' હતો. એટલે હું એમ અનુમાન કરું છું કે આ વાર્તાઓમાં કેટલીક સમાજ-શાસ્ત્રીય, સાંસ્કૃતિક, રાજકીય અને ધાર્મિક પરંપરાઓ પ્રતીકરૂપે સચવાયેલી મળે છે તેમાં સિદ્ધયોગીઓની પરંપરા એક છે.

વેતાલની મદદથી વિક્રમ પાતાલભવનમાં ગયો. ત્યાં તેણે દેવદમનીને ગાતી અને નૃત્ય કરતી જોઈ. દેવદમનીને સંગીત અને નૃત્યનું ઘણું સારું જ્ઞાન હતું એમ કવિના વર્ણન પરથી જણાય છે:

एकविंशतिमूर्च्छाभिः रम्यं ग्रामत्रयान्वितं।
रसान्तरस्तुसंबद्धरागं रागसमाकुलम् ॥२१६॥

× × × ×

अङ्गहारैश्चतुर्भेदैर्नृत्यं विश्वस्य चित्रकृत्।
गीततालानुमानेन नरी नर्तिस्म साङ्गना ॥२२२॥

નૃત્ય કરતી અને ગાતી દેવદમનીનાં પુષ્પમાલા, નૂપુર અને તાંબૂલ, વેતાલે છૂપી રીતે એંધાણરૂપે હરી લીધાં. ઉજ્જયિની પાછા આવી, ફરી દ્યૂતની રમત શરૂ કરી અને એક પછી એક એંધાણ બતાવી, દેવદમનીના ચિત્તમાં ક્ષોભ પેદા કર્યો અને અન્યમનસ્ક એવી તેને વિક્રમે દ્યૂતમાં જીતી લીધી; છેવટે દેવદમની વિક્રમને પરણી.

પ્રથમ આદેશ — પરિચ્છેદ — આ રીતે પૂરો થાય છે:

तयाथ मन्दिरं गत्वा सर्वं मातुर्निवेदितं।
हर्षेण कारयामास साप्युत्सवपरम्पराम् ॥२३८॥

मौहूर्त्तिकाख्यातदिने महेभ च महीयसा ।
तां देवदमनीं राजा परिणिन्ये पराक्रमी ॥२३५॥
इति पञ्चदण्डकथायां प्रथमः परिच्छेदः ॥छ॥

હરેક આદેશને અંતે બીજી કૃતિઓમાં 'આદેશ' શબ્દ આવે છે, જ્યારે આ કૃતિમાં હરેક આદેશ માટે 'પરિચ્છેદ' શબ્દ યોજેલો છે.

પછી પૂર્વદ ગાંઠણનો બીજો આદેશ આપ્યો; તામ્રલિપ્તિ નગરીના રાજાના સાત માળના મહેલમાં સુંદર રત્નો ભરેલી રત્નમંજૂષા છે તે લાવવા. તેણે રાજાને કહ્યું. તામ્રલિપ્તિ આવીને વિક્રમે જોયું કે ત્યાંના લોક ઉજાણી કરવા નગર બહાર ગયા હતા. ચોરીછૂપીથી વિક્રમે રાજમહેલમાં પ્રવેશ કર્યો અને જોયું કે, નૃત્ય કરતી સખીઓ વચ્ચે બેઠેલી રાજકન્યાએ ઊંઘવાનો ડોળ કરી, સર્વ સખીઓને નૃત્ય બંધ કરી વિખરાઈ જવા કહ્યું. રાજાએ સંતાઈને કન્યાનું રૂપ જોયું અને આશ્ચર્ય પામ્યો:

उत्सङ्गतो मुरारेः किमियं पद्मा समागता ।
किं वेशास्मकलिता पार्वती यमवातरत् ॥२६३॥
किं वा विद्याधरी क्वापि क्रीडयात्रमेयुषी ।
नागकन्याथ घटते सा न विद्धि सदधूमा ॥२६४॥

ઉપર્યુક્ત શ્લોકમાં રાજકન્યાને વિષ ધારણ કરનાર સહ નાગકન્યા સાથે તેના તરલ વ્યક્તિત્વને હળવું કરે છે. તે રાજકન્યા ખરી પણ વિષકન્યા-(Poison Damsel)ના લક્ષણોવાળી હતી. તેને વિદ્યાધરી સાથે સરખાવી તે પણ દર્શાવે છે કે તે જાણે સિદ્ધવિદ્યાની જાણકાર વિદ્યાધરી ન હોય!

રત્નમંજરી વસ્ત્ર અને રત્નમંજૂષા સાથે કોઈની રાહ જોતી ઊભી હતી તેટલામાં એક સુભટ સંકેત પ્રમાણે ત્યાં આવ્યો. કુંવરીએ વસ્ત્ર અને રત્નમંજૂષા તેને નીચે લઈ જવા આપ્યાં. નીચે જતા સુભટને વિક્રમે મારી નાખ્યો. પછી કુંવરી મહેલ નીચે આવતાં, સુભટનો સ્વાંગ ધારણ કરી રાજાએ તેને સાંઢ પર બેસાડી, રત્નમંજૂષા અને વસ્ત્ર સાથે ચાલવા માંડ્યું. ત્યાર પછીનો વાર્તાપ્રવાહ 'પંચદંડ' વિષયક અન્ય કૃતિઓની માફક આગળ વધે છે. સંકેત

પ્રમાણે કાન્યકુબ્જ જવાને બદલે ઉજ્જયિની તરફ સાંઢ હાંકવી અને તે સામે રાજકન્યાનો વિરોધ; પોતે દ્યૂતમાં પોતાની પત્ની અને ઘણું ધન હારી ગયો છે તેથી રત્નમંજૂષાનાં રત્ન અને રાજકન્યા એ બેના બદલામાં પત્નીને છોડાવી તે ઋણમુક્ત થશે એવો વિક્રમે કન્યાને આપેલો ઉત્તર; રાત્રિના શબ્દોથી જાણીતા સિંહનું મરણ અને તેના પરાક્રમથી કન્યાનું મુગ્ધ થવું; રાત્રિ ઉંઘી જતાં, કન્યાનો તેના પગ તપાસતાં, આ કોઈ ધૂર્ત કે દ્યૂતકાર નથી, પણ કોઈ રાજપુરુષ છે, એવી રાજકન્યાને ખાત્રી થવી; પ્રવાસમાં વચ્ચે એક નગરમાં ભોજનની વ્યવસ્થા માટે વિક્રમનું નગરમાં જવું અને એકલી પડેલી રાજકન્યાનું વેશ્યાના હાથમાં સપડાવું; ચિતા ખડકી બળી મરવા તૈયાર થયેલી રાજપુત્રીને વિક્રમનો ભેટો થવો; તે નગરના રાજાએ વિક્રમને ઓળખી તેનું બહુમાન કરી, વેશ્યા પાસેથી રત્નમંજૂષા અને વસ્ત્ર અપાવવાં; અને વેશ્યાને અપમાન સાથે દેશપાર કરવી; આ સર્વ વાર્તા-ની વિગતો 'પંચદંડ'ની સર્વ કૃતિઓની માફક આ રચનામાં પણ પ્રાપ્ત થાય છે. વિક્રમે રાજકન્યા, રત્નમંજૂષા વગેરે ગાંછણ સમક્ષ રજૂ કર્યાં. 'इति पञ्चदण्डकथायां द्वितीयपरिच्छेदः।'

આ આદેશનો વાર્તાપ્રવાહ તો અન્ય કૃતિઓના જેવો જ વહે છે, પણ દેવમૂર્તિનું કાવ્યમય વ્યક્તિત્વ વાર્તામાં રસસિંચન કરે છે. જ્યાં અજ્ઞાત સંસ્કૃત ગદ્યકાર (કૃતિ નં. ૧) કે પૂર્ણચંદ્રસૂરિ એકાદ શબ્દ કે પંક્તિમાં પોતાનું વક્તવ્ય પૂરું કરે છે ત્યાં દેવમૂર્તિ થોડા ચાંદીગાર દઈ ચિત્ર વધુ આકર્ષક બનાવે છે. સાંઢ પર રાજકન્યાને ઉજ્જયિની તરફ લઈ જતાં રાજકન્યાએ તેનો વિરોધ કર્યો ત્યારે,

अथ कूटकलादक्षो मालवेन्द्रो महाबलः ।
- - - - - - - - - - - - - - - - ॥२८॥

આ એક જ વિશેષણથી — 'कूटकलादक्षो' થી — કવિએ પરાક્રમી, પરોપકારી અને ધાર્મિક વિક્રમના વ્યક્તિત્વના એક રસિક અંશનું આપણને દર્શન કરાવી દીધું; વિક્રમ ધૂર્ત અને દ્યૂતકાર પણ હતો. તત્કાલીન દેશ અને સમાજમાં ધૂર્ત અને દ્યૂતકારોની કલા અને પરાક્રમોની વાતો ઘણી પ્રચલિત હતી અને આઠમા સૈકામાં રચાયેલ હરિભદ્રસૂરિવિરચિત 'ધૂર્તાખ્યાન'[32] એનો

૩૨. ઉપાધ્યે, (ડૉ.) એ. એન. — સંપાદિત, 'ધૂર્તાખ્યાન', સિંઘી જૈન ગ્રન્થમાળામાં પ્રસિદ્ધ; ગ્રન્થાંક

ઉત્તમ નમૂનો છે; તેમાં મૂળદેવ અને અન્ય ધૂર્તોનાં પરાક્રમોની વાર્તાઓ આવે છે. એમ કહેવાય છે કે આ મૂળદેવ "ચોરશાસ્ત્ર"નો રચયિતા હતો.[33] 'પ્રાચીન સાહિત્યમાં ચોરશાસ્ત્ર'[34] એ વિશેનો ડૉ. ભોગીલાલ સાંડેસરાનો લેખ આ વિષયા પર સારો પ્રકાશ નાખે છે.

વિક્રમ ધૂતકાર છે એમ જાણી રાજકન્યા તેને ઠપકો આપે છે, અને ધૂતક્રીડાનો જીવનમાંથી ત્યાગ કરવા કહે છે:

अमूनां निधिर्द्यूतं, कलिनां केलिमन्दिरं।
निलयश्च कुबुद्धिनां द्यूतं तत्केन भज्यते॥२८३॥

બીજો આદેશ પૂર્ણ કર્યા પછી વિક્રમે પોતાની સાસુને ત્રીજા આદેશ માટે વિનંતી કરી:

मया कार्यद्वयं चक्रे सत्त्वेन त्वन्नियोगतः।
नवीनाश्चर्यसंयुक्तं तृतीयं कार्यमादिश॥३७८॥

દેવદમનીની માતાએ વિક્રમને કોંકણ દેશમાં જઈ, ત્યાં સોપારકપુરપત્તનમાં રહેતા સોમશર્મા નામના બ્રાહ્મણની પત્ની ઉમાદેવીના અદ્ભુત ચારિત્ર્યનું અવલોકન કરવા આદેશ આપ્યો. રાજા સોપારકપુર ગયો અને ત્યાંની વૈસમૃદ્ધિ જોઈ — ફળ, ફૂલ, વનસ્પતિ આદિ જોયાં, તે ખરેખર કોંકણ પ્રદેશની લાક્ષણિકતાનું ચિત્ર ખડું કરે છે. કોંકણ પ્રદેશની સમૃદ્ધિના વર્ણનમાં દેવમૂર્તિ રામચન્દ્રસૂરિને અનુસરે છે; કહો કે કેટલેક સ્થળે તો અક્ષરશઃ સામ્ય જણાય છે. આ કોંકણ પ્રદેશ કેવો હતો? ઉત્તુંગ સાગરનાં મોજાં જેના કિનારે અથડાયા કરે છે, જ્યાં એલા, લવંગ, ખજૂરી, સુવર્ણકેતકી, તાલ, તમાલ, પૂગીફલ, સુવર્ણશાલિ, હજારો સરોવરો આદિથી મનોહર એવા 'कुंकुणाख्ये महादेशे' આવેલા સોપારકપુરમાં વિક્રમ આવ્યો. ત્યાં શક્રાવતારમાં તેણે તીર્થેશ જિનેન્દ્રની પૂજા કરી. જૈન કવિઓએ

33. સાંડેસરા, (ડૉ.) ભોગીલાલ જ., 'જૈન આગમસાહિત્યમાં ગુજરાત' પૃ. ૧૭૪-૧૭૮

34. એ જ, 'પ્રાચીન સાહિત્યમાં ચોરશાસ્ત્ર' એ લેખ 'કુમાર'ના ૩૦૦મા અંકમાં પ્રસિદ્ધ.

વિક્રમને જૈન ધર્મ-પાલક દર્શાવ્યો છે, તેનું આ ઉદાહરણ છે.

વિક્રમ સોમશર્મા બ્રાહ્મણને ત્યાં ગયો અને તેના ઘેર રહી, વિદ્યાર્થી-રૂપે ઉમાદેવીના ચારિત્ર્યનું અવલોકન કરવા લાગ્યો. ત્યાર પછીનો કથાપ્રવાહ અન્ય કૃતિઓની માફક આગળ વહે છે અને આદેશ પૂરો થાય છે. આ ત્રીજો આદેશ વાર્તાના સ્વરૂપ પરત્વે બીજી કૃતિઓના જેવો જ છે, પણ તેમાં કેટલાક નોંધપાત્ર ઉલ્લેખો આવે છે જેના વડે આ આદેશ બીજી રચનાઓના આદેશથી જુદો પડે છે. ઉમાદેવી આમલીના ટેકા પર ચઢી ઊડી અને તે 'વાનરદ્વીપ' પર ઊતરી. પૂર્ણચંદ્રસૂરિના પ્રબંધમાં, 'ઉમાદેવી ... स्वर्णशैलोपकण्ठ स्वर्णसत्यानगर्याद्वारे अवतीर्णा' એવી નોંધ મળે છે; રામચંદ્ર-સૂરિની પદ્યકૃતિમાં પણ તે 'સ્વર્ણાદ્રિ પાસે સ્વર્ણનગરી'માં ઊતરવાનો ઉલ્લેખ છે. અન્ય ગુજરાતી કૃતિઓમાં ઉમાદે રત્ન-સંચયા નગરી પર ઊતરી એવું વર્ણન પ્રાપ્ત થાય છે. દેવમૂર્તિએ પ્રસંગ આ રીતે રજૂ કરે છે:

विमानवन्नत्रतरौ निविष्टः प्रयाणकेन्द्रः कुतुकाकुलोऽभूत् ।
उत्कृत्य प्रशैवलिनीवनानि सा वानरद्वीपमियाय वेगात् ॥४३६॥
संस्थापिता द्रुमितले तरोः सा नारी समुत्तीर्य विवेश मध्ये।
द्रुकोटरान्तिस्सृत आशु भूपः शालं सुवर्णास्य गुरुं ददर्श ॥४३७॥
साऽनुगामी नृपतिः ससत्यां कान्याणसौधावलिमीक्षमाणां ।
प्रच्छन्नवृत्त्या विशदंतरेषु सुदन्तरेखः प्रबलप्रतापः ॥४३८॥
सत्तोरणांके मणिरत्नपीठे उमाथ सा नाच्छादिता नितिष्ठ ।
स्नेहप्रियाकृष्टमिता अतौला सुत्रान्यलज्जतन्वी नृपेण दृष्टाः ॥४३९॥
विचित्रस्वर्णमाणिक्य रत्नभूषणभूषिता ।
योगीनीनां चतुःषष्टिरासीना विद्यते ॥४४०॥
दिव्ययोगा - महायोगा - सिद्धयोगा गणेश्वरी ।
प्रेताक्षी - शाकिनी काली कालरात्रि निशाचरी ॥४४१॥

ઉપર્યુક્ત શ્લોકોમાં, 'નારદ્વીપ' પર ઉમાદેવીનું ઊતરવું, એ પ્રાચીન ઇતિહાસની કોઈ ઘટનાની વાસ્તવિક છાયા નહિ હોય? ભારત, સુમાત્રા અને અગ્નિએશિયાના અન્ય દેશો સાથે વહાણ મારફતે ભારતનો વેપાર ઈ.સ. પૂર્વે પહેલી સદીથી ચાલતો હતો એ બાબતના ઉલ્લેખ જાતકકથાઓમાં આવે છે અને ડૉ. આર.સી. મજુમદારે[35] પણ એની ઐતિહાસિકતા પર પ્રકાશ પાડ્યો છે. અગ્નિએશિયાના દેશોના કેટલાક ભાગને 'સુવર્ણદ્વીપ', 'સુવર્ણભૂમિ' એ નામે ઓળખવામાં આવતો; તેનું સ્મરણ 'સુવર્ણસંચયા નગરી', 'રત્નસંચયા નગરી' એ નામોમાં લોકવાર્તાઓ દ્વારા સચવાઈ રહ્યું હોય. પ્રાચીન સમયમાં સોપારા બંદરેથી અગ્નિએશિયાના દેશો સાથે વહાણ મારફત ધામધોકાર વેપાર ચાલતો હતો. ઉમાદેવી પણ સોપારપુરથી જ ઊડીને સુમાત્રા ટાપુ પર આવેલા કોઈ નાના ટાપુ પર ઊતરે છે. આ ટાપુનું નામ જુદી જુદી કૃતિઓમાં જુદું મળે છે; 'નારદ્વીપ', 'પારદ્વીપ', 'સુવર્ણસંચયા નગરી', 'કંચનદ્વીપ' આદિ. અજ્ઞાત સંસ્કૃત ગદ્યકાર (કૃતિ નં. 1) નો ઉમાદેવી 'પારદ્વીપમાં સૂર્યપુર' પર ઊતર્યાનું વર્ણન કરે છે. યોગિનીઓને સંકેત આપ્યા પ્રમાણે, જ્યારે ઉમાદેવી ચોસઠ બત્રીસલક્ષણા વિદ્યાર્થીઓનો ભોગ આપવાની સોપારપુરમાં તૈયારી કરે છે ત્યારે વિક્રમ, વિદ્યાર્થીઓ અને ગુરુ સહિત, ૬૬ લઈને નાઠો અને સોપારપુરથી વહાણમાં બેસી કટાહદ્વીપ પર આવ્યો. આ દ્વીપ આજે પણ 'કેડાહ' નામથી ઓળખાય છે, અને તે સુમાત્રા ટાપુની પાસે આવેલો છે. વિક્રમે આ ટાપુ પરના નગરમાં જોયું તો ત્યાં અતિ અતિની સમૃદ્ધિ હતી, પણ લોકો નરભક્ષી રાક્ષસના ત્રાસથી નગર છોડી નાસી ગયા હતા. વિક્રમે નરભક્ષી રાક્ષસનો નાશ કર્યો અને તેનો વિજયદંડ પ્રાપ્ત કર્યો. આ ઘટના પણ, ભારતવાસીઓએ અગ્નિએશિયાના કેટલાક પ્રદેશમાં નરભક્ષી—

35. Majumdar, (Dr.) R. C., 'Ancient Indian Colonisation in South-East Asia', p. 31.

આદિવાસીઓનો નાશ કરી ત્યાં પોતાનાં સંસ્થાન (colonies) સ્થાપેલાં તેની યાદ આપે છે. વિક્રમે જીતેલો વિજયદંડને એમ પણ ધારવી શકાય કે ભારતવાસીઓએ તે પ્રદેશ પર મેળવેલો વિજય.

આ રીતે લોકવાર્તા કે જેમાં અદ્‌ભુત રસનો જનમનરંજન માટે છૂટે હાથે ઉપયોગ કરેલો છે તેમાંથી તત્કાલીન સામાજિક, ધાર્મિક, ઐતિહાસિક કે રાજકીય ઘટનાઓની સાચી હકીકત તારવી કાઢવી એ ઘણું મુશ્કેલ છે. પરન્તુ લોકવાર્તાઓમાં અદ્‌ભુત રસ અને લાંબી ત્રિજ્યાએ ઊડતી લોકકલ્પનાના કારણે જેમ કેટલીક હકીકતો અવાસ્તવિક અને અશક્ય છે તેમ વાસ્તવિક અને શક્ય પણ હોઈ શકે. લોકવાર્તાઓ એક સ્થળેથી બીજા સ્થળે, એક ગામમાંથી બીજા ગામમાં અને એક દેશમાંથી બીજા દેશમાં વેપારીઓ અને પ્રવાસીઓ મારફતે પ્રચાર પામે છે. આ લોકવાર્તાઓનો કોઈ કર્તા ગણી શકાતો નથી; લોકકલ્પના જ તેમનો કર્તા. આ લોકકલ્પના જનમનરંજન માટે જેના પર અદ્‌ભુત અને અશક્ય હવાઈ કિલ્લા રચે છે તેનાં મૂળ કોઈ અસ્તિત્વ ધરાવતી વાસ્તવિકતા પર હોવાં જોઈએ; અને તે રીતે જોઈએ તો ઊમાદેવીની વાર્તા કોઈ ઐતિહાસિક ઘટનાનું અનુરણન હોય એ અશક્ય નથી.

ઉપર દર્શાવેલા આ કૃતિના શ્લોક અંક ૪૩૬થી જેમાં 'स्तुवपगस्य गुरु'નો અને विचित्रस्वर्णमाणिक्यरत्नभूषणभूषिता યોગિનીઓનો જે ઉલ્લેખ આવે છે તે નોંધપાત્ર છે; 'પંચદંડ'ની કોઈ કૃતિમાં યોગિનીઓ સુવર્ણ, માણેક અને રત્નનાં આભરણમાં સજ્જ થયેલી વર્ણવી નથી. એટલું જ નહિ પણ ત્યાં ગુરુનાં દર્શન થવાં એ પણ સર્વ રચનાઓથી જુદી પડતી ઘટના છે. આ ગુરુ તે કોઈ સિદ્ધ ગુરુ નહિ હોય ? 'सर्वरसदपड' એ બીજી કૃતિઓમાં 'सिद्धदण्ड' તરીકે ઓળખાય છે. રસ અર્થાત્ પારાની રાસાયણિક પ્રક્રિયા દ્વારા સુવર્ણ પ્રાપ્ત કરવાની સિદ્ધિની વાતો કેટલાક યોગી અને યોગમાં રસ ધરાવનાર વ્યક્તિઓ સાથે સંકળાયેલી છે એ એક હકીકત છે; ~~એટલે યોગી ગુરુનાં દર્શન થવાં, ઊમાદેવી અને~~

'સર્વરસદંડ' હોવો, અને યોગિનીઓનો ઉલ્લેખ— આ સર્વ બાબતો સિદ્ધવિદ્યા— રાસાયણિક કે તાંત્રિક — સાથે કોઈ સંબંધ ધરાવે છે કે કેમ એ વિચાર કરવા જેવું છે.

આ દેવમૂર્તિની રચનામાં, કટાહદ્વીપમાં આવેલા નગરની દુકાનોની અને રાજાના મહેલની વિવિધ રીતોનું વર્ણન મળતું નથી; જ્યારે પૂર્ણચંદ્રસૂરિએ વસ્ત્ર, હથિયાર, ખાદ્યસામગ્રી વગેરેનાં વર્ણન આપી પોતાની કૃતિનું અર્ણવ તરીકેનું મૂલ્ય વધાર્યું છે. કટાહદ્વીપના રાજાની પુત્રીની આંખે 'ખોટા અંજન' આંજી બિલાડી બનાવેલી અને 'કૃષ્ણ અંજન' આંજી તેનું સ્ત્રીરૂપમાં પરિવર્તન કરેલું તે પ્રસંગ અહીં મળતો નથી— કહો કે પંચદંડ વિષયક બીજી કૃતિઓમાં 'સિદ્ધાંજન'નો જાદુઈ વિદ્યાના પ્રતીક તરીકે ઉપયોગ કરેલો છે તે દેવમૂર્તિમાં મળતો નથી.

આ આદેશ પૂર્ણ કરતાં વિક્રમે બે દંડ— સર્વરસદંડ અને વિજયદંડ— પ્રાપ્ત કર્યા:

आकार्य देवदमनीजननी महान-
डाहुश्च हीनविभवो गुरुगौरवेण ।
दण्डद्वयं स्वयमुपाहृतमर्पयित्वा
छत्राय राज्यमकरोदथ नम्रचित्तः ॥५२१॥

इति पञ्चदण्डछत्रकथायां तृतीयः परिच्छेदः ॥३॥

ચોથા આદેશમાં ધૂર્ત ગણિકા વિક્રમને તેના મંત્રીને દેશપાર કરવા જણાવે છે. વિક્રમ તે આદેશ પૂર્ણ કરવા તૈયાર થયો. આ વાર્તાનું વસ્તુ, પૂર્ણચંદ્રસૂરિ અને શુભશીલગણિની રચનાઓ સાથે ઘણું સામ્ય ધરાવે છે. પૂર્ણચંદ્ર અને દેવમૂર્તિ મંત્રીનું નામ આપતા નથી જ્યારે શુભશીલગણિ મંત્રીનું નામ 'મતિસાર' અને આખી વાર્તાનું શીર્ષક 'मतिसारस्य देशनिर्वासनम्' એ પ્રમાણે આપે છે; બાકીની આખી વાર્તા ત્રણેય રચનાઓમાં સરખી છે, જો કે ગુજરાત સંસ્કૃત ગ્રંથકાર (હસ્ત. ગ્રં.)માં તે મળે છે, પણ તેમાં તેનું નિરૂપણ ઘણા પાછળ થી થયેલું છે.

આખી 'પંચદંડકથા'માં તેમ આ વાર્તામાં દેવમૂર્તિનું 'કોમલગિરાગુમ્ફ' (આ શબ્દ કવિ કૃતિમાં ઘણો સ્થળે યોજે છે.) કાવ્યમય નિરૂપણ ઓછું રહેતું નથી. જો પૂર્ણચન્દ્રની રચનાનું મૂલ્ય પ્રબન્ધાત્મક છે તો દેવમૂર્તિની કૃતિ તેની આહ્લાદક કવિતાના કારણે અનોખું વ્યક્તિત્વ ધરાવે છે.

લઘુ પુત્રવધૂ સહિત મંત્રીનું કુટુંબ પોતાના દેશની સીમા છોડે છે ત્યારે કવિ વર્ણન કરે છે:

देशसीमपरिहृत्यवासरै-
रल्पकैस्तदखिलं कुटुम्बकम् ।
क्वापि चित्तपरिपूर्णपत्तने
बाह्यसीमनिसु दुःस्थितं स्थितम् ॥५३॥

વાર્તાપ્રવાહ આગળ વહેતાં, લઘુવધૂ છ માસ પછી ફરી શિયાળનો અવાજ સાંભળે છે અને ત્યાર પછી થોડા દિવસમાં તેઓને ગૌરવપૂર્વક પાછા લેવા આવે છે. ત્યાં કુટુંબમાં વિકાસ શું જોયું?

सुप्रसन्नवदनस्य भूपते-
र्यत्र यत्र विलसन्ति दृष्टयः ।
तत्र तत्र शुचिता कुलीनता
दक्षता सुभगता च संचरेत् ॥५४॥

પૂર્ણચન્દ્ર અને શુભશીલગણિની રચનાઓમાં એક 'इन्द्रजालिक'નો ઉલ્લેખ આવે છે જ્યારે અહીં દેવમૂર્તિમાં, 'इन्द्रजालकगणा' — ઘણા ઇન્દ્રજાલિકોનો ઉલ્લેખ મળે છે:

राजसंसदि पुरो नरेश नु
प्रातराप बहुकौतुकोत्तरं ।
इन्द्रजालकगणेन नाटकं
मण्डितं नु जनचित्तचित्रकृत् ॥५७॥

ઇન્દ્રજાલિકોએ ઊભી કરેલી માયાની વાટિકા આગાર રાખવાના હેતુથી

તે નગરના — રત્નપુરના રાજા રત્નસિંહે ઇન્દ્રજાલિકોનો નાશ કરાવ્યો અને તે જ ક્ષણે માયાવી ઉદ્યાન પણ નાશ પામ્યું. જો કોઈ ફરીથી તે પ્રમાણે માયાવી ઉદ્યાન રચે તેને રત્નસિંહે સર્વ રાજ્ય આપવાનો અને પોતાની પુત્રી પરણાવવાનો ઢંઢેરો પિટાવ્યો. વિક્રમે ફરી તેવી વાટિકા રચી અને રત્નસિંહને પોતાનું વચન પાળવા કહ્યું. રત્નસિંહ ગભરાયો કે આ વટેમાર્ગુને મારી કન્યા કેવી રીતે અપાય? ત્યારે વિક્રમના મંત્રીએ તેને કહ્યું:

रत्नसेनमिति वाक्यमार्जितं
विक्रमार्कसचिवस्तमूचिवान् ।
हूणवंशगगनप्रभाकरो
विक्रमो नृपतिरेष विद्यते ॥५८७॥

ઉપર્યુક્ત શ્લોકમાં વિક્રમને હૂણવંશનો કહ્યો છે તે વાર્તામાંનો ઉલ્લેખ હોવા છતાં મહત્ત્વનો ઉલ્લેખ થઈ પડે છે. સ્વ. પ્રો. કેશવ હ. ધ્રુવે વિક્રમનાં વાર્તાચક્રોમાં આવતો વિક્રમ એ બીજો કોઈ નહિ પણ ગુપ્ત-વંશનો પરાક્રમી રાજા ચંદ્રગુપ્ત બીજો, એવું કથન કર્યું છે.૩૬ વિક્રમ કાલ્પનિક કથાસમૂહોનો એક નાયક હોવા છતાં તે કેટલીક પ્રાચીન પરંપરાઓના રંગથી રંગાયેલા વ્યક્તિત્વવાળો છે. એને 'હૂણ' વંશનો કહેવામાં આવ્યો છે એ નોંધપાત્ર છે. 'કાન્હડદે પ્રબન્ધ'માં૩૭ રાજવંશોની યાદીમાં હૂણ રજપૂતોનો ઉલ્લેખ છે. એક લડાયક પરદેશી જાતિ રાજપૂત બની ગઈ એટલું જ નહિ પણ ઉત્તરકાલીન સાહિત્યપરંપરામાં વિક્રમ જેવો પરદુઃખભંજન રાજા પણ હૂણ જાતિનો ગણાયો એ સૂચક છે.

વિક્રમ રાજકન્યા, ઋદ્ધિ વગેરે લઈ, પોતાના અમાત્ય અને તેના કુટુંબ સાથે રાજધાનીમાં પાછો આવ્યો. इति पञ्चदण्डच्छत्रप्रबन्धकथायां चतुर्थपरिच्छेदः ॥४॥ छ ॥

---

૩૬. ધ્રુવ, (સ્વ.) કેશવ હર્ષદ, 'પંચદંડની વાર્તા'ના આંતરપ્રવાહોમાં એ સ્વ. ધ્રુવે તા. ૨૮મી ઓક્ટો. ૧૯૩૦ના રોજ, ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના આશ્રયે આપેલું વ્યાખ્યાન — એનો સંક્ષેપ સ્વ. પ્રો. શંકરપ્રસાદ રાવળે 'બુદ્ધિપ્રકાશ', પુસ્તક ૭૮, જાન્યુ. ૧૯૩૧; અંક ૧લો, પૃ. ૭-૧૧ પર પ્રસિદ્ધ કર્યો છે.

૩૭. વ્યાસ, કા. બા. - સંપાદિત 'કાન્હડદે પ્રબન્ધ' (પહેલો ભાગ), પૃ.

પછી વિક્રમ દેવદમનીની માતા (કવિ નામ આપતા નથી, પણ આ રીતે જ આખી રચનામાં તેનો નિર્દેશ કરે છે.) પાસે પાંચમા આદેશની યાચના કરે છે:

उज्जयिन्याः पुरस्वामी चामीकरसमप्रभः।
उवाच देवदमनीजननीमिति सादरं ॥५६३॥
"साहसात्त्वत्कृपायोगाच्च ऽकारि कार्यचतुष्टयं।
सत्वकाश्चर्यसंयुक्तं पञ्चमं कार्यमादिश" ॥५६४॥
निशम्येदं पुरो राज्ञः सोचे "निजपुरोधसः।
देहि दानं न गृह्णाति पुत्रस्त्वेव कदाचन ॥५६५॥
तद् गृहं परितो भ्रान्त्वा पार्श्वं कमपि सत्वरं।
त्वं चिंतय यतस्तेन विना दानं न लास्यति ॥५६६॥

પાંચમા આદેશની વાર્તા 'પંચદંડ' વિષયક સર્વ પ્રાપ્ત કૃતિઓમાં મળે છે. પણ આ રચનામાં પુરોહિતપુત્રી ગોમતી, માલીપુત્રી જયાનુ અને દેવદમનીની બહેન હરાલિકા — આ ત્રણ સખીઓ દેવદમનીને ઓળખતી હોય છે, એવો ઉલ્લેખ મળે છે. હરાલિકા દેવદમનીની બહેન થાય છે અને સાથે સાથે ગોમતી અને જયાનૂની સખી પણ થાય છે. કવિ હરાલિકાનું આ પ્રમાણે વર્ણન કરે છે:

तत्रास्ति देवदमनीस्वसा शशीसमानना।
मंत्रौषधिमहाविद्यासाधने भीतिमानसा ॥५६७॥

હરાલિકા સિદ્ધવિદ્યાની સાધક હતી; અને આવી વિદ્યાની સાધનાથી તે 'शशिसमानना' હોવા છતાં 'भीतिमानसा' હતી.

પાતાળમાં પોતાની સખી નાગકન્યા પરણતી હતી ત્યાં ત્રણેય સખીઓ જતી હતી; તેઓની સાથે 'कुसुमचङ्गेरिका' ફૂલ ભરેલી વાંસની ટોપલી હતી. એ ટોપલી ઊંચકી લેવા માટે તેઓ નોકર શોધતાં હતાં ત્યાં વિક્રમ 'જગદેવ'નું નામ ધારણ કરી ત્રણેય સખીઓ સાથે ગયો. બીજી કૃતિઓમાં વિક્રમ સેવકરૂપે જાય છે ત્યાં તેનું નામ 'માકુક' કે 'માહુક' છે.

વિક્રમ આ વાર્તામાં 'વિષાપહારદંડ', 'ક્રૂર-કોટદંડ' અને 'મણિદંડ' એમ ત્રણ દંડ પ્રાપ્ત કરે છે. સર્વ સંસ્કૃત કૃતિઓમાં (રામચંદ્રસૂરિની

કૃતિ સિવાય) એ પ્રમાણે દંડના મળે છે, પણ ગુજરાતી કૃતિઓમાં, રામચંદ્રસૂરિની રચનાની અસરના કારણે 'વિષાપહાર' સિવાય બાકીના દંડનાં નામ ફરી ગયાં છે, એટલું જ નહિ પણ દેવમૂર્તિ અને અન્ય સંસ્કૃત કવિઓમાં એક જ આદેશમાં ત્રણ દંડની પ્રાપ્તિ વર્ણવેલી છે, જ્યારે ગુજરાતી કૃતિઓમાં મોટે ભાગે દરેક દંડ માટે અલગ વાર્તા મળે છે. (જો કે 'કાલિકાદંડ' અથવા 'ઔડણદંડ' અને 'વજ્રદંડ' અથવા 'વિજયદંડ'ની પ્રાપ્તિ એ સર્વ કૃતિઓમાં એક જ આદેશમાં મળે છે, એ એક અપવાદ છે.)

દેવમૂર્તિની આ કૃતિમાં સંસ્કૃતની અશુદ્ધિઓ ઘણી છે; એ હસ્તપ્રતની નકલ કરનાર લહિયાનો પણ દોષ હોય. રચનામાં કેટલેક સ્થળે સ્પષ્ટ રીતે પૂર્ણચંદ્રસૂરિના 'પંચદંડપ્રબંધ'ની અસર જણાય છે, જ્યારે વસ્તુના કાવ્યમય આલેખનમાં કવિએ પોતાની શક્તિ દર્શાવી છે.

૬૪૭ શ્લોકમાં પૂરી થતી આ રચનાની પુષ્પિકા આ પ્રમાણે છે:

इति श्रीविक्रमचरिते महाकाव्ये पञ्चदण्डछत्रप्राप्तिवर्णनो नाम चतुर्थसर्गः ॥४॥ छ॥

Part-1, Chapter-2-4

[४]

પંડિત શુભશીલગણિવિરચિત
पञ्चदण्डछत्रकथा
(રચનાસંવત ૧૪૯૦)

આ કૃતિ શુભશીલગણિના સં. ૧૪૯૦માં રચાયેલા સંસ્કૃત મહાકાવ્ય 'विक्रमचरित्र'માં અંતર્ગત છે. આ 'विक्रमचरित्र' શ્રી-હેમચન્દ્રાચાર્ય ગ્રન્થમાલા, અમદાવાદ-માં, બે ખંડમાં પ્રસિદ્ધ થયેલું છે.[38] આ મહાકાવ્યના બાર સર્ગ નીચે પ્રમાણે છે:

श्रीविक्रमादित्यराज्यप्राप्ति – भट्टमात्राग्निवेतालसेवकोत्पत्तिवर्णन, सुकोमलापाणिग्रहस्वरूप, खर्परचौरोत्पत्ति-निग्रहवर्णन, विक्रमचरित्र-जन्म-तस्यावदातकरण-पितृमिलनादिवर्णन, शुभमती-रूपवती-पाणिग्रहणस्वरूप, श्रीविक्रमचरित्रकनकश्री, श्रीसिद्धसेनगुरुकृत-प्रबोधवसुधाऽनृणीकरण-कीर्तिस्तम्भविरचनवर्णनस्वरूप, श्रीशत्रुञ्जयोद्धारकरणस्वरूपवर्णन, पञ्चदण्डछत्रकथा, सौभाग्यसुंदरी-परिणयन-तन्नारीक्षाकरणाद्य-घटकुमारमिलनस्वरूप, श्रीविक्रमादित्य-स्वर्गगमन.

આખા મહાકાવ્યના અન્તે નીચે પ્રમાણે પુષ્પિકા છે:

लघुपोषधशालाया भूषणो श्रीतपागणे।
मुनिसुन्दरसूरीशो बभूवाद्भुतभाग्यवान्॥३५३॥
श्रीसूरेस्तस्य शिष्येण शुभशीलेन साधुना।
विदधे चरितं ह्येतद्विक्रमार्कस्य भूपतेः॥३५४॥

---

૩૮. પંડિત ભગવાનદાસ-સંપાદિત, પંડિત શુભશીલગણિ-વિરચિત 'विक्रमचरित्रम्', खण्ड प्रथम, द्वितीय, पृ. १-३११.

निधान-निधि-सिन्धिवन्दु वत्सराद्विक्रमार्कतः ।
शुभशीलयतिश्चक्रे चारित्रं विक्रमोष्यागो: ॥३५॥

इति श्रीमत्तपागच्छनायक-परमगुरु-श्रीसोमसुन्दरसूरि-पट्टालङ्करण-श्रीमुनिसुन्दरसूरिशिष्य-पण्डित शुभशीलगणि विरचिते श्रीविक्रमादित्य-विक्रमचरित्र चारित्रे चतुश्चामरहारिणी वर्णन-विक्रमचरित्रराज्योपवेशन-यात्राकरण-स्वर्गगमनो नाम द्वादशः सर्गः समाप्तः ॥ ग्रन्थाग्रं ६७१२ ॥ विक्रमचरित्रं समाप्तम् ॥

'વિક્રમચરિત્ર' ઉપરાંત શુભશીલગણિએ, સં. ૧૫૦૪માં 'પ્રભાવક-કથા', સં. ૧૫૦૯માં 'કથાકોશ' — અપરનામ 'ભરતેશ્વરબાહુબલિવૃત્તિ' અને સં. ૧૫૧૮માં 'શત્રુંજયકલ્પવૃત્તિ'ની રચના કરી છે. 'અભિધાન-ચિંતામણિ'ને અનુસરી તેઓએ 'ઉણાદિનામમાલા' રચી છે. 'પ્રભાવકકથા'માં તેઓ પોતાના ગુરુભ્રાતાઓ — વિશાલરાજ, રત્નશેખર, ઉદયનંદિ, ચારિત્રરત્ન, લક્ષ્મીસાગર અને સોમદેવના — મુનિસુંદરસૂરિના શિષ્યોનાં નામ આપે છે.[39]

'पञ्चदण्डछत्रकथा' એ 'વિક્રમચરિત્ર' મહાકાવ્યના ૯મા સર્ગમાં (શ્રી હેમચન્દ્રાચાર્ય ગ્રન્થમાલાની આવૃત્તિ) પૃ. ૧૦૯ થી ૧૫૫ પર નિરૂપાયેલી છે.

આખીય કૃતિ અનુષ્ટુપ છંદમાં અને સાદા સંસ્કૃતમાં છે. દેવમૂર્તિના અને પૂર્ણિમાગચ્છીય રામચન્દ્રસૂરિના 'વિક્રમચરિત્ર' મહાકાવ્યોમાં 'સિંહાસનબત્રીસી'ની વાર્તાઓ મળે છે, જ્યારે શુભશીલગણિના મહાકાવ્યમાં તે વાર્તાઓ નથી. રામચંદ્રસૂરિએ પણ 'પંચદંડછત્રપ્રબંધ'ની રચના અલગ કૃતિરૂપે કરી છે.

૩૯. દેસાઈ, (સ્વ.) મોહનલાલ દ.; 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ'; પૃ. ૪૬૯-૭૦

શુભશીલગણિની 'पञ्चदण्डछत्रकथा'માં નીચેનાં શીર્ષકો પ્રમાણે આખી કથાના ભાગ પાડેલા છે:

१. देवदमनीपरिणयनम्, २. रत्नपेटानयनम्, ३. सर्वरस-पञ्चदण्डानयनम्, ४. मतिसारस्य देशान्निर्वासनम्, ५. विषापहार-विस्फोट-मणि-दण्डानयनम्.

નવમા સર્ગના અન્તે કૃતિની પુષ્પિકા નીચે પ્રમાણે છે:

इति श्रीमत्तपागच्छनायक-श्रीसोमसुन्दरसूरिपट्टालङ्करण-श्रीमुनिसुन्दरसूरिशिष्य पं० शुभशीलगणि विरचिते श्रीविक्रमादित्य-विक्रमचरित्रचरिते पञ्चदण्डवर्णनो नाम नवमः सर्गः समाप्तः॥

અન્ય કૃતિઓની માફક જ આ કૃતિની શરૂઆત થાય છે: ઉપવનમાં ક્રીડા કરી પાછા ફરતાં, વિક્રમ ગાન્છિકાના ઘર પાસે આવ્યો. ત્યાં ઘરનો કચરો વાળતી ગાન્છિકાએ દમદાટી આપી, રાજસેવકોએ મારતાં, દાસીએ ગાન્છિકાને ફરિયાદ કરી; ત્યારે ગાન્છિક-પુત્રી દેવદમનીએ કહ્યું, 'किं नृपाः पञ्चदण्डमयं छत्रं दत्ते स्म निजमस्तके?' વિક્રમ આ વચન સાંભળી 'પંચદંડછત્ર'ની કથા જાણવા આતુર થયો. તેણે નાગદમનીને બોલાવવા અનુચર મોકલ્યા. નાગદમનીએ આવી રાજાને કહ્યું કે, 'દેવદમની મારી પુત્રી તો બાળક છે, આપ તો માતાપિતા જેવા છો, તમારે બાળકનું બોલવું મન પર આણવું જોઈએ નહિ.' રાજાએ કહ્યું કે, 'મને કાંઈ રોષ નથી, પણ મારે 'પંચદંડછત્ર' વિષે જાણવું છે.' ત્યારે કહ્યું:

गान्छिका प्राह भो भूप! कार्यं चेदिदं ते तव।
तदा त्वं प्रथमं मामकीन-त्वत्सदनान्तरे ॥२०॥
संलग्नां पट्टिकां चार्वी कारयित्वा शनैः शनैः।
मत्सुतां सारिपाशेन त्रिवारं लघुलाघवात् ॥२१॥
विजित्य परिणीयाशु पुत्र्या विनयपूर्वकम्।

૪૦ 'પંચદંડ'ની સર્વ સંસ્કૃત અને ગુજરાતી રચનાઓમાં ફક્ત શુભશીલગણિની રચનામાં જ આ 'નાગદમની' નામ મળે છે.

सद्यो विक्रमभूपालं पश्चादेशान् करिष्यासि ॥२२॥

દેવદમની સાથે દ્યૂત રમવાની લાગણી લાગતાં રાજા આવાગમનનું ભૂલી જવા લાગ્યો, ત્યારે તેના મંત્રીઓએ તેને કહ્યું:

जेण कुलं आयत्तं तं पुरिसं आयरेण रक्खिवज्जा ।
न हु तुंबंमि विणट्ठे अरया साहारया हुंति ॥३६॥

દ્યૂતમાં જીત ન મળવાના કારણે રાજા નગરચર્યા જોવા નીકળ્યો અને ભાત ભાતના લોકો પાસેથી વિવિધ વાત સાંભળવા લાગ્યો.

कारुकारुनिकेतेषु ययौ विक्रमभानुमान् ।
श्रोतुं स्वं चरितं लोकमुखात्सद्यो दिनात्यये ॥४७॥
चाक्रिको मोचिको लोहकारो रजक-गांछिकौ ।
माछिकः शौचिको भिक्षो नाविकः कारवो नव ॥४८॥
स्वापाकिर्नापितः कान्दविकः कौटुम्बिकस्तथा ।
मालिकः काछिकश्चापि ताम्बूलिकश्च सप्तमः ॥४९॥
गान्धर्विः कुम्भकारः स्यादेते च नारवः स्मृताः ।
कारुनारुनिकायेषु भ्रमन्नेतन्नृपोऽशृणोत् ।
श्रुतिभ्यां वाञ्छिका राज्ञा धृताऽनेन मुधाऽद्भुता ॥५०॥

आलोनाङ्गा ददे तेन दुःसाध्या कापिकच्छिका । [षट्पदी]
निश्चितं सा नृपं कष्टे पातयिष्यति दुष्टधीः ॥५१॥

નગરના વસવાયા અને કારીગરવર્ગનો ઉલ્લેખ, ભારતની જુદી જુદી જાતિઓના ધંધાની પ્રણાલીને વ્યક્ત કરે છે; જોકે આ પ્રણાલી તો અતિ પ્રાચીન છે પણ 'નવ નારુ-કારુ' કયા કયા તેની યાદી કવિએ અહીં આપી છે તે નોંધપાત્ર છે.

આ કૃતિમાં વચ્ચે વચ્ચે પ્રાચીન ગુજરાતી દુહા પણ મળી આવે છે; જેવા કે,

सन्तुसरीरहआ न तुं देवायत्ती रिद्धि ।
इक्कडुं बहुहिं भिडइ जिहां साहस तिहां सिद्धि ॥६०॥

બીજી સર્વ રચનાઓ પ્રમાણે, ગાન્ધર્વદત્ત સ્મશાનના ક્ષેત્રપાલે બતાવેલી યુક્તિથી વિક્રમ દેવદમનીને હરાવે છે અને તેને પરણે છે. આ પ્રમાણે પહેલો આદેશ પૂરો થાય છે: 'इति देवदमनीपरिणयसम्बन्धः॥'

પછી તામ્રલિપ્તિ નગરીમાંથી રત્નની પેટી આણવા નાગદમનીએ વિક્રમને આદેશ આપ્યો. આ આદેશનું શીર્ષક 'रत्नपेटानयनम्' આપેલું છે. આ આદેશની વાર્તાની વિગતો આગળની સર્વ કૃતિઓને મળતી છે; પણ એક જુદી ઘટના એ છે કે તામ્રલિપ્તિ નગરીના રાજા ચન્દ્રની પુત્રી લક્ષ્મીવતી (ગુજરાતી કૃતિઓમાં આ રાજકુંવરીનું નામ રત્નમંજરી આપેલું છે.)ના મહેલમાં 'पण्याङ्गना'ઓ નૃત્ય કરતી હતી એમ કવિ જણાવે છે:

चन्द्रभूपाङ्गजा लक्ष्मीवती सप्तावनौ गृहे।
गत्वा च कारयामास नृत्यं चारु पण्याङ्गनाः॥१४०॥
विक्रमार्कनृपोऽदृश्यरूपश्च सप्तमाश्रितौ।
गत्वा पण्याङ्गनानृत्यं पश्यति स्म प्रमोदितः॥१४१॥

ત્યાર પછીનું વાર્તાનું વસ્તુ અન્ય કૃતિઓના જેવું જ છે. રાજા રાજકુંવરી અને રત્નની પેટી સાથે ઉજ્જયિની આવ્યો અને નાગદમની સમક્ષ રત્નની પેટી રજૂ કરી. 'इति रत्नपेटिकानयनसम्बन्धः॥'

પછી રાજાએ નાગદમની પાસે ત્રીજા આદેશની માગણી કરી. નાગદમનીએ વિક્રમને સોપારક પત્તનના સોમશર્મા બ્રાહ્મણની ઉમાદે નામની પત્નીના ચારિત્ર્યનું અવલોકન કરવા કહ્યું. કૃતિમાં આ આદેશનું શીર્ષક 'सर्वरस-वज्रदण्डानयनम्' એ પ્રમાણે છે. આ વાર્તા પણ અન્ય સર્વ 'પંચદંડ' વિષયક સંસ્કૃત અને ગુજરાતી કૃતિઓમાં મળે છે, અને તેનું કથાવસ્તુ સર્વ કૃતિઓમાં એકસરખું છે. પણ દરેક વાર્તાકારનું વ્યક્તિત્વ અલગ હોય છે તેમ શુભશીલગણિના વાર્તાઓના નિરૂપણની કેટલીક ખાસિયતો છે. વાર્તામાં વચ્ચે વાર્તાપ્રવાહને પોષક સુભાષિતો મૂકવાની શુભશીલગણિને ટેવ છે. વાર્તાની એવાં કેટલાંક સુભાષિતો નીચે પ્રમાણે છે:

यद्भावि तद्भवत्येव नालिकेरफलाम्बुवत्।
गन्तव्यं गच्छत्येव स्याद् गजभुक्तकपित्थवत्॥२२॥

उद्यमं साहसं धैर्यं बलं बुद्धि पराक्रमम् ।
षडेते यस्य विद्यन्ते तस्य दैवः शङ्कितः ॥३६८॥

વિક્રમ શિષ્યરૂપે ઓમાદેને ત્યાં રહેવા લાગ્યો; અને જ્યારે ઓમાદેએ પોતાના પતિ અને શિષ્યોને યોગિનીઓને બલિદાન કરવા તૈયારી કરી ત્યારે વિક્રમ ઓમાદેનો 'સર્વરસદંડ' લઈ ગુરુ અને શિષ્યમિત્રો સાથે નાસી છૂટ્યો અને વહાણ મારફતે સુમાત્રા ટાપુ નજીકના કટાહ દ્વીપમાં ઉતર્યો. પોતાના સાથીઓને એક સ્થળે મૂકી, વિક્રમ પાસેના શ્રીપુર નગરમાં ભોજનની વ્યવસ્થા માટે ગયો. ત્યાં તેણે આખું નગર નિર્જન જોયું; કેવળ રાજમહેલના સાતમે માળે એક રાજકુંવરીને તેણે બેઠેલી જોઈ. રાજકુંવરીએ દૈત્યના ત્રાસની અને તેની પાસેના વજ્રદંડની કથની કહી. રાજકુંવરીએ બતાવેલી યુક્તિથી દૈત્યને મારી વજ્રદંડ પ્રાપ્ત કર્યો. વિક્રમ રાજકુંવરી ચંદ્રવતીને પરણ્યો. કુંવરી અને બે દંડ — સર્વરસદંડ અને વજ્રદંડ — લઈ વિક્રમ ઉજ્જયિની આવી, નાગદમનીના ઘરે ગયો.

ઉપર્યુક્ત વાર્તામાં કવિએ સ્વરૂપાન્તર માટે યોગના રૂપાંજન અને શ્વેતાંજન (સિદ્ધાંજન)નો ઉલ્લેખ કર્યો નથી; અન્ય વાર્તાકારો આ વાર્તામાં સિદ્ધાંજનનો ઉપયોગ કર્યાનો ઉલ્લેખ કરે છે. આ સાહસની પુષ્પિકા નીચે પ્રમાણે છે:

इति सर्वरसदण्ड - वज्रदण्डानयनसम्बन्धः ॥

આ કૃતિના ચોથા સાહસનું શીર્ષક 'मतिसारस्य देशान्निर्यासनम्' છે. આ વાર્તા, 'પંચદંડ' વિષયક સંસ્કૃત કૃતિઓમાં, અજ્ઞાત સંસ્કૃત ગદ્યકાર (કૃતિ નં. ૧), પૂર્ણચન્દ્ર, દેવમૂર્તિ, શુભશીલગણિ, અજ્ઞાત સંસ્કૃત ગદ્યકારો (કૃતિ નં. ૫ અને ૬) — એઓની રચનાઓમાં મળે છે. ગુજરાતી કૃતિઓમાં આ વાર્તા ફક્ત અજ્ઞાત ગુજરાતી ગદ્યકારમાં જ મળે છે. તેટલા અંશે આ ગુજરાતી રચના પર પંચદંડની પ્રાચીન સંસ્કૃત કૃતિઓની અસર વરતાય છે, અને બાકીની ગુજરાતી અને રાજસ્થાની કૃતિઓ પર રામચન્દ્રસૂરિની અસર નજરે પડે છે.

શુભશીલગણિ મંત્રીનું નામ મતિસાર આપે છે. [illegible]

स्थानिका, रंधिनीपुर, घडीभाजिप्रयोगा, આદિ શબ્દો. 'तद्दत्त गुटिकाप्रयोग पुरुषरूपं कृत्वा पुरमध्ये गता।' ---- 'राजाऽग्निकदत्तगुटिकाबलेन आत्मानं कुरूपं कृत्वा ----'। આ પંક્તિઓમાં ગુટિકાનો સિદ્ધગુટિકા તરીકેનો થયેલો ઉપયોગ પૂર્ણચન્દ્રસૂરિમાં મળે છે તે શુભશીલગણિમાં નથી.

આ વાર્તામાં, 'वैदेशिकः इन्द्रजालिकपुरुषः' એવા એક કલાકુશળ જાદુગરનો ઉલ્લેખ આવે છે. આવા ઘણા ઇન્દ્રજાલિકો હતા અને તેઓ 'गौडदेशीय इन्द्रजालिकाः' હતા એમ પૂર્ણચન્દ્રસૂરિ કહે છે. વાર્તાના અંતમાં પૂર્ણચન્દ્રસૂરિ કહે છે કે 'तदा च देवदमनी तथा श्रेष्ठिपुत्र्या निजबद्धय परिणीता' આવું અસંપૂર્ણ વાર્તાનું ફલ શુભશીલગણિ આપતા નથી. તેઓ આ રીતે વાર્તા પૂરી કરે છે:

अग्निवेतालसांनिध्यात् बीजान्याम्रस्य शाखिनः।
ज्ञात्वा भूपः प्रिया-मन्त्रिसुतः स्वपुरमाययौ ॥२५६॥
बीजानि तत्क्षणाद् नागदमन्यौ विक्रमार्यमा।
दत्त्वाऽमात्यस्य पत्नीत् स्थापनं चाकृथान् ततः ॥२५७॥

એકંદરે, શુભશીલગણિ કરતાં પૂર્ણચન્દ્રસૂરિની કૃતિ વધારે રસભરી છે. સંસ્કૃતમાં 'પંચદંડ'વિષયક પ્રાપ્ત સર્વ કૃતિઓમાં જર્મન વિદ્વાન વેબરે પૂર્ણચન્દ્રની કૃતિ સંપાદન માટે પસંદ કરી એ કૃતિની ગુણવત્તાના કારણે જ. જો કે વેબરે જે હસ્તપ્રત પરથી કૃતિનું સંપાદન કર્યું છે તે હસ્તપ્રતમાં પૂર્ણચન્દ્રસૂરિના નામનો ઉલ્લેખ મળતો નથી, અન્ય હસ્તપ્રતોમાં મળે છે.

પાંચમા આદેશનું શીર્ષક 'विषापहार-भूस्फोट-मणिदण्डानयनम्' છે. આ વાત 'પંચદંડ'ની સંસ્કૃત, ગુજરાતી અને રાજસ્થાની સર્વ રચનાઓમાં મળે છે. સર્વ સંસ્કૃત કૃતિઓમાં ઉપર્યુક્ત ત્રણ દંડની પ્રાપ્તિ દર્શાવેલી છે, જ્યારે રામચન્દ્રસૂરિ અને તેમને અનુસરનારા ગુજરાતી અને રાજસ્થાની 'પંચદંડ'કારો આ વાતમાં 'વિષાપહારદંડ'નો — ફક્ત એક જ દંડનો ઉલ્લેખ કરે છે.

વિક્રમ પાંચમા આદેશની માગણી કરતાં નાગદમનીને કહે છે:

राजाऽवक् 'पञ्चमं कार्यं नागकोऽधुना ग।
सा प्रोवाच सुपात्रेभ्यो दानं विश्राणयाचिरात्॥५६॥

આ સાંભળી વિક્રમ સુપાત્ર બ્રાહ્મણની શોધ માટે તેના પુરોહિતના ઘરની રાત્રે રાહ જોવા લાગ્યો. રાજાએ જોયું કે, પુરોહિતપુત્રી, હરિતાલ અને માળીપુત્રી જઈને પાતાલમાં नागा व्यावहारिणः — નાગ વાણિયાની પુત્રી (તેઓની સખી) પરણેલી હતી ત્યાં જઈ રહી હતી. નાગજાતિમાં વાણિયાનો ધંધો કરનાર વર્ગ હતો એવો ઉલ્લેખ અહીં મળે છે. નાગદમની જોકે હતી તો ગારુડી— વાંસફોડાની સ્ત્રી— તો પણ તેના નામ પરથી નાગજાતિની હોય એ શક્ય ખરું. આ જાતિના એક નાગકુમારનું નામ 'ચન્દ્રચૂડ' આપેલું છે. સિદ્ધરાજના સમયમાં રૈવતગિરિ 'રત્નચૂડ' પણ નાગ હતો. નાગકન્યાઓ ઘણી સુંદર હોવાનાં વર્ણનો મહાભારતમાં (ઉલૂપી) અને ભાગવતમાં ('નાગદમન'ના પ્રસંગમાં) મળે છે, પણ નાગ એ સાપ હતા એ વાત માની શકાય તેમ નથી. મહાભારતના સમયમાં આ માન્યતા — નાગ એ સાપ હતા — કેવી રીતે પ્રચારમાં આવી તે કળી શકાતું નથી. કદાચ એમ હોય કે નાગજાતિ કે જે સર્પપૂજામાં માનનારી હતી અને જે માથે 'અહિછત્ર' પ્રતીક તરીકે રાખતી તેમાંથી નાગ અને સાપ એક હોવાની માન્યતા પ્રચાર પામી હોય. આજે મથુરાના મ્યુઝિયમમાં જે નાગશિલ્પો મળે છે તેમાં મનુષ્યાકૃતિને માથે 'અહિછત્ર' જેવી શિલ્પાકૃતિઓ છે. આનો અર્થ એવો નથી કે સાપને મનુષ્યરૂપે કલ્પી આમનું છત્ર દર્શાવવામાં આવ્યું છે; ખરેખર તો નાગજાતિની જીવતી જાગતી પ્રજાનાં શિલ્પ. તે પ્રજાને અતિ પૂજ્ય એવા અહિઓનાં છત્ર સાથે મળે છે; શક્ય છે કે નાગજાતિની સામાન્ય નહિ પણ અસામાન્ય વ્યક્તિઓ અહિછત્ર રાખી શકતી હશે અને એવી અસાધારણ વ્યક્તિઓ અહિછત્ર પૂજનીય ગણાઈને શિલાદેહ પામી હોય.

'ગ્રંથાગાર'ના ઑક્ટોબર'૫૮ના અંકમાં 'સોરઠની ભોમકામાં'

એ સ્વ. શ્રી. કપિલરાય ઠક્કરના લેખમાં 'નાગમગા' જાતિનો ઉલ્લેખ આવે છે. સોરઠમાં, આર્ય, અનાર્ય અને પરદેશી જાતિઓમાંથી રૂપાન્તર પામેલી અનેક જાતિઓ મળે છે; તેમાં, પ્રાક્-ઐતિહાસિક મહત્વ ધરાવતી 'નાગમગા' જાતિની હૈયાતી સમાજશાસ્ત્રના વિષયમાં એક નોંધપાત્ર હકીકત છે. શ્રી. કપિલરાય ઠક્કર આ વિષય પર વધુ પ્રકાશ નાખે તે પહેલાં જ તેમનો સ્વર્ગવાસ થયો એ આ અભ્યાસમાં મોટી પૂરાય નહીં એવી ખોટ છે.

આ વાર્તા પંચદંડની સર્વ વાર્તાઓમાં મહત્વની છે, કારણ કે શરૂઆતમાં દેવદમની પાતાલેન્દ્રની સભામાં જઈ નૃત્ય કરતી હતી એવું દેવમૂર્તિની રચનામાં જે સૂચન મળે છે (જો કે પંચદંડની બીજી સર્વ કૃતિઓ 'પાતાલેન્દ્ર'ને બદલે 'ઇન્દ્ર' શબ્દ યોજે છે) તે તેમ જ દેવદમનીની માતાનું નામ નાગદમની એ બે પ્રસંગોને પાતાલનગરમાં વસતા નાગ સાથે સંબંધ હોય એ શક્ય નથી.

વાર્તાના અન્તે વિક્રમ બે નાગકન્યાઓ, પુરોહિતપુત્રી, હરિતાલિકા અને માલીપુત્રી જઈને, એમ પાંચ કન્યાઓને પરણી, પાંચ દંડ—વિષાપહાર, મૂત્રસ્ફોટ, મણિ—સાથે ઉજ્જયિની આવ્યો અને પાંચે દંડ વિક્રમે નાગદમનીને આપ્યા. નાગદમનીએ વિક્રમે પ્રાપ્ત કરેલા પાંચ દંડનું છત્ર બનાવ્યું.

जात्यरत्नमयं सिंहविष्टरं कारितं तया।
आनीयानीय रत्नानि कोशाद्भूमिपतेस्तदा॥६३०॥

× × × ×

केचिद्वदन्ति द्वात्रिंशत्पुत्रिकायुतविष्टरे।
उपविष्टो नृपो दानं ददानोऽनर्गलं तदा॥६३१॥

શ્લોકાંક ૬૩૧માં, કવિ બત્રીસ પૂતળીઓવાળા સિંહાસનનો નિર્દેશ કરે છે. સંસ્કૃત 'आनन्दचरित्र'માં આવતી બત્રીસ કથાઓ એ જ બત્રીસ પૂતળીઓ એમ ઉલ્લેખ મળે છે.

~~શુભશીલગણિની આ કૃતિ પંચદંડના એકનો ઉલ્લેખમાં ઠીક આવે~~ આવી છે અને તે રીતે પ્રાપ્ત સર્વ સંસ્કૃત કૃતિઓમાં તે એક મહત્વની કૃતિ છે.

[૫]

અજ્ઞાત સંસ્કૃત ગ્રંથકારકૃત

'पञ्चदण्डछत्रप्रबन्ध'

(વિક્રમનો પંદરમો શતક)

આ અપ્રસિદ્ધ કૃતિનો સામાન્ય પરિચય, માન્ય પ્રોફેસર અને પ્રાચ્યવિદ્યા મન્દિર, વડોદરાના નિયામક, ડૉ. ભોગીલાલ સાંડેસરાએ, તેમના 'લોકવાર્તાનું સાહિત્ય'[૧] એ લેખમાં આપ્યો છે. આ રચનાની હસ્તપ્રતની મળી છે, અદ્યાપિ અપ્રસિદ્ધ છે. પૂ. પુણ્યવિજયજી મહારાજ સાહેબના અનુગ્રહથી આની હસ્તપ્રત, શ્રીહેમચન્દ્રાચાર્ય જૈન જ્ઞાનમન્દિર, પાટણમાંથી મળી છે. પાટણનો શ્રીસંઘનો જૈન જ્ઞાનભંડાર, કેટલીક મહત્ત્વની પ્રતો માટે જાણીતો છે; તેની હસ્તપ્રતોનો સંગ્રહ શ્રીહેમચન્દ્રાચાર્ય જૈન જ્ઞાનમન્દિર, પાટણ-માં અન્તર્ગત કરેલો છે. શ્રીસંઘના ભંડારની એ હસ્તપ્રતો પૈકીની આ પ્રત છે. પ્રતનો નોંધ નં. ૧૭૮૨ છે. તેમાં કુલ પાન ૫ છે. પહેલા પાનની બન્ને બાજુએ ૧૬ પંક્તિ છે, જ્યારે બાકીનાં દરેક પાન પર ૧૭ પંક્તિ છે. પ્રતની લંબાઈ અને પહોળાઈ 11½"×4½" છે. પ્રતના પાનની આજુબાજુની ધારો ઘસાયેલી હોવાથી લખાણને કંઈ નુકસાન થયેલું નથી. દરેક પાન પર ડાબી અને જમણી બાજુએ કાળી શાહીથી ·8"ના હાંસિયા રાખેલા છે. દરેક પાનની જમણી બાજુના જમણા હાંસિયાના નીચેના ભાગમાં પૃષ્ઠાંક નાખેલા છે. પ્રત્યેક પાન વચ્ચે કોરી જગ્યા રાખી સુંદર આકૃતિ ઉપજાવી કાઢી છે. પાનની ઉપરનીચે ·4" જગ્યા છોડવામાં આવેલી છે. આખીય હસ્તપ્રત દેવનાગરી હસ્તાક્ષરોમાં એક જ હાથે લખાયેલી છે. પૃષ્ઠ 5-B પર 'कुमारकथा'નો વૃત્તાન્ત, 'પંચદંડછત્રપ્રબંધ' જે હસ્તાક્ષરોમાં લખાયો છે તેનાથી જરા નાના અક્ષરોમાં લખાયેલો છે, પણ બન્ને કૃતિઓના હસ્તાક્ષર એક જ વ્યક્તિના છે.

આ રચનાનું શીર્ષક 'पञ्चदण्डछत्रप्रबन्ध' છે. અજ્ઞાત કર્તૃક આ

---

૧. સાંડેસરા (ડૉ.) ભોગીલાલ, [illegible]

સંસ્કૃત ગદ્યરચનાની રચનાકાલ આપેલ નથી પણ તેનો અન્તરંગ અને બહિરંગ જોતાં રચના પંદરમા શતકમાં જણાય છે. અજ્ઞાત સંસ્કૃત ગદ્યકાર (કૃતિ નં.૧): ક્ષેમંકર, દેવમૂર્તિ, શુભશીલગણિ, તેઓની સિંહાસનદ્વાત્રિંશિકા કૃતિઓનો મોટો ભાગની પરંપરા આમાં સચવાયેલી છે. કદાચ એવું પણ હોય કે ઉપર્યુક્ત લેખકોની રચના આ ગદ્યકારે જોઈ પણ હોય; પણ એટલું તો ચોક્કસ કે પૂર્ણિમાગચ્છીય રામચંદ્ર-સૂરિનો પ્રબંધ કે જેમાં પ્રાકૃત સંસ્કૃત રચનાઓથી ઘણી ભિન્નતા જણાય છે તે આ ગદ્યકારે જોયો નહિ હોય. આ પ્રબન્ધની શરૂઆત આ રીતે થાય છે:

॥૬૦॥ कदाचिद्विक्रमनृपो राजपाटिकां गत्वा नगर [सन्मुख][72] मागच्छन् गोपुरगालीकोलीतलचत्वरवीथिषु संचरन् यावद्गच्छति सहसा-धस्तादो गगाम। तदुपरि चतुष्कके संमार्जनी ददती गांछिक-पोटिका निषिद्धा।

પ્રબંધની પુષ્પિકા આ પ્રમાણે છે:

साऽपि निज बुद्ध्या सर्वरस - विजय - अचलचालन - विषापहार-सर्वमणिमयदण्डैः पञ्चभिश्छत्रमप्रवर्तितं विधाय राज्ञो मूर्ध्नि निवेशयामास। स्फीतं राज्यं चकार। पञ्चदण्डछत्रप्रबन्धः॥

આ પ્રબંધ, આની પહેલાંની રચનાઓ માફક 'પ્રથમમાદેશો જાતઃ, પ્રથમં દાડો જાતઃ' એ રીતે પાડેલા પાંચ ભાગમાં વહેંચેલો નથી, પણ 'પ્રથમં કાર્યં જાતમ્', દ્વિતીયં, તૃતીયં એ પ્રમાણે વિક્રમે કરવાનાં પાંચ કાર્યોમાં વહેંચાયેલો છે. ચાલુ વાતમાં, જ્યારે પહેલું કાર્ય પૂરું થાય છે ત્યારે રાજા બીજા કાર્ય વિષે ગાંછણને પૂછે છે, અને ગાંછણ પછી કરવાના કાર્ય માટે તેને પ્રેરણા આપે છે.

પ્રબંધમાં આવતા પાંચ દંડનાં નામ આ પ્રમાણે છે: સર્વરસ, વિજય, અચલચાલન, વિષાપહાર, સર્વમણિમય. સંસ્કૃત કૃતિઓમાં આ પાંચેય દંડનાં નામ એક યા બીજી રીતે સરખાં છે, પણ શુભશીલગણિની

૭૨. હસ્તપ્રતમાં ० સુંમખમાગચ્છન્ પાઠ છે.

'પંચદંડકથા'માં મૂસફોટ દંડનો અને આ પ્રબંધમાં अचलचालन દંડનો ઉલ્લેખ નોંધપાત્ર છે. 'પંચદંડ'ની વાર્તાઓમાં પાતાલની કલ્પના આવે છે, અને પાતાલમાં જવા માટે ભૂતલ ફોડીને જવું જોઈએ અથવા પાતાલમાં જતાં કોઈ સચલ અન્તરાય હોય તો તેને દૂર કરવો જોઈએ તેને માટે મૂસફોટ કે अचलचालन દંડની કલ્પના આ વાર્તામાં થઈ હોવી જોઈએ.

પ્રબંધની શરૂઆતમાં, જ્યારે વિક્રમના સેવકો, સાગરશેઠનું સાહસ કરતી ગાંધર્વની દાસીને પકડતા ત્યારે ગાંધર્વપુત્રી દેવ-દમનીએ સાસહજ વ...નાક મહાકોડી લેખું મોકલ્યું: 'न इष्टोऽसौ पञ्चदण्डधारी, प्रयच्छ सौभाग्यनी...' ... હેમું આપણી આશ્ચર્ય પામ્યો અને મહેલમાં પહોંચી, 'પંચદંડછત્ર'નું રહસ્ય જાણવા, તેણે દેવદમનીને બોલાવવા સેવક મોકલ્યા. ત્યારે દૂત ગાંધર્વે કહ્યું: "મારી પુત્રી તો બાલકબુદ્ધિની એ પ્રમાણે બોલી એ નહિ આવે, ચાલો હું રાજા પાસે આવું છું." તેણે જઈને રાજાને કહ્યું: 'पञ्चादेशान् यदि त्वं करिष्यसि तदाहं निवेदयिष्यामि पञ्चदण्डछत्रयुक्तिः। प्रथमं तावन्मम पुत्रीं सारिपासक्रीडया परिणाय्य त्रिभिर्दायैः।' રાજા દ્યૂત રમવા કબૂલ થયો. (આ પ્રબંધમાં 'સારિપાસક્રીડા' એવો શબ્દ ગદ્યકારે યોજેલો છે; દ્યૂત શબ્દનો ઉલ્લેખ ક્યાંય કરેલો નથી.) સારિપાસક્રીડા રમવા માટે રાજ-સભામાં દેવદમનીએ પ્રવેશ કર્યો. આ સમયે શૃંગારસજ્જ દેવદમની-નું જૂની ગુજરાતીમાં તેનું સુંદર વર્ણન આપ્યું છે:

सा काडि कसमसती, पादरागली झलहलती, उरि उत्तम चोली हारि दोरि शृंगार, सिरि कुसुमसेहरभरी, कडयाड मोडि, फुट रसाली, आळसलती मनि मलपती, कटाक्ष जोवती, एवं कृत शृंगारा राजसभायां समायाता.

યુક્તિપ્રયુક્તિથી રાજા દેવદમનીને હરાવી પરણ્યો. દેવમૂર્તિની 'પંચદંડછત્રકથા'માં જેવું આ પ્રબંધમાં પણ વર્ણન આવે છે કે

વિક્રમ વેતાલની આંધી જેવી, જ્યાં દેવદમની નૃત્ય કરતી હતી ત્યાં પાતાલેન્દ્રની સભામાં કેવી રીતે ગયો; ત્યાં શું કેટલાંક એંધાણઓ લાવી વિક્રમે ગાંધિકકન્યાને બતાવી, તેના ચિત્તમાં ક્ષોભ પેદા કર્યો. આવી ક્ષુબ્ધ-ચિત્તા તે સારિપાશક્રીડામાં હારી ગઈ અને શરત પ્રમાણે રાજાને પરણી-

अन्य चिन्तया हारितं माता ज्ञापिता, 'किं जातं?' तयोक्तं सत्रिचरित्रं राज्ञा परिणीता सा । एकं कार्यं जातं ।

વૃદ્ધ ગાંછણે બાજુ કાર્ય માટે રાજાને આદેશ આપ્યો કે તામ્રલિપ્તિ નગરીના રાજાના મહેલના ત્રીજા માળે રત્નમંજૂષામાં રત્નો છે તે લઈ આવ. આ વાત, 'પંચદંડ'ની પ્રાપ્ત સર્વ સંસ્કૃત, ગુજરાતી અને રાજસ્થાની કૃતિઓમાં મળે છે, પણ અહીં કેટલાંક આકર્ષક વર્ણનોમાં આ કર્તાનું કર્તૃત્વ નોખું તરી આવે છે; વિક્રમે તામ્રલિપ્તિમાં શું જોયું?

तत्र समुद्रोपकण्ठे एला-ताला-तमाल-वनखण्डमध्ये सर्वोऽपि नागरिकलोके निजज्ञातियुतो भोजनादि सामग्रीं कुर्वन् पश्यति राज्ञा कश्चित्पृष्टः; 'कथमिति सर्वोऽपि लोकोऽत्र भोजनादि सामग्रीं कुरुते?' तेनोक्तं नगरमध्ये सकललोकभवनानि चंद्रशाला, चित्रशाला, कपाटरामन्त [illegible], गउख, खडोखली, क्रीडाशिखरलेप, पुत्तलीदांतनां जालियां, चंदनना पाट, अगरना पाटीयां उपरि चंद्रोदय, मोतीनां झूबकां, फूलना पगार कर्पूरवासित महमहता, चंपकपुष्पना परिमल वासितानि संति.[43]

વિક્રમ રાજમહેલમાં ગયો ત્યાં તેણે કન્યાનાં નૃત્ય જોયું. કર્તા આ પ્રસંગનું વર્ણન આ પ્રમાણે કરે છે:

राजमंदिरमध्ये गतः सन् व्यावृत्यमानं राजानं च विलोक्य क्षुब्धः। वेतालं सस्मार, आगतः सः तद्बलेन अदृश्यीभूय चतुर्थभूमौ स्थितः सर्वं पश्यति पंचाशतकन्यानां नृत्यादिकं । निद्रादिछद्मना क्षणेन ता निसृष्टाः गताः सर्वाः । वृद्धवाहिक्या द्वारं स्थगितं यावत्सः विलोकयति क्षणांतरे तावत् कश्चिदधस्तात् सुभट --- उपरि आगत्य राजकन्या-दृश्यते स्म । - - - - - तत्कृत्वा राजकन्यां गृहीत्वा चलितः।

43. આ પરિચ્છેદમાં, પરંપરાગત વર્ણકોમાં હોય છે તેવું સંસ્કૃત અને ગુજરાતીનું મિશ્રણ નોંધપાત્ર છે. વર્ણકો વિશે વધુ પરિચય માટે જુઓ 'વર્ણક-સમુચ્ચય' ભાગ ૧, ૨ (પ્રકાશક [illegible] આગળ તરીકે પ્રસિદ્ધ)

ઉપર્યુક્ત વર્ણનનો સન્દર્ભ જોતાં, 'कन्नी' શબ્દનો અર્થ શુભશીલગણિએ યોજેલા 'पात्राङ्गना' શબ્દના જેવો થાય છે. पात्राङ्गना એટલે 'નર્તકી', 'ગણિકા', 'વેશ્યા'. कन्नी દ્રાવિડિયન ભાષાસમૂહનો શબ્દ હોય એમ જણાય છે. મૂળ આ શબ્દનો અર્થ દેવમન્દિરમાં દેવ સમક્ષ નૃત્ય કરનાર 'દેવદાસી' હોય એવો સંભવ છે. પછી એ શબ્દના અર્થનું રૂપાન્તર થતું, તેનો એક અર્થ દાસી ('Maid servant') થયો, જ્યારે કુંવારી બાલિકા માટે 'કન્યા' શબ્દ પણ એમાંથી જ આવ્યો હોય એ અશક્ય નથી. ઉપર્યુક્ત વર્ણનમાં 'कन्नी'નો અર્થ નૃત્યાંગના લઈ શકાય જ્યારે 'राजकन्नी'નો અર્થ 'રાજકન્યા' થઈ શકે.

રત્નમંજૂષા સાથે રાજકન્નીને લઈ વિક્રમ ખાટ પર પાછો નીકળ્યો. રસ્તામાં, કાન્તિકનગરમાં એક ધૂર્ત વેશ્યાના હાથમાં સપડાયેલી રાજકન્નીને તેણે છોડાવી. પછી, तत्पुरनृपेण समं विक्रमोऽपि महता महोत्सवेन उज्जयिन्यां ययौ। सुखेन राज्यं चकार। इति द्वितीयं कार्यम्। આ અને એની પહેલાંની વાતમાં વિક્રમને કોઈ દંડની પ્રાપ્તિ થતી નથી; અને છતાંય તેણે સિદ્ધ કરવાનાં પાંચ કાર્યોમાં ઉપર્યુક્ત બે કાર્યોની ગણના થાય છે.

'तृतीयं कार्यमादिश' स उक्तः 'सोपारकपुरपत्तने सोमशर्मणः पंडितस्य भार्या उमादेवी नाम्नी तस्याः स्वरूपं ज्ञात्वा गच्छ'।

દમનીના આદેશાનુસાર, વિક્રમ સોપારકપુર ગયો. આ વાત સર્વ ઉપલબ્ધ ૨ 'પંચદંડ'ની સંસ્કૃત, ગુજરાતી અને રાજસ્થાની રચનાઓમાં મળે છે. ઉમાદે અને કરાલદ્વીપના નરભક્ષી રાક્ષસના દંડનાં નામ દરેક કૃતિમાં એકસરખાં નથી. મધ્યકાલીન ગુજરાતી કૃતિઓમાં ઉમાદેનો દંડ 'ઓડણદંડ' કે 'સિદ્ધદંડ'ના નામે મળે છે; જ્યારે રાક્ષસનો દંડ 'અજિતદંડ' કે 'વિજયદંડ'ના નામથી ઓળખાવવામાં આવ્યો છે. આ પ્રબંધમાં, ઉમાદેના દંડનું નામ 'સર્વરસ દંડ' છે જ્યારે રાક્ષસના દંડનું નામ 'વિજયદંડ' આપેલું છે.

ઉમાદે સર્વરસદંડ નીચે મૂકી, ચોસઠ વિદ્યાર્થીઓ અને ગુરુનું બલિદાન આપવા માટેનો તાંત્રિક વિધિ કરવા લાગી તેટલામાં વિક્રમ ઉમાદેનો

દંડ લઈ નાઠો અને પાછળ ગુરુ અને શિષ્યો પણ નાઠા. આ ત્વરિત કાર્ય-વેગનું કર્તાએ આમ પ્રમાણે નિરૂપણ કર્યું છે:

---- तावत्तेन दक्षेन दंडं गृहीत्वा पलायनं चक्रे। तत्पृष्ठौ पंडितः सच्छात्रो धावितः, एवं सर्वेऽपि पलायनं कुर्वन्ति। सा पृष्ठि स्थिता 'मा, मा' इति जल्पन्ती कियद्दूरं गत्वा पश्चान्निवृत्ता। तेऽपि समुद्रोपकंठे गत्वा यानपात्रमधिरुह्य कटाहद्वीपं जग्मुः।

ઉપર્યુક્ત વર્ણનમાં એક હકીકત સ્પષ્ટ તરી આવે છે કે વિક્રમ પાસે સર્વરસ દંડ હોવા છતાં તે કટાહદ્વીપ જવા ઊડ્યો નહિ, પણ વહાણ મારફતે ગયો. તેથી એમ ફલિત થાય છે કે દક્ષિણ તરફના કોઈ બેટમાં જવા ઉમાદે જે વખત ઉડણદંડ — સર્વરસદંડના પ્રભાવથી ઊડીને નહિ ગઈ હોય પણ વહાણ મારફતે ગઈ હશે.

રાજા બે દંડ અને એક રાજકન્યા (કટાહદ્વીપના રાજાની પુત્રી) લઈ ઉજ્જયિની આવ્યો. दंडद्वयं तस्यै च स्वर्णं अर्पयित्वा जगाद, "चतुर्थं कार्यमादिश"; तया उक्तं, "निजामात्यं पराभूय नगरान्निर्वासय।"

આ વાર્તામાં કોઈ દંડની પ્રાપ્તિ વર્ણવેલી નથી; પણ અમાત્ય પર વિપત્તિ આવી પડતાં, તેની **સૌથી નાની પુત્રવધૂએ કુશળતા** અને ધૈર્યથી કુટુંબને ટકાવી રાખ્યું, અને એ રીતે નાની પુત્રવધૂની **તેજસ્વિતાનાં** આપણને દર્શન થાય છે. 'પ્રધાનની પુત્રવધૂ'ની આ વાર્તાના ઉત્તરાર્ધમાં ઇન્દ્રજાલિકની પેટાવાર્તા આવે છે. તેમાં રત્નપુરના રત્નસેન રાજાએ ઇન્દ્રજાલની વિદ્યા દ્વારા તૈયાર થયેલી ફૂલફળાદિની વાડી કાયમ રાખવા ઇન્દ્રજાલિકને મારી નાખ્યો; આખું ઉદ્યાન પણ તે જ સાથે નાશ પામ્યું. રાજા વિક્રમ જે છૂપા વેશે ત્યાં ગયો હતો તેણે હતું તેવું ઉદ્યાન રચી આપ્યું. વિક્રમ પોતાના નામથી છતો થયો અને રત્નસેને પોતાની પુત્રી તેને પરણાવી. આ આખી વાર્તાનો અંત આ પ્રમાણે છે:

हत्वैतानि सद्रूपाणि फलानि गृहीत्वा मंत्रियुक्-भूपस्तया सह ससैन्यः स्वस्थानं जगाम। फलानि तस्यै दर्शयामास। पूर्ववदमात्यस्य स्थापनं चक्रे, इति संबंधः।

'पञ्चमं कार्यमादिश'। 'निजपुरोहितस्य दानं देहि स राजप्रतिग्रहं न

उद्धाति। 'વિષાપહારદંડ'ની આ વાર્તા 'પંચદંડ'વિષયક સર્વ સંસ્કૃત, ગુજરાતી અને રાજસ્થાની કૃતિઓમાં પ્રાપ્ત થાય છે. મધ્યકાલીન કૃતિઓમાંની આ વાર્તામાં ફક્ત વિષાપહારદંડની પ્રાપ્તિ વર્ણવેલી છે, જ્યારે પૂર્ણિમાગચ્છીય રામચંદ્રસૂરિ સિવાયની સર્વ સંસ્કૃત રચનાઓમાં આ વાર્તા દ્વારા ત્રણ દંડ — વિષાપહાર, મણિ, ભૂસ્ફોટ — ની સિદ્ધિનું નિરૂપણ કરેલું છે. પ્રો. એ. વેબરે આ વાર્તાનું વસ્તુ ઘણું ટૂંકું થઈ ગયું હોવાના કારણે વાર્તારસની નિષ્પત્તિમાં ક્ષતિ આવી છે, એમ કહ્યું છે.[૪૪] ખરેખર તો લોકવાર્તાઓનું વસ્તુ લોકોમાં કેવા સ્વરૂપે પ્રચલિત હશે, એ કહેવું મુશ્કેલ છે. પણ ગ્રંથકારો — કવિઓ, ગદ્યકારો, વાર્તાકારો — પોતાની રીતે, પરંપરાગત પ્રાપ્ત અલિખિત લોકવાર્તાઓનું આયોજન કરે છે, અને તેથી મૂળ વાર્તાઓનું સૌંદર્ય વધે કે ઘટે પણ ખરું. શામળે 'सिंहासनद्वात्रिंशिका', 'पञ्चदण्डछत्रप्रबन्ध' અને 'वेतालपञ्चविंशति'ની વાર્તાઓમાંથી પોતાની 'સિંહાસનબત્રીસી'નું કલેવર અજબ કલાકૌશલ્યથી કોતરી કાઢ્યું છે (જોકે તેમ કરવા જતાં મૂળ વાર્તાઓની પરંપરાને, સંસ્કરણ દ્વારા, શામળે હાનિ કરી છે), અને જનમનરંજનની દૃષ્ટિએ વાર્તાઓનું નિરૂપણ કર્યું છે. આ વાર્તામાં ત્રણ દંડની પ્રાપ્તિ દર્શાવી છે તે આ પ્રબંધના રચયિતાની પોતાની યોજના હોય એ અસંભવિત નથી.

આ વાર્તાની ઘટનાનાં બે કેન્દ્ર છે: ઉજ્જયિની અને પાતાલપુર. નાગજાતિ અને પાતાલપુરની કલ્પના એક કોયડો છે. નાગજાતિ એ એક માનવજાતિ હતી એમાં સંશય નથી; પણ તેઓનું રહેઠાણ પ્રાક્ઐતિહાસિક કાલથી પાતાલ, પાતાલપુરમાં હતું એવાં જે વર્ણન મળે છે તેનું રહસ્ય સમજાતું નથી. પાતાલપ્રદેશમાં જવા માટે પર્વત, ટેકરા, જંગલો જેવા અંતરાય હશે. વળી, આ પ્રદેશ ભારતના બાકી પ્રદેશોથી, પર્વતોની હારમાળાઓ કે બાકી અંતરાયોના કારણે તદ્દન જુદો પડી ગયેલો, અજ્ઞાત અને સંભવતઃ નીચાણમાં આવેલો પ્રદેશ હોવો જોઈએ. ઊંચી સપાટીવાળા પ્રદેશમાં

44. Weber, A., Op. Cit., Introduction, p. 9.

વસતા લોકોને ઘણી નવાઈ ભરી સપાટીએ આવેલો પ્રદેશ: Nether-world પાતાલ જેવો જણાય એ શક્ય છે; વળી પાતાલપ્રદેશમાં ઘણાં સરોવર અને ઘણે સ્થળે પાણી હોવાનાં વર્ણનો મળે છે. અર્વાચીન યુરોપના નેધરલેન્ડમાં જેમ સમુદ્રનાં પાણી પેસી જાય છે તેમ આ પ્રદેશમાં પણ બનતું હશે. આ સંભાવનાઓના પ્રકાશમાં એક વિધાન કરી શકાય કે પાતાલ એ કોઈ કાલ્પનિક પ્રદેશ નહિ, પણ પ્રાક્-ઐતિહાસિક કાળના ભારતનો કોઈ વાસ્તવિક પ્રદેશ હોવો જોઈએ.

'વિષાપહારદંડ'ની આ વાર્તામાં, પુરોહિતપુત્રી ગોમતી, દેવદમનની ભગિની હરિયાળી અને માળીપુત્રી જયતૂ પાતાલપુરમાં પોતાની સખી નાગપુત્રી પરણવાની હતી ત્યાં જવા તૈયાર થઈ, ત્યારે માલણ જયતૂએ કહ્યું: "मामा[illegible]पुरे नागव्यवहारिणः पुत्रस्य विवाहोत्सवे पुष्पाणि गृहीत्वा यास्यामि।" આ નાગવાણિયાનો ઉલ્લેખ સુભાશીલગણિએ પણ કર્યો છે. એમ પણ કહી શકાય કે એક સમગ્ર નાગજાતિમાં જુદા જુદા ધંધા કરનાર જાતિઓ તેઓના ધંધા પ્રમાણે ઓળખાતી થઈ હશે. દા.ત., મોઢ-જાતિમાં મોઢ વાણિયા, મોઢ બ્રાહ્મણ, મોઢ સુથાર આદિ. ગૂર્જર જાતિમાં ધંધા પ્રમાણે આવી પેટાજાતિઓ મળે છે. નાગવાણિયા પણ આવી ધંધો કરનાર પેટાજાતિ હશે.

આ વાર્તામાં, વિક્રમ નાગવ્યવહારિણ-કન્યા અને તેની ચાર સખીઓને પરણે છે. ત્યાંના નાગરાજાએ પણ પોતાની પુત્રી વિક્રમને પરણાવી અને પોતાનો સર્પમણિમય દંડ તેને આપ્યો. પુરોહિતપુત્રી ગોમતી પાસેથી વિષાપહારદંડ અને હરિયાળી પાસેથી રસાતલગમનદંડ પણ વિક્રમને મળ્યા. વિક્રમ કેટલોક વખત નાગલોકમાં રહી પોતાને નગર આવ્યો. कियन्ति दिनानि नागाङ्गना-विनोदै[illegible] याहीनाभिः प्राण[प्रि]याभिः सह महोत्सवेन स्वपुरमाविवेश, दण्डत्रयमेतत्, दण्डद्वयं पूर्वतरं, एवं पञ्च [illegible] [आ]याभ[स]

આ રીતે આ પ્રબંધ પૂરો થાય છે. પ્રબંધમાં યોજાયેલું સંસ્કૃત ગદ્ય ઘણે સ્થળે લોકભાષાથી મિશ્રિત છે, એટલે-એટલે-જૂની ગુજરાતી અને પ્રાકૃત

Part-1, chapter 2-6

[૬]

અજ્ઞાત સંસ્કૃત ગદ્યકારકૃત

पञ्चदण्डछत्रप्रबन्ध

(વિક્રમનો પંદરમો શતક)

આ અપ્રસિદ્ધ સંસ્કૃત ગદ્યકૃતિ, પંચદંડની, આની પહેલાંની કૃતિઓને ઘણી રીતે મળતી છે, પણ આની શરૂઆતમાં 'विक्रमादित्य-उत्पत्तिप्रबन्धः' મળે છે તે રીતે આ રચના જુદી પડે છે. આ પ્રબંધનો પણ સામાન્ય પરિચય 'ઇતિહાસની કેડીમાં' મળે છે.*[1] રાજસ્થાન અને ગુજરાતના હસ્તપ્રતોના ભંડારોમાંથી હજી સુધી આ પ્રબંધની બીજી હસ્તપ્રત મળી નથી. આની હસ્તપ્રત પૂજ્ય પુણ્યવિજયજી મહારાજે, પાટણના હેમચન્દ્રાચાર્ય જૈન જ્ઞાનમન્દિરમાંથી મેળવી આપી છે. આ જ્ઞાનમન્દિરમાં અન્તર્ગત, શ્રીસંઘનો જૈન જ્ઞાનભંડાર, પાટણ-ના સંગ્રહની આ હસ્તપ્રત છે. પ્રતનો નોંધ નં. ૧૭૯૦ છે. તેનાં કુલ પાન ૧ થી ૭ છે, સાત પાન પૈકી પહેલા પાનની બન્ને બાજુઓનો ૧૧ પંક્તિ છે, જ્યારે બાકીનાં પૃષ્ઠ પર ૧૧ કે ૧૨ પંક્તિઓ એકધારા હસ્તાક્ષરોમાં, દેવનાગરી લિપિમાં લખેલી છે. પ્રતના લખાણમાં કોઈ કોઈ શબ્દો પડીમાત્રામાં લખાયેલા છે. વળી સામાન્ય કદ કરતાં આ પ્રતના હસ્તાક્ષરોનું કદ જરા મોટું છે. પ્રતની લખાણપદ્ધતિ પંદરમા શતક પછીની છે. આ સર્વ હકીકતોના પ્રકાશમાં એમ કહી શકાય કે પ્રબંધની રચના વિક્રમના પંદરમા શતકમાં થઈ હશે, જ્યારે તેની હસ્તપ્રતરૂપે પ્રાપ્ત થતી નકલ સોળમા શતકમાં થઈ હોવી જોઈએ. પ્રતની લંબાઈ અને પહોળાઈ ૧૦½"×૪½" છે. તેની ડાબી અને જમણી બાજુઓએ લાલ શાહીની લીટી દોરી બનાવેલો હાંસિયો છે. દરેક પાનની ઉપર-નીચે ½" જગ્યા છોડેલી છે. પહેલા પાનનો પૃષ્ઠાંક, પૃષ્ઠની બન્ને બાજુઓએ લાલ શાહીથી નાખેલો છે, જ્યારે ૨ થી ૭ પાન સુધીના પૃષ્ઠાંક, કાળી શાહીથી

*[1] જુઓ: સાંડેસરા, (ડૉ.) ભોગીલાલ જ. 'ઇતિહાસની કેડી'માં 'ગુજરાતી લોકવાર્તાનું સાહિત્ય' એ લેખ, પૃ. ૧૫૩ થી ૧૬૬.

પાનની બીજી બાજુએ, જમણા હાંસિયાના નીચેના ભાગમાં મૂકેલા છે. છેલ્લા સાતમા પાનની બીજી બાજુએ પ્રબંધ પૂરો થાય છે, અને તે પાન પર પાંચ પંક્તિઓ છે.

આ પ્રબંધનું શીર્ષક 'पञ्चदण्डछत्रप्रबन्ध' છે, અને તે સાદા સંસ્કૃત ગદ્યમાં રચાયેલો છે. તેનો રચનાસંવત કે લેખનસંવત મળતો નથી, પણ આની પહેલાંની પાંચ કૃતિઓની પરંપરા આમાં સચવાયેલી મળે છે. આ કૃતિનો અંતરંગ જોતાં તે વિક્રમના પંદરમા શતકમાં રચાયેલ લાગે છે. તેની લિપિ, નકલ કર્યાની પદ્ધતિ આદિ જોતાં, આની નકલ વિક્રમના સોળમા શતકમાં થઈ હશે, એવો સંભવ છે. આ પ્રબંધના પહેલાં હસ્તપ્રતમાં, પાન 1A અને 1B પર 'विक्रमादित्यउत्पत्तिप्रबन्ध'ની નકલ કરેલી છે. તે પ્રબન્ધ આ પ્રમાણે છે:

[1-A] ||६०|| इतश्च उज्जयिन्यां नगर्यां व्यावहारिकश्चत्वारि पुत्रौ विवर्जि निवसन्ति। एकलग्नजातः। ताश्च विषकन्यकाः। यः कश्चित्तासां वृणोति स्म स्ते (?) स म्रियते। पूर्णिताद्वा-कन्यका मृत्युमभिलषन्त्यो महाकाले प्रासादे झंपां दातुं गताः। इतश्च तस्मिन्नवसरे द्यूतकारः एकः आगात् [आगतः], सोऽपि झंपां दातुं कामः। तस्मिन्नवसरे अमात्यस्तत्र- आसीत्; झंपाकारणं पृष्टस्तेनोक्तं 'धनार्थे'। तदामात्येन द्रव्यं दत्तं। तदैव सर्व्वं[र्वं] द्यूते हारितं। तदा चतस्रः कन्यका झंपां दातुं प्रवृत्ताः। ता चाकुलेन पृष्टास्ता झंपाकारणं। ताऊचुः [तैरुक्तं], "अस्माकं चिंतितं दातुं को[ऽ]पि न समर्थः; अतो यद्विचारमायाति तत्कुर्मो वयं"। तस्मिन्नवसरे एकयोक्तं, "यः सर्व्व[र्व]पृथिव्या राजा स मम भर्त्ता भूयात्"। द्वितीययोक्तं, "यः सर्वां विद्यां वेत्ति स मम भर्त्ता भूयात्"। तृतीयावाक्यं, "सर्वगुणसंपूर्णणः[र्णः] स भर्त्ता भूयात्"। चतुर्थ्या, "यः सर्वां भूमिमनृणीकरोति स भर्त्ता भूयात्"। इति निदानं कृत्वा झंपां ददिरे। द्यूतकारेणणा[णा]पि निदानं कृत्वा 'आसां भर्त्ताहं भूयात्' झंपां ददे। इतश्च तस्मिन्नवसरे सोमसेन नामा नृपतिस्तस्य पुत्राः षट्, एका पुत्री। पृष्टो नैमित्तिको राज्ञा, "मम राज्यं कस्य

भविष्यति ?', तेनोक्तं 'दौहित्रस्य'। तदनु सा कन्या गर्द्दभिल्लेन नाम्नो राज्ञः उपयेमिता। रात्रौ पितृगृहमानीयते। एकस्मिन् दिने उपायं कृत्वा रात्रौ श्वसुरगृहमस्थात्। गर्द्दभिल्लेन सह संयोग समजनि। तस्मिन्नवसरे तया पृष्टं, " स्वामिन्। दिनसमये कस्मिन् स्थाने गच्छसि?"। आ[त्या]ग्रहा[1-B]त्पृष्टे स्ववृत्तान्तमुक्तं, " यतो [ऽ]हमिन्द्रस्य गायनो गंधर्वसेन नामा [मं] अप्रस्तावे गायन् इन्द्रेणा[णा] शप्तः "त्वं दिवा गर्द्दभो भव, रात्रौ मनुष्यः। यदा कश्चिद्रासभस्य कलेवरं प्रज्वालयिष्यति तदा शापान्तो [ऽ] भावी।' तस्याद्धा[र्धा]नसमये स धूतकारजीवस्तस्या गर्भेऽवततार। ततस्तया गर्द्दभस्य कलेवरं दग्धं ज्वालितं। स गंधर्वसेनः सहजरूपो व[ब]भूव। गतः स्वस्थानं सो उभाभ्यां [उभयाभ्यां] विरहिता जाता। ततो गर्भवन्तीं ज्ञात्वा पित्रा गर्भव्यापादनार्थं प्राहरिकामुक्ताः [क्तं] 'प्रसूतिसमये व्यापादनीयः। तस्या एका सखी भट्टिन्यास्ति, सा व्यंतरयक्षिणी। तस्याः पुरस्तान्निजस्वरूपकं निवेदितं। इत्युक्तं, 'मम गर्भपरित्राणं कुरु'। तयोक्तं 'मम गृहे आगच्छ'। [सा] भले अवसर[रे] प्राहरिकान् सुप्तान् ज्ञात्वा चचाल तां प्रति। प्राहरिका जागरूका जाताः कटके (?) गताः, आगच्छन्तो ज्ञात्वा उदरं च्छु[क्षु]रिकया विदार्य पुत्रं दत्तं भट्टिन्यै। स्वगृहं ययौ, सा तत्रैव पतिता, उक्तं तेभ्यः, "ममोदरं केनचिज्जीवेन विदार्य सुतं गृहीतं।" पुरुषैः राज्ञे निवेदितं। ततस्त्रिभिर्दिनैर्भट्टिन्या पुत्रो जातः। उभाभ्यां [उभयाभ्यां] वर्धापनं कारापितं। एकस्य विक्रमादित्य नाम, अपरस्य भट्टमात्र इति नाम। उभयोरपि परमाप्रीतिः॥छ॥ विक्रमादित्यउत्पत्तिप्रबन्धः॥छ॥

ઉપર્યુક્ત પ્રબંધમાં, 'ગર્દભસેન'નું પાત્ર એ પ્રસિદ્ધ જૈનાચાર્ય કાલકાચાર્યની બહેનનું અપહરણ કરનાર ગર્દભિલ્લ રાજા હોઈ શકે. 'પંચદંડ'ની કેટલીક કૃતિઓમાં 'ઇન્દ્ર' એ દ્યાનાભેદ્રના પ્રકૃતિ

તરીકે વપરાયો છે; તે રીતે જોતાં, ગર્દભિલ્લ પાતાલેન્દ્રનો સરદાર કે ખાંડિયો રાજા હોય. ગર્દભિલ્લ કોઈ પરદેશી રાજા હોઈ શકે એ ડૉ. ઉમાકાન્ત પી. શાહના અનુમાનને[76] પુષ્ટ કરે એવી આ વાત છે. સ્વ. પ્રો. કેશવ હ. ધ્રુવે વાર્તાના નાયક વિક્રમને ગુપ્તકાલીન ગણ્યો છે, પણ વિક્રમનાં વાર્તાચક્રોમાંનું આ પાત્ર ઐતિહાસિક ગણવું મુશ્કેલ છે. ઉપર્યુક્ત પ્રબંધ અને 'પંચદંડ'ની સાંસ્કૃતિક પરંપરા જોતાં, ઈ.સ.ની પહેલી સદીની આજુબાજુનાં વર્ષોમાં થઈ ગયેલ, શકોને મારી હઠાવનાર વિક્રમે વાર્તા-નાયક વિક્રમના પાત્રના ઘડતરમાં ફાળો આપ્યો હોય એવો સંભવ છે.

આ પ્રબંધની શરૂઆત અન્ય કૃતિઓના જેવી જ છે. પણ ગાંછણપુત્રીએ વિક્રમને જે મહેણું માર્યું તે જરા જુદું પડે છે: 'अहो न दृष्टोऽयं राजा असमसाहसांकमल्लः। पंचदंडीयकं छत्रं शिरसि धारयन्न वाम्येति च' ઉપર્યુક્ત ઉક્તિમાં, 'साहसांकमल्लः' એ 'પંચદંડ'વિષયક અન્ય કૃતિઓમાં ન વપરાયું હોય એવું વિશેષણ છે, જો કે પ્રાચીન સંસ્કૃત સાહિત્યમાં અને શિલાલેખોમાં વિક્રમ માટે 'साहसांक' વિશેષણ પ્રાપ્ત થાય છે જ. અર્થાત્ 'પંચદંડછત્ર' ધારણ કરનાર 'साहसांकमल्ल' હોવો જોઈએ. સારિપાસા રમવા જતી ગાંછણપુત્રીનું કર્તાએ આ પ્રમાણે વર્ણન કર્યું છે: 'तावता प्रभाते अतिसौभाग्यगर्वा गाढ्यामाभरणानि परिधाय उरः शल्कदेशाचारेण भरद्वान् हृदयं विधाय नागवल्लीदलैर्मुखमंडनं विधाय कांच्छणपुत्री राजप्रती[हा]रनिवेदिता खेलणार्थमागता॥' ગાંછણપુત્રીનું (કર્તાએ 'कांच्छणपुत्री' શબ્દ યોજ્યો છે.) આ વર્ણન બીજી કૃતિઓનાં આ પ્રકારનાં વર્ણનોમાં જુદી ભાત પાડે છે. વાર્તાની શરૂઆતમાં કે રચનામાં ક્યાંય ગાંછણપુત્રીની માતાનું નામ આપેલું નથી. રાજા સારિપાસાની ક્રીડા જીતી શક્યો નહિ ત્યારે રાત્રે નગરચર્યા

76. શાહ, (ડૉ.) ઉમાકાન્ત, 'सुवर्णभूमि में कालकाचार्य', पृ.

જોવા, હારવાનું કારણ જાણવા. ----- पश्चिमहद्दश्रेणिं प्रच्छन्नं गतवान्। ૪૦
ત્યાં તેણે લોકોને, આ બાબતની ટીકા કરતા તેણે સાંભળ્યા:

पुहिअहंतह माणुसह चहियासि कु जाहु पयट्टइ।
जिणि जसु नासइ जणु हसइ माणि अरणइ लित दाहु पयट्टइ॥

છેવટે, વિક્રમ યુક્તિથી દેવદમનીને હરાવીને પરણ્યો. આ પ્રબંધમાં દેવદમનીને હરાવવાની યુક્તિ બતાવનાર માણિભદ્ર નામનો યક્ષ હતો. દેવદમની ક્યાં નૃત્ય કરવા ગઈ હતી ? માણિભદ્રે કહ્યું:

कल्ये रात्रिसमये भूतपर्वते भूतसेनराज्ञः सभायां नृत्यं कर्तुं आशीविषादेव्य कन्यकाभिः परिवृत्ता देवदमनीयास्यति---।

રાજાની સભામાં નૃત્ય કરવા માટે દેવદમનીએ 'सिंहालंकृतं चरणातं' ધારણ કર્યો હતો.

દેવદમનીને જીતી રાજા તેને પરણ્યો. इति पंचदंडीयच्छत्रकथानके प्रथमकथा॥छ॥ આ પ્રબંધની પાંચેય વાર્તાઓ 'कथा'ના નામથી પૂરી થાય છે. અન્ય 'પંચદંડ'ની કૃતિઓમાં, 'આદેશ', 'અર્થ', 'પરિચ્છેદ' 'દંડ'ના નામથી દરેક વાર્તા પૂરી થાય છે.

બીજે દિવસે રાજાએ ગાંછણને પૂછ્યું— द्वितीयदिने कार्यार्थी राजा गांच्छिकां प[पृ]च्छ, "किमतः परं विधेयं ?" "राजेन्द्र श्रृणु; चंपावती नगरी चंद्रसेनो राजा, चंद्र[ले]खा तत्पुत्री कुमारी विचक्षणा च। तस्याः शय्यायाऽधस्ताद्रत्नकोटिकः संति। ता विलोक्यंते (?) छत्रशोभानिमित्तं"॥

ઉપર્યુક્ત આદેશમાં, ચંપાવતી નગરીના રાજાની વિચક્ષણ કુંવરીનો ઉલ્લેખ કુંવરીના સ્વભાવ પર પ્રકાશ નાખે છે. કુંવરી પોતાની શય્યા નીચે કરોડો રત્ન સંતાડી રાખતી હતી તે હકીકત સર્વ રચનાઓથી જુદી પડે છે. આ પ્રબંધમાં કુંવરીનું નામ ચંદ્રલેખા છે તે પણ 'પંચદંડ'ની અન્ય રચનાઓથી જુદું છે. નગર બહાર નગરઉદ્યાનમાં સર્વ નાગરિકો

૪૦. 'પંચદંડ'ની અન્ય રચનાઓમાં વિક્રમનો 'નવ નારુ-કારુ'ના લતાઓમાં નગરચર્યા જતો વર્ણવ્યો છે.

રંધનક્રિયા કરતા જોઈ રાજાએ આનું કારણ પૂછ્યું:

"किमिति नगरमध्यमतिक्रम्य नगरवा[बा]ह्योपवनेषु रंधनक्रिया क्रियते ?" नागरिकः प्राह, "अत्र राजा त्रंव[ब]सेनस्तेनादिष्टमस्ति, नगरीतिवर रत्नमय रूप्यमय कनकमय शालभंजिकामंडित चित्रचित्र चित्रशालाऽतः सुस्नातोच्छ्रितसुवासिनी जन, केश धूप न धूमवर्गा नगर्या[र्यां] भूमो[मौ] न विधेयः॥ सुरंग करहडी चित्रशालाचित्रभङ्गभयात्, अत एव रंधनक्रिया वा[बा]ह्ये नगरमध्येव भोजनं।

રાજદરબાર પાસે જતાં, રાજાને રાજમહેલમાં પ્રવેશ કરવાની મુશ્કેલી ઊભી થઈ. અન્ય વાર્તાકારોએ, વેતાલની મદદથી વિક્રમે રાજમહેલમાં પ્રવેશ કર્યાનું વર્ણન કર્યું છે, જ્યારે આ પ્રબંધમાં રસોયાઓની સાથે છૂપા વેશે વિક્રમે મહેલમાં પ્રવેશ કર્યાનું વર્ણન મળે છે... "राजा-विक्रमादित्यो[ऽ]पि प्रच्छन्नीकृतात्मा एकं छ्दडकं शिरसि विधाय सूपकारैः समं राजमन्दिरमियाय।

રાતે ત્રણ પ્રહર ગયા પછી ચંદ્રલેખાએ સુવર્ણપેટી કાઢી; તેમાં શું હતું ?

तदन्तःस्थितं प्रियलेखं लात्वा पूर्वं हृदये वदने नयने, पुनरपि हृदये निधाय रागाङ्गयुक्त्या तदन्तर्गा[र्गि]तान् गाथादोधक श्लोकादीन् दर्शं दर्शं नयनयोर्वारिभरं मुञ्चति निःश्वस्य पुनरपि प्रियलेखं वाचयति ; 'स्वस्ति श्रीनगरात् कुबेरदत्तसुतश्चित्राङ्गदकुमारः श्रीत्रंबावत्यां चंद्रलेखां समालपति ॥

ચિત્રાંગદે મોકલેલો 'खारीयक' (દૂત)[૪૮], ચંદ્રલેખાને લઈ જવા આવ્યો હતો. કુંવરી રત્નની પેટી સાથે મહેલની નીચે ઊતરી ત્યાં તેને, શય્યામાં 'पंचवर्णकंचिकपाटी' ભૂલી જવાયેલી તે યાદ આવી; દૂતને તે લેવા ઉપર મોકલ્યો. સંતાયેલા વિક્રમે તેને મારી નાખ્યો અને પોતે દૂત થઈને સાંઢ પર કુંવરીને બેસાડી ચાલ્યો.

૪૮. 'વસુદેવ-હિંડી'માં પ્રા. 'खारका' શબ્દ મળે છે. જુઓ તેના ગુજરાતી અનુવાદની પ્રસ્તાવના, ટિ.

વાર્તાનો ઉપર્યુક્ત પ્રસંગમાં, કુંવરીનો પ્રેમપત્ર એ આ કૃતિની નવીનતા છે. 'खारीयक' એ કોઈ પ્રાદેશિક લોકબોલીનો શબ્દ હોય એવો સંભવ છે. તેનું સંસ્કૃત છાયારૂપ થઈ, તે આ વાર્તામાં 'દૂત'ના અર્થમાં ક્ષત્ર વપરાયો છે.

આ વાર્તાની બાજી વિગતો અન્ય કૃતિઓના જેવી છે. વાર્તાનો અન્ત આ રીતે આવે છે: तत्र पेटिकासप्तकं गान्छापत्नौ दत्तं। चंद्रलेखायाः पाणिग્રहणं चकार।छ॥ इति छगकथायां द्वितीयकथा॥छ॥ 'પંચદંડ'ની અન્ય રચનાઓમાં રત્નની એક જ પેટીનો ઉલ્લેખ છે, જ્યારે આ પ્રબંધમાં સાત પેટીઓ દર્શાવેલી છે.

पुनरपि राजा प्राह, "माइ त्रि[तृ]तीयमादेशं समादिश"। सोपारपत्तने सोमशर्मपंडितभार्यां ऊमादेस्तस्याः स्वरूपं ज्ञात्वा समागच्छ"।

વિક્રમ ઊમાદેને ત્યાં ગયો અને ભણવા લાગ્યો. આ વાર્તાની વિગતો સર્વ કૃતિઓમાં લગભગ એકસરખી છે. જે વૃક્ષ પર બેસી, ઊમાદેએ તેને દંડના પ્રભાવથી ઉડાડ્યું તે આંબલીના વૃક્ષની બખોલમાં ભરાઈ રહી, વિક્રમે શું જોયું? સમુદ્રના એક દ્વીપ પર એ વૃક્ષ ઊતર્યું ત્યાં વિક્રમ समुद्रमध्ये स्वर्ण[र्ण]प्राकारमठमन्दिरादि दृष्ट्वा विस्मितः। ઊમાદેએ દંડ લઈ તે ગુરુ અને શિષ્યો સાથે વહાણમાં હેલીદ્વીપ પર ગયો—दण्डं वा[बा]लकेन गृहीतं, सर्वाः प्रवहणं नौरं दत्त्वाधिरूढा हेलीद्वीपे गताः। तत्र भाटकं दत्त्वा नाविकः प्रेषितः। આ દ્વીપ પર એક માનવભક્ષી રાક્ષસ હતો તેને વિક્રમે માર્યો. રાક્ષસની કેદી બનેલી, આ દ્વીપના રાજાની કુંવરીએ, રાક્ષસને મારવા વિક્રમને યુક્તિ દર્શાવી—देवतावसरं कुर्व्वी[वी]न् स वज्रपाते[ऽ]पि न म्रियते। चंद्रहासं तस्य ग्राह्यं, तस्य घातेन स म्रियते। રાક્ષસના ચંદ્રહાસ નામના ખડ્ગથી જ વિક્રમે તેને માર્યો. અન્ય પ્રબંધકારોએ એવું વર્ણન કર્યું છે કે રાક્ષસ પાસે દંડ (વિજયદંડ) હતો. રાક્ષસ તેની સામે મૂકી પૂજા કરવા લાગ્યો તે

स्वपुरं प्राप्तः। पूर्वविक्रमात्स्यस्थापनं, प्रवेशमहश्च ॥छ॥४॥छ॥

પૂર્ણચન્દ્રસૂરિના પ્રબંધમાં, લઘુવધૂ અને વિક્રમ ગુટિકા — સિદ્ધગુટિકાના પ્રભાવથી સ્વરૂપાન્તર કરે છે એ પ્રસંગ આ પ્રબંધમાં નથી, અને તેટલે અંશે પૂર્ણચન્દ્રસૂરિની કૃતિ વધુ મહત્ત્વની ગણાય.

"इति माइ! पञ्चमं कार्यं करीय"। "निजपुरोहितस्य दानं देहि"। આ વાર્તા, 'પંચદંડ'ની પ્રાકૃત સિવાય સંસ્કૃત, ગુજરાતી અને રાજસ્થાની રચનાઓમાં મળે છે. આ પ્રબંધમાં હરિયાલીને 'हराली गांच्छा' કહી છે; જયારે માલિની તેની નાની બહેન છે; પુરોહિતપુત્રી ગોમતી ને ઉમાદેવતિની-ની પુત્રી તરીકે વર્ણવેલી છે. હરિયાલી પાસે शिलोत्पाटलक्षमं दण्ड છે. ગોમતી પાસે વિષાપહારદંડ છે, પાતાલના નાગરાજ પાસે મણિમયદંડ છે. શુભશીલગણિએ જે દંડને 'ભૂસ્ફોટદંડ' કહ્યો છે, અજ્ઞાત સંસ્કૃત ગદ્યકારે (કૃતિ નં.૫), ~~જેને એ પ્રબંધકારે~~ 'રાયલચાલનદંડ' કહ્યો છે તેને આ પ્રબંધકારે 'શિલોત્પાટનક્ષમદંડ' તરીકે વર્ણવ્યો છે.

तत्र व्यवहारीनागस्य गृहे विवाहो[ऽ]स्ति। पुत्रो दिव्यरूपो नागस्य परिणो[णे]ष्यति — આ કથન દ્વારા નાગ લોકો સારા વેપારી હતા એવું ફલિત થાય છે. દેવમૂર્તિજી અને પૂર્ણચન્દ્રસૂરિએ યોજેલ चंगेरी (વાંસની નાની ટોપલી) શબ્દ પણ આ પ્રબંધમાં મળે છે. આ વાર્તામાં, વિક્રમને ત્રણ દંડ — શિલોત્પાટનક્ષમદંડ, વિષાપહારદંડ, મણિમયદંડ — મળે છે.

આખા પ્રબંધની પુષ્પિકા આ પ્રમાણે છે:

मुक्तलाख्या (?) स्वपुरमागतः॥ महामहोत्सवपूर्वं पञ्चदाडं — सिद्धिदंडु १, विजयदंडु २, सर्वरसदंडु ३, विसापहारदंडु ४, रत्नदंडु ५ — एवं पंचदंडु मेली, छत्रन्तु ६ करी, रायमस्तकि धरिवउ॥छ॥ इति पंचदंडछत्रप्रबंधः समाप्तः॥छ॥छ॥ शुभं भूयात् लेखकपाठकयोः॥छ॥छ॥ मंग[ग]ल महा श्रीः मुक्ताकालिखितं अ[आ]तमीरथे:॥श्री॥छ॥श्री॥

ઉપર્યુક્ત પાંચ દંડનાં નામ આપવામાં કર્તાએ કંઈક ભૂલ કરી હોય એમ જણાય છે. ઉમાદેનો સિદ્ધદંડ, તેનું જ બીજું નામ સર્વરસદંડ છે.

'શિલોત્પાટનક્ષમદંડ'નો પુષ્પિકામાં ઉલ્લેખ કરવાનો રહી ગયો છે. 'વિજય-દંડ'ની પ્રાપ્તિ, 'ઊમાદેની વાર્તા'માં વર્ણવેલી નથી; ત્યાં તો વિક્રમ 'ચંદ્રહાસ' નામના ખડ્ગથી જ રાક્ષસનો મારે છે; પણ માની લઈએ કે તે દ્વારા 'વિજયદંડ' સિદ્ધ થયો. આટલા સ્પષ્ટીકરણ પછી આપણને પાંચેય દંડનાં નામનો ખ્યાલ આવી જાય છે.

એકંદરે, આ પ્રબંધની ભાષા બીજી સંસ્કૃત કૃતિઓની સરખામણીમાં શુદ્ધ છે. છેવટે પુષ્પિકા જૂની ગુજરાતી-મિશ્રિત સંસ્કૃતમાં લખાયેલી છે. આવી કૃતિ 'પંચદંડ'ના અધ્યયનમાં મહત્ત્વની કડી પૂરી પાડે છે. કેટલીક વિગતોમાં આ પ્રબંધકાર તેના પુરોગામીઓને અનુસરે છે.

[૭]

પૂર્ણિમાગચ્છીય રામચન્દ્રસૂરિકૃત
પઞ્ચદણ્ડાતપત્રપ્રબન્ધ
(રચના સંવત ૧૪૯૦)

સ્વ. શ્રી. મોહનલાલ દ. દેસાઈએ આ પ્રબંધનો નીચે પ્રમાણે પરિચય આપ્યો છે:

" સં. ૧૪૯૦માં પૂર્ણિમાગચ્છના (અભયચંદ્રસૂરિના શિષ્ય) રામચંદ્રસૂરિએ દર્ભિકાગ્રામ (ડભોઈ)માં સંસ્કૃત પદ્યબંધ કથારૂપે 'વિક્રમચરિત્ર' રચ્યું તેમાં પોતે ક્ષેમંકરગણિએ સંસ્કૃત ગદ્યમાં રચેલી 'સિંહાસન-દ્વાત્રિંશિકા' પરથી પોતે તે બનાવેલ છે એમ સ્વીકાર્યું છે. આમાં પણ ૩૨ પુતળીની કથા છે. (પ્રસિદ્ધ, ગુજરાતી ભાષાન્તર, સ્વ. મણિલાલ નભુભાઈનું કરેલું, વડોદરા દેશી કેળવણી ખાતા તરફથી, સં. ૧૯૫૧), અને આ જ વર્ષમાં માઘ શુદિ ૧૪ને દિને તે સૂરિએ સંસ્કૃત ગદ્યપદ્યમાં ૨૨૫૦ શ્લોક-પ્રમાણનો 'પંચદંડાતપત્રછત્રપ્રબંધ' ખંભાતમાં રચ્યો કે જેમાં 'પંચદંડ'ની કથા છે. (વે. નં. ૧૭૪૬; પ્રસિદ્ધ, હીરાલાલ હંસરાજ, સન ૧૯૧૨; વેબર નં. ૧૫૯૦, બર્લિન સન ૧૮૭૭)[૪૯]."

આપણા ગુજરાતી વિદ્વાનો પૈકી, ડૉ. ભોગીલાલ સાંડેસરા,[૫૦] ડૉ. મંજુલાલ ર. મજમુદાર,[૫૧] સ્વ. શ્રી. શંકરપ્રસાદ છ. રાવળ,[૫૨] સ્વ. પ્રો. કેશવ હ. ધ્રુવ,[૫૩] સ્વ. શ્રી. નવલરામ જ. ત્રિવેદી,[૫૪] સ્વ. શ્રી. રણજિતરામ મહેતા,[૫૫] સ્વ. શ્રી. અંબાલાલ જાની,[૫૬] આ સર્વ વિદ્વાનોએ 'પંચદંડ'વિષયક કૃતિઓનો પરિચય આપ્યો

---

૪૯. દેસાઈ, મોહનલાલ દ., 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ', પૃ. ૪૬૯

૫૦. 'ઇતિહાસની કેડી', પૃ. ૧૫૩-૧૮૬

૫૧. 'પંચદંડ અને બીજાં કાવ્યો' પ્રસ્તાવના પૃ. ૧૨૨-૨૩, વળી જુઓ 'સામળ' એ પુસ્તકમાં, પૃ. ૧૫૮ પર લેખકનો લેખ 'પંચદંડની વાર્તાનાં પ્રાચીન મૂળ' પૃ. ૧૫૮

૫૨. નરપતિકૃત 'પંચદંડની વાર્તા', પ્રસ્તાવના, પૃ. ૧૩

૫૩. 'પંચદંડ'ની વાર્તાના રૂપાંતર પ્રવાહોમાં' એ લેખ 'બુદ્ધિપ્રકાશ' (જાન્યુ. ૧૯૩૩)માં પ્રસિદ્ધ.

~~૫૪. 'આપણું ... સાહિત્ય' પૃ.~~

૫૫. 'વિક્રમચરિત્ર', ઇ. સ. ૧૯૦૯, ૧૯૧૦ના 'બુદ્ધિપ્રકાશ'ના અંકોમાં પ્રસિદ્ધ.

૫૬. 'સિંહાસનબત્રીસી': પૃ. ૨૨૫-૩૦૨

અને અભ્યાસ આપણને આપ્યા છે. તેઓ પૈકી કેટલાકે રામચંદ્ર સૂરિની કૃતિઓ, અજ્ઞાત કવિની કૃતિ તરીકે પરિચય આપ્યો છે. જામનગરવાળા પંડિત શ્રાવક હીરાલાલ હંસરાજે સન ૧૯૧૨માં આ પ્રબંધ છપાવ્યો છે તેમાં, કવિનું નામ, રચનાસંવત આદિ આપેલાં નથી. આથી જે તે વિદ્વાનોએ આ પ્રબંધને અજ્ઞાત કવિનો હોવાનું કથન કર્યું છે. ડૉ. મંજુલાલ ર. મજમુદારે આ પ્રબંધની, વડોદરા પ્રાચ્યવિદ્યા મન્દિરની પ્રતનો ઉપયોગ કર્યો હોવા છતાં તેઓએ આ પ્રમાણે ઉલ્લેખ કર્યો છે:

"પંચદંડાત્મક સિંહાસનની પ્રાપ્તિ વિક્રમને કેવી રીતે થઈ અને ઇન્દ્રે કેવાં પરાક્રમોથી પ્રસન્ન થઈ, વિક્રમ રાજાને એ સિંહાસન ભેટ કર્યું તે બતાવતું 'पंचदंडात्मकं विक्रमचरित्रम्' એક જૈન લેખકે પાંચ પ્રસ્તાવમાં સંસ્કૃત શ્લોકબદ્ધ રચ્યું છે, આ કાવ્યની રચના સં. ૧૨૯૦ અથવા ૧૨૯૪ના અરસામાં થયેલી છે. એની, શ્રાવક હીરાલાલ હંસરાજે ૧૯૧૪માં છપાવેલી પ્રતમાં, રચનાસંવતનો ઉલ્લેખ નથી. પરંતુ રચનાસંવતના છતાવાળી એક બીજી હસ્તલિખિત પ્રત, વડોદરાના ઓરિયન્ટલ ઇન્સ્ટિટ્યૂટના સંગ્રહમાં છે."[૫૭]

વડોદરા પ્રાચ્યવિદ્યા મન્દિરની આ કૃતિની હસ્તપ્રત કે જેનું હું અહીં વિવરણ કરી રહ્યો છું તેની પુષ્પિકા ઝીણવટથી તપાસ્યા વિના ડૉ. મજમુદારે ઉપર્યુક્ત વિધાન કર્યું જણાય છે, તેઓના આ વિધાનને અનુસરી, મૂળ પ્રતનો સન્દર્ભ તપાસ્યા વિના સ્વ. શ્રી. શંકરપ્રસાદ રાવળે, સ્વ. શ્રી. નવલરામ ત્રિવેદી આદિએ આ પ્રબંધના કવિ, રચનાસંવત વગેરેની વિગતો આપવામાં ભૂલ કરી છે.

આ પ્રબંધનો અભ્યાસ રજૂ કરવા મેં વડોદરા પ્રાચ્યવિદ્યા મન્દિરના રજિસ્ટર નં. ૨૧૧૧ પર નોંધાયેલી પ્રતનો ઉપયોગ કર્યો છે. પંડિત હીરાલાલે પ્રસિદ્ધ કરેલ નકલને પણ ઉપયોગમાં લીધી છે. આ સિવાય, પાટણના હેમચન્દ્રાચાર્ય જ્ઞાનમન્દિરમાં આની ત્રણ હસ્તપ્રતો છે. એનો નં. ૧૭૭૯ છે અને તેની નકલ સં. ૧૬૧૬માં કરેલી છે. બીજી રચનાસંવતના

૫૭. મજમુદાર, (ડૉ.) મંજુલાલ ર., 'શામળ' એ પુસ્તકમાં, પાન ૧૫૮ પર 'પંચદંડ'ની વાર્તામાં પ્રાચીન ગુજરાત' એ નામનો પ્રસિદ્ધ થયેલો લેખ.

ઉલ્લેખ વિનાની પ્રતનો નં. ૨૯૬૪૭ છે. બીજી પ્રત પણ ત્યાં છે, પણ તેનો રજિસ્ટર નં. જાણી શકાયો નથી. ભારતીય સંસ્કૃતિમન્દિર, અમદાવાદમાં આની એક હસ્તપ્રત (નોંધ નં. ૨૨૨૧) મળી છે. અનૂપ સંસ્કૃત લાયબ્રેરી, બીકાનેર-માં, ખોટી રીતે 'ત્રિવિક્રમ'ગણિના કર્તાના નામે ચઢાવેલી, રામચન્દ્રસૂરિ-વિરચિત 'पञ्चदण्डातपच्छत्र'ની હસ્તપ્રત છે; તેનો નોંધ નં. ૩૦૪૦ છે. શ્રીમાળીમાં લખાયેલી આ પ્રતનો લેખનસંવત ૧૫૭૩ છે. તેની લંબાઈ અને પહોળાઈ ૧૫"x ૫.૫" છે. આમેર શાસ્ત્રભંડાર, જયપુર- ત્યાં પણ આ કૃતિની એક અપૂર્ણ હસ્તપ્રત છે; તેનો નં. ૮૯ છે. પંડિત હીરાલાલે પ્રસિદ્ધ કરેલી પ્રત, ઉપર્યુક્ત સર્વ પ્રતોથી જુદી પડે છે.

આ પ્રબંધની વડોદરા પ્રાચ્યવિદ્યા મન્દિરની પ્રત સૌ પ્રતોમાં જૂની અને વિશ્વસનીય છે. તેનો નોંધ નં. ૨૧૧૧ છે. તેમાં કુલ પાન ૬૯ છે, અને દરેક પાન પર ૧૩ પંક્તિ છે. દરેક પંક્તિમાં અક્ષરની સંખ્યા એકસરખી નથી; કોઈમાં ૪૧ અક્ષર છે, કોઈમાં ૪૩, તો કોઈમાં ૪૯ અક્ષર છે. પ્રતનાં પાનની લંબાઈ અને પહોળાઈ ૧૦"x ૪.૨" છે. આખી પ્રતની નકલ એક જ વ્યક્તિના હસ્તાક્ષરોમાં જૈન દેવનાગરી લિપિમાં થયેલી છે. તેના દરેક પાનની ડાબી બાજુએ ½"નો અને જમણી બાજુએ ૧"નો કાળી શાહીથી હાંસિયો પાડેલો છે. પાનની બન્ને બાજુના જમણા હાંસિયાના નીચેના ભાગમાં પૃષ્ઠાંક નાખેલા છે. દરેક પાન વચ્ચે કોરી જગ્યા રાખી, સુંદર બહુકોણ આકૃતિ ઉપજાવી કાઢેલી છે. પ્રત સારી સ્થિતિમાં છે, સુવાચ્ય છે. ફક્ત પ્રતના છેલ્લા પાન વચ્ચે કાણું પડવાથી, ૬૯-A બાજુના એકબે અક્ષર વાંચી શકાતા નથી.

આ પ્રબંધની, હસ્તપ્રત પરથી તૈયાર કરાવેલી હસ્તલિખિત નકલો, પ્રો. જર્મન વિદ્વાન બુહલર જર્મની લઈ ગયેલા, જે જર્મન વિદ્વાન પ્રો. એ. વેબરના હસ્તપ્રતોના સંગ્રહ નં. ૧૫૮૦ અને નં. ૧૭૪૬ પર નોંધાયેલી છે. પ્રો. એ. વેબરે પ્રસિદ્ધ સૂરિની સંસ્કૃત ગદ્યકૃતિ 'पञ्चदण्डछत्रप्रबन्ध' બ્રિટિશ મ્યુઝિયમમાંથી મળી આવેલી એક પ્રત પરથી સંપાદિત કરી

ઈ.સ.૧૯૭૭માં પ્રસિદ્ધ કર્યો છે, તેના અભ્યાસમાં આ પ્રબંધની નકલનો ઉપયોગ પણ કર્યો હોવો જોઈએ, એક મેં તેઓનું સંપાદન જોયું ત્યાં ક્યાંય રામચન્દ્રસૂરિની કૃતિનો ઉલ્લેખ કરેલો નથી. ફક્ત પૂર્ણચન્દ્રસૂરિના પ્રબંધની ટેક્સ્ટ લક્ષ્યમાં રાખી તેની પ્રસ્તાવનામાં કૃતિનું મૂલ્યાંકન આપ્યું છે, પંચદંડની અન્ય રચનાઓની સરખામણી આપેલી નથી. પ્રો. વેબરના સંગ્રહમાંથી નકલ કરાયેલી, પૂર્ણચન્દ્રસૂરિના પ્રબંધની એક પ્રત વૉશિંગ્ટન કૉંગ્રેસ લાયબ્રેરીમાં છે, જે મારા પૂ. પ્રોફેસર ડૉ. સાંડેસરાએ, તેઓની અમેરિકાની વિદ્યાયાત્રાના પ્રસંગે જોઈ હતી.[૫૯] લગભગ સો વર્ષ પહેલાં, પશ્ચિમના દેશોમાં ભારતીય વિદ્યા-વિષયક કૃતિઓનો પ્રચાર અને અભ્યાસ જે નિષ્ઠાથી થતો તે જોતાં આજે આપણે આપણા સાંસ્કૃતિક વારસાને સાચવવા, તેનો પ્રચાર અને અભ્યાસ વધારવા વધુ ઉગ્ર સાધના કરવી જોઈએ, એમ લાગે છે.

રામચન્દ્રસૂરિના પ્રબંધની શરૂઆત મંગલાચરણથી આ પ્રમાણે થાય છે:

प्रणम्य जगदानन्ददायकान् जिननायकान् ।
गणेशान् गौतमाद्यांश्च गुरून् संसारतारकान् ॥१॥
सज्जनान् शोभनाचारान् शास्त्रबोधनकारकान् ।
पञ्चदण्डातपत्रस्य कथां वक्ष्ये समासतः ॥२॥

મંગલાચરણ પછી કવિ કહે છે:

तथाहि मालवे देशे [ऽ]वंत्यां श्रीविक्रमो नृपः ।
राज्यं करोति सत्त्वात्मा कर्मसाक्षीव भूतले ॥३॥

આ આખો પ્રબંધ પદ્યમાં રચાયેલો છે. પંચદંડની પ્રાપ્ત આઠ સંસ્કૃત રચનાઓમાં, દેવમૂર્તિ, શુભશીલગણિ અને રામચન્દ્રસૂરિની કૃતિઓ પદ્યમાં છે; જ્યારે પૂર્ણચન્દ્રસૂરિ, વિજયકુશલ અને અન્ય બે અજ્ઞાત લેખકોની કૃતિઓ ગદ્યમાં છે. રામચન્દ્રસૂરિનો આ પ્રબંધ મોટે

૫૯. આની નોંધ ડૉ. પોલાણે 'A Catalogue of Indic MSS.'માં કરી છે.

ભાગ અનુષ્ટુપ્ છંદમાં રચાયેલો છે; વચ્ચે વચ્ચે શિખરિણી અને ઉપજાતિ છંદો પણ વપરાયેલા છે; પાંચમી વાર્તા પૂરી થયા પછી પુષ્પિકામાં કવિ પુષ્પિકામાં નીચે પ્રમાણે દર્શાવે છે:

यथा शर्करया दुग्धं, वनं सिंहेन भूष्यते।
काननं कल्पवृक्षैश्च, राजहंसैः सरोवरं ॥४४॥
शातकुम्भं वरै रत्नैः, सवस्त्रो मानवो जनः।
गजेन्द्रो वरघंटाभि, शस्त्रैः [शू]रो नृपो दलैः ॥४५॥
नगरं नरनारीभिः, दुर्गं च कपिरक्षकैः।
विभूष्यते मुनीन्द्रो क्षांत्यादि दशसाभिर्गुणैः ॥४६॥
तथा सुभाषितै भव्यै भूरि भावविभिश्रितैः।
स्थाने अर्थयुक्तितो न्यस्ते ग्रन्थो गौरवतां गतः ॥४७॥
सुभाषितानि पूर्वेषां कवीनां रचितानि च।
सत्यार्थिकाव्यमुख्यानि शतानि पञ्चदशकैः ॥४८॥
श्रीसाधुपूर्णिमापक्षे काजने कल्पपादपाः।
श्रीमदभयचंद्राख्याः सूरयो गुणभूरयः ॥४९॥
तेषां पादप्रसादेन मया मूर्षेण निर्मितः।
ग्र[न्]थो विद्व[ज]नैः सो[शो]ध्य कृपां कृत्वा ममोपरि ॥५०॥
श्रीमद्विक्रमकालाच्च खनिधिरत्नसंख्यके।
वर्षे माघे सिते पक्षे शुक्ल चातुर्दशीदिने ॥५१॥
पुष्ये रवौ स्तम्भतीर्थे रामचन्द्रेणसूरिणा।
गद्यात् पद्यमयो [ऽ]कारि प्रबंधो जनरञ्जकैः ॥५२॥
श्लोकैरनुष्टुपै संख्या ज्ञेया लेखनकोविदैः।
पञ्चविंशति सार्द्धानि शतानि श्लोकसंख्यया ॥५३॥
यावत् भूधरसागरा रविशशी खं मेरुध्रुवस्तारकाः।
धर्माधर्मविचारणैक निपुणं यावज्जगद्राजते।
तावद्विक्रमभूपराजपिलसत् कीर्तिप्रभाभिश्रितो।
ग्रन्थो [ऽ]यं त्रिदशालये स्वहृदयं चित्रो चिरं नन्दतात्
॥५४॥

एवं ग्रंथसंख्या श्लोकैः ५८०, सर्वसंख्या २५५०; इति पंचदंडातपत्रप्रबंधः ॥

याद्दशं पुस्तके द्दष्टं, ताद्दशं लिखितं मया ।
यदि शुद्धमशुद्धं वा मम दोषो न दीयते ॥१॥

संवत १५५६ वर्षे कार्त्तिकमासे शुक्लपक्षे द्वितीया तिथौ । रविदिने बहुलिग्रामे । श्रीनागेंद्रगच्छे वा० श्रीमुनिसुंदरमुनि सादिव तल्क कथ्यातं पुण्यार्थं ॥ पंचदंडछत्रं चतुर्मासमध्ये लिख्यतं । शुभं भवतु ॥ कल्याणमस्तु ॥ ५० ॥ श्रीः ॥ छः ॥ श्रीः ॥ छः ॥ ५० ॥ ऊ नमः श्रीदेवविजयविदुषां शिष्यैर्दानविजय नाम गणिमुख्यैः ।

ઉપર્યુક્ત પુષ્પિકા પરથી એ ફલિત થાય છે કે પૂર્ણિમાગચ્છીય રામચંદ્રસૂરિએ (અભયચંદ્રસૂરિના શિષ્ય) વિ. સં. १४९०માં (खनिधिरत्नसंख्यो = ख - આકાશ, શૂન્ય; निधि = નવ નિધિ; અને रत्न - ચૌદ રત્નો — આ આખી સંખ્યા १४९० થાય છે.) માઘ સુદી १४ના દિવસે, રવિવારે, ખંભાતમાં આ 'पञ्चदण्डातपत्रप्रबन्ध' રચ્યો છે. તેની શ્લોકસંખ્યા २५५० છે. એની આ નકલ સંવત १५५६માં, કાર્તિક સુદી બીજને રવિવારે બહુલિ ગામે, શ્રીનાગેન્દ્રગચ્છના શ્રીમુનિસુંદરના કહેવાથી સાદિવ તલકે ચાતુર્માસના સમય દરમ્યાન કરી છે.

રામચંદ્રસૂરિએ મૂળ ગદ્યમાંથી આ પદ્યકૃતિ રચી છે. પૂર્વે થઈ ગયેલા કવિરત્નોએ રચેલાં સુભાષિતોનો કવિએ આ પ્રબંધમાં છૂટથી ઉપયોગ કર્યો છે અને તેથી આ ગ્રન્થને ગૌરવ પ્રાપ્ત થયું છે. પુષ્પિકામાં 'ग्रन्थसंख्या श्लोकैः ५८०' છે, જ્યારે આ કૃતિ, ५५४ શ્લોકમાં પૂરી થાય છે; પંડિત હીરાલાલ-સંપાદિત પ્રત ५२६ શ્લોકમાં પૂરી થાય છે. એટલે એમ હોઈ શકે કે ५५४ થી ५८० સુધીના શ્લોક લહિયાએ છોડી દીધા હોય, જેમ પં. હીરાલાલે પુષ્પિકાનો ઘણો મહત્ત્વનો ભાગ છોડી દીધો છે તેમ; અથવા શ્લોકનો આંક ત્યાં ५५४ જોઈએ તેના બદલે ભૂલથી ५८० લખાયા હોય.

પંડિત હીરાલાલે છપાવેલી પ્રતની પુષ્પિકા આ પ્રમાણે છે:

इति श्रीपञ्चदंडकथात्मकं श्रीविक्रमार्कचरित्रं समाप्तं ॥ श्रीरस्तु ॥
આ ગ્રંથ શ્રીજામનગરનિવાસી પંડિત શ્રાવક હીરાલાલ હંસરાજે સ્વપરના શ્રેય માટે પોતાના શ્રીજૈનભાસ્કરોદય છાપખાનામાં છાપી પ્રસિદ્ધ કર્યો છે. ॥ समाप्तोऽयं ग्रंथो गुरुश्रीमच्चारित्रविजयसुप्रसादात् ॥

શ્રીમદ્ ચારિત્રવિજય ગુરુની કૃપાથી આ ગ્રન્થ પૂરો થયાનું પંડિત હીરાલાલ જણાવે છે. તેઓએ જે હસ્તપ્રત પરથી આ કૃતિ છાપી છે તેમાં રચયિતા, રચનાસંવત વગેરે ન હોય અથવા પ્રતમાં હોવા છતાં તેઓએ પોતે કોઈ હેતુસર તે ભાગ કાઢી નાખ્યો હોય; ગમે તેમ પણ આ શ્રી. મોહનલાલ દ. દેસાઈએ 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ'માં આનો સારો એવો પરિચય આપ્યા છતાં આ કૃતિ તેને વિષેની કેટલીક છણાવટો જૂની ગુજરાતીના અભ્યાસીઓને અજાણી રહી હતી.

આ પ્રબંધનું શીર્ષક 'पञ्चदण्डातपत्रप्रबन्ध' છે. પંડિત હીરાલાલે પ્રસિદ્ધ કરેલી હસ્તપ્રતનું શીર્ષક 'श्रीविक्रमचरित्रं (पंचदंडकथात्मकं)' છે. મધ્યકાલીન ગુજરાતીની 'પંચદંડ' વિષયક કૃતિઓ પર આની પ્રબળ અસર પડેલી છે. નરપતિ, અજ્ઞાત 'પંચદંડચતુષ્પદી'કાર, રાજધર, લક્ષ્મીવલ્લભગણિ, અજ્ઞાત કવિ (કૃતિ નં. ૧૫), ભાણવિજયગણિ, શામળ, માલદેવ આદિની રચનાઓ પર આ સંસ્કૃત પ્રબંધની અસર છે. અજ્ઞાત ગુજરાતી ગદ્યકાર (કૃતિ નં. ૧૪) પર 'પંચદંડ'ની પ્રાચીન સંસ્કૃત કૃતિઓની પરંપરા તેમ જ રામચંદ્રસૂરિની પરંપરાની અસર વરતાય છે.

'પંચદંડ' ઉપરાંત, રામચંદ્રસૂરિની બીજી મહત્ત્વની સંસ્કૃત પદ્યકૃતિ કે જેનું ભાષાંતર સ્વ. શ્રી. મણિલાલ ન. દ્વિવેદીએ 'વિક્રમચરિત્ર' એ શીર્ષકથી કર્યું છે તે કૃતિની એક શ્રદ્ધેય હસ્તપ્રત, વડોદરાના શ્રીઆત્મારામ જૈન જ્ઞાનમન્દિરમાં છે. આ જ્ઞાનમન્દિરના 'પ્રવર્તક શ્રી કાન્તિવિજયજી શાસ્ત્રસંગ્રહ'માં, નં. ૨૧૯૭ પર ઉપર્યુક્ત હસ્તપ્રત નોંધાયેલી છે. તેનું શીર્ષક 'सिंहासनद्वात्रिंशिकाप्रबन्ध' છે. તેની પુષ્પિકા આ પ્રમાણે છે:

सिंहासनप्रबन्धेऽस्मिन् विक्रमादित्यभूपतेः ।
श्रीरामचन्द्रसूरिक्लृप्ते जाता द्वात्रिंशमी कथा ॥३३॥

इति सिंहासनद्वात्रिंशिकायां द्वात्रिंशतितमा समाप्ता:॥ ग्रं० श्लोक ६५, अ० १९॥ संवत् १५३६ वर्षे आसो वदि १३ भौमे लिखापिता॥

આ હસ્તપ્રતનાં કુલ ૩૫ પાન છે, અને પ્રતની લંબાઈ અને પહોળાઈ ૧૨½"×૫" છે. હસ્તપ્રતોમાં પ્રચલિત માપ ૧૦" કે ૧૦½"×૪" કે ૪½" હોય છે, તેનાથી જુદી પડતી આ હસ્તપ્રત નોંધપાત્ર છે, શ્રદ્ધેય છે.

રામચંદ્રસૂરિનો આ પ્રબંધ પાંચ પ્રસ્તાવમાં વહેંચાયલો છે. અન્ય રચનાઓમાં 'દંડ', 'આદેશ', 'કાર્ય', 'પરિચ્છેદ' શબ્દ આખી કૃતિના પાંચ ભાગ માટે યોજાયેલો છે, જ્યારે અહીં 'પ્રસ્તાવ' શબ્દનો ઉપયોગ કરી પાંચ વાર્તાઓનું પાંચ ભાગમાં નિરૂપણ કરેલું છે. આ કૃતિના પાંચ દંડનાં નામ આ પ્રમાણે છે: સિદ્ધદંડ, વિજયદંડ, જ્ઞાનદંડ, વિપદ્દયહરદંડ અને રત્નદંડ. આ રચનાની વાર્તાઓમાં મહત્ત્વનો ફેરફાર એ છે કે 'પ્રધાનની લઘુવધૂ'ની વાર્તા અહીં મળતી નથી, જ્યારે 'જ્ઞાનદંડ'ની નવી જ વાર્તા ઉમેરેલી છે. આ 'જ્ઞાનદંડ' ગુજરાતી રચનાઓમાં 'કામિકદંડ' કે 'પ્રતાપદંડ' નામે વર્ણવાયેલો છે.

પ્રબંધમાં વૃદ્ધા ગાંછણનું નામ આપેલું નથી, પણ તેની પુત્રી દેવદમનીનું નામ આપેલું છે. ગાંછાવાડમાં આ ગાંછણનો મોટો મહેલ હતો એમ 'गांछिकवाटस्य मध्ये सौधो ----'॥४॥ જેવા વર્ણન પરથી જણાય છે. દેવમૂર્તિએ એની કૃતિના ૬૦મા શ્લોકમાં પણ આ મહેલનું વર્ણન કર્યું છે અને '-----मुख्यगान्छिकमन्दिरम्॥६०॥ એવા વર્ણન પરથી આ ગાંછિક એ ગાંછાઓનો મુખ્ય સરદાર કે સ્વામી હશે એમ કહી શકાય. વિક્રમની સ્વારી રસ્તેથી પસાર થઈ રહી હતી તે સમયે ગાંછણસ્વામિનીની દાસીએ સાવરણીથી કચરો સાફ કરવા આનાકાની કરી, ત્યારે ગાંછણે કહ્યું:

उवाच स्वामिनी तस्या, 'यद्वयं तव वर्तते।
तस्य किं पंचदंडातपत्रं मूर्ध्नि प्रवर्तते॥१०॥

—પ્રથમ પ્રસ્તાવ

આ પ્રમાણે વિક્રમની પણ અવગણના કરનાર ગાંછણની દાસીને જ્યારે રાજાના સેવકોએ મારી ત્યારે ગુસ્સે થઈને ગાંછણે જાદુઈ દંડ વડે માર્ગમાં ત્રણ રેખાઓ દોરી, વિક્રમની સ્વારીના માર્ગમાં ત્રણ વજ્રદિવાલો

ઊભી કરી:

अथ सा स्वामिनी दण्डं गृहीत्वा तत्र रेखया।
वज्रभित्तिमिवाकार्षीत् याकुल्लंघ्य न याति कः ॥२०॥

—પ્રથમ પ્રસ્તાવ

આ દંડના 'પંચદંડ'ની સર્વ ગુજરાતી રચનાઓમાં મળે છે; સંસ્કૃત કૃતિઓમાં, આ પ્રબંધમાં અને વિજયકુશલ વિરચિત 'પંચદંડછત્રચરિત્ર'માં પ્રાપ્ત થાય છે. ગાંછણ પાસે પણ દંડ હતો એમ ઉપર્યુક્ત શ્લોકમાં ઉલ્લેખ મળે છે. વિક્રમે નમ્ર થઈ, ગાંછણને 'પંચદંડ'નું રહસ્ય પૂછ્યું, ત્યારે ગાંછણે કહ્યું:

तुष्टाहं तव राजेन्द्र, पञ्चादेशान् कुरुष्व मे।
यथा भवति ते छत्रं दुर्लभं पञ्चदण्डजं ॥४३॥
प्रथमादेशतः पुत्रीं जित्वा मे त्वं विवाहय।
पश्चात् शेषास्तथादेशान् चतुरः कुरु त्वं नृपः॥४४॥

—પ્રથમ પ્રસ્તાવ

દેવદમની શણગાર સજીને વિક્રમના દરબારમાં દ્યૂત રમવા ગઈ. વિક્રમે પૂછ્યું, હે સુંદરી! તું ક્યાં ક્યાં દ્યૂત જાણે છે?

भूपः प्रोवाच कल्याणि कस्मिन् द्यूते प्रगल्भता
विद्यते सुमुखि तेऽत्र कथयाशु मृगेक्षणे ॥५३॥
वाक्यं श्रुत्वेति भूपस्य सावदद्वरवर्णिनी।
यानि द्यूतानि वर्तन्ते मातर्वेश जगत्त्रये ॥५४॥
तानि सर्वाणि जानामि सर्वेभ्योऽपि यशस्करं।
सारीद्यूतं तु शूराणां सन्मुखो यत्र जायते॥५५॥
प्रतियुद्धं गमो यत्र चरेण गृहपूरणा।
साहसेन च जीव्येत, मारितापि हि सारिका॥५८॥
गमे नष्टे चरं कुर्याच्चारे नष्टे तु साहसं।
साहसे हारितं दृष्ट्वा हन्यात्पादेन पट्टकं ॥५९॥
ततो भूपानुगाः पट्टं त्रिंशत्सारीसमन्वितं।
पाशकद्वययुतं तत्र क्रीडनार्थमथानयन् ॥६०॥

—પ્રથમ પ્રસ્તાવ

સારિપાશાની ક્રીડા એ એક પ્રકારનું દ્યૂત છે, એમ કવિ જણાવે છે. દ્યૂત રમતાં રમતાં વિક્રમ દેવદમનીને જીતી શકતો નથી ત્યારે તેને પશ્ચાત્તાપ થાય છે. કવિ એક સુભાષિત દ્વારા રાજાની વેદના વ્યક્ત કરે છે:

जो मति पाछल उपजे सो मति पहेलां होय।
काज न विणासे आपणुं लोक हसे नही कोय॥६७॥
— પ્રથમ પ્રસ્તાવ

વડોદરા પ્રાચ્યવિદ્યામંદિરની પ્રતમાં, ઉપર્યુક્ત સુભાષિતની એક જ પંક્તિ આ પ્રમાણે પ્રાપ્ત થાય છે: 'जा मति पछइ संपजि'. આ જોતાં, પંડિત હીરાલાલની ૬૭મી કડીમાં ગુજરાતી સુભાષિતનો પાઠ ઘણો અર્વાચીન થઈ ગયેલો છે.

વિક્રમ દેવદમનીને જીતી ન શક્યો તેથી મરવાનો નિશ્ચય કરી, ગંધવહ સ્મશાનમાં તે ગયો. ત્યાં ક્ષેત્રપે તેને દેવદમનીને જીતવાની યુક્તિ બતાવી. સર્વ 'પંચદંડ'કારોએ જે સંકેતો દ્વારા દેવદમનીના ચિત્તમાં ક્ષોભ ઉપજાવવાની યુક્તિ નિરૂપી છે તે જ યુક્તિનું કવિએ અહીં નિરૂપણ કરેલું છે. છેવટે દેવદમની હારી અને વિક્રમને પરણી. આ પ્રબંધનો પહેલો પ્રસ્તાવ આ પ્રમાણે પૂરો થાય છે:

श्रीविक्रमार्कस्य नरेश्वरस्य
श्रीपञ्चदण्डातपछत्रबन्धे।
पद्ये महाश्चर्यकरे यथोक्ते
प्रस्ताव एषो प्रथमो बभूव ॥२२४॥ — પ્રથમ પ્રસ્તાવ

બીજો પ્રસ્તાવ આ પ્રમાણે શરૂ થાય છે: 'अथ द्वितीयः प्रस्तावः ~~प्रारभ्यते~~'॥ આ પ્રસ્તાવમાં 'ઉમાદેવીની વાર્તા'નું નિરૂપણ કરેલું છે. વાર્તાનું વસ્તુ 'પંચદંડ'ની અન્ય કૃતિઓને મળતું છે. ઉમાદેએ બીજો આદેશ આપતાં વિક્રમને કહ્યું, "હે રાજા! સોપારક નગરમાં જઈ, સોમશર્મા નામના બ્રાહ્મણની પત્નીની દિનચર્યાનું અવલોકન કરજે; પછી પાછો આવજે."

इति मे कथितं कार्यं द्वितीयं कुरु सत्वरं।
येन ते पञ्चदण्डातपत्रं मुर्ध्नि स्फुटं भवेत् ॥२२७॥
— द्वितीय प्रस्ताव

આ આખી કૃતિ વર્ણનપ્રધાન છે, અને વાર્તાનો પ્રવાહ વચ્ચે રોકાઈ જાય છે તોપણ કે કવિ વર્ણનો કર્યે જ જાય છે. શ્લોક ૨૨૧ થી ૨૨૭ સુધી કોંકણ પ્રદેશની લાક્ષણિક વનસ્પતિ અને કુદરતી સૌંદર્યનું, શ્લોક ૨૨૮ થી ૨૪૦ સુધી સોપારકપુરનું, શ્લોક ૨૪૧ થી ૨૫૮ સુધી જિનેશ્વરની પૂજાવિધિનું અને શ્લોક ૨૯૧ થી ૨૯૫ સુધી બત્રીસલક્ષણા પુરુષનું વર્ણન મળે છે. આ સર્વ વર્ણનો વાર્તાકલામાં ઔચિત્યભંગ દર્શાવે છે. શામળ જેવા કુશળ વાર્તાકલાના કસબીના હાથમાં આટલા પાંખિયાટાણે, વાર્તાના પ્રવાહને પોષે એ રીતે વર્ણનો આવે છે, તેની વાર્તાઓ વર્ણનોના ભારથી લદાઈ જતી નથી.

ઉમાદે દંડની પૂજા કરે છે:

पूजयामास सा दण्डं चन्दनैः कुसुमैर्वरैः।
पञ्चाङ्गेन नमस्कारं चकार चतुराशया॥४१॥
दृष्ट्वा तच्चरितं रात्रिसञ्जातं जगतेश्वरः।
ससंभ्रममथोत्थाय तत्तरुकोटरेऽविशत्॥४२॥
नैवेद्यं ढौकयित्वा सा दण्डस्याग्रे ततोऽवदत्।
हे सिद्धदण्ड ! मे कार्यं कुरु त्वं कामितप्रदं॥४३॥

रेखात्रयं च दण्डेन कृत्वा सा बहिरागता।
दण्डप्रभावतश्छात्रा जाता सुप्ता मृता इव॥४५॥

— દ્વિતીય પ્રસ્તાવ

ઉપર્યુક્ત વર્ણનમાં પંચાંગ — ઘૂંટણિયે પડી બે પગ, બે હાથ અને માથું — વડે નમસ્કાર કરવાનો ઉલ્લેખ આવે છે, એ તાંત્રિક નમસ્કારની રીત છે. કોઈ સિદ્ધવિદ્યાની ઉપાસના કરનાર ઉમાદે આવા નમસ્કાર કરે એ સ્વાભાવિક છે. વળી, ઘરની બહાર નીકળી ઉમાદે દંડ વડે આંગણામાં ત્રણ રેખાઓ દોરે છે, પછી આંબલીના વૃક્ષ પર ચઢી તેને ત્રણ ટકોરા મારે છે; એનું એ વર્તન પણ કોઈ તંત્રવિદ્યાની ઉપાસના સૂચવે છે. શ્લોક ૩૪૫માં, આંગણામાં દંડ વડે દોરેલી ત્રણ રેખાના પ્રભાવથી, ગુરુ અને શિષ્યો ગાઢ નિદ્રામાં પડ્યા એ પણ
~~ઉપર્યુક્ત પરંપરાની યોજક છે. ઉમાદેએ આ પ્રવર્તનમાં વર્ણવેલા~~

'સિદ્ધદંડ'નું અન્ય સંસ્કૃત રચનાઓમાં 'સર્વરસ દંડ' નામ છે, જ્યારે શામળની કૃતિમાં તેને 'ઊડણદંડ' તરીકે ઓળખાવેલો છે. આમલીના વૃક્ષ પર ચઢી ઊડેલી ઉમાદે અવર્ણાદિ પાસેની અવર્ણગિરિ પહોંચી અને ત્યાંથી યોગિનીઓ ક્ષેત્રપાલ પાસેથી વધુ સિદ્ધિ મેળવવા કરવાની તાંત્રિક પૂજા અને બલિદાનનો આદેશ લઈ પાછી ફરી. વિક્રમે પોતાના સાથીદારોને આ આપત્તિની વાત કરી અને તેમાંથી કેવી રીતે નાસી છૂટવું તે વિશે ચર્ચા કરી. કવિએ અહીં એક સુભાષિત દ્વારા આ પરિસ્થિતિ સ્પષ્ટ કરી છે:

जीवण समो नत्थि रसो, विन्नाण समो बंधवो नत्थि।
मरण समं नत्थि भयं, खुहा समा वेयणा नत्थि ॥४०१॥

— દ્વિતીય પ્રસ્તાવ

ઉમાદેવીએ વિક્રમ અને બીજા શિષ્યોની પૂજા કરી અને જોગણીઓને ભોગ ધરાવવા વચ્ચે દંડ મૂકી આહ્વાન કરવા લાગી, તે સમયે વિક્રમ દંડ લઈ નાસી ગયો; તેની પાછળ શિષ્યો અને ગુરુ પણ નાઠા:

सर्वे पश्चात् व्रजन्तो भयभ्रान्ताः क्षुधातुराः।
नष्टौ मारकं कृत्वा नावमारुरुहुर्वरां ॥६२७॥
गतो द्वीपं कटाहाख्यं .... ।
- - - - - - - - - - - - - - - - ॥६२८॥

— દ્વિતીય પ્રસ્તાવ

ત્યાં દ્વીપ પરની ભિન્ન નગરીમાં રાજા ગયો. તે નગરનું નામ કનકનગર, રાજા કનકશેખર, રાણી કનકાવતી અને તેઓની પુત્રી કનકમાલિકા હતી. એક દૈત્યના ત્રાસથી રાજારાણી અને સર્વ પ્રજાજન નાસી ગયાં હતાં. દૈત્ય રાજકુંવરીને સિદ્ધાંજનના — કૃષ્ણાંજન અને શ્વેતાંજનના — પ્રભાવથી બિલાડી અને બિલાડીમાંથી રાજકુંવરી એમ સ્વરૂપાંતર કરી શકતો. રાજકુંવરીએ યુક્તિ બતાવ્યા પ્રમાણે વિક્રમે, પૂજાર્થે મૂકેલો દંડ લઈ રાક્ષસના માથા પર મારતાં રાક્ષસ મરણ પામ્યો. વિક્રમ તો દંડ લઈ ઉજ્જયિની આવ્યો.

तौ द्वौ द्वारौ गान्धिकायाः पुरस्तात्

मुक्त्वा राजा पादयुग्मं ननाम ॥
मानः कार्यं सिद्धमेतद् द्वितीयं,
सत्कार्यार्थी भूपतिस्तामवोचत् ॥६५०॥
श्री विक्रमार्कस्य नरेश्वरस्य श्रीपञ्चदण्डातपत्रप्रबन्धे ।
पद्ये महाश्चर्यकरे यथोक्तः प्रस्ताव एषो द्वितीयो बभूव ॥६५१॥

— द्वितीय प्रस्ताव

॥ अथ तृतीयः प्रस्तावः प्रारभ्यते ॥

अथ श्रीविक्रमादित्य आदित्य इव सप्रभः ।
तृतीयकार्यसिद्ध्यर्थं सोद्यमः समजायत ॥६५२॥

— तृतीय प्रस्ताव

રત્નસંચયપુરમાં જયકર્ણ ભૂપતિના મહેલના ત્રીજે માળે રત્નની પેટી છે, તે લાવવા ગાંછણે વિક્રમને આદેશ આપ્યો. આ વાર્તા અન્ય સર્વ પંચદંડ-વિષયક રચનાઓમાંની આ વાર્તાને મળતી છે. છતાં વાર્તાના વસ્તુમાં રામચંદ્ર-સૂરિએ કેટલાક ઉમેરા કર્યા છે જે મધ્યકાલીન ગુજરાતી કૃતિઓમાં પણ નજરે પડે છે. શુભશીલગણિ અને દેવમૂર્તિની રચનાઓ 'વિક્રમચરિત્ર મહાકાવ્ય'માં અન્તર્ગત છે; જ્યારે રામચંદ્રસૂરિ, વિજયકુશલ અને અજ્ઞાત કવિઓની બીજી ચાર સંસ્કૃત રચનાઓ ઇલાયદા 'પ્રબન્ધ' સ્વરૂપે આપણને મળે છે. દેવમૂર્તિની પેઠે રામચંદ્રસૂરિ પણ ઉચ્ચ કક્ષાના કવિ છે; એટલું જ નહિ પણ તે કુશળ પ્રબન્ધકાર છે એમ આ પ્રબન્ધ પરથી ફલિત થાય છે. આ પ્રબન્ધોમાંથી કાંઈ ઇતિહાસ ન મળે પણ [illegible]રસાત્મક નિરૂપણના ઓથે રહેલી કેટલીક સાંસ્કૃતિક પરંપરાઓ તારવી શકાય છે.

આ વાર્તામાં, કુંવરી રત્નમંજરી પાસેની રત્નોની પેટીનો આ પ્રમાણે ઉલ્લેખ મળે છે:

अथ प्रोद्घाट्य मञ्जूषां लात्वा दण्डं महागुणं ।
सुवर्णपट्टे संस्थाप्य तस्या पूजां चकार सा ॥६७८॥

द्वितीयं पट्टमानीय नवीनमौरुत्कृतं ।
~~कुंकुमागुरुकर्पूरचन्दनादिकृतं तु वर्चितं~~ ॥६७९॥ — तृतीय प्रस्ताव

૩ ઉપર્યુક્ત પંક્તિઓમાં, રત્નની પેટીમાં દંડ હોવાનો જે ઉલ્લેખ છે તે અન્ય સંસ્કૃત રચનાઓ ('પંચદંડ'વિષયક)માં નથી. શામળે આ દંડનું '[illegible]દંડ' તરીકે વર્ણન કર્યું છે. રત્નમંજરીને સાંઢ પર લઈ જતાં રસ્તામાં પોતાને 'કુંભકાર' તરીકે ઓળખાવે છે ત્યારે રત્નમંજરીએ જે કાવ્યપંક્તિઓ જૂની ગુજરાતીમાં ઉચ્ચારેલી તે પાઠાન્તર સાથે 'પંચદંડ'ની સર્વ ગુજરાતી કૃતિઓમાં મળે છે; એ પંક્તિઓ નીચે પ્રમાણે છે:

> कुंभारिचारि सिद्दड़ो, मांकडलोटइ हार ।
> गाहिलीमाहिइ बेहडउं, कुसल ज्ञा केती वार ॥७९१॥
>
> — તૃતીય પ્રસ્તાવ

આ વાર્તામાં, વિક્રમ રત્નમંજરીનું હરણ કરી રત્નપુર આવ્યો ત્યાં ગણિકાના હાથમાં રત્નમંજરી સપડાઈ ગઈ. રત્નમંજરી રત્નપુર આવવાની છે એ વાતની ખબર, રૂપકુંડિકા વેશ્યાને, વિક્રમના પોપટ વિદ્યાવિશારદ અને વેશ્યાના પોપટ વિબુધપ્રિય વચ્ચેની વાતચીત પરથી મળી. વિક્રમનો પોપટ વિદ્યાવિશારદ દેવદમનીનો પત્ર લઈ રત્નમંજરી પાસે આવેલો[૫૮] (આ પત્રની વિગતો વિક્રમે ગુપ્ત રહીને જાણી લીધી હતી.) તે પાછા ફરતાં પોતાના ભાઈ — વેશ્યાનો પોપટ — વિબુધપ્રિયને મળવા રત્નપુરમાં રોકાયો. તે બે પોપટ વચ્ચેની વાતચીત સાંભળીને વેશ્યાએ રત્નમંજરીને ફસાવી. આ રીતે નિરૂપાયેલો ઉપર્યુક્ત પ્રસંગ, રામચંદ્રસૂરિની મૌલિક કૃતિ છે. વિજયકુશલ વિના, અન્ય સંસ્કૃત રચયિતાઓ તે પ્રસંગ આપતા નથી; એટલું જ નહિ પણ રામચંદ્રસૂરિ પછીના સર્વ ગુજરાતી 'પંચદંડ'કારોએ તેનું અનુકરણ કર્યું છે.

તામ્રલિપ્તિ નગરીનો રાજા જયકર્ણ રત્નમંજરીની શોધમાં લશ્કર લઈ આવે છે ત્યારે રત્નપુરનો રાજા ૩૬ વંશના સૈનિકો સાથે તેની સામે લડવા તૈયાર થયો. આ ૩૬ વંશ કયા કયા?

---

૫૮. 'પંચદંડ'ની વાર્તામાં સતી સ્ત્રીઓ પંખીઓને ઓળખતાં હોય એવો કેટલીક રચનાઓમાં ઉલ્લેખ પ્રાપ્ત થાય છે.

सूर्यवंश्याः शशिवंश्या यादवाः परमारकाः।
चौहाणाश्च कदम्बाख्या इक्ष्वाकाः करटाः शिवाः ॥११८७॥
चंदेलाश्च सिसोदाश्च गोहिला गूढविक्रमाः।
चापोत्कटा मोरकाश्च छिंदसिल्लारसैन्धवाः॥११८८॥
सोलंका राष्ट्रकूटाश्च पालका मंकुआणकाः।
महाराष्ट्रा निकुंताश्च प्रतिहाराश्च दाधिमाः॥११८९॥
कुलञ्चाराः कुलापाश्च भाटीवंश्याश्च वाघलाः।
हरिवंश्या द्रोणकाश्च स्वाटिशाश्चापि माथुराः॥११९०॥

— तृतीय प्रस्ताव

આવાં વર્ણનો, ગુજરાતના સાંસ્કૃતિક ઇતિહાસના સંદર્ભગ્રંથોમાં પણ પ્રાપ્ત થાય છે, અને એ રીતે સં. १४९० માં રચાયેલી રામચંદ્રસૂરિની આ કૃતિનું પ્રબન્ધાત્મક મૂલ્ય સમજી શકાય છે.

વાર્તાના અન્તે, વિક્રમ રત્નમંજરીને પરણ્યો અને તેને લઈ, રત્નમંજૂષા સાથે ઉજ્જયિની આવ્યો. આ વાર્તાના મધ્ય ભાગમાં જે દંડનો ઉલ્લેખ આવે છે તે પણ અન્તભાગમાં કવિ તેનો કંઈ પણ ઉલ્લેખ કરતા નથી. શામળે આ દંડને 'અગ્નિદંડ' તરીકે વર્ણવ્યો છે, જ્યારે લક્ષ્મીવલ્લભગણિએ તેને 'પાણિગ્રહણદંડ' કહ્યો છે. प्रस्ताव एषो तृतीयो बभूव ॥१२६१॥

॥ अथ चतुर्थः प्रस्तावः प्रारभ्यते ॥

एवं विक्रमादित्यः कार्यं कृत्वा तृतीयकं।
चतुर्थकार्यकरणे ह्यादेशं याचते च तां॥१२६२॥
कथय स्वामिनि शीघ्रं किं नु कार्यं करोम्यथ।
पञ्चदण्डातपत्रस्य येन सिद्धिः स्फुटा भवेत् ॥१२६३॥

— ચોથો પ્રસ્તાવ

ચોથા પ્રસ્તાવની આ વાર્તામાં સ્ત્રીચરિત્રનું નિરૂપણ કરેલું છે. રામચંદ્રસૂરિ પહેલાંની 'પંચદંડ'ની સંસ્કૃત કૃતિઓમાં, વિક્રમે દેશાચાર કરેલા નગીના પુત્રવધૂની વાર્તા મળે છે; અને જે વાર્તાને આકરષ્ઠા તરીકે [illegible]

આવતાં સુભાષિતોથી, પ્રબંધમાં જે સુશ્લિષ્ટતા આવવી જોઈએ તે આવી શકી નથી; કહો કે પ્રબંધનો બંધ શિથિલ થઈ ગયો છે. બાકી, ભાવ, ભાષા અને છંદની પ્રૌઢિથી આખી યે રચના ગૌરવવંતી બની છે અને તે રીતે મધ્યકાળમાં કથાસાહિત્ય રચનાર સંસ્કૃત કવિઓમાં રામચંદ્રસૂરિ એક માનભર્યું સ્થાન ભોગવે છે.

[૮]

કવિ નરપતિ-વિરચિત

પંચદંડની વાર્તા

(વિ. સં. ૧૫૧૪ = ઈ.સ. ૧૪૫૮)

સ્વ. શ્રી. શંકરપ્રસાદ છ. રાવળ-સંપાદિત કવિ નરપતિકૃત 'પંચદંડ'ની વાર્તા પ્રસિદ્ધ થઈ ત્યારે એમ માનવામાં આવતું હતું કે, અજ્ઞાત કવિ-વિરચિત 'પંચદંડ ચતુષ્પદી' (ર. સં. ૧૫૫૬) એ 'પંચદંડ'-વિષયક સૌથી જૂની ગુજરાતી રચના છે. સ્વ. રાવળે તેમના સંપાદનમાં એમ પુરવાર કરવા પ્રયત્ન કર્યો છે કે નરપતિની કૃતિ સં. ૧૫૬૦માં રચાયેલી છે; એટલે સ્વાભાવિક રીતે 'પંચદંડ ચતુષ્પદી' જે સં. ૧૫૫૬માં રચાયેલી છે તે ગુજરાતીમાં 'પંચદંડ'ની સૌથી જૂની કૃતિ ઠરે. પણ જેમ પૂર્ણિમાગચ્છીય જૈન કવિ રામચંદ્રસૂરિના 'પંચદંડ છત્ર-પ્રબંધ'ના રચનાસંવત સંબંધી મૂળ હસ્તપ્રતનો સન્દર્ભ બરાબર તપાસ્યા વિના આપણા કેટલાક વિદ્વાનોએ વિધાન કર્યાં, તેમ સ્વ. રાવળે નરપતિની 'પંચદંડ'ની વાર્તાના રચનાસંવત વિષે કરેલાં વિધાનની ચકાસણી અને તપાસણી નહિ થવાથી ઉપર્યુક્ત પરિસ્થિતિ પેદા થઈ છે. સ્વ. રાવળે પોતાના સંપાદન માટે, 'પંચદંડ'ની નીચે દર્શાવેલી પ્રતોનો ઉપયોગ કર્યો છે.

૧. વડોદરા સેન્ટ્રલ લાયબ્રેરી (હાલનું પ્રાચ્યવિદ્યા મન્દિર, વડોદરા)
૨. શ્રી ફાર્બસ ગુજરાતી સભા, મુંબઈ
૩. ધી ગુજરાત વર્નાક્યુલર સોસાયટી, અમદાવાદ (હાલ- ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ)
૪. શ્રી ફાર્બસ ગુજરાતી સભા, મુંબઈ

કવિ નરપતિકૃત 'પંચદંડની વાર્તા', સંપાદક: સ્વ. શ્રી. શંકરપ્રસાદ છ. રાવળ; પ્રકાશક: શ્રી ફાર્બસ ગુજરાતી સભા, મુંબઈ

એ જ, પ્રસ્તાવના, પૃ. ૧-૩

આ ચારેય હસ્તપ્રતોના લેખનસંવત અનુક્રમે સં. ૧૬૭૩, સં. ૧૬૬૫, સં. ૧૭૧૭, સં. ૧૭૫૭ છે. ઉપર જણાવેલી ચાર પ્રત સિવાય, પ્રાચ્યવિદ્યા મન્દિર, વડોદરાની તાજેતરમાં ખરીદેલી, નોંધ નં. ૧૪૨૭૫ની, સંવત ૧૬૦૧ના લેખનસંવતની એક પ્રતિ મારા જોવામાં આવી છે. આ પ્રતના મંગલાચરણમાં, રચનાસંવતનો ઉલ્લેખ આ પ્રમાણે કરેલો છે:

ભાદ્રવ વદિ આરંભીઉ, બીજ અનિઇં બુધિવારિ,
સંવત શાકે પંનરહ દસચિહું ચિહું અધિકારી. ૨૧

આ હસ્તપ્રતની પુષ્પિકા આ પ્રમાણે છે:

'ઇતિ શ્રીવિક્રમાદિત્યકથા પંચડીઆ આદેશ સમાપ્ત: ॥શ્રી:॥ સંવત ૧૬૦૧ વર્ષે ચૈત્ર વદિ ૮ શનૌ લખિતં ॥ હાંસુટિમંદિરે, આગમગછે પંન્યાસ શ્રીગુણલબ્ધિ, વા. ગુણદેવ, મુ. ગુણપ્રભ, મુ. ગુણસાગર, મુ. સોમસુંદર, ભોજ રતનરૂપા લહૂઆ લખિતં ॥ શ્રીજગદીશ્વરપ્રસાદાત્ રદ્ધિ વૃદ્ધિ જયં સૌખ્યં॥---- શ્રી:॥શ્રી॥'

આ હસ્તપ્રતના રચનાસંવતના પાઠને પુષ્ટિ આપતો, ભારતીય સંસ્કૃતિમન્દિર, અમદાવાદની હસ્તપ્રત નં. ૫૫૬૦નો પાઠ આ પ્રમાણે છે:

ભાદ્રવ વદિ આરંભીઉં, બીજ અનઇ બુદ્ધવારિ,
સંવત સૈકઇ પનરમઇ દસચિહું ચિહું અધિકારિ. ૧૮

શ્રી ફાર્બસ ગુજરાતી સભા, મુંબઈની સંવત ૧૭૫૭ના લેખનસંવતવાળી પ્રતમાં 'સંવત સૈકે પન્નરહમેં, દેસ ચિહૂ અધિકાર' એવો રચનાસંવત-વિષયક પાઠ આપેલો છે. સ્વ. શ્રી. રાવળ-સંપાદિત વાચનામાં રચનાસંવત વિષેનો પાઠ આ પ્રમાણે છે:

ભાદ્રવા વદિ આરંભીઉં બીજ અનઇ બુધવાર;
સંવત્ શાકે પન્નરહ, એ ચવિ હૂં અધિકાર. ૧૭

ઉપર્યુક્ત પંક્તિઓમાં રચનાસંવતનો પાઠ આપ્યો છે તેને સંવત ૧૫૬૦ આની પણ હસ્તપ્રતમાં એક પંક્તિ છેકી નાખેલી છે.

આ હસ્તપ્રતના અન્તે લેખનસંવત આપેલો નથી, પણ ભાષાના સ્વરૂપ પરથી, વડોદરા પ્રાચ્યવિદ્યા મન્દિરની પ્રત નં. ૧૪૨૭૫ કરતાં તે જૂની હોય એમ લાગે છે.

નક્કી ઠરાવવા સંપાદકે નીચે પ્રમાણે વિવરણ કર્યું છે:

“ પણ ઉપરની કડીમાંના ‘શાકે’ શબ્દને બદલે ‘સાઠાહિ’ એ કલ્પિત પાઠ સ્વીકારવાથી વસ્તુસ્થિતિ વધુ સ્પષ્ટ થાય છે, એમ હું માનું છું. આમ,

‘સંવત સાઠાહિ પન્નરહ એ સવિહુ અધિકાર’

એમ પાઠ લેવાથી સંવત ૧૫૬૦નો એક રીતે નિર્ણય થાય છે. વળી મારા આ કલ્પિત પાઠને

“ સંવત પન્નરસાઠા પવિત્ર વિક્રમચરિત્ર નિપાઉં પવિત્ર;
કવિ નરપતિ એહવું કીધ ચંતિ: ચઉપઈ પૂરી થાયંતી.” ૨૮

આ ગ્રંથમાંની કડી વિશેષ બળ આપી પુષ્ટિ આપે છે.

આ ઉપરાંત નરપતિની નંદબત્રીસીની કાવ્યશૈલી જે

“ગણપતિ સારદ કરું પ્રણામ, નંદબત્રીસી કરું વખાણ;
પન્નરસેં પંચાસો સાર તિથિ સાતમ નિ મંગલવાર.”

આ કડીના ઉલ્લેખાનુસાર, વિ.સં.૧૫૪૫માં ઘડાઈ હતી તે શૈલી વિશેષ સ્થિર અને પરિપક્વ સ્વરૂપ પામે છે. આ માટે વધુ પંદરેક વર્ષનો ગાળો તો માગી લે એ હકીકત પણ સંવત ૧૫૬૦ના નિર્ણયને વિશેષ પુષ્ટિ આપે છે.[૬૫]”

ઉપર્યુક્ત રચનાસંવતની ચર્ચામાં એ હકીકત સ્પષ્ટ છે કે સ્વ. રાવળે ઉપયોગમાં લીધેલી દરેક હસ્તપ્રતમાં લહિયાએ ઠ ને ઇ અને ચ ને વ લખવાથી સ્વ. રાવળને સં. ૧૫૬૦નો રચનાસંવત કલ્પવો પડ્યો; એમાંની એ કલ્પનાને પુષ્ટ કરવા તેમણે પ્રયત્ન કર્યો, પણ વડોદરા પ્રાચ્યવિદ્યા મન્દિરની નં. ૧૪૨૭૫ની અને ભારતીય સંસ્કૃતિમન્દિર, અમદાવાદની નં. ૫૩૬૦ ની, એ હસ્તપ્રતોના આધારે રચનાસંવત ૧૫૧૪ ઠરે છે: ‘સંવત શાકે પંનરહ દસાચિહું ચિહું અધિકારિ’ (વડોદરાની હસ્તપ્રત)

---

૬૫. રાવળ, (સ્વ.) શ્રી શંકરપ્રસાદ છ., ‘પંચદંડની વાર્તા’ પ્રસ્તાવના પૃ. ૮-૯

'સંવત્ સૌકઇ પનરમઇ દસચિહું સિહું અધિકારિ'
(અમદાવાદની હસ્તપ્રત)

× × ×

અહીં 'શાકે' શબ્દનો 'શક' નહિ પણ 'સૌકો' અર્થ કરવાનો છે. સંવત અને શક વચ્ચે ૧૩૫ વર્ષનો તફાવત છે. સ્વ. મો. દ. દેસાઈએ ઉપર્યુક્ત પંક્તિમાંથી ફુરવાર થતા 'સંવત ૧૫૧૪'ને બદલે 'શક ૧૫૧૪' ગણી, રચનાસંવત ૧૫૧૪ + ૧૩૫ = ૧૬૪૯ નક્કી કરેલો,[૬૬] જે તેઓની ભૂલ જ ગણાય. સ્વ. રાવળે હસ્તપ્રતના પ્રકટ પાઠને લઈને અને સ્વ. દેસાઈએ 'શાકે'નો 'શક' ગણીને, નરપતિની આ કૃતિનો રચનાસંવત નક્કી કરવામાં ભૂલ કરી; એનો ખરો રચનાસંવત ૧૫૧૪ ગણાય. નં. ૧૪૨૭ની વડોદરા પ્રાચ્યવિદ્યા મન્દિરની હસ્તપ્રતનો લેખનસંવત ૧૬૦૧ છે, જ્યારે ભારતીય સંસ્કૃતિમન્દિર, અમદાવાદની હસ્તપ્રત નં. ૫૫૬૦ (લેખનસંવત વિનાની હોવા છતાં) ભાષાસ્વરૂપના પુરાવાથી, સં. ૧૬૦૧ પહેલાં તેની નકલ થયેલી હોય એવી સંભાવના છે. આ બન્ને હસ્તપ્રતો, નરપતિકૃત પંચદંડની વાર્તાની અત્યાર સુધી પ્રાપ્ત થયેલ હસ્તપ્રતોમાં જૂનામાં જૂની અને વિશ્વસનીય કહી શકાય; અને તેના પાઠ ઉપરથી નક્કી કરેલો રચનાસંવત પણ વિશ્વસનીય કહી શકાય. રચનાસંવત પૂરતું જ નહિ પણ પંદરમા શતકની ભાષાને સાચવી રાખવાની દૃષ્ટિએ પણ આ બન્ને પ્રતો મહત્ત્વની છે.[૬૭] આ કૃતિનો રચનાસંવત પંદરમા શતકમાં નક્કી થતાં, તે મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં પ્રાપ્ત થતા 'પંચદંડ'ની રચનાઓમાં સૌથી જૂની કૃતિરૂપે આપણને તે મળે છે. મલયચંદ્રની 'સિંહાસનબત્રીસી' (જેની અધિકૃત વાચના તૈયાર કરી, 'વિક્રમચરિત્ર-વિષયક તુલનાત્મક અધ્યયન' કરી, ડૉ. રણજિતભાઈ મ. પટેલે, વડોદરા યુનિવર્સિટીમાંથી Ph.D.ની ડીગ્રી પ્રાપ્ત કરી છે.) ની રચના પણ લગભગ આ જ વર્ષોમાં — સં. ૧૫૧૯માં થયેલી છે. એટલે જૂની

૬૬. દેસાઈ, (સ્વ.) શ્રી. મોહનલાલ દ., 'જૈન ગૂર્જર કવિઓ', પ્રથમ ભાગ, નરપતિનો પરિચય, પૃ. ૮૮-૮૯

૬૭. ઑક્ટોબર ૧૯૫૯માં અમદાવાદ મુકામે મળેલી ૨૦મી ગુજરાતી સાહિત્ય-પરિષદમાં મેં 'પંચદંડની એક જૂની હસ્તપ્રત' એ નિબંધ વાંચેલો; તે જુઓ 'બુદ્ધિપ્રકાશ' ઑક્ટો. ૧૯૬૦ના અંકમાં પ્રસિદ્ધ થયો છે.

'સ્નેહપ્રક્રમ'માંથી નમૂનારૂપ કેટલાંક દુહા નીચે પ્રમાણે છે:[૩૨]

નારી પાખઇ નવિ સરઇ, કિમ વાધઇ સંસાર,
સ્ત્રિયા સરિખું વલ્લહી, અમીય તણઉ ભંડાર. ૧૧

× × × × ×

નારી નિરમલ વેલડી, નરતરૂઅર પસરંતિ,
કવિ નરપતિ ઇમ ઉચ્ચરઇ, સંયોગિઇં સોહંતિ. ૩૦

'નિઃસ્નેહપ્રક્રમ'માંના દુહાના નમૂના આ પ્રમાણે છે:

વિણ ખુટઇ તૂં કાં મરઇ, રે રે સંભલિ સૂર!
કિસી સગાઈ માણિસિઉં, જિહિનઇ સિરિ સિંદૂર. ૨૯

× × × × ×

નારી નહુઇ બાપડા, નિશ્ચિઇં વિષની વેલિ,
જઉ સચ ચાહિઇં જીવ રે, સ્ત્રિયા સંગતિ મેલ્હિ. ૫૯

'પંચદંડ', 'નંદબત્રીસી' અને 'સ્નેહપ્રક્રમ-નિઃસ્નેહપ્રક્રમ'ના કવિ નરપતિના જીવન સંબંધી તેની કૃતિઓમાંથી કોઈ વિગતો મળતી નથી. તેની કૃતિઓના સાહિત્યિક સન્દર્ભને આધારે એમ કહી શકાય કે તે સંસ્કૃત અને પ્રાકૃતનો સારો અભ્યાસી છે; અને તેના પરિણામે એની જૂની ગુજરાતી ભાષા શુદ્ધ, સંસ્કારી, સમૃદ્ધ અને સરસ થઈ રહી છે. એ ગુરુપરંપરાનો અનુપૂજક છે અને એના મંગલાચરણમાં, એની ગુરુભક્તિના ઉદ્ગાર અંતરના ઊંડાણમાંથી આવે છે. એનો ઉદરનિર્વાહનો ધંધો કથાકારનો છે એ તો દેવ પેઠે જેનો પવિત્ર મહિમા એણે ગાયો છે એવા વિક્રમાદિત્યની કથાની સુંદર કલાપૂર્ણ માંડણી અને બાંધણી ઉપરથી સ્પષ્ટ રીતે દેખાઈ આવે છે; અને તે રીતે તેની 'પંચદંડ'ની રચના પર મધ્યકાલીન ગુજરાતી આખ્યાનકવિતાની સારી અસર છે. આથી આખ્યાન-કવિતાના મૂલ્યાંકનમાં, નરપતિ, મલયચંદ્ર આદિ વાર્તાકારો પણ ભૂલવા જોઈએ નહિ. કવિના 'પંચદંડ'ની બે હસ્તપ્રતોની નકલ — એક જંબૂસરમાં

૩૨. 'સ્નેહપ્રક્રમ-નિઃસ્નેહપ્રક્રમ'ના દુહાની પ્રેસકૉપી, ડૉ. ભોગીલાલ સાંડેસરા ભાયાણી પાસેથી મળી હતી; ઉપર્યુક્ત અવતરણો તે પ્રેસકૉપીમાંથી (વડોદરાની હસ્તપ્રતમાંથી) લીધેલાં છે.

અને એક હાંસોટમાં — ભરૂચ જિલ્લાના બે સ્થળોએ થયેલી છે. આ પ્રસંગે આગળનો ભરૂચ જિલ્લાના આમોદ ગામનો 'માધવાનલકામકંદલા પ્રબંધ'નો કાયસ્થ કવિ ગણપતિ યાદ આવે છે. નરપતિ એ ગામોના આજુબાજુના ગામોમાં વસતો કોઈ કાયસ્થ કવિ તો નહિ હોય? નરપતિ ભોજક જ્ઞાતિનો હોય એવી એક પરંપરા ભોજકજ્ઞાતિમાં છે. ભોજક અને તરગાળા (નાયક) એક જ જ્ઞાતિ છે. મૂળ તેઓ શ્રીમાળી બ્રાહ્મણો છે. નાયકોમાંથી જેઓ જૈનાશ્રિત બન્યા તેઓ ભોજક કહેવાય છે.

નરપતિની 'પંચદંડકથા' સંવત ૧૫૧૪માં રચાયેલી છે, જ્યારે [illegible] પૂર્ણિમાગચ્છીય રામચંદ્રસૂરિનો 'પંચદંડછત્રપ્રબંધ' સંવત ૧૪૯૦માં રચાયેલ છે. રામચંદ્ર અને નરપતિ વચ્ચે ૨૪ વર્ષનું અંતર છે, અને રામચંદ્રના પ્રબંધની, નરપતિની આ રચના પર પ્રબળ અસર પડેલી છે. અજ્ઞાત કવિ 'પંચદંડ ચતુષ્પદી'કાર (સં. ૧૫૫૬) અને શામળ પર પણ રામચંદ્ર અને નરપતિની અસર છે.

નરપતિની 'પંચદંડકથા' પાંચ આદેશમાં વહેંચી નાખેલી છે; જોકે 'પંચદંડ' અને 'પાંચ આદેશ'નો મેળ બેસતો નથી; દરેક આદેશમાં એકેક દંડ મળે એવું બનતું નથી. પહેલા અને ત્રીજા આદેશમાં દંડ પ્રાપ્ત થતા નથી. બીજા આદેશમાં બે દંડ — મનોહરદંડ અને વિષહરદંડ — પ્રાપ્ત થાય છે. રામચંદ્રના પ્રબંધમાં મોટે ભાગે અનુષ્ટુપ છંદ અને કોઈ કોઈ સ્થળે શિખરિણી અને ઉપજાતિ છંદ વપરાયેલા છે, જ્યારે નરપતિ, રાગ ગુડી, રાગ કેદારો આદિ દેશીઓ અને પૂર્વછાયુ (જે મોટે ભાગે દુહા જ છે), ચોપાઈ આદિ માત્રામેળ છંદો યોજે છે; આને મધ્યકાલીન ગુજરાતી આખ્યાનકવિતાની પરંપરાનું પરિણામ કહી શકાય. વાર્તામાં વચ્ચે વચ્ચે કવિ 'વારતા' એ શીર્ષક નીચે અનુગામી વાર્તાના પ્રવાહના પ્રસ્તાવિકરૂપ થોડી થોડી ગદ્યપંક્તિઓ આપે છે, વચ્ચે વચ્ચે પ્રકટ સંસ્કૃત શ્લોક વાર્તાના પ્રવાહને પુષ્ટ કરવા મૂકેલા છે. સંસ્કૃત શ્લોકોનું ભાષાંતર આપેલું નથી. સ્વ. શ્રી. રાવળે પ્રસ્તાવના, શબ્દકોશ આદિનાં [illegible] આ વાર્તાની [illegible] તૈયાર કરી છે, તેમાં [illegible]

અધ્યયનમાં ઉપયોગ કર્યો છે. નરપતિ અને શામળની વાર્તાઓની (પંચદંડની), તેઓએ તુલના કરી છે. પણ નરપતિના પૂર્વજ રામચંદ્રસૂરિ અને અનુજ 'પંચદંડ ચતુષ્પદી'કાર વિશે તેઓ કંઈ કહેતા નથી. નરપતિના પૂર્વજના ઋણ અને અનુજ પર કરેલા ઉપકારની તુલના આપવા હું પ્રયત્ન કરીશ.

એમ તો નહિ કહી શકાય કે નરપતિએ એકલા રામચંદ્રસૂરિની અસર ઝીલી હશે. તેણે લંબાણપૂર્વક આપેલ મંગલાચરણ તેને જૈનેતર તરીકે પુરવાર કરે છે; એટલે તેણે કોઈ જૈનેતર કૃતિની પરંપરા પણ અપનાવી હશે એમ કહી શકાય. નરપતિ આ પ્રમાણે મંગલાચરણ આપે છે:

લંબોદર! તુઝ વીનવું, સૂંઢાલા સમરથ;
સિદ્ધિબુદ્ધિવર! ચરણે નમું, સાંભલિ અવિ અરથ. ૧
× × × ×
બ્રહ્માપુત્રી! વીનવું, શારદ! કરઉ પસાઈ;
હંસવાહની! હરખઇ થકી ચિહુ વસિજે માઈ! ૬
વીણાપુસ્તક ધારણી! તું તારણી ત્રિભોવન;
કવિજન વાણીરસ લહઇ જઉ તું હુઇ પ્રસન્ન. ૭
કાસમીરપોરવાસની, વિદ્યાતણી નિધાન!
સેવક કર જોડી કહઇ, આપઉ વિદ્યાદાન. ૮
× × × × ×
ગુરુ જીવન, ગુરુ દેવતા, ગુરુ માતા, ગુરુ તાત;
ગુરુ તીરથ, ગુરુ ઉદ્ધરઇ, ગુરુ મુખિ સાચી વાત. ૧૧
× × × × ×
કવિ વાડીવન રૂઅડું, સબલું અછઇ સંસારિ;
કવિ નરપતિ ઇમ ઉચ્ચરઇ, હૂં છોરૂઉ મઝારિ. ૧૨
કવીશ્વર સારાઉ અદલ, કવીશ્વર ઇમ જાણિ;
કવિ નરપતિ ઇમ ભણઇ, વસઇ બ્રહ્માની વાણિ. ૧૫

મંગલાચરણમાં, નરપતિનો સરસ્વતી અને ગુરુને નમસ્કાર કરવાની આ રીતિ 'માધવાનલકામકંદલા પ્રબન્ધ'કાર ગણપતિને મળતી આવે છે; એટલું જ નહિ પણ કૃતિની વચ્ચે વચ્ચે 'કવિ નરપતિ ઇમ ઉચ્ચરઇ' 'કવિ નરપતિ ઇમ ભણઇ' આવા જે ઉલ્લેખ આવે છે તેમાં કવિનું પોતાનું નામ આપવાની રીતિ પણ ગણપતિ જેવી છે. 'માધવાનલ-કામકંદલા પ્રબન્ધ'માંનાં દોહાઓનાં અવતરણ ઉપર્યુક્ત કથનને પુષ્ટ કરે છે:

[સરસ્વતી]

બ્રહ્મ-સુતા શશિ-વેગલૂં, વંદૂં તે સરસતિ,
માધવાનલ-વર્ણન-વિમલ, મન-શુદ્ધિ માગિસુ મતિ. ૫
હંસ ચડઇ હીંડઇ સદા, વીણા પુસ્તક પાણિ,
નિગમ નિરંતર આલવઇ, હોસ્તાર-મહિમા વાણિ. ૬
લગિ મો ત્રિહૂં ભુવણ-તણી સુણી ન બીજી સાર,
તું ઊગી ગ્રહ પાડવા, અંધકાર અજ્ઞાન. ૭
સત સનંદન શુક સનક, નારદ અવર અસેસ,
બ્રહ્મ મારગ જે બ્રહ્મનુ, તુઝ થી લહઇ લવલેસ. ૮

[ગણેશ]

ગિરિજા-નંદન ગુણગુહિર, ગાજઇ ગિર ગંભીર,
અંધારિ આદિત્ય તિમ, વિઘન વિહંડઇ વીર. ૯
ઉમયા-શંકર હરિ-રમા, સાવિત્રી બ્રહ્માણ,
લંબોદર લહુઉ નહીં, પૂજઇ પુરુષપુરાણ. ૧૦
ગણપતિ ગોરુ ગજ-વદન, એકદંત દુંદાલ,
આસનિ તુ ઊંદિર ભલા, કુમતિ વિનોદ વ્યાલ. ૧૧
કરિ ફરસી, પાય ઘૂઘરી, શિરિ સિંદૂર સુરંગ,
સિદ્ધિબુદ્ધિ નારી સદા, ઊલગિ આવિ રંગ. ૧૨

× × × × ×

અંગ પ્રથમ પૂરું હવું, બાન ગુણ બોલેસિ,
નરસાસુત ગણપતિ કહઇ, મધુકર જિમ મધુ-રેસિ. [રાગ ૧] [૯૩]

નરપતિ અને ગણપતિની કૃતિઓમાં ઉપર્યુક્ત મંગલાચરણની પદ્ધતિ સરખી જણાય છે. નરપતિની 'પંચદંડ'ની વાર્તા સં. ૧૫૧૪માં રચાયેલી છે, જ્યારે ગણપતિનો 'માધવાનલકામકંદલા પ્રબન્ધ' સં. ૧૫૮૪માં રચાયેલો છે. નરપતિના 'પંચદંડ'ની કેટલીક હસ્તપ્રતો જંબુસરની આજુબાજુનાં ગામોમાં લખાયાના ઉલ્લેખ મળે છે. જો ગણપતિ ભરૂચ જિલ્લામાં આવેલા આમોદનો વતની છે, તો નરપતિ કે જેની કૃતિની હસ્તપ્રતો ભરૂચ જિલ્લાનાં જુદાં જુદાં ગામમાંથી મળે છે તે ભરૂચ જિલ્લાના કોઈ ગામનો વતની હોય એવી સંભાવના કરી શકાય. નરપતિ અને ગણપતિ ઉપરાંત, કૃષ્ણભક્તિનાં ગીત લલકારનાર મુસ્લિમ કવિ રાજે (ઈ.સ. ૧૮[illegible], કેરવાડા, જિલ્લો ભરૂચ) અને સત્તરમા સદીમાં 'પંચદંડ છત્રચરિત્ર'ની સંસ્કૃત ગદ્યકૃતિના કર્તા વિજયકુશલ (કેરવાડા, જિલ્લો ભરૂચ) પણ ભરૂચ જિલ્લામાં થઈ ગયા. આ જૈન અને જૈનેતર કવિઓની પરંપરા એમ પુરવાર કરે છે કે એક વખતે ભરૂચ જિલ્લો ગુજરાતી સાહિત્યસર્જનની પ્રવૃત્તિમાં અગ્રગણ્ય હતો.

કવિ નરપતિ પહેલા આદેશમાં ૧-૧૭ કડીમાં મંગલાચરણ આપે છે, ૧૮-૪૪ કડી સુધી ઉજ્જયિનીનું વર્ણન આપે છે. જોકે 'પંચદંડ' ચતુષ્પદીકાર અને શામળે પણ આ વર્ણનપદ્ધતિ અપનાવી છે, પણ મૂળ વાર્તાપ્રવાહ રાખવા ખાતર ત્યાં સુધી આ બન્ને કવિઓ વર્ણન કર્યે જતા નથી. નરપતિમાં વર્ણનશૈલીનો અતિરેક જણાય છે. રામચંદ્રસૂરિ પણ 'પંચદંડ-છત્રપ્રબન્ધ'માં વર્ણનોનો અતિરેક કરે છે. રામચન્દ્ર પહેલાંના 'પંચદંડ'કાર

૯૩. મજમુદાર, (ડૉ.) મંજુલાલ ર. — સંપાદિત 'માધવાનલકામકંદલા પ્રબન્ધ' (ગાયકવાડ્ઝ ઓરિયેન્ટલ સિરિઝમાં ગ્રન્થાંક ૯૩ તરીકે પ્રસિદ્ધ) માંથી અવતરણ લીધાં છે.

જે પ્રસંગ આપતા નથી તે રામચન્દ્ર આપે છે— ગાંછણની કચરો વાળતી દાસીને વિક્રમના સેવકોએ મારી; એટલે દાસીની ફરિયાદ સાંભળી ગાંછણે તેને દંડ વડે આણ આપવા કહ્યું. દાસીએ દંડ વડે રસ્તામાં રેખાઓ દોરતાં, ત્યાં ત્રણ વજ્રદિવાલો ઊભી થઈ, જેને રાજસેવકોએ તોડવા પ્રયત્ન કર્યો પણ તૂટી નહિ. આથી રાજસવારી અપમાનિત દશામાં પાછી ફરી, બીજે રસ્તે રાજમહેલમાં ગઈ.

તે પ્રસંગ, રામચન્દ્રસૂરિ આ પ્રમાણે આપે છે:

हताहं विक्रमादित्यजनैरित्युदिते सति।
दंडं समर्पयामास स्वामिनी सर्वकामदं॥१९॥
अथ सा स्वामिनीदंडं गृहीत्वा तत्र रेखया।
वज्रभित्तिमिवाकार्षीत् यामुल्लंघ्य न याति कः॥२०॥
हस्त्यश्वपत्तिसामंत- राजलोकगणोऽखिलः।
चित्रन्यस्त इव स्थाने तस्थौ रुंधितविग्रहः॥२१॥

નરપતિ તે દાટના નીચે પ્રમાણે રજૂ કરે છે:

દાસીઇ દક્ષણા લાધી ભલી, "હું બાઈ મારેવા મોકલી?
હાથિ વછૂટી નાડી ભઈ, જઈ લાગી દમનીનિ પાય. ૭૬
"કહૂં વાત હઈડઈ ધરઉ, કાંઈએક માહરૂં ઉપર કરૂ;
દંડ પ્રવેશી લાગઈ કર્ણિ, આણ દેજે જઈ મારગ ત્રણિ." ૭૭
દંડ તણી તિહાં લાગી આણ, તવ નારી દેખાડઈ પ્રાણ;
હઈ ભાંતિ રૂંધાણઉં માગ, આગલિ જાવા તણઉ નહિ લાગ. ૭૮
ત્રણિ ભીંતિ હૂઈ વજ્રમઈ, પાડી પડઈ ન નમાડી નમઈ.
મુહૂવડિના ગાઢા આવંતિ, દડબડ સુણી રાય ચમકંતિ. ૭૯

પંચદંડ ચતુષ્પદીકાર તેનું નિરૂપણ આ રીતે કરે છે:

દીગટ દીયા બાંધી મૂંડી, તુ દાસઇ દીધા મૂંકિ;
ગુણિ ચડ્યા દ દીગટ જેટલઈ, નાસી દાસી તેતલઈ. ૩૭

કહિઇ દાસી, "સુંકાવુ માય, કિસિઉં કરઉં મુઝ રૂઠઉ રાય!
તું ગાંછિણિ દાસી કર દંડ આપિઇ જિસિઉ હુઇ તિમ દંડ. ૨૮
તુ દાસી તિહાંથી નીકલી, રોસવસિઇં ગાઢી ઝલફલી;
દંડપ્રભાવઇ છત્ર ફયાઈ, રાજા મારગિ આપપહિલી થાઇ. ૨૯
દંડ કરી કીધા ત્રિણિ રેખ, કુણઇ ન જાણિઉં એક વિશેષ;
વજ્રભીતિ તવ રેખા થાઇ, દાસી વલિ ગાંછિણિ ઘરિ ગઈ. ૩૦
કટક સહિત શ્રીવિક્રમરાઉ, વેગિ કરી મુહના તિણિ ઠાઉ;
વજ્રભીતિ દેખીનઇ રાઇ, પૂછઈ વાત હૂર કહુ કાઇ. ૩૧

— પહેલો આદેશ

શામળ એ પ્રસંગ આ રીતે કહે છે:

છૂટી હાથથી આવી તિહાં, નાઠી બેઠી દમની જિહાં;
"બાઇ! તમારી ભાગી આડિ, તુઝમાં બલ હોઇ દેખાડિ. ૫૪
મુજને મારી મોહકમ ઘણું, બલ પ્રકટ કરો તમ તણું;
કોપી દમની સુણતે વાત, લીધો દંડ દારમાંથી હાથ. ૫૫
આગળ જિહાં હાથીની લાહાર, દોડી આવી તેણે ઠારિ;
સાંભળ વાત દાસીની કરણ, માગર રેખા કીધી તરણ. ૫૬
રસ્તા વચ્ચે ત્રણ રેખા કરી, ઘેર પોતાને પાછી ફરી;
અકસ્માત્ ત્રણ ભીંત જ થઈ, તિહાં સેના જઈ અટકી રહી. ૫૭
રોક્યો મારગ સંધિ વાટ, જૈ ન સકે કો આગળ ઠાટ;
સૈન્ય સર્વ તો થોભી રહ્યું, વિક્રમસેનને અણ જ થયું. ૫૮

— 'સિંહાસનબત્રીસી', વાર્તા પમી,
'પંચદંડની પૂતળી હંસા.

રામચન્દ્રસૂરિ પહેલાંના 'પંચદંડ'કારોએ ગાંછણના મુખમાં 'तस्य किं पंचदंडातपत्रं मूर्ध्नि प्रवर्तते ?' એ મ્હેણું મૂક્યું છે. વિક્રમ એ મ્હેણું સાંભળીને જ પાછો ફરે છે, જ્યારે રામચંદ્રસૂરિની સમૃદ્ધ કલ્પનાએ 'પંચદંડ'ની ભાણકાર

દમની પાસે 'સર્વકામિકદંડ' સર્જ્યો અને તેના વડે ઊભી કરેલી વજ્રની દિવાલથી વિક્રમ અને તેનું સૈન્ય આગળ વધી શક્યા નહિ અને પાછા ફરે છે. રામચંદ્રના વર્ણનમાં, દંડની એક રેખા વડે એક જ વજ્રદિવાલ પેદા થાય છે, જ્યારે નરપતિ, અજ્ઞાત 'પંચદંડ ચતુષ્પદી'કાર અને શામળ, દંડની ત્રણ રેખાઓ વડે ત્રણ વજ્રદિવાલો ઊભી કરે છે. રામચંદ્ર, નરપતિ અને અજ્ઞાત 'પંચદંડ ચતુષ્પદી'કાર એમ નિરૂપણ કરે છે કે દમનીએ આપેલા દંડ વડે, તેની દાસીએ, તેના હુકમથી, દંડ વડે રેખાઓ કરી; જ્યારે શામળની રચનામાં, દમનીએ જાતે દંડ વડે રેખાઓ કર્યાનો ઉલ્લેખ છે.

રામચંદ્ર, નરપતિ અને અજ્ઞાત 'પંચદંડ ચતુષ્પદી'કાર, અંબાવતીનાં અન્ય નામ આ પ્રમાણે આપે છે:

नामानि च चत्वार्यस्या नगर्याः प्राविभांति वै।
त्र्यंबावती भोगवती लीलावत्यमरावती ॥ १८॥

— રામચંદ્રસૂરિ, પ્રસ્તાવ ત્રીજો

× × × × ×

આગઇ નગરી દેવહતણી, પવિત્રપણઇ રાખઇ તેહ તણી.
નગર જોઅંતાં મન મોહંતિ, પાંચ નામ એહનાં બોલંતિ. ૯
પહઇલઇ નામઇ ત્રંબાવતી, બીજા નામઇ ભોગાવતી-
ત્રીજઇ નામઇ લીલાવતી, ચઉથઇ નામઇ અમરાવતી. ૧૦
નામ પાંચમઇ અંબાવતી, વિચિત્રપણઇ જાણિ સરસતી!
જેહવું નામ તેહવું પરિણામ, એહ નગર છઇ ઉત્તમ ઠામ. ૧૧

— નરપતિ, આદેશ ત્રીજો

× × × ×

- - - - - - - - - - - - - - - - -

નગર અંબાઇત જાણજો, જેહના છઇ પંચ નામ. ૨
ત્રંબાવતી વખાણીઇ, ભોગવતી અભિરામ;
લીલાવતી લીલા કરી, અમરાવતી તસુ નામ. ૩

— અજ્ઞાત 'પંચદંડ ચતુષ્પદી'કાર,
આદેશ પહેલો

સર્વ સંસ્કૃત પંચદંડકારોમાં, રામચંદ્રસૂરિએ, પહેલીવાર, અંબાવતીની રાજકુંવરી પાસે દંડ હોવાનો આ પ્રમાણે ઉલ્લેખ કર્યો છે:

इति शब्दं समाकर्ण्य सा कन्या सहसोत्थिता ।
गृहीत्वा दण्डरत्नं तद्गवाक्षद्वारमागता ॥५४॥

— પ્રસ્તાવ ત્રીજો

આદેશને અનતો જ્યારે વિક્રમ દમનીના પગે પડે છે ત્યારે રત્નમંજૂષા તેનું શરણ ધારે છે; તે સમયે રામચંદ્રસૂરિ દંડનો ઉલ્લેખ કરતા નથી. વાર્તાની વચ્ચે દંડનો ઉલ્લેખ કરી, છેવટે તેનું નામ ન દેવું એ કદાચ કવિમાં વસ્તુવિધાનની સરતચૂક જણાય છે. ગુજરાતી વાર્તાકારોમાં ફક્ત શામળે જ 'આમ્રદંડ'ની કલ્પના વ્યવસ્થિત રીતે વિકસાવી છે. રામચંદ્રસૂરિ કરતાં શામળ વાર્તાકૌશલ્યમાં આ રીતે ચઢિયાતો ગણાય.

અજ્ઞાત સંસ્કૃત ગદ્યકારે (હ.લિ. ક્રમાંક ૬), અંબાવતીની રાજકુંવરી ચંદ્રલેખા પરના 'કુબેરદત્તસુત ચિત્રાંગદ'ના પ્રેમપત્રનો ઉલ્લેખ બીજી કથામાં આવે છે. આ વસ્તુના બીજની આસપાસ રામચંદ્રસૂરિએ, દેવદમનીના રત્નમંજરી પરના પત્રનું વસ્તુ ગૂંથ્યું છે. નરપતિ, અજ્ઞાત પંચદંડ ચતુષ્પદીના કવિ અને શામળે એ વસ્તુનું અનુકરણ કરી કેવું રૂપાંતર કર્યું છે, તે નીચેનાં અવતરણ પરથી સ્ફુટ થશે:

इतश्चाकाशमार्गेण शुक एकः समाययौ ।
कराब्जे रत्नमंजर्याः सन्मुद्रं लेखमर्पयत् ॥७९॥
एकांते सा समुन्मुद्र्य हर्षपूरभृता भृशं ।
तं लेखं वाचयामास सखीप्रेषितमुत्तमं ॥८०॥
स्वस्तिश्रीमदुज्जयिन्याः सा देवदमनाभिधा ।
अंबावत्यां महापुर्यां श्रीजयवर्णभूपतेः ॥८१॥
सुतायां रत्नमंजर्यां दृढालिंगनपूर्वकं ।
सप्रणायं महानंदं सोत्कंठं कथयत्यदः ॥८२॥
अस्माकं कुशलं ह्यत्र कुशलं वः प्रवर्त्ततां ।
अनया [illegible] चिदवस्थां चिन्तयास्मि ॥८३॥

यदाम्येनजमहाकार्यं परिणीता वयं पुनः।
दैवयोगात् क्षितीशेन विक्रमेण विवेकिना ॥८४॥
जन्मोद्वाहस्तथा मृत्युः पूर्वकर्मानुगं समं।
नूनं भवति लोकेऽत्र नान्यथा सखि कर्हिचित् ॥८५॥
अन्यथा चिंतितं कार्यं दैवेन क्रियतेऽन्यथा।
सुप्यते गजसाम्येन प्रभातं चान्यथा भवेत् ॥८६॥
यतः,

अन्नं गयस्स हियए, अन्नं वाहस्स संधियसरस्स।
अन्नं फणिणो हियए, हय विहिणा पुणो कयं अन्नं ॥८७॥
भवितव्यं भवत्येव नालिकेर फलांबुवत्।
गंतव्यं गच्छति चैव गजभुक्तकपित्थवत् ॥८८॥
सपत्नीभिः समं वासः पुत्रस्यापि न दर्शनं।
पूर्यते कापि न स्वेच्छा धिग् जन्म नृपयोषितां ॥८९॥
घोरे वने वरं वासो व्याघ्रव्यालसमाकुले।
रागरोषसमाकीर्णे न पुनर्नृपसद्मनि ॥९०॥
सपत्नीत्वं पराशा च गमने द्वाररक्षणं।
पितृगृहेऽपि गमन-मनोवांछा न पूर्यते ॥९१॥
किं क्रियतेऽथवा कस्य कथ्यते दुःखमांतरं।
यो यथा वर्त्तते कालः, स तथा सेव्यते जनैः॥९२॥
तथापि त्वं सखी प्राण-वल्लभा दुःखनाशिनी।
मम जीवितहंसस्य मानसत्वं बिभर्षि च ॥९३॥
निश्चलं यदि सख्यत्वमस्ति भाव्यो ममोपरि।
तदा त्वयापि मे स्वामी वरणीयो नृपोऽनघे ॥९४॥
यथावां स्वस्थया सुभ्रु विधाय गमनादिकम्।
विविधानीह तीर्थानि नमावश्चैक चित्ततः ॥९५॥

इति मे लिखितं पत्रे वाच्यमेकाकिचित्तया ।
तत्पत्रं शतधा कृत्वा क्षेपणीयं जले पुनः ॥९६॥
यथेदं कोऽपि न वेत्ति मंत्रं नौ प्राणवल्लभे ।
एवं विधानि कार्याणि गोप्यानि हि प्रयत्नतः ॥९७॥
उक्तं च,
षट्कर्णो भिद्यते मंत्रश्चतुष्कर्णश्च धार्यते ।
द्विकर्णस्येव मंत्रस्य ब्रह्माप्यन्तं न गच्छति ॥९८॥
सखि कदापि न कस्याग्रे न कथ्यं पत्रवृत्तकं ।
विक्रमार्को न जानाति यथासौ धूर्त्तराजराट् ॥९९॥
अधुना नष्टचर्यायां गतोऽस्ति गुणसागरः ।
न ज्ञायते स केनापि रूपान्तरविशेषतः ॥१००॥
तस्य पादतले रेखास्त्यंगुष्ठांगुलिसंगता ।
विषमा सत्रिशूलांका पद्मयुग्माग्रगामिनी ॥१०१॥
अनेन चिह्नमात्रेण त्वया ज्ञेयो नराधिप ।
स सर्वभाषाचतुरश्चित्रवाक् चित्ररूपभृत् ॥१०२॥
याचयित्वेति पत्रं सा कृत्वा च जलमर्पणं ।
हृदि चिंतातुरा जाता सख्याः स्नेहेन विह्वला ॥१०३॥
किं कर्त्तव्यं मया तावद्वराद्वितयचिंतया ।
विक्रमो नरब्रह्मात्र कस्यात्मार्थं प्रदीयते ॥१०४॥
इति दोलागतं चेतः संस्थाप्य स्थिरया धिया ।
चिंतनेनाथवा किं स्याद् यद्भाव्यं तद्भविष्यति ॥१०५॥

— રામચન્દ્રસૂરિ, પ્રસ્તાવ ત્રીજો

વિદ્યાવિશારદ છે સૂડલડી, વાણી રૂપ તે રૂપડી,
હેમ સોનલઈ આવિઓ તેડ, દેવદમની [illegible] ૩૨

કહિ પોપટ : "બાઈ! કહો જુહાર, હૂં આવિઉં વેગલોથો અપાર,
નયર રત્નવંતીથકઉ હૂં વાહિઉં, વાટઈ કો નવિ વાસઉ રહિઉં. ૩૩
કંઠિ થકી કાગલ છોડિઉં, બાંધિઉ હતૂં તે ઊકેલિઉં,
રતનમંજરી વાચઇ નામ, અતિ બોલિ માંહિ ગુણગ્રામ : ૩૪
"તૂં માહરઇ એક જ બહિનડી, હૂં પરણી તે પરવસિ પડી,
વિક્રમસેનરાય-કરિ ચડી, હૂં નિરચઇ કારાગ્રહિ પડી. ૩૫
વરિ વનમાંહઇ વાસઉ ભલઉ, સદા નગઉ સાથ સોહિલઉ,
જિ રામા રાજાવસિ પડી, તેહનઇ જીવન મોહલિઉં રડી. ૩૬
નવિ રાજા કીજઇ ભરતાર, કુંઆરાં રહીઇ સંસાર,
માઈબાપ નઇ બંધવ કોઈ, જનમમાંહિ નવિ દરસણ લેઇ. ૩૭
પરવસિ પાઉ નિરંતર રહઇ, પરહથિ ગયૂં જિ દાન દઇ,
પરઘરિ ભોજન પરિહથિ કાજ, વિવિહાબાતરઉ મોહોટી લાજ. ૩૮
એક વચન તૂં માહરઉં કરિ, માહરા વરનઇ તૂંહ જ વરિ,
હવઇ ગણિ વિછોહો કરઇ, જમલાં રહીઇ દુ:ખ વીસરઇ. ૩૯
માહરું વર રત્નવંતીધણી, આવિઉં નયર તુમ્હારા ભણી,
તેહનઇ અંગિ મોટઉં અહિનાણ, પગિ પદમ છઇ તેહ સુજાણ. ૪૦
તઉ તૂં માહરી સાચી સહી, એહ કાજ તૂં કરજે સહી,
વચન અમ્હારૂં કરજે સહી, વિક્રમસેનનઇ વરજે સહી. ૪૧
કાગલ વાંચીનઇ ફાડજે, કઇ લેઇ પાણીમાંહિ બોલજે,
ચતુર ચોર વિક્રમ હિંડતિ, રચિત કાગલ તે હાથિ ચડંતિ. ૪૨
કાગલ તણઉ હેત મનિ ધરિઉં, વિદારી સહૂ કટકા કરિઉં,
- - - - - - - - - - - - - - - - - - ? ૪૩

— નરપતિ, આદેશ ત્રીજો

તું કન્યા પેટી મણિ તણી, તું દૂત હાથિ આપઈ આપણી;
વિબુધપ્રાણ સૂડઉ નિસિઈ લેઇ લેખ કુમરી કરિ વસઈ ૪૫

સૂડા કંઠિ થિઉ છોડી લેખ, કુમરી વાંચઈ કરી નિમેષ;
અદૃશ્ય થઈ રાજા સાંભલઈ, સાન કરી સૂડાનિઈં મિલઈ. ૧૬
દમની બાહિન ઉજેણી થિકી, કરઇ વીનતી વાંચો લુંકી;
'આપણ બિન્હઉ છઉં બિહનડી, હું વિક્રમ ભૂપતિ કરી ચડી. ૧૭
તૂં મ છંડિસિ માહરઉ સાથ, વર કરિજે ઉજેણીનાથ;
હવડાં આપણ હિઈ વિછોહ, તૂં મ છંડિસિ માહરઉ મોહ. ૧૮
વાંચ લેખ વિમાસી હીઇ, દેઇ બોલનિઈં કિમ ચૂકીઇ,
આપોપિઈં જે કીધઉં કાજ, તે મૂકતાં હિઈ મોટી લાજ.' ૧૯
રત્નમંજરી વલતું લિખઇ, 'દાડી વરસ થાઇ તુમ્હ પખઇ;
પણ જો દૈવ વેગલા કીયા, તુ ગાઢાં કરિવા છઈ હીયા. ૨૦
તૂઠઉ દૈવ કરઇ સંયોગ, તેહ જિ રૂઠઉ કરઈ વિયોગ;
દૈવ જ મેલાવઉ મેલસિઈ, કોહિલૂં મ ધરિસિ રૂડૂં હુસિ.' ૨૧
એહૂઉ લેખ લખી આલીઉ, સૂડઉ મોકલાવી ચાલીઉ;
આપણપૂં દેખાડી રાય, છાની વાત કરી શુકરાય. ૨૨

— અજ્ઞાત કવિકૃત 'પંચદંડ ચતુષ્પદી' નીમે અંદેશ

- - - - - - - - - - - - - -

એટલે પોપટ આવિયો, વિદ્યાવિશારદ નામ. ૨૭૨
કાગળ કોટે બાંધિયો, રાખ્યો સ્ત્રીને પાસ;
પ્રણામ કર્યો તે પોપટે, સ્ત્રીએ દીધાં આશ. ૨૭૩
રાજા વિક્રમ તે જુએ, પ્રાક્રમ તેહનાં પ્રૌઢ;
પોપટ દીઠો પોતા તણો, થઈ રહ્યો દિગ્મૂઢ. ૨૭૪
કાગળ ઉકેલ્યો કામની, તે વાંચીને જોય;
પાછળ રાજા ઊભો રહ્યો, તે નવિ જાણે કોય. ૨૭૫
સ્વસ્તિ શ્રીઅંબાવતી, (શુભ) રતનમંજરી નામ;
લખીતંગ ધારાણ દમની, વસે ઉજેણી ગામ. ૨૭૬

સમાચાર એક આછજો, પાડી વિક્રમ(રચ્યું) હોડિ,
મુજને જીતિ તે વરચો, લાગી મુજને ખોડિ. ૨૭૭
હોંસ ન પોહોતી આપણી, જે ધારીગતી પેર;
કારાગ્રહ દાખલ પડિ, વિક્રમરાયને ઘેર. ૨૭૮
ભલું દારિદ્ર, મૂરખપણું, ભલી વેઠવી ભૂખ;
તેથી અધિકું રાજદાર, આ માણસને દુઃખ. ૨૭૯
વાત કોસ્યૂં થાઇ નહિ, બાહિર નવ જવાઇ;
રૂડું ભુંડું દેખો નહિ, બારે કારાગ્રહમાંહિ. ૨૮૦
હું વચને બાંધ્યા ઇહાં, રહી જોડીને હાથ;
આપણ નાહિઇ એકઠાં, વાત કરું તુજ સાથ. ૨૮૧
તુજ ભણિ રાયેંને મોકલ્યો, આવ્યો છે તુજ પાસ,
તેહને તો વરજો તમો, પોહોંચે મનની આશ. ૨૮૨

— શામળ કૃત 'પંચદંડની વાર્તા'
(સ્વ. અંબાલાલ જાની-સંપાદિત 'નિબંધ'માંથી)

રામચંદ્રસૂરિએ પત્ર લઈ આવનાર પોપટનો પ્રસંગ ૨૭ શ્લોકમાં રજૂ કર્યો છે, તે જ પ્રસંગ નરપતિએ બાર કડીમાં, અજ્ઞાત 'પંચદંડ ચતુષ્પદી'કારે આઠ કડીમાં અને શામળે અગિયાર કડીમાં વર્ણવ્યો છે. ચંપાવતીની રાજકુંવરી પર લખેલા પ્રેમપત્રનું રૂપાન્તર રામચન્દ્રસૂરિએ, એક સખીએ બીજી સખી પર લખેલા પત્રના રૂપમાં કર્યું છે, અને નરપતિએ એ જ રૂપાન્તરિત દાટના ટુંકાવીને વર્ણવી છે; 'પંચદંડ ચતુષ્પદી'કાર અને શામળે પણ મૂળ વસ્તુનું બીજ કાયમ રાખી, તેનું આયોજન પોતાની રીતે કર્યું છે. સર્વ મધ્યકાલીન ગુજરાતી અને રાજસ્થાની 'પંચદંડ'કારો આ પત્રની વિગતો રામચન્દ્રસૂરિ પ્રમાણે આપે છે; એનો અર્થ એ કે રામચન્દ્રસૂરિએ આ વિષયના ગુજરાતી અને રાજસ્થાની વાર્તાકારો પર પ્રબળ અસર કરી છે.

રામચંદ્રસૂરિએ તેમની 'પંચદંડ'ની રચનામાં જે જૂની ગુજરાતીની કેટલીક પંક્તિઓ આપી છે તે નરપતિ અને કેટલાક મધ્યકાલીન ગુજરાતી કવિઓમાં પણ મળે છે.

જુઆરિધારિ રિદ્દડી, માંકડકોટઈ હાર,
ગહિલીમાથઇ બેહડઉં, કુસલ શ કેતીવાર. ૧૯૧

— રામચન્દ્રસૂરિ, આહેરા ત્રીઓ

જૂઆરીહારિ રિદ્દડી, માંકડકોટઈ હાર,
ગહઇલીમાથઇ બેડલું, હાજઇ કેતી વાર? ૯૧

— નરપતિ, આહેરા ત્રીઓ

જુહારી પાસો રિધડી, માંકડકોટે હાર,
ઘેહેલી માથે બેડલું, હાજે કેતિ વાર. ૩૦૨

— શામળ, 'ગાંચડડની વાર્તા'

ઉપર્યુક્ત કાવ્યપંક્તિઓમાં, શામળ અને નરપતિએ રામચન્દ્રસૂરિનું અનુકરણ કર્યું છે એમ સ્પષ્ટ જણાય છે. આહેરા સોઘાની વાર્તામાં, નરપતિ રામચંદ્રસૂરિની વાર્તાનો સારાંશ આ રીતે આપે છે:

ઉજ્જયિનીના ધનશ્રેષ્ઠિ નામના એંશી વર્ષના વૃદ્ધ ધનિકને શ્રીપતિ સાહની પુત્રી રત્નમંજરીને પરણવાની ઇચ્છા દર્શાવી. ધનશ્રેષ્ઠિએ રત્નમંજરીને ઘણી સમજાવી કે, 'હું તો વૃદ્ધ છું; તું કોઈ છેલિયાને પરણ.' કવિ આ પરિસ્થિતિ એક શ્લોક દ્વારા સ્પષ્ટ કરે છે:

विनाभ्यासं विषं शास्त्रं, अजीर्णे विषभोजनम् ।
विषं गोष्ठी दरिद्राणां, वृद्धस्य तरुणी विषम् ॥२१॥

છતાં ય રત્નમંજરી ધનશ્રેષ્ઠિને પરણી. વિક્રમ રાત્રે નગરચર્યા જોવા નીકળ્યો અને ધનશ્રેષ્ઠિને ત્યાં વેશ બદલી ઓટલે સૂઈ રહ્યો. રાત્રે ધનશ્રેષ્ઠિને ત્યાં ચોરી કરવા, એક વીસ વર્ષનો સ્વરૂપવાન ચોર આવ્યો. રત્નમંજરીએ તેને પોતાની સાથે રંગ રમવા કહ્યું. ચોરે કહ્યું કે, તારા પતિના જીવતાં હું તારો સંગ નહિ કરું. રત્નમંજરીએ પતિને ગળે નખ દઈ મારી નાખ્યો અને પછી ચોર સાથે ક્રીડા કરી. ઘરની બહાર નીકળતા જતા ચોરને વિક્રમે માર્યો. રત્નમંજરીએ પતિ અને પ્રીતમ બન્નેં મર્યા જાણી, સ્ત્રીચરિત્ર દર્શાવી, બૂમાબૂમ કરી: 'ચોરે મારા પતિને માર્યા અને ઘેર આવેલ અતિથિએ ચોરને માર્યો.'

આમ તેણે વાત વહેતી મૂકી; અને પોતે સતી થવા તૈયાર થઈ ત્યારે રાજાએ તેને રાતનો પ્રસંગ યાદ કરાવ્યો અને ઢોંગ છોડવા જણાવ્યું. ત્યારે રત્નમંજરીએ કહ્યું કે, સ્ત્રીચરિત્ર આવું જ હોય; વધુ જાણવું હોય તો કોચી કંદોયણને મળજો. પછી રત્નમંજરી સતી થઈ. આ વાર્તાની પેટાવાર્તા તરીકે 'કામિકંદ' કોચી કંદોયણની વાર્તા મળે છે તે આ પ્રમાણે છે:

કોચી કંદોયણ એ રુક્મિણીની મા, તેથી વિક્રમની વડસાસુ થઈ. રાજા વિક્રમ રત્નમંજરીના કહેવાથી કોચીને ત્યાં ગયો. જે કંઈ જુએ અથવા સાંભળે તેમાંનો એક પણ શબ્દ ન ઉચ્ચારવાની શરતે કોચીએ તેને સ્ત્રીચરિત્ર બતાવવાની હા પાડી. કોચીએ રાજાને મંજૂસમાં ઘાલ્યો. એટલામાં ત્યાં રાજાનો પ્રધાન બુદ્ધિસાગર આવ્યો; તેણે રાજાની રાણી શૃંગારસુંદરી સાથે ક્રીડા કરવાની ઇચ્છા દર્શાવી. પ્રધાનને મંજૂસ પર બેસાડી કોચીએ તેને કામિકંદ આપ્યો. મંજૂસ પર પ્રધાને દંડના ત્રણ પ્રહાર કર્યા એટલે એટલે મંજૂસ ઊડી શૃંગારસુંદરીના મહેલે ગઈ. ત્યાં પ્રધાને રાણી સાથે ક્રીડા કરી તે રાજાએ નજરે જોઈ; તે ઘણો ગુસ્સે થયો પણ મંજૂસ અંદરથી કંઈ બોલી શ ન શક્યો. મંજૂસ પર બેસી, દંડના પ્રભાવથી બુદ્ધિસાગર કોચીને ત્યાં ગયો અને તેને દંડ સોંપી તે ઘેર ગયો. પછી મંજૂસમાંથી બહાર નીકળેલા રાજાની કેવી કરુણ સ્થિતિ થઈ! કોચીએ કહ્યું કે, સ્ત્રીચરિત્ર આવું જ હોય, આમ કહી તેણે રાજાને પોતાનો કામિકંદ ભેટ આપ્યો.

આ ચોથા આદેશની વાર્તા રામચન્દ્રસૂરિ પ્રણીત સંસ્કૃત 'પંચદંડ'કાવ્યમાં મળતી નથી. નરપતિ અને રામચંદ્રસૂરિમાં ઘણી વિગતોનું સામ્ય છે તે પુરવાર કરે છે કે નરપતિએ તેના પુરોગામી — કહો કે તેના વૃદ્ધ સમકાલીન — રામચન્દ્રસૂરિની અસર નીચે પોતાના 'પંચદંડ'ની રચના કરી છે.

પાંચમા આદેશની 'વિષહરદંડ'ની વાર્તા સર્વ પ્રાકૃત, સંસ્કૃત, ગુજરાતી અને રાજસ્થાની કૃતિઓમાં મળે છે. આ વાર્તાના નિરૂપણમાં અને કેટલીક વિગતોમાં નરપતિ અન્ય આ વિષયના વાર્તાકારોથી જુદો પડે છે. અન્ય વાર્તાકારો પાતાલમાં પરણતી નાગકન્યાને નાગવ્યવહારિકની પુત્રી તરીકે વર્ણવે છે, જ્યારે નરપતિ નાગકન્યા શૃંગારસુંદરીને પાતાલના નાગરાજ મયણસંઘની પુત્રી તરીકે ઓળખાવે છે. દેવમૂર્તિ અને કુશલલાભ [illegible]

'મૂર-સ્ફોટક દંડ' તરીકે વર્ણવેલ, અજ્ઞાત સંસ્કૃત ગદ્યકારે (કૃતિ ક્રમાંક ૫) 'શ્રી અચલચાલન દંડ' તરીકે અને અન્ય અજ્ઞાત સંસ્કૃત ગદ્યકારે (કૃતિ ક્રમાંક ૬) 'શિલોત્પાટનક્ષમ દંડ' તરીકે ઓળખાવેલા દંડને નરપતિ 'તમોહર દંડ' કહે છે. નરપતિના પુરોગામી રામચન્દ્રસૂરિએ અને અનુગામી 'પંચદંડ ચતુષ્પદી'કારે પણ આ દંડને 'તમોહરદંડ' તરીકે ઓળખાવ્યો છે. શામળ આ દંડનું નામ આપતો નથી, પણ પાંચ દંડ પૂરા થવા જોઈએ એ રીતે તે પાતાલની રાજકુંવરી રત્નમંજરીના 'આમ્રદંડ'નો ઉલ્લેખ કરે છે. રામચંદ્રસૂરિ, નરપતિ અને 'પંચદંડ-ચતુષ્પદી'કાર નાગકન્યાનું નામ શૃંગારસુંદરી આપે છે. બીજા કવિઓથી જુદા પડી, નરપતિ પાતાલમાં જવા માટેના માર્ગનું આ રીતે વર્ણન કરે છે:

ગોમતી, જયન્તુ, હરિયાલી, હરણિકા અને માંદકુ સ્મશાનમાં હરસિદ્ધ માતાના મંદિરે પહોંચ્યાં;

હરસિદ્ધમાંહઇ પુહુતાં ગામ, જઇ માતાનઇ કરઇ પ્રણામ,
પૂજા અરચા સારી કરી, લેઇ મૂરતિ આઘેરી ધરી. ૪૭
હરસિદ્ધિતલિ પાતાલહ માગ, બીજઉ કોઈ ન જાણઈ લાગ,
ભારવાહક નઇ કન્યા ચ્યાર, પેગઇ વિવરિ કરિઉ પઇસાર. ૪૮

— નરપતિ, આદેશ પાંચમો

વિક્રમ પાતાલમાંથી 'તમોહરદંડ' અને 'વિષહરદંડ' પામ્યો; ઉપરાંત, 'સર્વમોહનહાર વિદ્યા' તે પામ્યો, એ ઉલ્લેખ એકલો નરપતિની કૃતિમાં જ મળે છે.

વારતા

× × × ×

પછઇ તે બિ દંડ — તમોહરદંડ નિ વિષહરદંડ નિ સર્વમોહનહાર વિદ્યા
એ ત્રિણિ વસ્ત સ્ત્રીઇં રાજનઇ હાથોહાથ કરી આપાં તે રાજાઇં લીધાં. ૬૭

— નરપતિ, પાંચમો આદેશ

વિક્રમે 'પંચ દંડ' પ્રાપ્ત કર્યા પછી ઇંદ્રે તેને માટે સિંહાસન મોકલ્યું, એ રામચંદ્રસૂરિની કલ્પનાનું અનુસરણ નરપતિમાં મળે છે; 'પંચદંડ ચતુષ્પદી'કાર અને શામળે પણ આ કલ્પનાનું અનુકરણ કર્યું છે. નરપતિ તે પ્રસંગ આ પ્રમાણે આપે છે:

ચઉપઈ

પંચ દંડ તિ હેમઈ ઘડા, પંચ વર્ણ, વલી હીરે જડા,
તિ ગાંચઇ કીધા સોક્રમ, ઊપરિ મેઘાડંબર છત્ર. ૧૧૭

વારતા

ઓણઇ પ્રસ્તાવિ રાજા વિક્રમાદિત્યની વાત છઇ આગલિ હૂઇ જે પંચ દંડનૂં છત્ર ધરાવસઇ તઉ આપણ કાંઇએક મોકલીઇ. ઇંદ્ર સંહાસન ઇંદ્રઇં મોકલિઉં જે એ છત્રનઇ એ સંહાસન જોઇઇ. ૧૧૮

— નરપતિ, પાંચમો આદેશ

આ રીતે, વાર્તાની દૃષ્ટિએ નરપતિની કૃતિ એ 'પંચદંડ' વિષયક ઉપલબ્ધ સૌથી જૂની ગુજરાતી કૃતિ છે, અને તે અનેક રીતે સમૃદ્ધ છે. વાર્તાઓના નિરૂપણમાં, નરપતિએ તત્કાલીન આખ્યાનકવિતાની શૈલી સફળ રીતે અજમાવી છે. કૃતિ માત્રામેળ છંદમાં હોઈ, તે ગાઈને શ્રોતાઓ સમક્ષ રજૂ કરી શકાય એવી છે. આખ્યાનકવિતામાં હોય છે તેવી વર્ણનપ્રચુરતા તેમાં ભારોભાર છે. નરપતિએ રામચંદ્રસૂરિની કૃતિની અસર નીચે પોતાની કૃતિની રચના કરી છે, પણ કેટલીક વિગતો પૂરતો જ તે રામચન્દ્રનો ઋણી છે. બાકી આખી કૃતિ એક સુંદર કાવ્યમય મૌલિક રચના છે. મધ્યકાલીન ગુજરાતી કવિઓમાં, કાવ્યતત્ત્વની દૃષ્ટિએ નરપતિ મહત્ત્વનું સ્થાન ભોગવે છે. તે ફક્ત વાર્તાકાર, આખ્યાનકાર કે નર્યો પદ્યકાર નથી, પણ સાચા અર્થમાં કવિ છે. તે વિદ્વાન છે, સંસ્કૃતનો જાણકાર છે, છતાં પ્રાકૃત અને જૂની ગુજરાતીનો પ્રશંસક છે:

જેહવૂં મીઠૂં પ્રાકૃત હોઇ તિ સમવડિ નવિ દીસઇ કોઈ,
ગાહા, દૂહા, ચઉપઈ, ગીત, ઉઠ્ઠણકાલિ જિમ વહાલૂં સીત. ૧૨૫

— પાંચમો આદેશ

નીચેની પંક્તિઓમાં, નરપતિ આપણી સમક્ષ કવિ તરીકે પ્રત્યક્ષ થાય છે:

સોપારૂં સોનાસૂં ઘડૂં, રૂપા તણઇ બાંધઇ તિ જડૂં,
રાજા વિક્રમ બોલઇ તામ, સોપારૂં સુરનરનૂં ઠામ. ૧૭

— બીજો આદેશ

દેખઇ પણિ ચાખઇ નહિ, જે પેખિઉ સુપનાઇ,
લિઇ તાણઇ નવિ નીગજઇ, તો કીધૂં વિક્રમરાય. ૧૯૯

— પહેલો આદેશ

રાજલોકમાંહઇ કુહતું રાય, હઇઆમાંહિ અતિ વિસમઇ થાઇ,
એક પંખી આવઇ નીસરઇ, મુગતાફલ હીરા ઝલહલઇ. ૯૮

— બીજો આદેશ

આગનિ તણી જવાલા ઝાસીઇ, વરિ હલાહલ વિખ પ્રાસીઇ,
વસીહરનઇ મુખ સુંબન ભલું, અસત તણું ધન દઇઇ દોહિલું. ૨૨

— ત્રીજો આદેશ

દાંત વિહુણાઓ હું ડોકરું, વૃત્રનઇ જોઇઇ છઇલ છોકરું,
એક ન્યાનું નઇ દારું લોહ, ગિહિલા! કિમ પામઇ મોહ? ૧૯

— ચોથો આદેશ

સંસ્કૃત 'પંચદંડ'કારોમાં જેમ દેવમૂર્તિ, તેમ જૂની ગુજરાતીના 'પંચદંડ'કારોમાં કવિ તરીકે નરપતિ મહત્ત્વનું સ્થાન ભોગવે છે.

[૯]

અજ્ઞાત કવિ-વિરચિત
પંચદંડ ચતુષ્પદી
(સંવત ૧૫૫૬)

આ કૃતિનો પરિચય ડૉ. ભોગીલાલ સાંડેસરા આ પ્રમાણે આપે છે[૭૪]:

[" આ ચોપાઈ સં. ૧૫૫૬માં એક જૈન કવિએ રચેલી છે. તેની સં. ૧૫૬૭માં એટલે કે રચના પછી માત્ર અગિયાર વર્ષે લખાયેલી હસ્તલિખિત પ્રત પ્ર. કાન્તિવિજયજીના સંગ્રહમાંથી મળી હતી. એ પ્રત પંદર પૃષ્ઠની છે, તથા દરેક પૃષ્ઠ પર ચૌદ લીટીઓ લખેલી છે. એ પ્રત ઉપરથી આ ચોપાઈની પ્રેસકૉપી તૈયાર કરેલી છે. આ જ ચોપાઈની સં. ૧૫૯૨માં લખાયેલી હાથપ્રત સ્વ. મણિલાલ બ. વ્યાસ પાસે હતી......"]

ઉપર્યુક્ત હસ્તપ્રત, વડોદરાના શ્રીઆત્મારામ જૈન જ્ઞાનમંદિરના પ્ર. શ્રી. કાન્તિવિજયજી મહારાજના ગુજરાતી સંગ્રહના નોંધ નં. ૪૬૩ પર નોંધાયેલી છે. પંડિત અમૃતલાલ ભોજકે આ જ કૃતિની, પાટણના શ્રી હેમચંદ્રાચાર્ય જ્ઞાનમંદિરની એક પ્રતનો પરિચય નીચે પ્રમાણે આપ્યો છે:

"નોંધ નં. ૩૩૫ છે. તેનું શીર્ષક पंचदंड छत्रप्रबन्ध-चउपइबन्ध, એ પ્રમાણે છે. તેનો કર્તા અજ્ઞાત કવિ છે, પત્ર ૯ છે. મંગલાચરણમાં पालहणपुर મંડન શાંતિનાથને નમસ્કાર છે, એટલે આ કૃતિની રચના પાલનપુરમાં થયેલી છે. કૃતિનો રચનાસંવત ૧૫૫૬ છે; અને તેની નકલ સં. ૧૬૧૯માં થયેલી છે. કૃતિનો અંતભાગ આ પ્રમાણે છે:

---

૭૪. 'બુદ્ધિપ્રકાશ', પુસ્તક ૭૯મું, જાન્યુ.-ફેબ્રુ.-૧૯૩૨, અંક ૧-૨, પૃ. ૧૬-૧૭

વિક્રમના ગુણ હડહડ ધરી પંચદંડીઆ છત્ર કીધાં,
અમર કુમારિ માસિ વૈશાખિ કીધઉ બાજઉ ધુલિ પાખિ."

અહીં વિવેચનના માટે મેં, આ કૃતિનો ડૉ. ભોગીલાલ સાંડેસરા-સંપાદિત 'પંચદંડ ચતુષ્પદી'નો પાઠ સ્વીકાર્યો છે.[75] 'પંચદંડ'વિષયક પ્રારંભ થતી ગુજરાતી કૃતિઓમાં આ રચના મહત્ત્વની છે; એક શ્રી. મોતીલાલ મેનારિયાએ, સં. ૧૫૫૬માં રચાયેલી, સિદ્ધસેનકૃત 'વિક્રમ પંચદંડ ચોપાઈ'ની નોંધ કરેલી છે, જેની હસ્તપ્રત ઉદેપુરના સરસ્વતીભંડારમાં સચવાયેલી છે;[76] પણ મને જોવા મળી શકી નથી.

આ અજ્ઞાત કવિકૃત 'પંચદંડ ચતુષ્પદી' (સં. ૧૫૫૬) એ ચોપાઈબંધમાં રચાયેલી પદ્યકૃતિ છે. 'પંચદંડ'ની સંસ્કૃત કૃતિઓ મોટે ભાગે ગદ્યમાં છે અને જે પદ્યમાં રચાઈ છે તેમાં નોંધપાત્ર પૂર્ણિમાગચ્છીય રામચંદ્રસૂરિની રચના અનુષ્ટુપ છંદમાં રચાયેલી છે. શુભશીલગણિ અને દેવમૂર્તિની રચનાઓ પણ મોટે ભાગે અનુષ્ટુપ છંદમાં રચેલી છે. ચોપાઈબંધમાં રચાયેલ 'પંચદંડ ચતુષ્પદી', પદ્યબંધની દૃષ્ટિએ, મધ્યકાલીન ગુજરાતીમાં રચાતા રાસ અને આખ્યાનકવિતાની અસર સૂચવે છે. તેનું કથાનક-માળખું રામચંદ્રસૂરિ અને નરપતિની અસર દર્શાવે છે. આખી રચના પાંચ આદેશમાં વહેંચાયેલી છે. દરેક આદેશની શરૂઆતમાં કવિ, દુહાની પાંચ કે છ કડી દ્વારા આદેશની પ્રસ્તાવના આપે છે અને પછીની ચોપાઈની કડીઓમાં વાર્તાનું વર્ણન કરે છે. કવિ મંગલાચરણથી કાવ્યની શરૂઆત આ પ્રમાણે કરે છે:

॥૬૦॥ श्रीवीरस्वामिने नमः॥

[દુહા]

સરસતિ સમરું પાસ જીરાઉલઉ, જગમંડણ જિણચંદ,

---

૭૫. એજ, પૃ. ૧૬-૨૮; એજ, માર્ચ ૧૯૩૨, અંક ૩, પૃ. ૬૨-૭૫

૭૬. मेनारिया, श्री मोतीलाल, 'राजस्थान में हिंदी हस्तलिखित पुस्तकों की खोज', प्रथम भाग - में सिद्धसेनकृत 'विक्रम पंचदंड चौपाई'; र.स. १५५६, पत्र २४.

જસ પસાઈ પામીઈ, નિતુ નિતુ પરમાણંદ. ૧
વરકાણિઈ મણઈ સહૂ, ત્રેવિસમુ જિણેસ;
જેહ તણી સહૂઈ વાહિઈ, આણ જિસી પરિસેસ. ૨
પાલ્હણપુરવર મંડણઉ, વામ્મા દેવિ મલ્હાર;
પાસનાહ પુહવીતિલઉ, રુઅડુ પાલ્હવિહાર[૧૧] ૩
મહિવંત ગિરુઉ ગુણે, દહીઉ હુ શ્રીશાંતિ;
જિમ જિમ જિણવર સેવીઈ, તિમ તિમ પુહુચિઈ ખાંતિ. ૪
હંસાસણિ સરસતી નમી, પામી તાસ પસાઉ;
સુગુરુમુખિ હૂં સાંભલી, ગાઈસુ વિક્રમરાઉ. ૫

મંગલાચરણ પછી કવિ માલવદેશ, ઉજ્જયિની નગરી, સિપ્રા નદી, હરસિદ્ધિ માતા, પઈઠાણું સ્મશાન, સિદ્ધવડ અને અગ્નિકુંવર વૈતાલ — આ સર્વનો આપણને પરિચય આપે છે. વાર્તામાં રસ જમાવવાની રીતે આવો પરિચય કવિ પ્રથમ જ આપી દે છે તે વાંચક અને વાર્તાના શ્રોતાઓ (આખ્યાનકાવ્યની ઢબે રચાયેલ આ કૃતિ ગાઈ સંભળાવવામાં આવતી હોય તો નવાઈ નહિ.) વાર્તાના ચાલુ પ્રવાહમાં કંઈ કલેશ ન થાય. કવિ પુરોગામી સર્વ સંસ્કૃત 'પંચદંડ'કારોની માફક જ પ્રસંગ યોજે છે:

રામ રમતિ કરેવા ગયુ, વનમાંહે દાણ ઉછવ મચ્યુ;
રામ રમતિ કરી નઈ વલિઉ, લોક લક્ષ તિહાં જોવા મિલિઉ.
દૈત્યદમી ગાંછિણી દાર હેઠિ પુહતુ ભૂપતિ દેખી હેઠિ; ૨
દારી ગુખ સારવતી રતી, રહિ, તુ ગાંછિણિ મનિ રિસઈ હસઈ.

ઉપર્યુક્ત પંક્તિઓમાં, ગાંછિણીને 'દૈત્યદમી' કહી છે; જ્યારે રૂખ્મશતગણિએ તેને 'નાગદમની' કહી છે તે આપણને વિચારતા કરી મૂકે છે. ભાગવતકારે 'કાલી' નામના નાગરાજના પરાજયનો પ્રસંગ 'નાગદમન'ની કથા દ્વારા પૌરાણિક ઢબે રજૂ કર્યો છે. વળી, અર્જુનના પૌત્ર પરીક્ષિતને કોઈ નાગરાજાએ મારી નાખ્યા હશે તેથી ઉશ્કેરાઈને જનમેજયે સર્વ નાગોનો નાશ કરવા યજ્ઞ કર્યો એ પણ કોઈ પ્રાક્-ઐતિહાસિક ઘટના પર પૌરાણિક

ઢબનું આવરણ થવાથી, મહાભારતકારે સંગ્રહેલી કથા છે. ('પરશુરામે એકવીસ વાર પૃથ્વી નક્ષત્રિય કરી' એ વિધાન પણ નાગપ્રજાનો જે રીતે નાશ થયો તે સાથે સામ્ય ધરાવે છે.) આવી પ્રાક્-ઐતિહાસિક મહત્ત્વવાળી નાગપ્રજા સાથે નાગદમની સંબંધ ધરાવતી હોય, એ સંભાવના કાઢી નાખવા જેવી નથી.

આ વાર્તા પર રામચંદ્રસૂરિની અસર સ્પષ્ટ રીતે વરતાય છે. કવિ રામચંદ્રસૂરિનું અનુકરણ કરી, ગાંછણ પાસે દંડ હોવાનો ઉલ્લેખ નીચે પ્રમાણે કરે છે:

તુ દાસી તિહાંથી નીકલી, રોસવસિઇ ગાઢી ઝલફલી;
દંડ પ્રભાવઇ છત્ર કથાઈ, રાજ મારગિ નૃપ પહિલી થાઇ. ૨૯
દંડ કરી કીધી ત્રિણિ રેખ, કુણઇ ન અણિઉં એહ વિશેષ,
વજ્રભીતિ દેખીનઇ રાઇ, પૂછઇ વાત કહુ કાઇ. ૩૦

આ કવિએ રામચંદ્રસૂરિનું અનુકરણ કર્યું છે, પણ તેની નિરૂપણશૈલી, વાર્તાપ્રવાહને પોષક અને પોતાના કથયિતવ્ય પરત્વે સીધું પ્રયાણ કરનારી છે. આછાંપાતળાં આવતાં વર્ણનો, તે સુંદર ચિત્રની પશ્ચાદ્ભૂમાં આવતા આછા પાંદડીપટની માફક મુખ્ય વાર્તાને સરસ બનાવવા આવે છે. વાર્તાનું વહેણ આગળ ચાલે છે. તેમાં ગાંછણ કહે છે કે, જે 'પંચદંડીઆ છત્ર'નો ભેદ જાણે તે જ આ વજ્રભીંત તોડી શકશે. રાજાએ તેનો ભેદ જાણવા જિજ્ઞાસા વ્યક્ત કરી, ત્યારે તેણીએ કહ્યું, જો તું 'પાંચ વાતાં' — પાંચ આદેશ — પૂર્ણ કરીશ તો તેનાથી 'પાંચદંડીઉ છત્ર' નિપજશે. રાજા ગાંછણે આપેલા પાંચ આદેશ પાળવા તૈયાર થયો. પહેલા આદેશમાં, વિક્રમે, ક્ષેત્રપાલે દર્શાવેલ યુક્તિપ્રયુક્તિથી — ઇંદ્રસભામાં નૃત્ય કરતી દેવદમનીને મળેલી ભેટ ચોરી લઈ, એ ભેટની નિશાની બતાવી — સારિપાશની રમતમાં ક્ષુબ્ધચિત્તા દેવદમનીને હરાવી, તેને પરણ્યો. આ રચનામાં 'સારિપાશ'ને માટે 'દ્યૂત' શબ્દ યોજેલો નથી, પણ 'જૂવટું' શબ્દ મળે છે. વિક્રમ ગાંછણને મળે છે અને કહે છે:

બીજઈ દિનિ સાસૂનિઇ મિલ્યો, કહિ વિક્રમ પૂગી મનિ રુલી;
મઇ આદેસ તમ્હારઉ કરિઉ, પાંચમાહિ પહિલઉ સુખ ધરિઉ. ૯૧
ઇતિ પ્રથમ આદેશ

આ પ્રમાણે પહેલો આદેશ ૯૧ કડીમાં પૂરો થાય છે.

બીજા આદેશની ૯૪ કડી છે– પહેલી ૫ કડી દુહામાં છે અને બાકીની ૮૯ કડી ચોપાઈમાં છે.

વિક્રમ ભૂપતિ વિનદાસિઉં બોલઇ વચન ઉદાર;
સાસૂનિઇં નીચઉ નમી, પહિલું કરઈ જુહાર. ૧
"મયા કરીનિઇં મુઝ પ્રતિઇં બીજઉ દિઉ આદેશ;
હિવ સગપણ થિઉં આપણઈ, હઇ મ ધરિસિઉ રોસ." ૨

ત્યારે સાસુએ વિક્રમને, સોપારાના બ્રાહ્મણ સોમશર્માની પત્ની ઊમાદેનું વર્તન અને તેની ચર્યાનું અવલોકન કરવા કહ્યું. આ વાતનું વસ્તુ સર્વ પંચદંડની વાર્તાઓમાં લગભગ એકસરખું છે. છતાં કોઈ કોઈ વિગતોમાં આ કૃતિ જુદી પડે છે.

ઊમાદે રાત્રે હાથમાં દંડ લઈ બહાર નીકળે છે ત્યારે વિક્રમ જાગી ઊઠે છે અને જુએ છે કે,

તુ જાગઇ વિક્રમ ભૂપાલ, ઊમાદે ઊઠી તત્કાલ;
દંડ તણી પૂજા દાણ કરઈ, મંત્રાક્ષર મુહડિ ઉચરઈ. ૨૫
દંડ હાથ લેઇ તીણિ વારિ, આઠ પાથરી ફિરઇ ત્રિણિ વાર;
દંડ ફરી દીધા વલી આણ, 'જે જાગઈ તેહના જઉ પ્રાણ.' ૨૬

આની પહેલાંની કૃતિઓમાં, દંડના પ્રભાવથી સર્વ ચોટ્યો ગાઢ નિદ્રાના દારણમાં પડ્યાનું વર્ણન મળે છે, જ્યારે આ કૃતિમાં એવી આણ છે કે, 'જે જાગઈ તેહના જઉ પ્રાણ.' આમલીના વૃક્ષ પર ચઢી ઊમાદે 'રત્નસંચયા' નગરીએ ગઈ. આ 'રત્નસંચયા' નગરી, 'અજ્ઞાત ગુજરાતી ગદ્યકાર' (કૃતિ ક્રમાંક ૧૪) માં 'લંકા'ને નામે અને 'પંચદંડ'ની સંસ્કૃત રચનાઓમાં 'સ્વર્ણ-દ્વીપોપકંઠે स्वर्णसिंचया नगरी'ના નામે મળે છે. 'લંકા' એ હાલનો સિલોન નહિ પણ ઇન્ડોનેશિયાનો કોઈ પ્રદેશ હોઈ શકે, અને એ રીતે પ્રાચીન 'સુવર્ણ-દ્વીપ'ના નામે ઓળખાતા પ્રદેશમાં ઊમાદે ગઈ હશે.

આ વાર્તામાં, ઊમાદેએ ચોસઠ જોગણીઓને કેવી રીતે બલિદાન આપ્યું તે વિધિનું વર્ણન આવે છે. 'પંચદંડ'ની સર્વ પ્રાપ્ત રચનાઓમાં આ વર્ણન મળે છે:

તુ બોલઇ જોગિણિ તીણિ વારિ, "અજૂઆલી પૂનિમ રવિવારિં;
ત્રિહું રેખા મંડલ કાઢિજે, માંહે અરગજા થાપીજે. ૩૫

ચઉસઠિ કોઠા કિરતાં કરે, મંત્રાક્ષર મનમાહિં ધરે;
કોઠે કોઠે તે હોકરઉ, એકેકુ નિઇ વિધિ ડોકરઉ. ૩૬
હાથિ પગિ સવિ બાઇસાંરી કરી, કુસુમમાલ સવિહું ગલિ ધરી;
તિલક કરે સિંદૂરઇ ભાલિ, પાસઇ દંડ હવે તતકાલિ. ૩૭
બાલ બાકુલ ઉછાલે ગગાં, નામ લેજે અમ્હ ચઉસઠિ તણાં;
ખાર, ખાંડ, ઘેવર, પકવાન, લાપસિ, પૂડા, તિલવટ ધાન. ૩૮
એ નવેજ તું નિરખિઇં કરી, નામ આહારઉ મુખિ ઉચરી;
પ્રત્યેકે પૂજેસી કરે, અવર ધ્યાન સઘલું પરિહરે. ૩૯
ઉદક તણી તિહાં દેજે ધાર, ચઉસઠિ કલો એ આચાર;
વિધિ પૂજનું શ્રવણે સુણી, ઊમાદે ચાલી ઘર ભણી. ૪૦

આ પૂજાવિધિ, કોઈ તાંત્રિક સિદ્ધિ માટેના પૂજાવિધિ સાથે સરખાવી શકાય. 'પંચદંડ'માં 'દંડ'નું પૂજન, આરતિ કરવાના પ્રસંગે પણ એક ચોક્કસ નક્કી કરેલો પ્રકાર હોય એ રીતે તેની પૂજા થાય છે.

વિક્રમ, પૂજામાં મૂકેલો ઊમાદેનો સિદ્ધદંડ લઈ, ગુરુ અને શિષ્યો સાથે નાઠો અને વહાણમાં બેસી પરદેશમાં 'કડાહિદ્વિપ' ગયો. ત્યાં કનકનગર નામના ઉજ્જડ નગરમાં વસતા માનવભક્ષી રાક્ષસને મારી વિજયદંડ પ્રાપ્ત કર્યો. 'વિદ્યાદંડ'ની વાર્તા સાથે જ, પેટાવાર્તા તરીકે આવતી આ વાર્તામાં સ્વરૂપાંતર કરવાને માટે વપરાયેલો 'રસભરી કૂંપી'નો કવિએ ઉલ્લેખ કર્યો છે:

માંજારી કુંપી રસભરી દેખાડી કરિ સંજ્ઞા કરી;
નરાણ અંગાટ્યાં ધુલઇ રસિઇં, નારીરૂપિઇં થઇ તે નિસિઇં. ૬૮

અન્ય કૃતિઓમાં સિદ્ધાંજનથી સ્વરૂપાંતર થાય છે, જ્યારે અહીં 'રસભરી કૂંપી'થી થાય છે. સિદ્ધદંડને 'પંચદંડ'ની કેટલીક સંસ્કૃત રચનાઓમાં 'સર્વરસદંડ' કહ્યો છે, તેની સાથે 'રસભરી કૂંપી'માંના 'રસ' શબ્દથી સામ્ય સધાય છે. આ પેટાવાર્તામાં તેમ જ નામનિર્દિષ્ટ નગરીની 'રત્નમંજૂષા'ની વાર્તામાં સાત માળના મહેલનાં વર્ણન આવે છે. એક વખતે તો અદ્ભુત રસ જમાવવા ઊભા કરેલું વર્ણન ગણાય તેમણે જે પ્રજા પ્રાસાદો બાંધવામાં કુશળ હતી, તે પ્રજામાંથી વાર્તાના આ પ્રાસાદ અંશો ઊતરી

એ માનવું વધારે પડતું નથી.

દૈત્યને મારી વિક્રમ કનકશેખરની પુત્રી કનકમાલાને પરણ્યો; રાક્ષસનો વિજયદંડ અને કનકમાલાને લઈ વિક્રમ ગુરુ અને શિષ્યો સાથે પાછો આવ્યો. અહીં તેણે સર્વ શિષ્યોને સૌ સૌના માબાપને સોંપ્યા. સોપારાના રાજા સોમપાલની પુત્રી જયમાલાને પણ તે પરણ્યો. આ રીતે, બે દંડ અને બે રાજકુંવરી પ્રાપ્ત કરી, વિક્રમ ઉજ્જયિની પાછો આવ્યો:

> વિજયદંડ વયરી વસિ કરઈ, સિદ્ધદંડ રિદ્ધિ ઈ ઘર માહિ;
> બેહૂ દંડ નઈ કન્યા બિન્હઈ, લેઈ ગઈ નૃપ સાસૂ કન્હઈ. ૭૩
> આગલિ મૂંકી કરઈ જુહાર, સાસુ બોલઈ જિમ વિવહાર;
> 'ત્રિજઉં દિઉ તુમ્હે આદેસ', ઇમ બોલઇ માલવહ નરેસ. ૭૪

આ ૭૪મી કડી પછી બીજો આદેશ પૂરો થાય છે ત્યાં 'ઇતિ દ્વિતીય આદેશ' એવું સમાપન હોવું જોઈએ, પણ મૂળ હસ્તપ્રતમાં તે નહિ હોય અથવા સંપાદકની ગફલતચૂકથી તે રહી ગયું હશે.

ત્રીજા આદેશમાં દૈત્યદમની, રાજાને અંબાવતી નગરીની રાજકુંવરીની રત્નની પેટી હરી લાવવા આ પ્રમાણે આદેશ આપે છે;

> તુ વલતૂં સાસૂ ભણઈ, સુણિ ન જમાઈ કામ;
> નયર અંબાઈ આહજે, જેહના છઈ પંચ નામ. ૨
> અંબાવતી વખાણીઈ, ભોગવતી અભિરામ;
> લીલાવતી લીલા કરી, અમરાવતી તસુ નામ. ૩
> અવ નીહિ હિવડાં કહિઉ, તિહાં રાજ જયકુણ;
> દાનિ તુ જગિ ઊપનુ, ગુણે બીજઉ કરણ. ૪
> રતનમંજરી તેહની બેટી રૂપનિધાન;
> તિહાં જઈ નિદ્રા આણિજે, પણિ થાઈજે સાવધાન. ૫
> રતનભરી પેટી હરી આણે તૂ ભૂપાલ;
> કરમ તુમ્હારઈ વિઘન સવિ, દીઈ થાસિઈ વિસરાલ. ૬

ઉપર્યુક્ત પંક્તિઓમાં રાજશેખરસૂરિ અને નરપતિના કેટલીક પંક્તિઓનું (ખાસ કરીને અંબાવતીનાં જુદાં જુદાં નામ વિશે) અનુકરણ જોવા મળે છે.

नामानि च चत्वार्यस्या नगर्याः प्रविभांति वै।
अंबावती भोगवती लीलावत्यमरावती ॥१८॥

— રામચંદ્રસૂરિ, પ્રસ્તાવ ત્રીજો

આ વાર્તા, 'પંચદંડ'ની સર્વ કૃતિઓમાં મળે છે; પણ તેના વસ્તુમાં દરેક કવિએ, વાર્તાકારે, અહીંતહીં થોડા ફેરફાર કરેલા છે. પંદરમા શતકના અજ્ઞાત સંસ્કૃત ગદ્યકાર (કૃતિ ક્રમાંક ૬), ચિત્રાંગદનો દૂત કુંવરી માટે પ્રેમપત્ર લેનું લાવે છે, તેનું પ્રથમ નિરૂપણ કરેલું છે. રામચંદ્રસૂરિ, આ પ્રસંગનું રૂપાન્તર એ રીતે કરે છે કે, દૂતને બદલે વિક્રમનો સૂડો વિદ્યાવિશારદ કુંવરી પાસે પ્રેમપત્ર લઈને આવે છે. પત્રમાં શું લખ્યું હતું તેની વિગતો રામચંદ્રસૂરિએ આપી નથી, જ્યારે આ કવિએ, 'વિક્રમને પરણી લેવા દેવદમનાની રત્નમંજરીને વિનંતી' અને 'રત્નમંજરીનો દેવદમનીને પ્રત્યુત્તર' એ રીતે પત્રની વિગતો આપી છે, જે વાર્તાની સરસતામાં ઉમેરો કરે છે.

ખંભાતના રાજા જયકર્ણે પોતાની કુંવરી રત્નમંજરી વિક્રમને પરણાવી; રત્નપુરના રાજા રત્નસિંહે અને જયકર્ણે માન સાથે વિક્રમને વિદાય આપી:

દાનમાન દેઈ ચાલીયા, બિહુ રાય સાથિઈં ચાલીયા;
નયરિ પુહતા આગાપણઈં, હર્ષ હુઉ મનિ વિક્રમ તણઈ. ૧૩
રત્નપેટી નિઈં રાઈકુંઆરી, લેઈ સાસૂ આગલિ ધરી;
ભીમુ રહિનિઈં કરઈ જુહાર, કહઈ સાસુ, 'જીવુ ચિરકાલ. ૧૪
ઇતિ તૃતીયાદેશ।

ચોથી વાર્તામાં, દૈત્યદમની વિક્રમને આ પ્રમાણે આદેશ આપે છે:

તઉ ગાંછિણિ ઇણ ચિંતવઈ, સાંભલિ વિક્રમભૂપ;
દારિ પુહચી ધનશ્રેષ્ઠિ નિઈં ભાણિ સયલ સરૂપ. ૧
ધન પંચાસી વરસનું, વાસ વરાંસી નાર;
ગરિ જઈનિઈં જોઈજે, રહસિઈ કિસિ આચાર. ૨
મેહલિઈ દારિ ગરથહ તણઉ, પાર ન પામઈ કોઈ;
ચઉથઉ એ આદેસ તુઝ હિઉ છઉ જઈ નિ ગોઈ. ૩

'પંચદંડ'ની સર્વ રચનાઓમાં, સૌ પ્રથમ રામચંદ્રસૂરિના પ્રબંધમાં આ વાર્તા

પ્રાપ્ત થાય છે; અન્ય સંસ્કૃત રચનાઓમાં તે મળતી નથી. રામચંદ્રસૂરિના પ્રબંધની આ કૃતિ પર સારી એવી અસર પડેલી છે; આ વાર્તાનું કવિએ કરેલું અનુકરણ તેની સાબિતી છે. પણ આમાંની કેટલીક વિગતો 'ચતુષ્પદી'કારની મૌલિકતા દર્શાવે છે. શ્રીપતિ શાહ અને સ્વરૂપ દેવશ્રીની પુત્રી રૂપવંતી કોઈને પરણવાની ના પાડે છે. શીયળ અને શીલની સાચવણી કરનાર રૂપવંતી પ્રથમ તો પરણવાની ના પાડે છે; પણ વૃદ્ધ પતિને પરણ્યા પછી તે પોતાના ઘરમાં ચોરી કરવા આવેલા હૃષ્ટપુષ્ટ યુવાન ચોર સાથે પ્રેમમાં પડે છે અને પોતાના વૃદ્ધ પતિને મારી નાખી પોતાની જાતીય વૃત્તિ સંતોષે છે રામચંદ્રસૂરિ વિદ્વાન, બહુશ્રુત અને વિશિષ્ટ કવિની રીતિએ વર્ણનાત્મક કવિતા આપનાર કવિ પણ ખરા, પણ વાર્તાના વસ્તુને ઔચિત્યભરી રીતે નિરૂપવામાં એ સફળ ન થઈ શક્યા ત્યાં આ 'ચતુષ્પદી'ના અજ્ઞાત કવિ સફળ થયા છે.

આ જ વાર્તાની પેટાવાર્તા તરીકે 'કોરી કંદોયણ'ની વાર્તા આવે છે. તેમાં વિક્રમને કામિકદંડ પ્રાપ્ત થાય છે. સ્ત્રીઓ 'સ્ત્રીચરિત્ર' દ્વારા પોતાને ગમતા પ્રેમપાત્ર સાથે કેવી યુક્તિપ્રયુક્તિથી રંગ રમે છે, તે જાણી રાજા વિષાદ અનુભવે છે. પોતાની જ રાણી શૃંગારસુંદરી, પોતાના પ્રધાન મતિસાગર સાથે પ્રેમમાં પડે છે; અને કોરી કંદોયણના 'કામદંડ'—'કામિકદંડ'ના જાદુપ્રભાવથી મતિસાગર અર્ધી રાત્રે રાજમહેલમાં જઈ, રાણી સાથે રંગ રમી, મળસ્કે કોરી કંદોયણને ત્યાં પાછો ફરે છે. વાતમાં ખરી ખૂબી તો એ છે કે, રાજા મંજૂસમાં બેઠો બેઠો શૃંગારસુંદરી-મતિસાગરનો પ્રેમમગ્ન સંવાદ સાંભળે છે, અને તેના હૃદયમાં અગ્નિ પ્રજ્વલે છે, છતાં તે પોતાની રાણી કે મતિસાગરને કંઈ કહી શકતો નથી. વાર્તાનું વસ્તુ યોજવામાં રામચંદ્રસૂરિ, નરપતિ, આ અજ્ઞાત કવિ અને શામળે કૌશલ દર્શાવ્યું છે. વાર્તાનો અન્તભાગ આ પ્રમાણે છે:

મંજૂસમાહિ થિઉ કાઢિઉ ભૂપ, દીઠઉ રયણીસરૂપ;
કહી કુંચી "હાડા હારવાલિ? કાંઇ મ હારિસિઉ દોહિલું ચિત્તિ. ૪૨
તૂં રખે મનિ આણે રોષ, નાણિસિ ત્રૂય રાણિનું દોષ;
એહી છિ કલિયુગની રીતિ, પર નારી નાગાસિઉ પ્રીતિ. ૪૩
રાજ, તું છિઈ ગુણભંડાર, તાહરા તેજ ન લહીઇ પાર;

માહરઇ ઘરિ આવિઉ પરહરણ નુ, હરખ હુઉ નઈં દીહડા ઘણઉ." ૪૪
કુંઅરી રોગ નિઇં દિઈ દંડ, આપિઉ નૃપતિ વિણ પાખંડ;
એહ દંડનું મહિમા હસિઉ, મનવંછિત સવિ સિદ્ધિ પામિસિઉ. ૪૫
કામિકદંડ લેઈ નૃપ વલિઉ, સાસૂનિઈં ઘરિ આવિ મિલિઉ;
સાસૂઇં દીધા આશીશ, 'શ્રીવિક્રમ જીવુ ચિર દિસ.' ૪૬
દંડ સાસૂનિઇં ઓળઇ રાય મૂંકીનિઇં કહિઇં "કરઉ પસાય;
હિઉ આદેસ હિવ પાંચમુ, પહઈં સુણિઇં થઈ નીસમુ." ૪૭

ઇતિ ચતુર્થાદેશ

પાંચમા આદેશમાં ૧૦૦ કડીનું વસ્તુ છે; પહેલી ૬ કડી ૭ દુહામાં પ્રાસ્તાવિક-રૂપે છે, જ્યારે બાકીની ૯૪ કડી ચોપાઈમાં છે. કડી ૧૦૧ થી ૧૧૨ સુધી વાર્તાનો ઉપસંહાર અને પુષ્પિકારૂપે આવે છે. ગોઇલા વિક્રમનો આદેશ આ છે:

"વિદ્યારૂપ પુરોહિત ભણી, દેવા અતિ બહુ માન;
વિનય કરીનિઇં આગઇ, તું મનગમતું દાન. ૧
આદેશ હિવ તુમ્હે કરઉ, શ્રીમાલવભૂપાલ;
પંચદંડ છત્રહ તણી, જિમ થાઇ તતકાલ. ૨

વિદ્યારૂપ પુરોહિત 'રાજપ્રતિગ્રહ' લેતો નથી; રાજા રાત્રે નગરચર્યા જોવા નીકળે છે. પુરોહિતપુત્રી ગોમતી અને હરિઆલી આદિ અન્ય ત્રણ સખીઓ પાતાલમાં નાગરાજ-પુત્રી શૃંગારસુંદરીના લગ્નમાં મહાલવા જવા રાત્રે નીકળી. સાથે કુરૂપ થયેલો અને વિક્રમ નામ ધારણ કરેલ વિક્રમને તેઓએ ભારવાહક તરીકે લીધો. સર્વ સખીઓ વિક્રમ સાથે પાતાલમાં ગઈ. ત્યાં સરોવરમાં નહાવા પડેલી ચાર સખીઓને મૂકી, વિક્રમ નગરમાં ગયો અને વેતાલની મદદથી યુક્તિપ્રયુક્તિ કરી, શૃંગારસુંદરીને પરણ્યો. વસ્ત્ર હરાઈ જવાથી, સખીઓએ શૃંગારસુંદરીને સંદેશો મોકલતાં, તેણે એ વસ્ત્ર મોકલ્યાં. વસ્ત્ર ધારણ કરી સખીઓ સર્વતોભદ્ર યક્ષ પાસે જઈ મરવા તૈયાર થઈ. યક્ષે કહ્યું કે, શૃંગારસુંદરીનો પતિ એ તમારો પતિ થશે. વિક્રમ એ ચારેય સખીઓને પરણ્યો. ગોમતી, હરિયાલી આદિ સખીઓ પાસેથી વિક્રમને 'તમોહરદંડ' અને 'વિષહરદંડ' મળ્યા. તમોહરદંડને રામચંદ્રસૂરિએ 'રત્નદંડ' કહ્યો છે.

વિષહરદંડને રામચંદ્રસૂરિએ વિત્તવ્યહરદંડ તરીકે ઓળખાવ્યો છે, જ્યારે શામળે તેને વિષધરદંડ કહ્યો છે. રામચંદ્રસૂરિ અને શામળના આ દંડના નામનો પાઠ ભ્રષ્ટ લાગે છે. 'પંચદંડચતુષ્પદી'કારનો 'વિષહરદંડ'નો પાઠ બરાબર છે. વાર્તામાં સ્મશાનનું નામ 'ગંધપઈ' આપેલું છે; 'પંચદંડ'ની અન્ય રચનાઓમાં તેને 'ગંધવહ' તરીકે ઓળખાવેલું છે. અહીં નાગરાજનું નામ મુણિસિંહ આપેલું છે. સંસ્કૃત કૃતિઓમાં, જે નાગકન્યાને વિક્રમ પરણે તે નાગવ્યવહારિકની પુત્રી છે, જ્યારે આ અજ્ઞાત કવિ તેનો નાગરાજની પુત્રી તરીકે ઉલ્લેખ કરે છે. આ આખી વાર્તા 'પંચદંડ'ની વાર્તાઓમાં મુખ્ય છે. પાતાલેન્દ્રની સભામાં દેવદમની નૃત્ય કરવા જાય છે ત્યાંથી શરૂ કરી, વિક્રમ પાતાલમાં જઈ નાગરાજની કુંવરીને પરણ્યો ત્યાં સુધી, 'પંચદંડ'ની વાર્તાઓમાં નાગપ્રેમની પરંપરાના કોઈ ને કોઈ અંશો પ્રાપ્ત થાય છે.

આ કૃતિમાંના પાંચ દંડ નીચે પ્રમાણે છે:

૧. ઉમાદે ગોરાણી પાસેનો સિદ્ધદંડ; ૨. રાક્ષસ પાસેનો વિજયદંડ; ૩. કોઈ કંદોયણ [illegible] પાસેનો કામિકદંડ; ૪ અને ૫. પાતાલમાં જતી કન્યાઓ પાસેના વિષહરદંડ, તમોહરદંડ. આ પાંચ દંડ વડે દૈત્યદમણે સુંદર છત્ર બનાવ્યું:

પાંચઇ દંડક કીધું છત્ર, સાસૂ નીપાયું તે છત્ર;
મેઘાડંબર તેહનૂં નામ, જોતાં દીસઇ અતિ અભિરામ. ૧૦૧

* * * *

સિંહાસન એહવઈ ઇંદ્રનૂં દેવલોકિ રૂડું નીપનૂં;
તે ભૂપતિનિંઈ મોકલઈ ઇન્દ્ર, તિહાં બઇઠઉ માલવનરેન્દ્ર. ૧૦૬

વિક્રમે પ્રાપ્ત કરેલ 'પંચદંડ'થી પ્રસન્ન થઈ ઇન્દ્રે સ્વર્ગમાંથી સિંહાસન મોકલ્યું, એ કલ્પના રામચંદ્રસૂરિની છે; ઉપર્યુક્ત પંક્તિઓમાં આ કવિએ તેનું અનુકરણ કરેલું જણાય છે. આ 'ચતુષ્પદી'ની પુષ્પિકા આ પ્રમાણે છે:

સિદ્ધસેન ગુરુનુ ઉપદેશ, યાત્રા આવઇ સોરઠ દેશ;
કીધઉ શ્રીશેત્રુંજ ઉદ્ધાર, લાધઉ માનવભવનૂં સાર. ૧૦૮
કર ઊપાડી 'ધર્મલાભ' સિદ્ધસેન દિઇ અણી લાભ;
તૂઠઉ વિક્રમ દીઇ દાન કોડિ 'લિઉ સ્વામી' કહિઇ કર જોડિ. ૧૦૯
ગુરુ કહિઇ 'ધન અમે કેયૂં કરઉં?' કહિઇ રાજા 'મઇં દીધઉં નહુ લઉં;'
[illegible]

વિક્રમના ગુણઇ હીંયડિ ધરિ, પંચદંડછત્ર ઊચરી;
પનર છપનઇં માસિ વૈશાખિ કીધઉ બીજઉ ધઉલઇ પાખિ. ૧૧૧
ભણઇ ગુણઇ નિઇં જે સાંભલઇ, તેહ તણાં સવિ સંકટ ટલઇં;
રાજરિદ્ધિ નિઇ રૂડી બુદ્ધિ, તે પામઇ સ્ફટ મહાસિદ્ધિ. ૧૧૨

ઇતિ 'શ્રી વિક્રમ પંચદંડ' બાંધિ ચઉપઇ; સંવત્ ૧૫૬૭ વર્ષે, ચૈત્ર માસે ૧૧ તિથૌ જસદાણ નગરે લિખતં। મુનિ વીરકલસ લિખતં॥ શ્રીરસ્તુ॥

ઉપરની પુષ્પિકામાંથી એમ ફલિત થાય છે કે, સિદ્ધસેન દિવાકરની ગુરુપરંપરામાંથી ઊતરી આવેલ જૈન કવિએ, આ રચના, સં. ૧૫૫૬ના વૈશાખ સુદી બીજના દિવસે કરી છે; આ હસ્તપ્રતની નકલ, મુનિ વીરકલસે, સં. ૧૫૬૭ના ચૈત્રની અગિયારસે જસદાણ નગરમાં કરી છે. સૌરાષ્ટ્રનું જસદણ સં. ૧૫૬૭ કરતાં જૂનું છે તે પણ આ ઉપરથી જણાય છે.

Part - 1, Chapter - 2, - 10

[૧૦]

મુનિ માલદેવ-વિરચિત

પંચદંડ છત્રોત્પત્તિ કથા

(આશરે વિક્રમનો સોળમો શતક)

'પંચદંડ' વિષયક રચનાઓમાં કવિ મુનિ માલદેવની આ અપ્રસિદ્ધ રચના મહત્ત્વની છે. અત્યાર સુધીમાં આની ત્રણ હસ્તપ્રતો જાણવામાં આવી છે: ૧. 'વિક્રમ પંચદંડ ચોપાઈ', કર્તા: મુનિ માલ, લેખનસંવત: સં. ૧૭૪૮, પત્ર ૩૦; એનો રચનાસંવત આપેલો નથી. આ હસ્તપ્રત 'ગોવિંદ પુસ્તકાલય' બીકાનેરમાં છે, એમ 'राजस्थान में हिन्दी के हस्तलिखित' हस्तलिखित ग्रन्थों की खोज, द्वितीय भाग' માં, શ્રી અગરચન્દજી નાહટાએ નોંધ કરી છે. મને આ પ્રત જોવા મળી નથી. ૨. 'વિક્રમચરિત કથા', કર્તા: માલ કવિ, પૃષ્ઠ ૧૦૧, ૪૪ પદ્ય; નોંધ નં. ૯. ૩. 'વિક્રમાદિત્યચરિત્ર', કર્તા: માલ કવિ, પૃષ્ઠ ૪૪, ૫૭ પદ્ય, નોંધ નં. ૪૨. અનુક્રમ અંક ૨ અને ૩ની હસ્તપ્રતો વિશે શ્રી અગરચન્દજી નાહટાએ મને નોંધ મોકલી હતી તે ઉપરથી, વિશ્વેશ્વર વૈદિક રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટના (પો. ઓ. સાધુઆશ્રમ, હોશિયારપુર - પંજાબ) સંગ્રહમાંથી નોંધ નં. ૪૨ની પ્રત મેં, વડોદરા પ્રાચ્યવિદ્યા મન્દિર દ્વારા મેળવી છે, જેના પરથી મારો હાલનો અભ્યાસ રજૂ કરું છું. નોંધ નં. ૯ની હસ્તપ્રત અત્યંત જર્જરિત હોવાથી, વિશ્વેશ્વર વૈદિક રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટના સંચાલકોએ મોકલવાની ના પાડી. આથી મને મળેલી એક પ્રત પરથી આ વિવરણ કર્યું છે. પ્રતનું વર્ણન નીચે પ્રમાણે છે:

માલદેવ પોતે જૈન કવિ હોવા છતાં શરૂઆતમાં રૂઢ રીતિથી જુદા પડી, મંગલાચરણમાં અર્હત, સરસ્વતી, પુરુષોત્તમ બ્રહ્મ અને ગુરુની ભાવભરી રીતે સ્તુતિ કરે છે:

શ્રી અર્હતે નમ:, શ્રી સરસ્વત્યૈ નમ:

જો પુરુષોત્તમ બ્રહ્મમય દર્શનિજ્ઞાન અનંત,

મરુ વસ ઉરા વસિ શક્તિ સ્વરૂપે આ [illegible] ૧

બહુત વહિણ જિઉ ધેનુ હુઇ પરુ પરા એકહ રૂપ,
તિઉં છહ દરશનિ બ્રહ્મ કહું અનહિ એક સરૂપ. ૨.
કેહુ તઉ એકુ અનેક કરિ અનહિ જિન્હ હિ ન સુધિ,
પ્રતિ ઘટમાહિ પ્રતિ ચંદ જિઉં, માન ન લખહિ કુબુધિ. ૩
યત:
અતિ ઇતની સમરાહિ નગરિનિ પરત હોત વહુવાની,
જઉ ઉહુ નીરુ ઉલટિ સરિતા વહિ, મોર તોર કર ચીન્હ ન પાવહિં. ૪
જિઉં સોને કા ઘાટ્યા જરીના જિનસઇ બહુત નામ સબ દીના,
ગાલે તૌ ફિરિ સોના હોઇ, આપહિ આપ વિચાર કુલોઇ. ૫
જ્ઞાનરહિત જિઉં ધેનુ પશુ ચામવિણ કહું દેખિ,
અધિક પ્રેમ તિણિ સ્યઉં કરઇ, ગ્રવઇ દુગ્ધ સુવિસેખિ. ૬
ગુણસમુદ્ર સદ્ગુરુ વિના સિષ્ય ન જાણઇ મર્મ,
વિનુ દીપક અંધારમાહિ કરિ સક્રિયાહિ કિઉં કર્મ. ૭
સિવ રૂઠિહિ રાખઇ સુગુરુ, ગુરુ રૂઠે સિવ નાહિ,
સિવ પૂસઇં ગુરુકે વચનિ, ગુરુ ગરુયઉ જગમાહિ. ૮

કૃતિનો અન્તભાગ આ પ્રમાણે છે:

ઇતિ કલિયુગે કલ્પાવતાર મહાદાતાર શ્રીવિક્રમમહારાજ પંચદંડછત્રોત્પત્તિ કથા, પ્રસ્તાવે સિદ્ધસેનાચાર્ય ગુરુસંગતિ, જૈનધર્મપ્રતીતિ, પૂર્વજન્મપ્રશ્ન, અમૃતવાહનકથા વ્યાખ્યાન, શાલિવાહનસંગ્રામ, પરલોકગમન, વિક્રમસેનપુત્રરાજ્યસ્થાપનાધિકારે નામા સપ્તમઃ પ્રસ્તાવઃ ગ્રંથાગ્રંથ ૧૭૩૭; લિખતં મલુકચંદ ઋષિ શ્રીમાલ, આત્માર્થે; શુભં ભુયાત્, કલ્યાણમસ્તુ લેખકપાઠકયો:

શ્લોક

मटिका पुस्तकारामा परहस्ते गतागता: |
आगतादेव संजोगो ध्रष्टाभ्रष्टा च मर्दिता ॥१॥ श्री॥ श्री॥ श्री॥
छ॥

આખી હસ્તપ્રતનાં ૬૪ પાન છે. દરેક પાન પર ૧૭ પંક્તિઓ છે. પ્રતની લંબાઈ અને પહોળાઈ ૧૦½"x૪½" છે. પ્રતની ઉપરનીચેની બાજુઓ પર ½"ની જગ્યા છોડેલી છે, જ્યારે ડાબી અને જમણી બાજુએ લાલ શાહીના .૮"નો હાંસિયો રાખેલો છે. દરેક પૃષ્ઠની બાજુ બાજુના જમણા હાંસિયાના નીચેના ભાગમાં પૃષ્ઠાંક નાખેલા છે. દરેક પૃષ્ઠની વચ્ચે, બન્ને બાજુએ કોરી જગ્યા રાખવાથી સુંદર કલશાકૃતિ બનેલી છે. પ્રતનાં કેટલાંક પાન દબાઈ જવાથી તેમનું સમારકામ કરેલું છે. પ્રત એક જ હાથે સુંદર દેવનાગરી લિપિમાં લખાયેલી છે. હસ્તપ્રતનું લખાણ સર્વ પૃષ્ઠોમાં સારી રીતે વાંચી શકાય છે; ઘસારાથી લખાણને ઇજા થયેલી નથી. તેમાં કૃતિની રચનાસાલનો કે લેખનસંવતનો ઉલ્લેખ નથી; પણ ભાષા પરથી તેમ જ લિપિ પરથી (હસ્તપ્રત પડી માત્રામાં લખાયેલી છે.) એમ કહી શકાય કે, કૃતિ પંદરમા શતકના ઉત્તરાર્ધમાં રચાઈ હશે.

ડૉ. ભોગીલાલ સાંડેસરાએ માલદેવનો પરિચય નીચે પ્રમાણે આપ્યો છે:[૭૮]

"માલદેવ મુનિ વૃદ્ધ તપાગચ્છના ભાવદેવસૂરિના શિષ્ય હતા. આ ગુરુશિષ્યનો નિવાસ મુખ્યત્વે મારવાડમાં બીકાનેરના રાજ્યમાં હતો, અને તે કારણે માલદેવની આ કૃતિઓમાં મારવાડીની પુષ્કળ અસર છે. આ 'સ્થૂલિભદ્ર ફાગ'માં સ્થૂલિભદ્રની પૂર્વકથા કવિએ કંઈક વિસ્તારથી આપી છે. સળંગ એક જ દેશીમાં રચાયેલી આ કૃતિને કવિએ પોતે જ પહેલી કડીમાં 'ફાગ' નામ આપ્યું છે. માલદેવની અપ્રસિદ્ધ 'પુરંદરકુમાર રાસ' એક લોકપ્રિય કૃતિ હતી અને એની પુષ્કળ હસ્તપ્રતો મળે છે. વિક્રમના સત્તરમા શતકમાં થયેલા ખંભાતના કવિ ઋષભદાસે 'કુમારપાલ રાસ'ના પ્રારંભમાં પોતાના પૂર્વકાલીન કવિઓમાં માલદેવનો પણ માનપૂર્વક ઉલ્લેખ કર્યો છે."

'પંચદંડ'ની વાર્તા શરૂ થાય તે પહેલાં કવિએ, વિક્રમનો જન્મ કેવી રીતે થયો તે વિશે એક વાર્તા આપી છે, તેનો સારાંશ આ પ્રમાણે છે:

ભરતખંડની ઉત્તરશ્રેણિમાં કંચનપુર નામના નગરમાં વિદ્યાપગાર નામનો વિદ્યાધર રહેતો હતો. ત્યાંના રાજાનું નામ હેમરથ, રાજમાતાનું નામ હેમમાલા અને રાજકુંવરનું નામ ગંધર્વકુંવર હતું. તે ઘણો સ્વરૂપવાન હોવાથી,

૭૮. સાંડેસરા, (ડૉ.) ભો. જ. અને પારેખ સોમાભાઈ-સંપાદિત 'પ્રાચીન ફાગુ-સંગ્રહ'ની પ્રસ્તાવના, પૃ. 3૨-33

નગરની નારીઓ તેનાથી આકર્ષાઈ તેની પાછળ ભમતી હતી. નગરલોકોએ રાજાને આ બાબતની ફરિયાદ કરી. રાજાએ કુંવરને પાનનું બીડું આપ્યું અને તેને દેશપાર કર્યો. કુંવરની આ કમનસીબી વિષે કવિ કહે છે:

સુખિયઉ સદા ન પ્રાણી કોઇ, સદા ન કોઈ દુખિયઉ હોઇ,
સદા ફિરઈ સુખદુખ કા દીહ, લિખી વિધાતા ન મિટઈ લીહ. ૪૦

યતઃ,
દોહા
ખણિ મંડઉ, ખણિ વંકુડઉ, ખણિ ખૂંફણ, ખણિ લીહ,
સસિહર તોહિ ન સિરજિયા, સવે સરીખા દીહ. ૪૧

માતાને નમન કરી, ગંધર્વકુંવર દેશાદેશાવર જવા નીકળ્યો. રસ્તામાં કુંવરને ચારણમુનિ નામના ઋષિ મળ્યા; મુનિએ કુંવરને કહ્યું કે, "પશ્ચિમ સમુદ્રના કિનારે આવેલા હેમવર્દ્ધનપુર નામના નગરમાં રાજા રત્નસિંહ છે, તેની કુંવરી પદ્માવતી સાથે તારું લગ્ન થશે અને તેનાથી વિક્રમ નામના પુત્રનો જન્મ થશે." ગંધર્વકુંવર હેમવર્દ્ધન નગરમાં ગયો અને રૂપપરાવર્ત-વિદ્યાના બળથી ગર્દભનું રૂપ ધારણ કર્યું. આ બાજુએ પદ્માવતીને પરણાવવા, રાજાએ વરની પસંદગી કરવા, છત્રીસ કુળના રાજકુંવરનાં ચિત્ર કુંવરીને બતાવ્યાં પણ તેણે એક પણ રાજકુંવર પસંદ ન કર્યો. એક દિવસ રાજાનો વડુઓ માહિંદી નદીમાં કપડાં ધોતો હતો ત્યારે અદૃશ્ય રીતે કોઈને બોલતાં સાંભળ્યું કે, પદ્માવતીનો વિવાહ થયો નથી, તો કોઈ પવિત્ર પુણ્યશાળી પુરુષ સાથે એનો વિવાહ કરો." ધોબીએ આ વાત રાજાને કહી. રાજા અને તેના પ્રધાનો સોબાદિને જોયું કે તો તેઓએ એક ગર્દભને બોલતો સાંભળ્યો; ગર્દભે કહ્યું, "હું વિદ્યાબળના પ્રતાપથી પૂર્ણ છું, મને તારી કન્યા પરણાવ." આ સાંભળી, રાજા અતિ વિમાસણમાં પડ્યો; મંત્રી સાથે સલાહ-વિચારણાં કરી અને છેવટે કુંવરીને ગર્દભ – ગંધર્વકુંવરને પરણાવી. આ તરફ, ગંધર્વકુંવરના પિતાને પુત્ર યાદ આવતાં, પોતાના કૃત્ય માટે પશ્ચાત્તાપ કરવા લાગ્યો; તેણે પુત્રની શોધ કરાવી. હેમરથના મંત્રીએ ગંધર્વકુંવરની ભાળ કાઢી રાજાને સમાચાર કહ્યા. ગંધર્વકુંવરને પિતાનો સંદેશો મળતાં જ, ગર્ભવતી પત્નીને મૂકી, સાસુસસરાની રજા લઈને સ્વદેશ જવા નીકળ્યો. પુત્રને મળી હેમરથ અને રાણી હેમમાલાને આનંદ થયો. ગંધર્વકુંવરનો પુત્ર જન્મે તે રાજા રત્નસિંહની ગાદીનો વારસ થશે, એવી બોલીની આગાહીથી, રત્નસિંહે

પોતાની પુત્રીના જન્મનાર પુત્રનો નાશ કરાવવાની યોજના કરી. પદ્માવતી પદ્માવતી આ સાંભળી અત્યન્ત દુઃખી થઈ અને ફૂલ લઈ આવનાર માલણને આ વાત કરી. માલણને દયા આવી; તેણે પદ્માવતીના પુત્રનું રક્ષણ કરવા વચન આપ્યું. પદ્માવતીએ શસ્ત્ર વડે ઉદર ચીરી બાળક બહાર કાઢ્યો; જન્મેલા પુત્રને માલણને સોંપી પદ્માવતી મરણ પામી. માલણ પોતાના બે પુત્ર અને પદ્માવતીના પુત્રને લઈ પરદેશ નાસી ગઈ. [illegible] પદ્માવતી મરણ પામી, એ સમાચાર સાંભળી, રતનસિંહને આનંદ થયો. આ સંજોગોમાં, રતનસિંહની દાસીને એક પુત્ર જન્મ્યો, તેનું નામ ભર્તૃહરિ રાખ્યું. રતનસિંહના મરણ પછી ભર્તૃહરિ ગાદીએ આવ્યો. તે સદાચાર અને નીતિથી રાજ્ય ચલાવતો હતો. તેના નગરમાં દેવશર્મા નામે બ્રાહ્મણ એક યક્ષની ઉપાસના કરતો હતો. યક્ષે પ્રસન્ન થઈ તેને 'બીજઉરઉ' નામનું અમરફળ આપ્યું, જે ખાવાથી મનુષ્ય અમર બની શકે. દેવશર્માએ તે રાજાને ભેટ આપ્યું અને રાજાએ તે પોતાની પ્રિય રાણીને આપ્યું. રાણીએ તે ફળ પોતાના પ્રીતમ ગજપાલને આપ્યું; ગજપાલે અનંગસેનાને તે પોતાની પ્રિયતમા એક વેશ્યાને આપ્યું અને વેશ્યાએ તે ભર્તૃહરિને ભેટ ધર્યું. ભર્તૃહરિએ રાણીને આનો ભેદ પૂછતાં સ્પષ્ટ જવાબ ન મળ્યો અને શેક્સપિયરના હેમ્લેટની માફક 'Woman! thy name is frailty' કહી ભર્તૃહરિએ તે અમરફળ પોતે જ ખાધું અને યોગી થઈ બાકીનું જીવન વ્યતીત કર્યું.

આ વાર્તાના બીજા પ્રવાહમાં, માલણ, પદ્માવતીના પુત્ર વિક્રમને તેમજ પોતાના બે પુત્રોને લઈ પરદેશ ભાગી ગઈ; તે હેમપુરી નગરીમાં આવી. આ નગરીમાં અનેક પ્રકારની સમૃદ્ધિ હતાં કોઈ રાજા રાજ્ય કરતો ન હોતો. જે કોઈ રાજપદ ધારણ કરે તેને વેતાલ રાત્રે મારી નાખતો. વિક્રમે વેતાલને જીત્યો અને તેની પાસે, કોઈ પણ પળે મદદ કરવાનું વચન લીધું. વાર્તા આગળ વિકસે છે તેમાં કવિએ ટૂંકમાં 'વેતાલપચીસી'ની વાર્તાની રૂપરેખા આપી છે. વિક્રમનો જન્મ, 'સુવર્ણપુરુષ'ની પ્રાપ્તિ વર્ણવતા અને વેતાલ પર વિક્રમના વિજયનું નિરૂપણ કરતા, પહેલા પ્રસ્તાવની પુષ્પિકા કવિ આ પ્રમાણે આપે છે:

સોવન પુરિસઉ લહી રાજા નિજ ઘરિ આયઉ,
જોગી ચિંતયઉ જઇસો તઇસો ફલુ પાયઉ;

વિક્રમ રાજા હેમપુરી કરતઉ રાજ,
જગિ હુયઉ પ્રસિદ્ધ, કરઇ પ્રારથ્યા પરકાજ. ૫
વારુણાપુર પશ્ચિમસમુદ્રતીરિ સુપ્રસિદ્ધ,
તહેં રૂપચંદ રાજા મહિયલિ લિદ્ધ;
તસુ સેચાનિકા સુતા પરિણી વિક્રમિ,
ભોગવતઉ રહઇ પુન્ય ભોગિ અનુક્રમિ. ૬

ઇતિ કલિયુગે કર્ણાવતાર મહાદાતાર શ્રીવિક્રમમહારાજ પંચદંડછત્રોત્પત્તિપ્રસ્તાવ કથાનો વિક્રમજન્મોત્પત્તિ નામા પ્રથમઃ પ્રસ્તાવઃ ૧.

'દેવદમનીલીલા' નામના બીજા પ્રસ્તાવમાં, કવિ 'પંચદંડ'વિષયક અન્ય કૃતિઓની માફક, વિક્રમે યુક્તિપ્રયુક્તિથી દ્યૂતમાં દેવદમનીને હરાવી, તે તેને કેવી રીતે પરણ્યો તેની વિગતો વર્ણવે છે. લક્ષ્મીવલ્લભ અને અજ્ઞાત 'પંચદંડ ચતુષ્પદી' કારની પેઠે માલદેવે પણ દેવદમનીની માતાનું નામ દૈત્યદમની આપ્યું છે. કચરો સાફ કરતી દાસીને વિક્રમના સેવકોએ મારી. આથી ગુસ્સે થઈ દૈત્યદમનીએ દાસીને પોતાનો સર્વકામિકદંડ આપ્યો, જેના વડે માર્ગમાં ત્રણ રેખા કરતાં એક સાતમાળી દિવાલ ઊભી થઈ. નરપતિએ દૈત્યદમનીના દંડનું નામ સર્વકામદંડ આપ્યું છે, જ્યારે શામળે એને અભેદદંડ તરીકે ઓળખાવ્યો છે. વિક્રમ દ્યૂતમાં દેવદમનીને હરાવી શકતો નથી ત્યારે તે રાત્રે નગરચર્યા જોતો જોતો 'ગાદંઢ મસાણિ' ગયો. આ સ્મશાનનું નામ કેટલીક કૃતિઓમાં 'ગંધવહ', 'ગંધર્વ' કે 'ગંદ્રપિઉ' આપેલું છે. વિક્રમ ગર્દભસેન રાજાનો પુત્ર હતો એમ 'વિક્રમાદિત્યોત્પત્તિ'ની વાર્તામાં ઉલ્લેખ આવે છે. આ ગર્દભસેન ગંધર્વ હતો એવો ઉલ્લેખ પણ મળે છે. તો સ્મશાનનું નામ 'ગંધર્વ' શબ્દ સાથે સામ્ય ધરાવતું હોઈ, 'ગંધર્વ સ્મશાન'ને બદલે ઉપર્યુક્ત 'ગંધવહ', 'ગંદ્રપિઉ' આદિ અપભ્રષ્ટ શબ્દો પ્રચલિત થયા હોય. ધ્વનિપ્રક્રિયાની દૃષ્ટિથી 'ગંધર્વ' શબ્દ 'ર'ના લોપથી 'ગર્દભ' સાથે પણ સામ્ય ધરાવે છે. 'ગાદંઢ' અને 'ગંધર્વ'નો કંઈ મેળ બેસતો નથી.

વાર્તાના અંતે દેવદમની વિક્રમને પરણી અને વિક્રમને 'કરમોચનિ દંડ' આપ્યો. કવિ કહે છે:

દેવદમનિકા પરિણી રંગિ, વિક્રમકૈ વઇઠી અરધંગિ,
કરમોચનિ સો દીયઉ દંડ, જિસિ તે હોઇ પ્રતાપ અખંડ. ૪૪

ચાલ-

દોહો

લાઘવ ગૌરવ કામ નહિ, હોઇ સુગુણ વિસ્તાર,
દરપણિ સરવરિ દિખિયઇ, નાલ કરી આકાર. ૪૫
દેવદમણી સાસૂ હુઈ, છોનઉં ઢાંકયઉ વિઉ જગિ કુઈ,
દેવદમનીઇ દિઇ આસીસ 'વિક્રમ જીવઉ કોડિ વરીસ.' ૪૬

ઇતિ કલિજુગે કરુણાવતાર મહાદાતાર શ્રીવિક્રમમહારાજ પંચદંડછત્રોત્પત્તિપ્રસ્તાવે 'સર્વકામિકદંડ', 'દેવદમનીલાભ' નામ દ્વિતીયઃ પ્રસ્તાવઃ

ત્રીજા પ્રસ્તાવમાં કવિ ઉમાદેની વાર્તા આપે છે. આ વાર્તામાં વિક્રમ 'સિદ્ધદંડ', 'વિજયદંડ' એ બે દંડ તેમ જ કનકમાલા અને જયમાલા નામની બે રાજકન્યાઓ પ્રાપ્ત કરે છે. વાર્તાનું વાતાવરણ, વિગતો, પ્રસંગો, પાત્રો, ઘટકતત્ત્વો (Motifs), પરંપરા આદિ અન્ય 'પંચદંડ'ની રચનાને લગભગ મળતાં છે. છતાં અન્ય 'પંચદંડ'કારોથી જુદા પડી, નાલદેવે કટાહ દ્વીપમાં આવેલા કનકપુરના માનવભક્ષી રાક્ષસ (Cannibal) વિશે જે આડકથા આપી છે તે નોંધપાત્ર છે. કવિ કહે છે કે, પવનવેગ નામના વિદ્યાધરને શ્રીમતી નામની રાણી હતી. તેને મેઘરથ અને પદમરથ નામના બે પુત્ર હતા. મેઘરથે જૈનધર્મ સ્વીકાર્યો અને પદમરથને પણ તે ધર્મ સ્વીકારવા જણાવ્યું. પદમરથ શૈવધર્મી હતો; તેણે જૈનધર્મ સ્વીકાર્યો નહિ અને રાજ્યમાંથી ચાલી નીકળ્યો. તેણે શિવની તપશ્ચર્યા કરી વિજયદંડ મેળવ્યો. જ્યાં સુધી કોઈ તેના માથા પર વિજયદંડ મારે નહિ ત્યાં સુધી તેનું મરણ કશાથી ન થાય એવું વરદાન તેણે શંકર ભગવાન પાસેથી મેળવ્યું હતું. વિજયદંડની સિદ્ધિ પ્રાપ્ત કરી મદમત્ત બનેલો પદમરથ માનવભક્ષી થઈ ગયો. કનકપુરના રાજા કનકશેખર અને રાણી કનકાવતીની કુંવરી કનકમાલા (કે જેને પરણવા રાક્ષસ તેને કેદ કરી, સિદ્ધાંજનના પ્રભાવથી સ્વરૂપાંતર કરતો — સ્ત્રીમાંથી બિલાડી અને બિલાડીમાંથી સ્ત્રી) એ વિક્રમને રાક્ષસને મારવાનો ઉપાય બતાવ્યો. વિક્રમે વેતાલની મદદથી રાક્ષસને માર્યો અને વિજયદંડ પ્રાપ્ત કર્યો. આ આડકથામાં તંત્રવિદ્યા, રસવિદ્યા (Alchemy) અને સિદ્ધયોગીઓની પરંપરાનું પ્રતિબિંબ વરતાય છે. માનવભક્ષી રાક્ષસની કલ્પનાનું મૂળ, તથા સુમાત્રા આદિ બેટોમાં વસતા માનવભક્ષી આદિવાસીઓમાં હોઈ શકે.

આ ત્રીજા પ્રસ્તાવની પુષ્પિકા આ પ્રમાણે છે:

ઇતિ કલિયુગે કલ્પવિતાર મહાદાતાર શ્રીવિક્રમમહારાજ પંચદંડ છત્રોત્પત્તિ-પ્રસ્તાવે, સિદ્ધિદંડ લાભો, વિજયદંડ, કનકમાલા, જયમાલા લાભ નામા તૃતીયઃ પ્રસ્તાવઃ ૩.

ચોથા પ્રસ્તાવમાં મુનિ માલદેવ વિક્રમે પ્રાપ્ત કરેલ મહાગુણદંડ, રત્નમંજૂષા, તિલકમંજરી અને રત્નમંજરી વિશે વર્ણન કરે છે. આ વાર્તા, પંચદંડની અન્ય કૃતિઓની આ વાર્તા સાથે સામ્ય ધરાવે છે, પણ માલદેવની રચનામાં તિલકમંજરીની જે આડકથા આવે છે તે રામચંદ્રસૂરિ સિવાય બીજી કૃતિઓમાં મળતી નથી. વિક્રમનો પોપટ વિદ્યાવિશારદ, રત્નપુરમાં પોતાના મિત્ર, ગણિકાના પોપટ વિબુધપ્રિય પાસે આવ્યો. વિક્રમ, રત્નમંજરી, રત્નમંજૂષા અને મહાગુણદંડ લઈ રત્નપુરમાં થઈને ઉજ્જયિની જવાનો છે, એ ખબર વિદ્યાવિશારદે વિબુધપ્રિયને કહી. ગણિકાએ પણ પ્રચ્છન્નશ્રવણ કર્યું. બંને પોપટમિત્રોની વાતચીત દરમિયાન વિદ્યાવિશારદે તિલકમંજરીની આડકથા કહી જે નીચે પ્રમાણે છે:

પદમિનીપુરમાં ધનદ નામના શેઠને તિલકમંજરી નામની કુંવરી હતી. એક દિવસ તે સખીઓ સાથે બેઠી હતી ત્યાં રાજા વિક્રમનો પોપટ વિદગ્ધમંડન આવ્યો. તિલકમંજરીએ તેને ઓળખ્યો અને તેની સાથે વિક્રમને નીચેનો શ્લોક પાઠવ્યો:

पद्मां तुला रद्वौ रवतौ तिलकं मञ्जरीयुतं।
मुखे दशांगमालीक्षेपः कारवामोनन्त्वया सुक॥७३॥

આ શ્લોક [illegible] પોપટે વિક્રમને કહ્યો અને વિક્રમે તેનો અર્થ તેની સભાના પંડિતોને પૂછ્યો, પણ કોઈ તેનો અર્થ કહી શક્યા નહિ. ઉજ્જયિનીનો વરરુચિ નામનો દરિદ્ર બ્રાહ્મણ ફરતાં ફરતાં એક વડ નીચે રાતવાસો રહ્યો, તેણે અર્ધી રાતે ભૂતોને વાત કરતાં સાંભળ્યાં કે, 'રાજા વિક્રમે તેના પંડિતોને એક શ્લોકનો અર્થ પૂછ્યો છે, અને પંડિતો તે કહી શકતા નથી, તેથી વિક્રમ સર્વ પંડિતોને મારી નાખશે, જેના પરિણામે આપણને એ પંડિતોના શબનો ખોરાક મળશે.' એક ભૂતે શ્લોકનો અર્થ પૂછતાં, ભૂતના નાયકે તે આ પ્રમાણે કહ્યો:

પોયણપુરમ્મિ નયરે વણિગસુયા તિલયમંજરી નામ,
રત્તા તવમ્મિ નરવર દસમા વરિસા દસમ દિવસે. ૭૧

આ અર્થ વરરુચિએ સાંભળી વિક્રમને કહ્યો. અને વિક્રમે ખુશ થઈ તેને ઘણું

કરવા આવ્યું; સર્વ પંડિતો હારી ગયા. વિક્રમ વેતાલની મદદથી ગોચણપુરિ જઈ તિલકમંજરીને પરણ્યો.

જેમ વરરુચિએ ભૂતોની વાત સાંભળતાં વિક્રમનું કાર્ય સિદ્ધ થયું અને ભૂતોની ખોરાક મળવાની આશા નિષ્ફળ થઈ તેમ પોપટોની વાતચીત સાંભળી, ગણિકાએ રત્નમંજરીને ફસાવી અને વિક્રમને મુશ્કેલીમાં મૂક્યો. વાર્તાની અન્તે પુષ્પિકા આ પ્રમાણે છે:

ઇતિ કલિજુગે કરણાવતાર શ્રીવિક્રમમહારાજ પંચદંડ છત્રોત્પત્તિપ્રસ્તાવે મહાગુણ નામ દંડ મંજૂસા લાભે તિલકમંજરી-રત્નમંજરી નામ ચતુર્થઃ પ્રસ્તાવઃ ૪.

પાંચમા પ્રસ્તાવમાં કવિ બહુગુણદંડ અને સ્ત્રીચરિત્રની વાર્તા આપે છે. રામચંદ્રસૂરિ પહેલાંની 'પંચદંડ'ની સંસ્કૃત રચનાઓમાં, આ વાર્તાને સ્થાને, કુટુંબની તારણહાર પુત્રવધૂની વાર્તા મળે છે. માલદેવની આ સ્ત્રીચરિત્રની વાર્તા રામચંદ્રસૂરિને અનુસરે છે. આનો અર્થ એ કે, ગુજરાતના 'પંચદંડ'કારો પર જેમ રામચંદ્રસૂરિના 'પંચદંડ છત્રપ્રબન્ધ'ની અસર છે, તેમ માલદેવ અને અજ્ઞાત 'પંચદંડ ચતુષ્પદી'કાર જેવા રાજસ્થાની કવિઓ પર તેની પ્રબળ અસર છે. કોરી કંદોયણે વિક્રમને જે દંડ આપ્યો તેનું નામ રામચંદ્રસૂરિએ જ્ઞાનદંડ આપ્યું છે, નરપતિ, લક્ષ્મીવલ્લભ અને અજ્ઞાત 'પંચદંડ ચતુષ્પદી'કારે તેને કામદંડ કે કામિકદંડ કહ્યો છે, શામળે તેને પ્રતાપદંડ નામ આપ્યું છે, જ્યારે માલદેવ તેને બહુગુણદંડ તરીકે ઓળખાવે છે. વાર્તાની અન્ય વિગતો બધી કૃતિઓની આ વાર્તા સાથે ઘણું સામ્ય ધરાવે છે; જો કે માલદેવ, વૃદ્ધ ધનશેઠની યુવાન પત્નીનું નામ મણિમંજરી આપે છે, જ્યારે અન્ય રચનાઓમાં તેનું નામ રત્નમંજરી આપેલું છે. મણિમંજરીને કવિએ કોરી કંદોયણની શિષ્યા તરીકે તેમ જ સિદ્ધવિદ્યાની જાણકાર તરીકે નિરૂપી છે તે વિગત અન્ય રચનાઓથી જુદી પડે છે. વાર્તાનો અન્ત કવિ આ પ્રમાણે આપે છે:

વહુગુણ નામ દંડ દીયઉ, નામ જિસઉ પરિણામ, સુ૦,
ચિરંજીવ કોરી કહઇ, ભૂપ ગયઉ નિજ ઠામિ, સુ૦. ૬૬
કહઉં દેવ્યાદમની આગઇ રાઉ ચઉ દિયઉ આદેસ, સુ૦,
ચિરંજીવ કોરી કહઇ 'વિક્રમ જગતિ નરેસ,' સુ૦. ૬૭

ઇતિ કલિજુગે કરુણાવતાર મહાદાતાર શ્રીવિક્રમમહારાજ પંચદંડ છત્રોત્પત્તિપ્રસ્તાવે બહુગુણદંડલાભાધિકારે સ્ત્રીચરિત્રપ્રતિબોધક નામો પંચમ પ્રસ્તાવઃ ૫.

છઠ્ઠા પ્રસ્તાવમાં, વિક્રમ કામિકદાતાર, તમોહર અને વિષહર એ ત્રણ દંડ અને નાગરાજની કુંવરી શૃંગારસુંદરી આદિ પાંચ સ્ત્રીરત્ન પ્રાપ્ત કરે છે. આ વાર્તાનું વસ્તુ 'પંચદંડ'ની સર્વ સંસ્કૃત, ગુજરાતી અને રાજસ્થાની કૃતિઓમાં લગભગ એકસરખું છે. આ પ્રસ્તાવમાં કવિએ વિક્રમને ઉપર્યુક્ત ત્રણ દંડ પ્રાપ્ત કરતો વર્ણવ્યો છે. પહેલા પ્રસ્તાવમાં કરમોચનીદંડ, ત્રીજા પ્રસ્તાવમાં સિદ્ધદંડ અને વિજયદંડ, ચોથામાં મહાગુણદંડ, પાંચમામાં બહુગુણદંડ અને અને છઠ્ઠા પ્રસ્તાવમાં કામિકદાતાર, તમોહર અને વિષહરદંડ, એમ કુલ આઠ દંડ વિક્રમે પ્રાપ્ત કર્યા હોય એમ કવિ વર્ણન કરે છે, પણ નીચેની પંક્તિઓ જોતાં મહાગુણ-દંડ, તમોહરદંડ કે મણિરત્નદંડ એ ત્રણેય નામ દંડના એક જ પ્રકારનો દર્શાવે છે, અને કામિકદાતાર, કરમોચની કે બહુગુણ દંડ પણ એક જ દંડના ત્રણ ભિન્ન નામ છે. એ પ્રમાણે કુલ પાંચ દંડ થઈ રહે છે:

પહિલઉ ઞાસિદ્ધદંડ દૂજઉ કામિકદાતા,
ત્રીજઉ આણ્યઉ દંડ વિજય નામ વિખ્યાતા. ૧૨૩૫
ચઉત્થઉ વિષહરદંડ, દંડ મણિરત્ન પંચમ,
પંચદંડ કઉ છત્ર સાજ્યઉ અધિક મનોરમ. ૧૨૩૬

વિક્રમે નવ સ્ત્રીરત્ન પ્રાપ્ત કર્યાં તેઓનાં નામ નીચે પ્રમાણે છે:
દેવદમની (કૃતિમાં 'દેવદમનિકા' છે.), ગોમતી, જયંતુ, શૃંગારસુંદરી, જયમાલા, હરિનાલી, કનકમાલા, હિરણ્યકાળાલી, રત્નમંજરી.

વિક્રમના પરાક્રમથી પ્રસન્ન થઈ ઇન્દ્રે વિક્રમ માટે 'વિશ્વમોહન સિંહાસન' મોકલ્યું. કવિ કહે છે:

કરિ પ્રણામ સુર કહઈ વિશ્વમોહનુ સિંહાસનુ,
ઇન્દ્રિ મોકલી ભેટિ, એહ અપૂરવ આસન. ૧૨૪૭
બત્રી પૂતલીયુક્ત વાત કહી સવ જાણી,
તુઝ સમ અઉર ન કોઇ કલિજુગિ અઇસઉ પ્રાણી. ૧૨૪૮
કરહિ કુશમકી વૃષ્ટિ, દંડ અધિષ્ઠિત દેવા,
બાકૂ પઢઈ વેતાલ કરહિ સવિ મિલિ સેવા. ૧૨૪૯
વિક્રમ પંચમ લોકપાલ સુજસુ જગિ છાયઉ,
બઇસઈ આસનિ તિસી, સ્વર્ગલોકથી આયઉ. ૧૨૫૦
કુણ સંધારઉ મોટિ હોનિ પ્રગટ જગિ ગાયઉ,
તાતેં વિક્રમાદિત્ય આયઉ એમ કહાયઉ. ૧૨૫૧

દેઇ સર્વ આસીસ જગતિ જિ કે નરનારી,
સસિરવિલગુ થિરુ રહઉ શ્રીવિક્રમ ઉપગારી. ૧૨૫૨

ઇતિ કલિયુગે કલ્પાવતાર મહાદાતાર શ્રીવિક્રમમહારાજ પંચદંડ-છત્રોત્પત્તિપ્રસ્તાવે કામિકદાતાર નામા દંડ લાભાધિકારે મનોહર-વિષહર-દંડ પ્રાપ્તિ, ગોમતી પ્રમુખ પાંચ સ્ત્રીરત્ન પરિણયન નામ ષષ્ઠઃ પ્રસ્તાવ સંપૂર્ણ.

ઉપર્યુક્ત પંક્તિઓમાં 'અગ્નિ પટઇ વેતાલ' એ શબ્દો દ્વારા કવિ માલદેવ જાણે અગ્નિ વેતાલે કહેલી 'પંચદંડ'ની વાર્તા પોતે જાણે ફરી રજૂ કરતા હોય એમ ફલિત થાય છે; પણ એમ હોય તો વિક્રમની સેવામાં સદૈવ હાજર રહેનાર સિદ્ધયોગીની મૂર્તિ સમો વેતાલ કોણ? શું અગ્નિ વેતાલ અને વિક્રમનો સહાયક સિદ્ધ વેતાલ એ એક જ વ્યક્તિનાં બે પાસાં હશે? આ કોયડો હજી અણઉકલ્યો જ છે.

સાતમા પ્રસ્તાવમાં 'પંચદંડ' સાથે સંબંધ ધરાવતી વાર્તા કે **પ્રસંગો** આવતા નથી, પણ સિદ્ધસેન દિવાકર જેવા આચાર્યના પ્રભાવથી વિક્રમને જૈન ધર્મ પ્રત્યે શ્રદ્ધા ઉત્પન્ન થવી, દયા અને પરોપકારના સદ્ગુણોનું નિરૂપણ કરતી ભૂતવાહનની કથા, શાલિવાહન સાથે સંગ્રામ થતાં વિક્રમનું પરલોકગમન, અને વિક્રમના પુત્ર વિક્રમસેનનો રાજ્યાભિષેક — આ વિષયો અને પ્રસંગોનું નિરૂપણ આ પ્રસ્તાવમાં કરવામાં આવ્યું છે. આ પ્રસ્તાવની પુષ્પિકા આ પ્રમાણે છે:

ઇતિ કલિયુગે કલ્પાવતાર મહાદાતાર શ્રીવિક્રમમહારાજ પંચદંડછત્રોત્પત્તિકથાપ્રસ્તાવે સિદ્ધસેનાચાર્યગુરુસંગતિ જૈનધર્મપ્રાપ્તિ, પૂર્વજન્મપ્રશ્ન - ભૂતવાહનકથાવ્યાખ્યાન, શાલિવાહનસંગ્રામ - પરલોકગમન, વિક્રમસેનપુત્ર - રાજ્યસ્થાપનાધિકારે નામા સપ્તમઃ પ્રસ્તાવઃ

કવિએ સાતમો પ્રસ્તાવ જાણે વિક્રમનું આખું ચરિત્ર આપવાના હેતુથી 'પંચદંડ'ની વાર્તા સાથે મૂક્યો હોય એમ લાગે છે; પણ જે અર્થમાં દેવમૂર્તિએ અને શુભશીલગણિએ 'વિક્રમચરિત્ર મહાકાવ્ય' આપ્યાં છે તે અર્થમાં માલદેવની કૃતિ 'વિક્રમચરિત્ર' નથી. માલદેવે વિક્રમના ચરિત્ર સાથે સંકળાયેલી કેટલીક કથાઓ અને પ્રસંગોને અતિ આછી રૂપરેખામાં આ પ્રસ્તાવમાં ગૂંથ્યાં છે.

કવિ માલદેવની 'પંચદંડછત્રોત્પત્તિકથા' 'પંચદંડ' વિષયક પ્રાપ્ત રચનાઓમાં

એક વિશિષ્ટ કાવ્યમય રચના છે. માલદેવ સંસ્કૃત અને પ્રાકૃતના વિદ્વાન છે અને એક મૌલિક કવિ છે, એમ આ રચનામાં સ્થળે સ્થળે પ્રાપ્ત થતી કાવ્યમય પંક્તિઓથી વરતાય છે:

સાહસિયાહેં લચ્છી હવઇ, નવિ કાયર પુરિસોહ,
કાનિહિં કુંડલ રાગ કરઇ, અંજણુ પુણ નયણોહ. ૫૯૯

* * * * *

જ્યાં જલબિંદુ સામાં, સંગાતીઓ તરંગલોલાઓ,
સુવિણય સમંચ વિમાં કો ધામાં વિલંબણં કુણઇ. ૬૧૬

* * * * *

વિદ્યા ગુણ-વાની મિલી મૃગમદપરિમલ માલ,
તૈલબિંદુ જલમાંહિ જિઉં પસરઇ જગતિ વિસાલ. ૬૩૫

* * * * *

માલ ન ગુણ છાનઉ રહઇ, નિંદઉ મિલિ મતિમંદ,
લઈ કૂંડઇ કરિ છાઇયઇ છાપઉ રહઇ કત ચંદ. ૬૩૭

છઠ્ઠા પ્રસ્તાવમાં, નાગરાજ કન્યા શૃંગારમંજરીનો પતિ કુબડો હતો, જ્યારે શૃંગારસુંદરીનું સૌંદર્ય અનુપમ હતું. આ બેની સરખામણી કરતાં કવિ કહે છે:

ઐરાવતિ-રાસભકઉ અંતરુ, કહં જંબુક અરુ સિંહ પટંતરુ,
કહાં ગરુડ, ચિડઉ કહાં વપુ રઉ, કહાં સમુદ્ર-છીલર સમ ન કરઉ. ૧૧૪૧
કાચ અંમૃત સમઉં જિમ અંતરુ, ધત્તુરઉ જિમ કહિયઇ સુરતરુ,
ચિંતામણિ અંતર જિઉં કાકર, અંતર તિસઉ ગુણ નહીં આકર. ૧૧૪૨

* * * * *

એવી કલ્પતરુ જોગિ, મહા કટુક ફલ પાયઉ,
તાત્રિ કરઉં ચિરછેદુ ઇહુ તરુ ચિત્તિ ન ભાયઉ. ૧૧૯૯

માલદેવ દુહા અને ગાથાનો છૂટે હાથે ઉપયોગ કરે છે. સ્વતંત્ર સુભાષિત તરીકે ટાંકી શકાય તેમ જ વાતરસને પોષક એવા ઘણા દુહા અને ગાથાઓ, આ કૃતિમાં અને કવિના પુરંદર રાસમાં પ્રાપ્ત થાય છે. આ કવિ પ્રાકૃત ગાથાઓ અને પ્રાચીન ગુજરાતી તેમ જ રાજસ્થાની દુહાઓ દ્વારા ચિંતનકણિકાઓ વેરતા જાય છે અને વાતરસને ચિંતનથી સમૃદ્ધ કરતા જાય છે. આ રચનામાંની કેટલીક ગાથા અને દુહા નીચે પ્રમાણે છે;

દુહા

દુપ ઊપરિ જઇ બાહુરિ દુખુ, આસા હોઇ નિરાસ,
તઉ કુંનિ માલ ન સાચુ તજિ, જિઉં સઉ લિઉં પંચાસ. ૧૧૭૦

× × × × ×

હંસા! ન ભોલા થાઇયઇ, ભવિ ભોગિયઇ સરીરુ,
જગુ સગલઉ ડહલઉ પિવઇ, બહિનિ ન નિર્મલિ નીર. ૧૧૭૩

× × × × ×

વરસઇં વહુતા મેહજલ, હોહિ અન્ન તૃહ સોહ,
જિસ તોં મોતી ઊપજઇં સુ તઉ સ્વાતિકઉ મેહુ. ૧૩૬૬

ગાથા

रयणायरतीरि वसन्तयाण जं च दालिद्दं।
सा रयणायरलज्जा णवि लज्जा ताण पुरिसाणं ॥१२८३॥

× × × × ×

दीसन्ति जच्छकच्छावि मूढाजूहेण मंडिया हरणा।
महमहइ जेण भुवणं कच्छाविकच्छूरिया विरला॥१३६१॥

× × × × ×

दाणदाणेण य कित्ती सा कित्ती भमणाण ण भङ्गम्मि।
जा अभयदाण-कित्ती सा कित्ती तिहुयणे सयले॥१४७१॥

આ કૃતિ ચોપાઈ, દુહા, ગાથા અને દેશીઓમાં રચાઈ છે. અન્ય કૃતિઓમાં દરેક પ્રસ્તાવદીઠ કડીઓની સંખ્યા જુદી આપેલી છે, જ્યારે આમાં આખી કૃતિની કડીઓ, શ્લોક, ગાથા આદિનો સળંગ ક્રમ આપેલો છે, અને એ રચનાની કુલ ગ્રન્થસંખ્યા ૧૭૩૭ છે. આની હસ્તપ્રતમાં પહોળા-વિવૃત ઉચ્ચાર માટે ૮ આવું ચિહ્ન દર્શાવ્યું છે. અન્ય 'પંચદંડ'કારોની તુલનાએ માલદેવ પૂર્ણિમાગચ્છીય રામચંદ્રસૂરિ, નરપતિ, લક્ષ્મીવલ્લભ અને શામળ સાથે સામ્ય ધરાવે છે; રામચંદ્રસૂરિ અને શામળે પોતાની કૃતિઓ સુભાષિતોથી ખચિત કરી છે, જ્યારે નરપતિ અને લક્ષ્મીવલ્લભે લાંબાં ઓઠવટભર્યાં વર્ણનોથી માલદેવે લાંબાં વર્ણન નથી આપ્યાં, પણ કૃતિના કદ જેટલાં જ બીજાં દુહા અને ગાથારૂપી સુભાષિતો કૃતિમાં ગૂંથ્યાં છે; આથી તેની 'પંચદંડછત્રપ્રબંધ'–'વાર્તા કથા' એ વાર્તાની કૃતિ હોવા કરતાં સુભાષિત-સંગ્રહ જેવી છાપ પાડે છે. સુભાષિતોનો ઉપયોગ કરવામાં કવિએ સહેજ વિવેક દાખવ્યો હોત તો

એ ચિંતનકણિકાઓ ઓર દીપી ઊઠી હોત. 'પંચદંડ'ના કેટલાક કવિઓમાં મધ્યકાલીન કવિઓની જે રૂઢ કાવ્યરીતિ, વર્ણનપદ્ધતિ અને નિરૂપણરીતિ દેખાય છે તેનાથી માલદેવ જુદા પડે છે, અને રૂઢ પદ્યકાર નહિ પણ એક સાચા કવિ તરીકે તે આપણી સમક્ષ રજૂ થાય છે. ભાષા, ભાવ અને છંદની પ્રૌઢિ તેમજ શબ્દાલંકાર અને અર્થાલંકારનો ઔચિત્યભર્યો ઉપયોગ, રચનાને એક સુંદર કાવ્યકૃતિ બનાવે છે. સુભાષિતોનો વધુ પડતો ઉપયોગ બાદ કરીએ તો, 'પંચદંડ'ની કૃતિઓમાં માલદેવની કૃતિ તેના કાવ્યમયતાના કારણે વિશિષ્ટ સ્થાન ભોગવે છે.

[૧૧]

કવિ રાજધર-પ્રણીત

વિક્રમપ્રબન્ધ

(ઈ.સ. ૧૬૨૧ આસપાસ)

આ કૃતિ દ્વારા આપણને રાજધરનો પરિચય થાય છે. તે ઉપરાંત, 'કવીશ્વર દલપતરામ હસ્તલિખિત પુસ્તકસંગ્રહની સૂચિ'માં[૭૮] સ્વ. શ્રી હીરાલાલ ત્રિ. પારેખે રાજધરના 'ચંદ્રહાસ આખ્યાન' (ર.સં. ૧૬૨૧)ની હસ્તપ્રતોનો પરિચય આપ્યો છે, તે રાજધરનો પરિચય કરાવનાર બીજી કૃતિ છે. રાજધરના 'ચંદ્રહાસ આખ્યાન'ની પુષ્પિકા આ પ્રમાણે છે:

સંવત એકવીસો સહી તે અંગિરાજ સંવત્સર નામનિ;
હું તો બાલક બંદીજન સહી એમ દાખે રાજધર દાસનિ.[૭૯]

આમ, 'વિક્રમપ્રબન્ધ' સિવાય, સં. ૧૬૨૧માં 'ચંદ્રહાસ આખ્યાન'ની રચના કરનાર રાજધર પોતાની જાતને 'બાલક બંદીજન' કહે છે. તે ઉપરથી એમ ફલિત થાય છે કે રાજધરે 'ચંદ્રહાસ આખ્યાન' રચ્યા પછી 'વિક્રમપ્રબન્ધ'ની રચના કરી હશે. પોતાને 'બંદીજન' કહે છે તે પરથી તે ભાટ કે ચારણજ્ઞાતિનો હોવાની સંભાવના છે. ઉપર્યુક્ત બે કૃતિઓ આપનાર રાજધરના નામ સાથે તેમ જ ભાષાની લઢણમાં પણ સામ્ય ધરાવનાર યશોધર નામના બ્રાહ્મણે પણ સોળમા સૈકાના અન્તમાં 'પંચતંત્ર'નો જૂની ગુજરાતી ગદ્યમાં અનુવાદ કરેલો છે, (જેની સમીક્ષિત વાચના વડોદરા યુનિવર્સિટીના ગુજરાતી વિભાગ તરફથી પ્રસિદ્ધ થનાર છે), પણ રાજધર અને યશોધર ક્યા પ્રદેશના હતા તે જાણવામાં આવતું નથી. છતાં બન્નેની ભાષા જોતાં, તેઓ રાજસ્થાનના કોઈ પ્રદેશના હોય તે અશક્ય નથી. અજ્ઞાત ગુજરાતી ગદ્યકાર-વિરચિત 'પંચદંડ કથા' (કૃતિ નં. ૧૪) અને અજ્ઞાત કવિકૃત 'પંચદંડની વારતા'ના ભાષા પણ ઉપર્યુક્ત બન્ને કવિઓની ભાષા સાથે સામ્ય ધરાવે છે.

'વિક્રમપ્રબન્ધ' સ્વ. શ્રી રણજિતરામ મહેતાએ, ઈ.સ. ૧૯૦૯-૧૦ના 'બુદ્ધિપ્રકાશ'ના અંકોમાં પ્રસિદ્ધ કર્યો છે. આનું સંપાદન કરતાં, સ્વ. શ્રી રણજિતરામ લખે છે:

---

૭૮. પારેખ, હીરાલાલ ત્રિ., 'કવીશ્વર દલપતરામ હસ્તલિખિત પુસ્તકસંગ્રહની સૂચિ', પૃ. ૩૪

૭૯. એ જ, પૃ. ૨૦૭

"રા. રા. કેશવલાલ હર્ષદરાય ધ્રુવે મને એક ચોપડો આપ્યો છે તેમાં કવિ રાજધરનો 'વિક્રમપ્રબંધ', 'પંચોપાખ્યાન'નું ગદ્યાત્મક ગુજરાતી ભાષાંતર વગેરે ઉતારેલાં છે. 'વિક્રમપ્રબંધ' નડીઆદના બારોટ વાઘાજી કેશવદાસે સં. ૧૭૫૧માં ઉતાર્યો છે. આ પ્રબંધની કથા અને સામળની 'પંચદંડની વાર્તા' એક જ છે. સામળમાં ચરણના લેખકો પણ ઘણા હતા એવું આથી સિદ્ધ થાય છે. વચ્છરાજ અને રાજધર સિવાય બીજા ઘણા હજુ નીકળી આવશે.

એક જ નકલ ઉપરથી આ પ્રબંધ છાપવામાં આવ્યો છે. શરૂઆતમાં ચારેક પાનાં ચોપડામાં નથી એટલે પ્રબંધનો આરંભ વચ્ચેથી થાય છે. જોડણી બનતાં સુધી ચોપડાની કાયમ રાખી છે. છંદોભંગ સુધારવાની ફિકર લીધી નથી." — સં.[૯૦]

સ્વ. રણજિતરામ આ કૃતિના સંપાદનમાં કંઈ એમ માનતા જણાય છે કે, આ રચના તો સામળની પણ રાજધર જેવા કોઈક લહિયાએ અંતની પંક્તિઓ લખી, પોતાનું નામ તેમાં મૂક્યું હશે. સામળ અને રાજધરની 'પંચદંડની વાર્તા' એક જ છે, એવું કથન કરતાં સ્વ. રણજિતરામ બન્ને કૃતિઓ વચ્ચે રહેલો તફાવત જોઈ શક્યા નથી એટલું જ નહિ પણ તેમનો એ ખ્યાલ પણ નહિ હોય કે સામળ પહેલાં આશરે અઢારેક કવિઓએ (ઉપલક નજરે એકસરખા જણાતા પણ ખરેખર તો જુદા પડતા વાર્તાવસ્તુમાં) 'પંચદંડની વાર્તા' સંસ્કૃત, રાજસ્થાની અને ગુજરાતી ભાષામાં આલેખી છે.

આ કૃતિની હસ્તપ્રત મેળવવા મેં ભારતીય વિદ્યાભવન, મુંબઈ (કે જ્યાં સ્વ. રણજિતરામનો પ્રસિદ્ધ-અપ્રસિદ્ધ કૃતિસંગ્રહ રાખવામાં આવ્યો છે) અને ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ (કે જ્યાં સ્વ. કે. હ. ધ્રુવનો હસ્તપ્રતોનો સંગ્રહ રાખવામાં આવ્યો છે.) માં તપાસ કરી પણ ત્યાંથી સ્વ. શ્રી. રણજિતરામે ઉપયોગમાં લીધેલી કે બીજી આની હસ્તપ્રત મળી નથી. 'બુદ્ધિપ્રકાશ'માં, ચાર હપ્તામાં પ્રસિદ્ધ થયેલ આ કૃતિ હજી અધૂરી જ પ્રાપ્ત થાય છે.

૧૧૩મી કડીથી કૃતિ શરૂ થાય છે:

૯૦. 'બુદ્ધિપ્રકાશ' પુસ્તક ૫૬, સપ્ટે. ૧૯૦૯ (પૃ. ૨૭૩-૨૭૯), ઑક્ટો. ૧૯૦૯ (પૃ. ૩૧૮-૩૧૯) માં 'વિક્રમપ્રબંધ' પ્રસિદ્ધ થયેલ છે; વળી જુઓ 'બુદ્ધિપ્રકાશ' જાન્યુ. ૧૯૧૦ (પૃ. ૩-૭), ફેબ્રુ. ૧૯૧૦ (પૃ. ૫૬-૫૯)

ભટરાજ એ આણી હૈયિ, આપણ દસ ઊજેણી જૈયિ;
જો પરમેસ્વર કરિ પસાઓ, તો તૂ ભારટ નિ હૂ રાઓ. ૧૧૭
જો રામ પામાએ રાજ્ય, પીતા ભગ્રા જેવાનૂ પૂન્ય;
ભટ બંદણ તૂ સાંભલ્ય ભ્રાત, એ સાચવી કો ઉત્યમ જાત્ય. ૧૧૮

આ રીતે શરૂ થતાં આ કૃતિના આઠ ખંડમાં પંચદંડની વાર્તા શરૂ થતી નથી, પણ વિક્રમે અગિયા વેતાલને કેવી રીતે વશ કર્યો તેનું વર્ણન આપવામાં આવ્યું છે.

વિક્રમ તેના ભાંટ મિત્ર સાથે ઉજ્જયિની જાય છે; ત્યાં તેને બુદ્ધિવિશાલ નામનો બ્રાહ્મણ પણ મળે છે. તેઓએ એક વિધવા સ્ત્રીને રુદન કરતી જોઈ. તેના રુદનનું કારણ પૂછતાં વિધવાએ કહ્યું કે, "આ નગરી રાત્રે એક વેતાલ આવે છે તેણે સર્વ રાજકુટુંબનો નાશ કર્યો અને નગરમાંથી પણ તે એકેએક મનુષ્યનું ભક્ષણ કરવા લાગ્યો. આથી હવે એમ ઠરાવવામાં આવ્યું છે કે દરેક કુટુંબ દીઠ એક માણસે વેતાલના ભક્ષ તરીકે જવું. તે પ્રમાણે મારા એકના પુત્રનો આજે મરવાનો વારો હોવાથી હું રુદન કરું છું." વિક્રમે પોતે તેના એકના પુત્રને બદલે ભક્ષ તરીકે જવા તૈયારી બતાવી. એટલામાં રાજસેવકો આવી વિક્રમને દરબારમાં લઈ ગયા અને તેનો રાજા તરીકે રાજ્યાભિષેક કર્યો. વિક્રમે રાત્રે મનુષ્યના ભક્ષણ માટે આવનાર વેતાલ માટે રહેવાને સ્થળે માંસ, ભાજાં, લાડુ, પકવાન, ખીર, ખાજા મુકાવ્યાં. રાત્રે વેતાલ આવ્યો અને ઉપર્યુક્ત ભોજનસામગ્રી ખાઈ તૃપ્ત થયો. વેતાલે પ્રસન્ન થઈને વિક્રમને વરદાન માગવા કહ્યું. "જ્યારે જ્યારે મદદની જરૂર પડે ત્યારે તને યાદ કરતાં તારે મને મદદ કરવા આવવું પડશે," એમ વિક્રમે માગણી કરતાં, વેતાલ તેમ કરવા કબૂલ થયો.

વિક્રમ રાજા થયો એટલે તેની માતા રત્નલતા કે જે પરદેશ હતી તે ઉજ્જયિની આવી. વિક્રમ તેના ચરણે પડ્યો અને સર્વ રાજલોકે તેને બહુમાન આપ્યું. આ પહેલા ખંડના અંતમાં કવિ કહે છે:

કરઈ રાજઈંદ્ર કિંહિ કરા પ્રમાણ, વીક્રમ હેતલ્યુ જાણ;
નંદગો સંકેતિ વસ્તાર, આદ પંડ્યાડક તણો અધિકાર. ૧૯
ઇતિશ્રી વીક્રમપ્રબંધે આદ્ય ખંડ સંપૂરણ હો:
શુભં ભવતુ કલ્યાણમસ્તુ

ત્યાર પછી બીજા ખંડમાં, કવિ ગામાકૃસૂરિ, ગણપતિ અને શામળની સ્તુ

ઉજ્જયિની અને વિક્રમનાં વખાણ કરે છે. બીજા ખંડના શરૂઆતમાં કવિ કહે છે:

મુરલધાહી

એહ અનંતર ઉચર્યો, પાવન કથા પવિત્ર;
રીઝ હૈયા આદર કરો, ગંધ્રકનું ચરિત્ર. ॥
રાજ ગંધ્રવ રંજ્યો, નારી દેખી નરેશ;
પણ કન્યા નવ પરણીઇ, પામ્યા[૮૧] પંચ ઉદ્દેશ. ૯૨

ચોપાઈ

આક્રમ વિક્રમતણું પ્રમાણ, ખંડખંડના જીત્યા રાણ;
એવા એક ઝૂઝાઈ કમ, માહા વીરબળીના જે સમ. ૧૯૯

* * * *

શ્લોક

કૃતુ જુગે બલીદાતા, ત્રેતાયાં રઘુનંદનં।
દ્વાપરે કરણ વીખ્યાત, કળુજુગે વીક્રમાર્ક॥૫॥

ચોપાઈ

કૃતુ જુગ બળદાતા કહેવાઇ, ત્રેતામાંહી રઘુનંદન રાઇ;
દ્વાપર કરણ માહા દાતાર, વળી કળુજુગે વીક્રમ વીર. ૨૦૦

* * * *

॥ઇતી શ્રીવિક્રમ આક્રમકથા॥

ઉપર્યુક્ત પંક્તિઓમાં વિક્રમપ્રશસ્તિ આપ્યા પછી કવિ ઉજ્જયિની-પ્રશસ્તિ આપે છે:

અથ નગ્રનું વાખાણ

ચોપાઈ

વસ્ત નગર અવંતી મોટૂં નામ, સ્થાનક મુગત્ય સાતમો ઠામ;
અડસઠ્ય તીરથ માહા અપાર, પાવન પુન્ય તણો નહીં પાર. ૨૦૧

શ્લોક

અયોધ્યા મથુરા માયા કાશી કાંચ્ચી અવંતીકા।

---

૮૧. આ સ્થળે પહેલાં સંપાદક: સ્વ. શ્રી. રણજિતરામે કૌંસમાં 'આ' મૂકેલો છે તે બરાબર નથી.

૮૨. આ બીજા ખંડની શરૂઆતમાં કડીઓના ક્રમાંક દર્શાવે છે કે પહેલા ખંડમાં પણ આવા આંક કર્યા હશે.

પૂરો વ્હોરાગતી શોભા સરવૈને મોહદાયક ॥૬॥
એક હાસો કાંતી એહ, બીજો પૂરો રાખતી તેહ;
મારગ ચાલ્યા તણા કૈલાસ, ગણ ચાલ્યા ચૂલ ગાઢ્યા પ્રકાર. ૧૧૦

આ સર્વ રચનારણ જોતાં, કવિની ભાષા રાજસ્થાનીની અસરવાળી જણાય છે. 'સોપારી'નું 'સોપો', 'નવ'નું 'નવ્ય', 'પવિત્ર'નું 'પવિત્ર', 'કર્મ'નું 'કરમ', 'અધિકારી'નું 'અધિકાર' આ સર્વ રૂપ રાજસ્થાનના કોઈ પ્રદેશની અસર દર્શાવે છે. વળી કવિની ભાષા પર લોકબોલીની પ્રબળ અસર જણાય છે. કવિની કથનશૈલી સચોટ છે. આ કવિએ, નરપતિના 'પંચદંડ'ની કૃતિ જોઈ હોય તેમ, કૃતિની વચ્ચે વચ્ચે આવતા સંસ્કૃત શ્લોક અને 'સોરઠો', 'સુરવછાહો' આદિ જેવા છંદોનો ઉપયોગ, ખંડની શરૂઆત કે અન્તમાં કવિના નામનો ઉલ્લેખ, આ સર્વ કૃતિનાં ઘટકો નરપતિની રચના સાથે સારી પેઠે સામ્ય ધરાવે છે. ડાહીલક્ષ્મી લાયબ્રેરી, નડિઆદમાંથી મળેલી, અજ્ઞાત કવિકૃત 'પંચદંડ'ની એક હસ્તપ્રત (કે જેના પર રાજસ્થાની ભાષાની અસર છે)માં જે શ્લોક મળે છે તે જ રાજધરના આ પ્રબન્ધમાં મળે છે:

કલજુગો બલલદાંતા ચોહેત્યાસૌ રઘુનંદનં ।
દ્વાપરે કંણ વીશાત્યાં કુંભજુગે વીર વીક્રમ ॥૭૨॥
— અજ્ઞાત કવિ

કલ્જુગે બાલીહતા, ત્રિતાયાં રઘુનંદનં !
દ્વાપરે કરણ વીશાલ, કળજુગે વીક્રમાર્ક ॥૫॥
— રાજધર

ઉપર કહ્યું તેમ, આ કૃતિનો આરંભનો થોડો ભાગ નથી, અને છેવટનો ભાગ 'બુદ્ધિપ્રકાશ'માં છપાયો નહીં; એટલે આ પ્રબંધનો વચ્ચેનો જે ભાગ 'બુદ્ધિપ્રકાશ'માં પ્રગટ થયો છે, તે પ્રગટ ભાગનો સારાંશ આ પ્રમાણે છે:

'પંચદંડ'નું રહસ્ય જાણવાની ઇચ્છાથી વિક્રમ ગાંછણ દમનીના આદેશ પાળવા તૈયાર થાય છે. પ્રથમ આદેશ પ્રમાણે વિક્રમ, દમનીની પુત્રી દેવદમની સાથે દ્યૂત રમી, તેને હરાવી તેની સાથે પરણવાનો છે. દ્યૂત રમતાં વિક્રમ દેવદમનીને જીતી શકતો નથી, ત્યારે રાજા ગંધ્રાનિયાને સ્મશાનમાં દેવોની સહાય મેળવવા જાય છે. ત્યાં રાક્ષસો અનેક ભૂત, પ્રેત

નૃત્ય કરતાં જોયાં. અહીં સુધી જ વાર્તાનો ભાગ 'બુદ્ધિપ્રકાશ'માં પ્રસિદ્ધ થયો છે. પ્રસિદ્ધ થયેલ ભાગ પરથી પણ કૃતિ અને કવિનું વ્યક્તિત્વ વરતાઈ આવે છે. નરપતિ, રામચંદ્રસૂરિ, લક્ષ્મીવલ્લભગણિ અને ભાણવિજયગણિની માફક રાજધરને લાંબાં વર્ણનો કરવાની સારી ફાવટ જણાય છે. દેવદમની શણગાર સજીને વિક્રમના મહેલમાં દ્યૂત રમવા જાય છે ત્યારે કવિ તેનું વર્ણન કરે છે:

શ્લોક

આદૌ મંજન હારચાર તલકં નેત્રાંજનં કુંડલં,
નાસા મૌક્તિક પુષ્પ પમાલકરલં, ઝંકારવનેપૂરં,
અંગે ચંદનલેપનં કુચમણી ક્ષુદ્રાવલી ઘંટીકા,
તાંબોલં કરદરપણં ચાતુર્ત વચબણે સંસાર કરતાં ષોડસ્યં.૮

ચોપૈ

- - - - - - - - - - - - - - - -

સૂ દીઠો રાજા મન્ય રંગ, સુખ ઉપજિ દૂકનો ભંગ, ૨૭૧
દેવદમન ક્યાંના દેવની, મુખ દેખી વસ્વમોહની;
સોલ સંગાર સજ્યા સવરાંગ, રાંમા દેહ ચંપકનો રંગ. ૨૭૨
ચાંનગવેણી, મણ્યરાખડી, તપતી આડ્ય કનકટીલડી;
ભજિ માંગ સીંદૂરિ ભરી, સુર જાણે શ્રૃંગ સજ કરી. ૨૭૩
ભ્રયનંગ સોભાંત્ય સચંગ, ભજિલિ કમલ્યા જાણે બિઠા ભૃંગ;
કરણે કુંડલ ઢલઢલકત, ઝાઝા મુગતાફલ ઝલકંત. ૨૭૪
વીક ભમર કોદંડ વસેક, રચ્યો ગણ અંજનરેખ;
નાંખિ બાણ કરાખો કરી, સબદવેધી કહીઈ સુંદરી. ૨૭૫
નાસા દીપ, દસણ મણ્ય દોત, જાણે દસંતા વદજોત;
વીનતા અંમ્રત વદિ વચંન, કોકીલ જાણે કૂહૂકિ વંન. ૨૭૬
પક્વ બિંબર હોઠ પ્રમાંણ, કંઠ કપોત સકોમલ જાણ્ય;
વદન પૂરણમા ચંદ વીસાલ, મણ્ય હારના ઝનીમાલ. ૨૭૭
કનકકુંભ કૂચ અંમ્રત કાજ, શ્રીવર ઉરવર રચ્યો સાજ;
સોહિ કંચૂઓ જડીત સુરાં(રં)ગ, તંબૂ જાણે તાંણ્યા અનંગ. ૨૭૮
કોમલ ગ્રવલી પગથાહરી, શોભ અનંગનિ કાજે કરી;

૮૩. 'સુરંગ' શબ્દથી છંદ અને અર્થ બરાબર સ્પષ્ટ થાય છે, એટલે આ '(રં)' સંપાદકે ભૂલથી મૂક્યો હોય એમ જણાય છે.

ન વીંધા શોધન નીરધાર, વાયુ ત્રિહિવા તણો વ્યાપાર. ૨૨૮
બાડી કમલ ચક્ર જેમ રંગ, બરપત્ય ભાંતિ નીલીરંગ;
રવીમંડલ એ મોટો રાઈ, તોલિ નહિ કો ત્રીલોકમાંઈ. ૨૨૯
સિદ્ધિરાજકેરો સણગાર, અવનીલોક તણો આધાર;
- - - - - - - - - - - - - - - - ૧૩૦

વિક્રમનું આ વર્ણન, વિક્રમને રાજ કરતાં વિદ્યાધર તરીકે આપણી સમક્ષ રજૂ કરે છે.

રાજધરની આ જૈનેતર કૃતિનો કેટલોક ભાગ, સત્તરમા શતકની શરૂઆતની મધ્યકાલીન ગુજરાતીની કેટલીક નોંધપાત્ર ખૂબીઓ દર્શાવે છે, એટલું જ નહિ પણ પંચદંડની પ્રાપ્ત કૃતિઓની હારમાળામાં આ એક અનોખું પુષ્પ છે.

[१२]

વિજયકુશલ-વિરચિત

श्रीविक्रमादित्य-पञ्चदण्डछत्रचरित्र

(વિક્રમના સત્તરમા શતકનો પૂર્વાર્ધ)

જૈન કવિ વિજયકુશલ-વિરચિત આ સંસ્કૃત ગદ્યકૃતિની હસ્તપ્રત યતિશ્રી હેમચંદ્રજીએ વડોદરા પ્રાચ્યવિદ્યા મન્દિરને ભેટ આપેલ હસ્તપ્રતોના સંગ્રહમાંથી મળી છે. આ અપ્રસિદ્ધ રચનાનો 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ' (મો. દ. દેસાઈ-કૃત)માં કે 'જિનરત્નકોશ'માં ઉલ્લેખ કરેલો નથી. આની હસ્તપ્રતમાં કુલ ૧૯ પાન છે અને દરેક પાન પર સરેરાશ ૧૬ પંક્તિ છે. પ્રતની લંબાઈ અને પહોળાઈ ૧૦"x૪" છે. દરેક પૃષ્ઠની ડાબીજમણી બાજુએ ૧"નો હાંસિયો છે અને ઉપરનીચે ½" જગ્યા છોડેલી છે. દરેક પાનની બીજી બાજુના જમણા હાંસિયાની નીચેના ભાગમાં પૃષ્ઠાંક નાખેલા છે. હસ્તપ્રતોમાં, સામાન્ય રીતે પાનની વચ્ચે મળી આવતી ખાલી જગ્યા (મુખ્યત્વે કલશાકૃતિ) આમાં નથી. આખી હસ્તપ્રત સુંદર દેવનાગરી લિપિમાં એક જ હાથે લખાયેલી છે. આની પહેલાં રચાયેલી, અજ્ઞાત સંસ્કૃત ગદ્યકાર,[૮૪] પૂર્ણચન્દ્રસૂરિ,[૮૫] અજ્ઞાત સંસ્કૃત ગદ્યકાર,[૮૬] અજ્ઞાત સંસ્કૃત ગદ્યકાર[૮૭] — તેઓની ચાર 'પંચદંડ'વિષયક પ્રાચીન પરંપરા સાચવતી સંસ્કૃત ગદ્યરચનાઓ મળી છે. આ અપ્રસિદ્ધ સંસ્કૃત ગદ્યરચના ઉપર્યુક્ત રચનાઓથી જુદી પડે છે. વિજયકુશલે રામચંદ્રસૂરિના સંસ્કૃત કાવ્ય 'पञ्चदण्डछत्रप्रबंध'નું અનુકરણ કરેલું છે, કર્તા પોતે પુષ્પિકામાં કહે છે:

॥ इति श्रीविक्रमादित्य-पञ्चदण्डछत्रचरित्रं संपूर्णं । श्रीरामचंद्रसूरि कृतादुद्धरितमिदं पंडितश्रीवधुगणिनां शिष्यविजयकुशलेन गद्यपद्यबंधेन कृतं । यत् किंचित् कृतमत्र तन्मे मिथ्या मे दुकृतं । श्रीरस्तु । कल्याणमस्तुः लेखकपाठकयोः । सकलपंडितसिरोमणी - पंडितश्रीगजविजयशिष्य-पंदोलिप्तविजएन लिपीकृतं संवत् १७७७ वर्षे फागुण सुदि ५ दिने सोमवारे केलवानगरे ॥

---

૮૪. જુઓ આ મહાનિબંધના આ પ્રકરણમાં કૃતિક્રમાંક ૧

૮૫. એ જ, ક્રમાંક ૨

૮૬. એ જ, ક્રમાંક ૫

૮૭. એ જ, ક્રમાંક ૬

યુક્તિથી રાજાએ દેવદમનીને દ્યૂતમાં હરાવી- પછી,

તતઃ સા સિદ્ધવિદ્યા રાજાનં જ્ઞાત્વા, પાદૌ નત્વા નૃપકણ્ઠે માલા ધત્તે। તતો દેવા જયજયારવં કુર્વન્તિઃ ‘રાજ્ઞાજિતમ્’ ઇતિ વદન્તિ। તતો રાજન્ રાજવિમલછત્રસ્યાઽધો નિવેશ્ય તાં દેવદમનિસ્નાપયન્તિ (૧)। તતો રાજાનં વિવાહયન્તિ મહોત્સવેન। યતઃ,

> नीचादप्युत्तमां विद्यां ग्राह्यं स्याद् अपि काञ्चनं।
> बालादपि हितं ग्राह्यं स्त्रीरत्नं दुःकुलादपि ॥२०॥

વધૂયુતો રાજા નિજગેહં જગામ। તતો રાજા તયા સહ સંસારસુખમનુબભુવ॥ પ્રથમદંડઃ પ્રાપ્તઃ દેવદમનિકાયાઃ શ્રીવિક્રમાદિત્યેન પ્રથમદંડઃ॥

આ પહેલી વાર્તામાં દંડ પ્રાપ્ત નથી કર્યો છતાં ‘પ્રથમદંડઃ પ્રાપ્તઃ’ એ નિર્દેશથી એમ ફલિત થતું જણાય છે કે, દંડ એટલે સ્પર્શમાત્ર અદ્ભુત લાકડી નહિ, પણ કોઈ કાર્યની સિદ્ધિ પ્રાપ્ત કરવી એટલે દંડ પ્રાપ્ત કરવો. આ પ્રકરણના કૃતિક્રમાંક એકમાં જેનું વિવરણ કર્યું છે તે અજ્ઞાત સંસ્કૃત ગદ્યકારકૃત ‘વિક્રમાદિત્યસ્ય પઞ્ચદણ્ડછત્રપ્રબન્ધ’ માં પણ ‘પ્રથમો દણ્ડો જાતઃ’; ‘દ્વિતીયો દંડ છત્રસ્ય જાતઃ’; ‘તૃતીયો દંડઃ સંજાતઃ’; ‘ચતુર્થો દંડો અભવત્’; પંચમો દંડો જાતઃ’ એ પ્રમાણે દરેક વાર્તાના અન્તે સમાપન-વાક્ય આવે છે.

બીજી વાર્તામાં, કવિ ‘ઉમાદેના વિજયદંડ’ની અને કરાડદ્વીપના રાજાના ‘વિજયદંડ’ની પ્રાપ્તિ વર્ણવી છે- કવિએ ભલે રામચંદ્રસૂરિનું અનુકરણ કર્યું હોય પણ તે વિવેક જાળવીને કરેલું છે; તેની નિરૂપણશૈલી પોતાની છે. વાર્તાવસ્તુમાં કંઈ નાવીન્ય નથી, પણ કવિએ વસ્તુને સરસ રીતે નિરૂપ્યું છે- ઉમાદે સર્વ શિષ્યો અને ગુરુએ યોગિનીઓને બલિદાન તરીકે ધરવાની યોજના કરે છે ત્યારે વિક્રમ- પરોપકારી વિક્રમ- સર્વનું રક્ષણ કરવાનું માથે લે છે; કવિ કહે છેઃ

> परप्राणैर्निजप्राणान् सर्वे रक्षन्ति जन्तवः।
> निजप्राणैः परप्राणान् यो रक्षत्युत्तमश्च सः॥२१॥

[द्वितीयो दंडः]

વાર્તાના અન્તે, વિક્રમ વૃદ્ધા ગાંછણને આવી પગે પડે છેઃ

वधूभ्यां द्वाभ्यां युतो विक्रमादित्यः अवन्तिनगरगागतः राजानं मंत्री महोत्सवेन प्रवेशयामास। राजा वृद्धगोछिकाया अग्रे मुक्त्वा, पादौ नत्वा 'द्वितीयं कार्यं सिद्धं' कथयति। द्वितीयं दंडः॥

त्रीजा आदेशमां, खंभातनी राजकुंवरी रत्नमंजरीनी रत्नमंजूषानी वात निरूपण छे. वातनुं वस्तु सर्व कृतिओना जेवुं छे, कंई नवीन नथी. कवि खंभात अने ताम्रलिप्तिने एक ज गणे छे; एनां बीजां नाम विषे कवि कहे छे:

त्रंबावती १, भोगावती २, लीलावती ३, अमरावती ४; सिद्ध, गंधर्व, विद्याधर सुरासुर नाग व्यंतर जोष्कादिभिः क्रीडनार्थं विनिर्मिता नाम राजतः। सुवर्णरत्न माणिक्य विद्रुमैः कृतागृहहट्टानि राजंते।

रत्नमंजरीए ज्यारे मळ्युं के ते एक जुगारीना हाथमां फसाई छे, त्यारे तेनी भाग्यहीनता माटे कवि कहे छे:

> वनकुशमं कृपाणश्री कृपछाया सुरंगधूली वा।
> तत्रैव यान्ति विलयं मनोरथा भाग्यहीनानाम्॥७॥

[तृतीय आदेश]

रामचंद्रसूरि, नरपति आदि कविओए एवो अछडतो निर्देश कर्यो छे के, रत्नमंजूषामां रत्नो साथे रत्नमंजरीए दंड पण मूक्यो. विजयकुशले पण एवो अस्पष्ट उल्लेख कर्यो छे. पंचदंडनी मोटा भागनी कृतिओ रत्नमंजूषा साथे दंड होवानुं दर्शावती नथी.

वातने अन्ते कवि कहे छे:

ततो राजा विक्रमो वधूपेटायुतः प्राप्तनिजपुरं प्रधाननरैः पुरमध्ये महोत्सवेन प्रवेशितः। ततो राजा श्वशुरगृहे गत्वा, तां पेटां मुक्त्वा पादौ प्रणम्य उवाच, 'स्वामिनि मया तृतीयकार्यं कृतं।' इति तृतीयदंडः प्रस्तावः॥

चोथा आदेशमां कर्ता स्त्रीचरित्रनी वात आपे छे. आ वातमां आपणने विजयकुशलनी सचोट वार्ताशैली नजरे पडे छे:

"..... अस्मिन् नगरे दन्त्यश्रेष्ठिगेहे प्रछन्नवेषेण रात्रौ तत्र कार्यं विक्रीकरणं। ~~इति श्रुत्वा राजा स्वभावान् आत्वा आगतिस्थः~~

जनानां कार्यं पृष्टवान्, 'कः श्रेष्ठि धन्यनामास्ति ?' तं श्रुत्वा राजवचनं स प्राह, 'बहवोऽत्र धन्यो नामः सन्ति, परमेको धन्यनामा श्रावक गुणयुतो धार्मिकः वृद्धवयप्राप्तः जर्जरीभूतः।

सत्क, ધનશ્રેષ્ઠિ વૃદ્ધ છે એની યુવાન પત્ની રત્નમંજરી સતી છે; રત્નમંજરી લોકોમાં પતિસેવાપરાયણ ગણાતી, અને તેના સતીત્વનાં લોક વખાણ કરતા હતા. ખરેખર તો સતી હોવાનો ડોળ કરતી રત્નમંજરી ઉજ્જયિનીની પ્રસિદ્ધ ગણિકા કોશા કંદોયણની શિષ્યા હતી. કોશા સિદ્ધ-વિદ્યામાં પ્રવીણ હતી અને તેની શિષ્યા રત્નમંજરી પણ સિદ્ધવિદ્યા અને ગણિકાકર્મમાં કુશળ હતી. તેથી તો તેણે વૃદ્ધ પતિ પસંદ કર્યો કે જેથી અનેક રૂપાળા મનમાન્યા પુરુષોને તે ભોગવી શકે. ત્યાર બાદ શૂળીએ ચઢાવવામાં આવેલા ચોર સાથે ભરકર્મ કરવા તેણે પોતાના વૃદ્ધ પતિને માર્યો અને પોતાનો પ્રીતમ ચોર મરતાં તે બળી મુઈ. કોશાએ વિક્રમને, તેની રાણીને તેના પ્રધાન સાથે ભોગ ભોગવતાં દર્શાવી ત્યારે ચંચલ મનોવૃત્તિવાળી, સ્ત્રી-ચરિત્રમાં પારંગત સ્ત્રીઓ માટે તેને ગ્લાનિ ઉત્પન્ન થઈ. કોશાએ રાજાને આશ્વાસન આપ્યું કે, 'સ્ત્રીઓ તો આવી જ હોય'; એવું સાંભળી રાજાને ધીરજ મળી.

इति श्रुत्वा राजा मनसि धृतिं चकार। सा प्राह, "राजन् ! चिरंजीव, सर्वार्थिकामदंडं सर्वव्याधिहरदंडं गृहाण"। तं दंडं गृहीत्वा राजा निजगेहे जगाम। तुर्यं कार्यं कृत्वा सर्वव्याधिहरं दंडं गृहाणो सुखवान् बभूव। चतुर्थप्रबंधः॥

કોશા કંદોયણે આપેલો કામદંડ એ સર્વવ્યાધિહર હોવાનો ગુણ ધરાવે છે, એમ ઉપર્યુક્ત પંક્તિઓ પરથી ફલિત થાય છે.

અજ્ઞાત સંસ્કૃત ગદ્યકાર (કૃતિ નં. ૧), પૂર્ણચંદ્રસૂરિ, દેવમૂર્તિ, શુભ-શીલગણિ, અજ્ઞાત સંસ્કૃત ગદ્યકાર (કૃતિ નં. ૫), અજ્ઞાત સંસ્કૃત ગદ્યકાર (કૃતિ નં. ૬) અને અજ્ઞાત ગુજરાતી ગદ્યકાર (કૃતિ નં. ૭) — આ કર્તાઓની કૃતિઓમાં સ્ત્રીચરિત્રની વાર્તાને સ્થાને કુટુંબની તારણહાર પ્રધાનની 'પુત્રવધૂ'ની વાર્તા પ્રાપ્ત થાય છે.

પાંચમા આદેશમાં, સર્વ કૃતિઓમાં પ્રાપ્ત થતી 'નાગકન્યાની વાર્તા'

આપેલી છે. વાર્તા કંઈ નવી નથી, પણ તેની કેટલીક વિગતો 'પંચદંડ'ની બીજી રચનાઓથી જુદી પડે છે. પાતાળમાં જનાર બ્રાહ્મણકન્યા ગોમતીના પિતાનું નામ, મોટા ભાગની પંચદંડની રચનાઓમાં 'વિશ્વરૂપ પુરોહિત' આપેલું છે, જ્યારે વિજયકુશલ તેનું નામ 'સોમ વિપ્ર' આપે છે. કૃતિમાં તેનું બીજું નામ 'વિશ્વશર્મા' આપેલું છે. સોમ વિપ્ર કે જે અપરિગ્રહવ્રતના કારણે, કોઈ પણ પ્રકારનું દાન સ્વીકારવાની ના પાડતો હતો તે, હવે જ્યારે વિક્રમ નાગકન્યા શૃંગારમંજરી અને પુરોહિતપુત્રી ગોમતી આદિ પાંચ સ્ત્રીઓને પરણી, પાતાળમાંથી પાછો ઉજ્જયિની આવે છે ત્યારે વિક્રમે આપેલું દાન સ્વીકારે છે અને સોમ વિપ્ર વિક્રમને પોતાનો દંડ આપે છે. આ દંડનું નામ આપેલું નથી પણ તે સિદ્ધવિદ્યાની શક્તિ ધરાવતો હોવો જોઈએ. વિક્રમ નાગલોકમાં પાંચે ય સ્ત્રીઓને પરણ્યો ત્યાર પછી,

ततस्तामिर्वरो दंडौ, बहूमाणिक्यानि पादुकाजलनारिका दत्तानि सर्वाणि विक्रमराज्ञः । ततो राजा पञ्चवधूयुतो महोत्सवेन निजपुरं प्राप्तः । ततो राजा गोमतिकागेहे गत्वा श्वश्रूपादौ पपानाम । सा प्राह हे जामातर! तव कार्यसिद्धिर्जाता, शुभलग्ने तव हस्तं करिष्यामि । ततो राजा गेहे आत्वा गोमतीपितरौ समाकार्य बहुभक्तितः भोजयामास बहुजनैः सह, बहूवस्त्राभरणानि ददौ राजा तेभ्यः । पुनः राजा चिन्तयामि चित्ते, 'मम प्रतिग्रहेण पूर्वगृहीतोऽनेन सांप्रति सर्वाणि दानानि मम गृहीतानि द्विजेन । तेन मया अस्य कन्या गृहीता । ततो राजानं निमंत्र्य सोमविप्रो बहुपरिवारयुतं भोजयित्वा बहुभक्तितः सोमो निजदंडं ददौ राज्ञे ।

જો સોમ વિપ્ર – વિશ્વશર્મા – અને તેની પુત્રી પાસે દંડ હોય તો પુત્રી અને પિતા બન્ને સિદ્ધવિદ્યાના જાણકાર હતાં, એમ સમજાય છે. આ કૃતિમાં વિક્રમે મેળવેલા પાંચ દંડનાં નામ નીચે પ્રમાણે છે:

प्रथम दंडः सिद्ध नामा १, द्वितीय दंडः कामितप्रद नामा २, तृतीय

दंडः गदा नाम्ना ३, चतुर्थ दंडो विषापहार नाम्ना ४, पंचम दंडो मणिरत्न नाम्ना ५. पंचकं समीत्य सोमने लग्ने गांछिका गुंहली स्वयं कृत्वा एका कोची कांदबिका [१], द्वितीया शाकीद्रा [२], तृतीया सोमप्रिया ३, चतुर्थी सावित्री ४, सर्वे आकारिता; सभामध्ये दिव्याभरणभूषिता। महोत्सवेन तत्र समागताः पञ्चाश्वशुरः ; गांछिक देवरमण १, ममालिक २, पुरोहित विश्वशर्मा ३, सुरक्षोभवणिगवर ४, कांदेबिका अमृतहारक नाम्ना [५], पञ्चाप्याकारिताः छत्रकारकाः ॥.

ઉપર્યુક્ત અવતરણમાં, આ વાર્તાની પરંપરાથી જુદા પડતા જે મુદ્દા વિજયકુશલે આપ્યા છે: કોચી કંદોયણ, શકીંદા, સોમપ્રિયા અને સાવિત્રીને દિવ્યાભરણ વસ્ત્ર આપ્યાનો પ્રસંગ; બીજો મુદ્દો વિક્રમના પાંચ સસરા- ગાંછિક દેવરમણ, મમાલિક, પુરોહિત વિશ્વશર્મા, સુરક્ષોભવણિગવર, અમૃતહારક કંદોઈ એ 'छत्रकारकाः' હતા અને તેઓને પણ વિક્રમે સભામાં બોલાવ્યા હતા. સ્ત્રીપાત્રોમાંની કોચી કંદોયણ તો જાણીતી છે; 'શકીંદા'ને 'શકીંદા' પાઠ સ્વીકારીએ તો તે પાતાલેન્દ્રની મહારાણી તરીકે ગણી શકાય. સોમપ્રિયા એ સોમમિત્ર (કે જેનું બીજું નામ વિશ્વશર્મા લાગે છે)ની અર્ધાંગના હોઈ શકે. સાવિત્રી વિશે કોઈ હકીકત જાણવામાં આવી નથી છતાં ય કર્તાએ અહીં તેનો કેવી રીતે ઉલ્લેખ કર્યો છે તે સમજાતું નથી. પુરુષપાત્રો પૈકીનાં મમાલિક અને સુરક્ષોભવણિગવર પણ એવાં અજાણ્યાં પાત્ર જણાય છે. પણ એટલું તો ચોક્કસ કે આ સર્વ પુરુષ અને સ્ત્રી પાત્રો 'સિદ્ધવિદ્યા' અને 'રસશાસ્ત્રવિદ્યા'(Alchemy)નાં જાણકાર હતાં

વિજયકુશલે આ વાર્તાની પરંપરા રામચંદ્રસૂરિમાંથી નહિ, તેમ જ આ પહેલાંની પ્રાપ્ત કોઈ 'પંચદંડ'ની કૃતિમાંથી નહિ, પણ હજી કોઈ અજ્ઞાત રહેલી અથવા તો લુપ્ત થયેલી રચનામાંથી અથવા કથાપરંપરામાંથી અપનાવી હોય એમ જણાય છે. 'પંચદંડ'ની આ અને અન્ય ગદ્યરચનાઓ- એ આ વાર્તાચક્રનાં મૂળ અને વિકાસની કેટલીક કડીઓ દર્શાવી છે એ નોંધપાત્ર છે.

કેટલાક 'પંચદંડ'કારોએ પોતાની કૃતિઓને 'કથા', 'પ્રબન્ધ', 'ચતુષ્પદી' આદિ શીર્ષક આપ્યાં છે; વિજયકુશલે પોતાની કૃતિને 'ચરિત્ર' શીર્ષક આપ્યું છે. સાદા, સરળ અને 'પંચતંત્ર' કારના જેવા વાર્તાશૈલીના રાસ્તામાં

રચાયેલી આ કૃતિ, કેટલાક અંશોમાં જોકે રામચંદ્રસૂરિના 'પંચદંડછત્ર-પ્રબન્ધનું અનુકરણ છે; પણ અનુકરણમાંયે કર્તાએ મૌલિકતા દર્શાવી છે. પાંચમી 'વિદ્યાપહાર દંડની વાર્તા' તો રામચંદ્રસૂરિથી ઘણી રીતે જુદી પડે છે, એટલું જ નહિ પણ આખા વાર્તાચક્રને સમજવામાં નવી કડીઓ પૂરી પાડે છે, અને એ રીતે વાર્તાચક્રના તુલનાત્મક અધ્યયનમાં આ એક મહત્ત્વની કૃતિ થઈ પડે છે.

Part. 1, chapter. 2 - 13

[૧૩]

લક્ષ્મીવલ્લભગણિ-વિરચિત

વિક્રમ પંચદંડ ચતુષ્પદી

(રચનાસંવત ૧૭૨૮)

'પંચદંડ' વિષયક પ્રાપ્ત થતી ગુજરાતી કૃતિઓમાં આ અપ્રસિદ્ધ કૃતિ તેના વસ્તુ પરત્વે કેટલેક અંશે જુદી પડે છે. ડૉ. મંજુલાલ મજમુદારે જેનો[૮૮] લબ્ધિગણિ તરીકે ઉલ્લેખ કરેલો છે તે જ આ લક્ષ્મીવલ્લભગણિ છે. લબ્ધિગણિ નામના કોઈ કવિની 'પંચદંડ' વિષયક રચના પ્રાપ્ત થતી નથી. ડૉ. મજમુદારે વડોદરા પ્રાચ્યવિદ્યા મન્દિરની જે હસ્તપ્રત નં. ૧૭૬૮ પરથી આ કૃતિની કોપી કરેલી તે પણ મેં જોઈ, તો કવિનું નામ હસ્તપ્રતમાં લક્ષ્મીવલ્લભગણિ છે, જ્યારે પ્રેસકોપીમાં ભૂલથી લબ્ધિગણિ લખેલું છે. આ કવિની એક કૃતિ 'અધ્યાત્મ ફાગ' 'પ્રાચીન ફાગુ-સંગ્રહ'માં પ્રસિદ્ધ થયેલી[૮૯] છે. ડૉ. ભોગીલાલ સાંડેસરાએ કવિનો પરિચય આ પ્રમાણે આપ્યો છે:

"આ કાવ્યના કર્તા લક્ષ્મીવલ્લભ ખરતર ગચ્છના વાચક સોમકીર્તિના શિષ્ય સોમહર્ષના શિષ્ય હતા. તેમણે સં. ૧૭૨૫માં 'રત્નહાસ ચોપાઈ', સં. ૧૭૨૮માં 'વિક્રમાદિત્ય પંચદંડ રાસ' તથા સં. ૧૭૩૮માં 'રાત્રિભોજન ચોપાઈ' રચી છે. આ ઉપરાંત રચનાવર્ષ વિનાનો એમનો 'અમરકુમાર ચરિત્ર રાસ' મળે છે."

પ્રારંભમાં, કવિ પાર્શ્વનાથ અને સદ્‌ગુરુ સિદ્ધસેનની સ્તુતિ કરે છે:

॥ श्री अवन्तीनाथाय नमः ॥

પ્રણમું પાસજિણંદ પાય કલિયુગ સુરતરુકંદ,
સેવ કરઈ નિત જેહની પદમાવતી ધરણિંદ. ૧
મન ધ્યાઉં શ્રી સારદા કવિજનકેરી માય,
ગુરુ પ્રસાદે પામીયે સુવચન અમાય સુહાય. ૨

૮૮. મજમુદાર, (ડૉ.) મંજુલાલ ર., 'કવિ શામળ': તેમાં પ્રસિદ્ધ થયેલ 'પંચદંડની વાર્તાનાં પ્રાચીન ચરણો' એ લેખ જુઓ; પૃ. ૨૫૪-૨૫૯

૮૯. સાંડેસરા, (ડૉ.) ભો. જ. અને પારેખ સોમાભાઈ-સંપાદિત 'પ્રાચીન ફાગુસંગ્રહ', પ્રસ્તાવના, પૃ. ૪૩

પ્રણમું વલિ સદગુરુ સદા, જ્ઞાનનયણદાતાર,
મુરખથી પંડિત કરૈ એ મોટો ઉપગાર. ૩

પૂ. મુનિશ્રી પુણ્યવિજયજી મહારાજશ્રીના પ્રાચીન ભારતીય સંસ્કૃતિમન્દિર, અમદાવાદ-માં સંગ્રહાયેલી આ કૃતિની હસ્તપ્રતનંબર ૪૨૬૬માં, શરૂઆતમાં 'श्रीसारदायै नमः' પંક્તિ મળે છે. તે પ્રતિ જોકે સંવત ૧૭૯૪માં લખાયેલી છે પણ તેના પાઠ ઘણે સ્થળે અશુદ્ધ હોઈ, વડોદરા પ્રાચ્યવિદ્યા મન્દિરની હસ્તપ્રત નં-૧૭૬૮ (એનો લેખનસંવત ૧૮૭૭ છે)નો મેં મારા અધ્યયન માટે ઉપયોગ કર્યો છે.

આ ચોપાઈ રચના એક દેશીબદ્ધ કાવ્ય છે. વાર્તાની શરૂઆતનું અવંતીનું લાંબુ વર્ણન આગળના રામચંદ્રસૂરિ, નરપતિ, શામળ આદિ કવિઓએ પોતાની વાર્તાઓમાં કરેલ ઉજ્જયિનીના લાંબા વર્ણનની યાદ આપે છે. હસ્તપ્રતના ૯૪ પાનમાં પૂરી થતી લક્ષ્મીવલ્લભની આ કૃતિ મોટે ભાગે વર્ણનપ્રધાન કૃતિ છે, કહો કે રામચંદ્રસૂરિ અને નરપતિની માફક લક્ષ્મીવલ્લભને અત્યંત મય વર્ણનો દ્વારા લંબાણ સાધવાની કલા હસ્તગત છે. કૃતિનો કથાતંતુ અટવાઈ જાય અને વાતરસનું નામનિશાન ન રહે તોપણ કવિ લાંબાં વર્ણનો આપવાનું છોડતા નથી. પણ આ કૃતિમાંની કેટલીક વિગતો 'પંચદંડ'ના વાતચક્રના અભ્યાસની દૃષ્ટિએ વિશિષ્ટ અગત્ય ધરાવે છે.

કવિ વિક્રમ વિશે કેટલાક નોંધપાત્ર મુદ્દા કહે છે:

ગંધર્વસેન જસુ તાત, પરમારવંશ વિખ્યાત,
બત્રીસ લક્ષણ અંગિ સોહે, નિજ ગુણ કરિ જગમન મોહે. ૬૭
કોઈલો નામ ખડ્ગ વિરાજે, જસ દરસણ દુરમણ ભાજે,
મણિમૂલી ઔષધિમંત્ર જાણે સહુ તંત્રને જંત્ર. ૬૮
જે ભાષા બોલે જીવ, જાણે તે ભૂપ સદીવ,
દીયે દરસણ રક્ષાકારી, છૈ સમકિતનો અધિકારી. ૬૯

કાલકાચાર્યની કથાની અસર આ કૃતિ પર પડી હોય એમ જણાય છે. તેમાં જે ગર્દભિલ્લ રાજાનો ઉલ્લેખ છે તે જ અહીં ગંધર્વસેન તરીકે, વિક્રમના પિતા તરીકે મળે છે. અજ્ઞાત સંસ્કૃત ગદ્યકાર-વિરચિત 'पञ्चदण्डछत्रप्रबन्ध'માં જે 'विक्रमादित्य उत्पत्ति प्रबन्ध' મળે છે તેમાં પણ વિક્રમને ગંધર્વસેનના પુત્ર તરીકે વર્ણવ્યો છે. ઉપર્યુક્ત પંક્તિઓમાં, વિક્રમને 'કોઈલો' ખડ્ગથી સજ્જ, 'મણિમૂલી ઔષધિમંત્ર'ના અને પશુપક્ષીઓની ભાષાના જાણકાર તરીકે વર્ણવ્યો છે તે પાછળ આવતી કૃતિઓમાં મળતું નથી.

ઉજ્જયિની સુંદર નગરી હતી અને વિક્રમ જેવો પરાક્રમી રાજા હતો તે હકીકતનું વિસ્તારપૂર્વક વર્ણન કર્યા પછી કવિ (પંચદંડની વાર્તા) સંસ્કૃત, ગુજરાતી અને રાજસ્થાની રચનાઓથી જુદી રીતે વાર્તા શરૂ કરે છે. વાર્તા આ રીતે શરૂ થાય છે:

હિવ સુણો પુરી યે તત્ર, અદ્ભુત થયો એક ચરિત્ર,
કામરૂ સીરાજવિ સાલે, તિહાં પર્વત પાસિ હિમાલે. ૭૯
ગંધર્વ નગર તિણ ~~ઠામ~~ ઠાંમ, રાજા સુરસુંદર નાંમ,
તિહાં લોક વસે મંત્રધારી, નારિ તિહાં ઘરિ અધિકારી. ૮૦

કામરૂપ દેશના લોક તંત્રવિદ્યામાં પ્રવીણ હતા, એમ ડૉ. કે. એલ. બારૂઆએ પોતાના પુસ્તક 'An Early History of Kamarupa'માં નોંધ્યું છે. લક્ષ્મીવલ્લભની આ કૃતિમાં, કામરૂપ દેશનો અને સાથે જાદુઈ તેમજ તાંત્રિક વિદ્યાની જાણકાર સ્ત્રીઓનો અને ત્રિયારાજ્યનો ઉલ્લેખ આવે છે, તે ઘણું સૂચક છે. મને મળેલી 'પંચદંડ'ની સંસ્કૃત કૃતિઓમાં (રામચંદ્રસૂરિ સિવાય) જે વાતાવરણ, સ્થળ, પ્રસંગ અને પાત્રો વર્ણવાયાં છે તે સર્વ આ કામરૂપ દેશ અને તેની આજુબાજુના ઈશાન ખૂણાના પ્રદેશમાં હોય એમ હું અનુમાન કરું છું. અલબત્ત, વાર્તાસાહિત્ય તો floating literature — એક પ્રદેશમાંથી બીજા પ્રદેશમાં ઘણી સહેલાઈથી પ્રવાસ કરતું સાહિત્ય છે; એટલે 'પંચદંડ'ની વાર્તાઓ આજે મળે છે તે જ સ્વરૂપે ભારતના ઈશાન ખૂણાના પ્રદેશોમાં ન પણ હોય, પણ વાર્તાઓની આછી રૂપરેખામાં મૂળ ત્યાં લખાયાં હશે અને પછી તેમાં બીજા અનેક વાર્તાપ્રવાહો અને કથાતંતુઓ ભળતાં મૂળ વાર્તાઓનું સ્વરૂપાંતર થઈ ગયું હોવું જોઈએ. વાર્તાઓનું સ્વરૂપાંતર થયા છતાં, તેમાં પ્રાપ્ત થતી તાંત્રિક વિદ્યા, રસ વિદ્યા, જાદુઈ વિદ્યા — તેઓનું પ્રતિબિંબ; દક્ષિણ ચીનમાંથી પ્રાપ્ત થતા 'कीचक' (વાંસની એક જાત) શબ્દમાંથી વ્યુત્પન્ન થતો '[illegible]' (વાંસ ફોડા) શબ્દ; તામ્રલિપ્તિ[૯૦] નગરીનું સુંદર વર્ણન — આ સર્વ બાબતોના 'પંચદંડ'ની વાર્તાઓમાં પ્રાપ્ત થતા ઉલ્લેખ મને એમ માનવા પ્રેરે છે કે, 'પંચદંડ'ની વાર્તાઓ કામરૂપ અથવા તેની આજુબાજુના પ્રદેશમાં ઉત્પન્ન થઈ હોય.

વાર્તામાં આવતાં સ્ત્રીપાત્રો — દમણી, દેવદમણી, કોરી કંદોયણ આદિ

૯૦. આ નગરી ગુજરાતનું ખંભાત નહિ, પણ બંગાળનું 'તામલુક' હોય એમ લાગે છે.

એકબીજાને ઓળખતાં હોય અથવા એકબીજાનાં સગાં થતાં હોય એ હકીકત 'પંચદંડ'ની સર્વ રચનાઓમાં પ્રાપ્ત થાય છે. વળી, તે પાત્રો ઉજ્જયિનીમાં રહેતાં હતાં, એમ સર્વ પંચદંડકારોએ ઉલ્લેખ કર્યો છે. લક્ષ્મીવલ્લભ તે સર્વથી જુદા પડી એમ કહે છે કે આ પાત્રો કામરૂપ દેશના ગંધર્વનગરમાં રહેતાં હતાં. નીચેની પંક્તિઓ જુઓ,

યત: તિણ પુરમાંહે તેહવૈ પરગટ કન્યા પંચ,
રમૈ રહૈ એકત્ર રહસિ સદા તે એકહિ સંચ;
વિશ્વભૂતિ પુરોહિત નામ, વિપ્રધર્મ તણો છૈ ઠામ,
ગંગા તેહની સુકલત્ર ગોમતિ તસુ સુતા પવિત્ર. ૯૬
સોમો ઇક માલાકાર, ચંદ્રાવલિ પ્રિયા સુખકાર,
જયવતુ ઇક પુત્રી તાસ, તસુ સકલ કલા અભ્યાસ. ૯૭
અમૃતાહારક કંદોઈ, કોશા તસુ કામિનિ હોઈ,
તેહનૈ છૈ સુતા હરિતાલી, ચપલ છુપણિ અતિ વિગતાલી. ૯૮
સુરશોભન નામે છત્રી, તેહનૈ તો હિરણલા પુત્રી,
સગતીંદ્રા નારી ચૈ ભઈ, તેહની છૈ અતિ ચતુરાઈ. ૯૯
દેવરમણ અછૈ વસકોડ, દેવ્યદમની તસુ પ્રિય જોડ,
દેવદમની તેહની કન્યા, પદમનીરૂપેં છૈ ધન્યા. ૧૦૦
ગોમતી જયતુ હરતાલી, હરણી દેવદમણી વાલિ,
તિણિ પુરમૈં પંચ સહેલી, માંહોમાંહે પ્રેમગહેલી. ૧૦૧

આ પાંચ સાહેલીઓ રોજ જિનગૃહમાં જિન ભગવાનની પૂજા કરવા જતી હતી. ત્યાં એક દિવસ ચંદ્રચૂડ નામે વિદ્યાધર જિન ભગવાનનાં દર્શન કરવા આવ્યો. આ વિદ્યાધર કેવો હતો?

ગુટિકાઅંજન સિદ્ધ તે રે, રૂપપરાવર્ત જાણ,
ગયણગામી લહ સંગરે રે, ઓસહીમંત્ર પ્રમાણ. એ આછે૦ ૧૧૩

આ વિદ્યાધર માંદો પડ્યો અને દેવદમની અને તેની સખીઓએ તેની સારવાર કરી સાજો કર્યો. આથી પ્રસન્ન થઈ, વિદ્યાધરે તેઓને 'ઇચ્છાગતિ' મંત્ર અને વિદ્યાકર્ણ નામની વિશાલ શિલા, એ બે આપ્યાં. વળી, એ પાંચેય સખીઓને, પાંચ યક્ષે પ્રસન્ન થઈને ચાર દંડ અને જલતરણ-શક્તિ આપ્યાં:

જિણવરચરણ આરાધતાં રે, પાંચ કન્યાને તામ,
પંચ યક્ષ પરતખિ થયા રે, [illegible] ૧૨૦

દંડ દીયો નિજ હાથનો રે, તિમરહરણ સુખકાર,
વિપ્રસુતા ગોમતી ભણી રે, તિણ પાતાલસંચાર. એ આંછૈ૦ ૧૨૧
કામિકદંડ કંદોઇણી રે, લહીયો લીલવિલાસ,
અજયદંડ દેવદમનિકા રે, લોહ ન લુટ્યે પાસ. એ આંછૈ૦ ૧૨૨
ગરલહરણ જ્ઞાનીસુતા રે, દંડ લહ્યો સુપવિત્ર,
માલણિ દ્વિજ તનુજા ઉડા રે, લહી જલતરણસકત્તિ. એ આંછૈ૦ ૧૨૩

આ રીતે દંડ અને જલતરણશક્તિ પ્રાપ્ત કરેલ સાહેલીઓને ક્ષેત્રપાલ મળ્યો; તેણે તેઓને કહ્યું, "માલવા દેશનો રાજા વીર વિક્રમાદિત્ય તમારો પાંચેયનો પતિ થશે." આવું સાંભળી, પાંચેય સખીઓ કામક્રીડાથી ઉજ્જયિની- માં આવી રહેવા લાગી અને વિક્રમ સાથે કેવી રીતે પરણવું તેની તક શોધવા લાગી.

ઉપર્યુક્ત કથાતંતુ 'પંચદંડ'ની અન્ય સંસ્કૃત, ગુજરાતી અને રાજસ્થાની કૃતિઓથી જુદો પડે છે. ત્યાર પછીનો વાર્તાપ્રવાહ સર્વ રચનાઓને મળતો છે. વસંતઋતુ પૂર બહારમાં ખીલી છે, તે સમયે વિક્રમ ઉપવનમાં ક્રીડા કરવા સવારી સાથે જાય છે. વસંતનું કાવ્યમય વર્ણન કરવામાં લક્ષ્મીવલ્લભનું કવિત્વ વરતાય છે:

ઓહવે વિક્રમરાયનૈ કરી કુસમ ફુલ પોસિ,
સોભા વનખંડિ વસંતની નિરખી આવિ નરેસ. ૨૨૧
આંબ જંબ કેતકી અગર ચંપક તગર કણેર,
દમણો વકુલ સ દાડિમી કુંદ કરણાર સુ કેર. ૨૨૨

દેવદમનીએ રસ્તામાં દંડ વડે રેખા કરતાં, વજ્ર સમી ભીંત ઊભી થઈ અને વિક્રમની આખી સેના આગળ વધતાં અટકી ગઈ:

ચિત્રલિખિત સેના થઈ રે, અચરિજ થયો અપાર,
સકલ દેખિ તૌ નારિની મુક્યો વિક્રમ તિણ વાર રે. ૨૩૪

પંચદંડ છત્રનું રહસ્ય જાણવા, વિક્રમે દેવદમનીનાં પાંચ વચનનું પાલન કરવા વચન આપ્યું. તેનો પ્રથમ આદેશ એ હતો કે, તેની પુત્રી દેવદમનીને દ્યૂતમાં જીતી વિક્રમે તેને પરણવું. દેવદમની શણગાર સજી વિક્રમના દરબારમાં ગઈ. પૂર્ણચંદ્રસૂરિ, શુભશીલગણિ અને દેવમૂર્તિ દમનીના સૌંદર્યનું વર્ણન પાંચેક પંક્તિઓમાં પતાવી દે છે, જ્યારે લક્ષ્મીવલ્લભે દેવદમનીના સૌંદર્યનું વર્ણન વીસ પંક્તિઓમાં કર્યું છે.

ખરે જ, લાંબાં વર્ણનો કરવામાં, લક્ષ્મીવલ્લભ પર રામચંદ્રસૂરિ અને નરપતિની પ્રબળ અસર જણાય છે. દેવદમની કેવી હતી?

દેખિ ચિતૈં ચમકિયો વિક્રમ રહ્યો વિચાર,
કિં રંભા? કૈ અપછરા? કૈ એ નાગકુમારિ? ૩૧૩
કિં ખયરી વીદ્યાધરી? કૈ કિંનરી કહાઈ?
આજુ પ્રભુ જૈસિ આહે નારી ન દીઠી કાંઈ. ૩૧૪

અનેક યુક્તિપ્રયુક્તિથી, વિક્રમ દેવદમનીને દ્યૂતમાં જીત્યો અને તેને પરણ્યો.

ત્યાર પછી દક્ષિણમાં, કોંકણ પ્રદેશના સોપારા નગરના સોમશર્મા નામના બ્રાહ્મણની પત્ની ઉમાદેની દિનચર્યા અને તેના વર્તનનું નિરીક્ષણ કરવા દેવદમનીએ વિક્રમને આદેશ આપ્યો. વિક્રમ સોપારા ગયો અને બાળકનું રૂપ ધારણ કરી, સોમશર્માને ત્યાં શિષ્ય તરીકે રહેવા લાગ્યો. તે ઉમાદેનું સ્વરૂપ જોઈ આશ્ચર્ય પામ્યો. કવિએ, સંસ્કૃત કવિઓની શૈલીમાં, મધ્યકાલીન ગુજરાતી કવિઓમાં રૂઢ થયેલ રીતિએ, ઉમાદેની સુંદરતા નીચે પ્રમાણે વર્ણવી છે:

ચરણ કમલદલ જેમ હાથપગની નલી હો લાલ, હા૦,
લોચન અધિક વિસાલ, દસન દાડિમકુલી હો લાલ, દ૦;
અધર પ્રવાલસુ લાલ, કીરમુખ નાસિકા હો લાલ, કી૦,
ચિકુર ભમરકુલ સ્યામ, ચોટી ચલકૈ તિકા હો લાલ. ચો૦ ૯
ગૌર વર્ણ સુભ કર્ણ કપોલ સુહામણા હો લાલ, ક૦,
સ્થૂલ કંધ, ગંભીર સુસાદ સાહસ ઘણા હો લાલ, સુ૦;
વક્ષસ્થલ સુવિસાલ ભુજાદંડ અતિ વડા હો લાલ, ભુ૦,
કોમલ નખ ત્વચા અસ્થિ, સુંદર સમ વયણડા હો લાલ, સુ૦ ૧૦
ઊંડી સોહૈ નાભિ, સાસ સુભ ગંધ છૈ હો લાલ, સા૦,
કનકકદલ્ય સમ પાય, વદન સિરાધાર અછૈ હો લાલ, વ૦;
લઘુ જંઘા, કટિ લંક વિરાજૈ પાતલી હો લાલ, વિ૦,
ઉમાદેની આસ દેખીનૈ દિલ ફલી હો લાલ, દે૦. ૧૧

ઉપર્યુક્ત વર્ણન રૂઢ છે, પણ ભાષાની પ્રૌઢિ અને સુગેય દેશીની ઢાલ દ્વારા ખડું થતું ઉમાદેનું પ્રસન્ન સુંદર ચિત્ર લક્ષ્મીવલ્લભની કવિપ્રતિભાને છતી કરે છે.

આ વાર્તામાં, વિક્રમ કોઠદંડ (ઉકડદંડ) અને વિજયદંડ પ્રાપ્ત કરે છે.

વાર્તાનું વસ્તુ અન્ય કૃતિઓ સાથે સામ્ય ધરાવે છે, કેમાંય ઉમાદે સુવર્ણસંધ્યા નગરીમાં જે યોગિનીઓનાં વસતિ કરે છે તેઓનાં નામ નોંધ-પાત્ર છે:

કામાખ્યા, ત્રિપુરા, ચંડી, ચંડાલી, વિંધ્યવાસિની, માયા, માયાવિની, રૌદ્રી, ચામુંડા, કર્ણમોટકા, કાલી, મહાકાલી, વિદાલી, વજ્રા, વરદા, તોતલા, પ્રેતર્કા, કૌમારી, કુબ્જિકા, સિદ્ધા, વરેશ્વરી, વરદાયકા, વારાહી, વિવસ્ત્રા, પ્રેતકેશી, ભાલકાંમસી, ચૌંદા, સોમા, સૂતા, કાકિની, મહેશ્વરી, જ્વાલા, મહાજ્વાલા, સર્વકામદા, આશાપુરી, અરીયડા, સિદ્ધિ, લોકોત્તરી, શિવા, સિદ્ધિનાં, હિંગુલા આદિ.

વિક્રમ સિહદંડ અને વિજયદંડ જેતી ઉજ્જયિની આવ્યો, તે સમયે નગરમાં ઉત્સાહ પ્રવર્તી રહ્યો:

નૌવતિ ઘુરતિ નિસાંણ હે૦
રાજબંદી આવે માલવધણી, માથે કલસામંડાણ હે૦
સોહી મલ્યો સમરિ સોહાગણી. ૭
સિણગાર્યા વહુ હાટ હે૦
બાંધ્યા હો દ્વાર દ્વાર તોરણ બારણે, ગીત રાગ ગહગાટ હે૦
સધવ વધાવે મોતિવધામણે. ૮
પુરિ મધ્ય કરે પ્રવેસ હે૦
બેસે સિંહાસણ કુસલ પૂછે સહુ નિજ અવસરે નરેસ હે૦
આસૂને પગે પાડ્યાવે વહુ. ૯
વિજયદંડ સિહદંડ હે૦
કરી જુહાર સાસૂ આગે ધરયા, આદરિ વિનય અખંડ હે૦
કહ્યા છ સાહેસ બુદ્ધે મે વે કર્યા. ૧૦
વિક્રમ સુજસ પ્રચંડ હે૦
કીધો સરસતી સુગુરુ ચરણ નમીય ભણ્યો બીજો ખંડ,
લક્ષ્મીવલ્લભ ઢાલ એ બારમી. ૧૧

॥ ઇતિ શ્રીવિક્રમચરિત્ર સંબંધે દ્વિતીય ખંડ સંપૂર્ણમ્ ॥૨॥

આ રીતે કવિ દરેક ખંડની શરૂઆતમાં અને અંતમાં સદ્ગુરુ અને સરસ્વતીને નમસ્કાર કરે છે. આખી કૃતિ છ ખંડમાં વહેંચાયેલી છે, એ [illegible] વિક્રમ દંડ પણ પોતાના પ્રાપ્ત

કરેલા છે. એટલે એમાંથી એમ ફલિત થાય છે કે, 'પંચદંડ'ની વાર્તાઓ પાંચ ખંડ કે પાંચ ભાગમાં જ પૂરી થાય એ અનુમાનને પુષ્ટિ મળતી નથી. અન્ય કૃતિઓમાં કૃતિના દરેક પેટાભાગને આદેશ, પરિચ્છેદ, પ્રસ્તાવ, કાંડ આદિ નામ આપવામાં આવ્યાં છે. આ કૃતિના દરેક ભાગને 'ખંડ' નામ આપેલું છે; દરેક 'ખંડ' એ 'વિક્રમચરિત્ર'નો ભાગ છે. રચનાના અંતે, 'ઇતિ શ્રીવિક્રમાદિત્ય ભૂપાલ પંચદંડચતુષ્પદ્યાં પ્રથમખંડ સંપૂર્ણમ્' આ વાક્યમાં 'પંચદંડ'નો ઉલ્લેખ આવે છે, જ્યારે બાકીના ચાર ખંડમાં, શ્રી વિક્રમચરિત્ર સંબંધી પ્રથમ ખંડ, દ્વિતીય ખંડ' એ રીતે ઉલ્લેખ કરીને કવિ 'પંચદંડ'ને 'વિક્રમચરિત્ર' તરીકે ઓળખાવે છે.

ત્રીજા ખંડની શરૂઆતમાં, કવિ ઇષ્ટદેવ, સદ્ગુરુ અને સરસ્વતીને વંદન કરે છે:

શ્રી સરસતી સાન્નિધ્ય કરો, નિર્મલ દ્યો મતિ મુઝ,
ત્રીજો ખંડ આરંભતાં વીનતી કરું હું તુઝ. ૧
ઇષ્ટદેવ સદ્ગુરુ સદા સુપ્રસન્ન કરો સુદૃષ્ટ,
વિઘન હરો વાંછિત કરો, મુઝ મન હુવૈ સંતુષ્ટ. ૨

આ ત્રીજા ખંડમાં, ખંભાતની રાજકુંવરી રત્નમંજરીની વાર્તા કવિએ વર્ણવી છે. રત્નમંજરી અને રત્નોની પેટી (કે જેમાં 'પાતાળદંડ', અમૂલ્ય રત્નો અને એક અદ્ભુત વસ્ત્ર હતું.)ને વિક્રમ હરી લાવ્યો. આ વાર્તા સર્વપ્રાપ્ત સંસ્કૃત, ગુજરાતી અને રાજસ્થાની કૃતિઓમાં પ્રાપ્ત થાય છે; પણ રત્નોની પેટીમાં દંડ હતો, એ ઉલ્લેખ સ્પષ્ટ રીતે ઘણી ઓછી રચનાઓમાં મળે છે. વાર્તાનું સ્વરૂપ, એકંદરે, 'પંચદંડ'ની પ્રાચીન સંસ્કૃત વાર્તાને મળતું છે, છતાં રામચંદ્રસૂરિએ જે રીતે તેનો વિકાસ કર્યો તે રૂપમાં સર્વ ગુજરાતી અને રાજસ્થાની કવિઓએ તેને અપનાવી છે, અને લક્ષ્મીવલ્લભે પણ રામચંદ્રસૂરિનું અનુકરણ કર્યું છે. લક્ષ્મીવલ્લભે રત્નોની પેટીમાંના દંડનું નામ 'પાતાળદંડ' આપ્યું છે; તે નામ પંચદંડવિષયક કોઈ રચનામાં મળતું નથી. શામળે આ દંડને 'રામદંડ' અને નરપતિએ 'મહાગુણદંડ'ના નામથી ઓળખાવ્યો છે. 'પંચદંડ'ની પ્રાચીન સંસ્કૃત કૃતિઓમાં આ વાર્તાનું સ્થળ પ્રાચીન તામ્રલિપ્તિ નગરી દર્શાવ્યું છે કે જે ઈસ્વી સનની પહેલી બીજી સદીમાં બંગાળ પ્રાંતનું એક અતિ સમૃદ્ધ બંદર અને વેપારનું કેન્દ્ર હતું. તામ્રલિપ્તિ અને સિંહલદ્વીપ

~~[illegible]~~

થતાં હતાં. રામચંદ્રસૂરિએ 'તામ્રલિપ્તિ'નું 'ચંપાવતી' કર્યું અને અન્ય ગુજરાતી 'પંચદંડ'કારોએ તેનું 'ત્રંબાવતી' કર્યું. એટલે 'પંચદંડ'ની પ્રાચીન સંસ્કૃત પરંપરામાં, વાર્તાનું કેન્દ્ર તામ્રલિપ્તિ (તામલુક) હતું, તે રામચંદ્રસૂરિની પરંપરામાં ચંપાવતી થયું. લોકવાર્તાની સ્વરૂપઘટના (morphology)ની પ્રક્રિયામાં આ ઘટના નોંધપાત્ર છે. તામ્રલિપ્તિ બહુ વહાણો મારફતે ચાલતા વેપારથી સમૃદ્ધ થયું હતું. એટલે ત્યાંથી રત્નોની પેટી (જે સમૃદ્ધિનું ઘટકતત્ત્વ અને પ્રતીક ગણાય) અને 'પણિઅકદંડ' (જે વેપારનું ઘટકતત્ત્વ અને પ્રતીક ગણાય) વિક્રમને મળ્યાં એ સાંસ્કૃતિક દૃષ્ટિએ સૂચક છે.

ચોથા ખંડમાં, કવિ ઉજ્જયિનીના વૃદ્ધ અને ધનવાન ધનશેઠ અને તેની યુવાન પત્નીની વાર્તા આપે છે. સુંદર યુવાન પત્ની વૃદ્ધ પતિને મારી ચોર સાથે જારકર્મ કરે છે એ ઘટના સર્વ રચયિતાઓમાં પ્રથમ રામચંદ્રસૂરિએ પોતાની કૃતિમાં વણી. સર્વ ગુજરાતી કવિઓએ કર્યું તેમ લક્ષ્મીવલ્લભે પણ તે વાર્તાનું અનુકરણ કર્યું છે. વાર્તાના ઉત્તર ભાગમાં, કોરી કંદોયણે પોતાના કામિકદંડના પ્રભાવથી વિક્રમને તેની પોતાની રાણીને પરપુરુષના પ્રેમમાં પડેલી દર્શાવી ત્યારે વિક્રમના વિષાદનો પાર ન રહ્યો. કોસારે કહ્યું, 'સર્વ સ્ત્રીઓ આવી જ હોય?' વાર્તાના અન્તે, વિક્રમ કામિકદંડ લઈ પોતાના મહેલમાં આવે છે:

કામુકદંડ લેઈ કરી રે શ્રીવિક્રમનરરાય,
દૈત્યદમની આગેં ધરચો, પ્રણમ્યો ભાવેં પાય. મુ૦ ૨૪
ચોથો ખંડ પૂરો થયો રે નવમી ઢાલેં એહ,
લખમીવલ્લભગણિ કહૈ રે શ્રીવિક્રમગુણગેહ. મુ૦ ૨૫

॥ઇતિ શ્રીરાજરાજેશ્વર વિક્રમાદિત્યચરિત્રે ચતુર્થખંડ સંપૂર્ણમ્॥૪॥

પાંચમા ખંડમાં, વિક્રમ તમહરદંડ અને વિષાપહારદંડ પ્રાપ્ત કરે છે, અને નાગકન્યાને પરણે છે. આ વાર્તાનાં વર્ણન, પ્રસંગ, પાત્રો અને વિગતો મોટે ભાગે 'પંચદંડ'ની સર્વ રચનાઓમાં સરખાં છે. ઉજ્જયિનીના વિશ્વભૂતિ નામના બ્રાહ્મણને અપાર દાન આપવા માટે દૈત્યદમનીએ વિક્રમને આદેશ આપ્યો. વિશ્વભૂતિએ રાજપ્રતિગ્રહ લેવા ના પાડી. રાત્રે રાજા નગરચર્યા જોવા નીકળ્યો ત્યારે વિશ્વભૂતિની પુત્રી ગોમતી અને સોમ માળીની પુત્રી જયાતુબો, પુરંદર નાગની પુત્રી શૃંગારસુંદરીના લગ્નપ્રસંગે પાતાળનગરમાં જતાં જોયાં. ~~વિક્રમ [illegible]~~

સ્મશાનમાં જતાં, ગોમતી અને જયાનુની બાજુ બે સખીઓ હરતાલી અને હરણી મળી. એ ચારે ય સખીઓ અને માઉકો (વિક્રમે રૂપપરિવર્તન કરી સેવક તરીકે ધારણ કરેલું નામ) તમહરદંડ અને વિઘ્નાપહારદંડના પ્રભાવથી પાતાલનગરમાં ગયાં. પાતાલનગરમાં જતાં, તેઓએ પાતાલગંગા કેવી રીતે પાર કરી તેનું વર્ણન નોંધપાત્ર છે:

તેહ ઉલંઘી આગલ આગૈ વહૈ જિહાં ગંગપાતાલ,
નાવ વિના કે તરી ન સકૈ તૈ થંભ્યા તિણિ તતકાલ. રથા૦ ૭
વિક્રમ મનમૈં ચિંતે તિવારૈ કિમ નદી જાસી ઉલંઘિ,
વિદ્યાસકતિ દેખેસ્યું ઇહાંરી હું અઉ છુ જે સંગિ. રથા૦ ૮
માઉકસિરભાર ઉતારી પ્રગટો તેહ ઉખેલિ,
બ્રહ્મપલાસ તણો કાઢી ચામડી પહરી મંત્ર સુમેલિ. રથા૦ ૯
નરીં કતારસું ઓલાઓલી માઉકનૈ કર ઝાલિ,
હેલા માત્ર તરી ગંગામૈ આયા તસુ તટિ હાલિ. રથા૦ ૧૦

પાતાલગંગાના તટનું વર્ણન કાવ્યમય છે:

કોમલ કૂલિ જિહાં રહૈ કંચન રતન સુપમ ઝલકંત,
સોરંભ કમલ તણી અતિ આવૈ, સુમંદ પવન મહકંત. રથા૦ ૧૧
સુરતરુ વૃક્ષ તણી અતિ છાયા, બેઠે નાગકુમારિ,
તિહાંથી સુરતરુશાખા ઉલંઘી કરિ ચાલૈ મિલિ તે નારિ. રથા૦ ૧૨

પાતાલનગરમાં પહોંચતાં, યુક્તિપ્રયુક્તિથી વિક્રમ પુરંદર નાગરાજાની પુત્રી શૃંગારસુંદરીને અને ગોમતી, જયાનુ, હરતાલી અને હરણીને પરણ્યો. ગોમતી આદિ સખીઓ પાસેથી વિક્રમને તિમિરહરદંડ અને વિઘ્નાપહારદંડ વિક્રમને મળ્યા.

છઠ્ઠા ખંડમાં, વિક્રમે ખાપરા ચોરને હરાવી નવસો કન્યાઓને છોડાવી, તેનું વર્ણન આવે છે. વિક્રમના નામે જે કંઈ લોકવાર્તા અને પરાક્રમો રચાયાં છે તેમાં 'વિક્રમ અને ખાપરો ચોર'ની વાર્તામાં આવતાં પરાક્રમો પણ રચાયાં છે. પંચદંડની વાર્તાઓ સાથે 'વિક્રમ અને ખાપરો ચોર'ની વાર્તાને કંઈ મહત્વનો સંબંધ નથી; કવિએ સયોગ્ય રીતે એ અહીં જોડી છે. આ કૃતિ સિવાય, 'પંચદંડ' વિષયક કોઈ પણ કૃતિમાં 'ખાપરાચોર'ની વાર્તા સંકલિત કરેલી નથી.

આ કૃતિમાં, વિક્રમે નાગે જણાવેલા પાંચ દંડ પ્રાપ્ત કર્યા છે:

૧. સિંદૂરદંડ, ૨. કામિતદંડ, ૩. જયકારીદંડ, ૪. વિષહરદંડ, ૫. તિમિરહરદંડ ચાંપાવતીની રાજકુંવરી રત્નમંજરીની રત્નમંજૂષામાંનો 'પાણિગ્રહણદંડ' ગણીએ તો વિક્રમે કુલ છ દંડ પ્રાપ્ત કર્યા, એમ ગણાય.

અન્ય ગુજરાતી રચનાઓમાં પ્રાપ્ત થતો, પાંચ દંડના પ્રભાવથી વિક્રમે દેવદમનીએ ઊભી કરેલી વજૂદિવાલ ચૂરેચૂરા કરી નાખી એ પ્રસંગ લક્ષ્મીવલ્લભની આ રચનામાં મળતો નથી.

'પંચદંડ' વિષયક અન્ય ગુજરાતી રચનાઓમાં, લક્ષ્મીવલ્લભની પદ્યકૃતિ તેની વિવિધ દેશીઓની ગેયતા, કાવ્યમય વર્ણનો અને રોચક કાવ્યોચિત પદાવલિના કારણે જુદી તરી આવે છે. લાંબાં, પ્રમાણ વિનાનાં વર્ણનોના કારણે, વાર્તાકથન સચોટ બની શક્યું નથી, એટલું જ નહિ પણ આખી કૃતિનો બંધ શિથિલ લાગે છે. આ પદ્યકૃતિમાં ઘણે સ્થળે, મારવાડી ભાષાની અસર છે; તેવી જ રીતે 'વિક્રમચરિત્રકથા' ('પંચદંડછત્રોત્પત્તિકથા'), અજ્ઞાત કવિ-વિરચિત 'પંચદંડની વારતા', અજ્ઞાત ગુજરાતી ગદ્યકાર-કૃત 'પંચદંડ કથા' અને રાજધરપ્રણીત 'વિક્રમપ્રબંધ' — એ ચારેય કૃતિઓ પર રાજસ્થાની અને ખાસ કરીને મારવાડીની પ્રબળ અસર પડેલી છે. આનો અર્થ એ કે, પંચદંડની વાર્તાઓ રાજસ્થાનમાં પ્રાચીન સમયથી ઘણી લોકપ્રિય હોવી જોઈએ. અહીં એ નોંધવું યોગ્ય થશે કે રામચંદ્રસૂરિ સિવાયના અન્ય સાત પ્રાપ્ત સંસ્કૃત 'પંચદંડ'કાર પૈકીના બેત્રણ તો રાજસ્થાનના હોય એમ જણાય છે.

આ કૃતિનો રચનાસંવત ૧૭૨૮ છે, જે નીચેની પુષ્પિકા પરથી સ્પષ્ટ થાય છે:

હોઈ સંઘ સહુ સાથ સમેલા, તજિ આલસ ધ્રમ સુણિવા વેલા,
કીધો સંઘ શ્રવણ સુખ કાજ, વિક્રમનૃપચરિત્ર કવિરાજ. ૧૧
સિદ્ધિનેત્ર મુની શશહર વરસૈ, ફાગુણ સુદ પંચમી મન હરસૈ,
શ્રીખરતરગચ્છ છવિ અતિ છાજૈ, શ્રીજિનચંદ સૂરીસર રાજૈ. ૧૨
શ્રીલખમીકીર્ત્તિ ઉવજ્ઝાયા, શ્રીસોમકીર્ત્તિ સાધ સુહાયા,
દરસણ સોમ હરખપ્રકાસૈ, જસુ પ્રતાપ રવિ જગત વિભાસૈ. ૧૩
તાસુ સીસ અતિ મન ઉછરંગૈ, લખમીવલ્લભગણિ સુખસંગૈ,
છટ્ઠૈ ખંડૈ સોલમી ઢાલૈ, ભણ્યો વિક્રમ જસ જયમાલૈ. ૧૪

ઢાલ એ ભણી જન સહુ કહેસી, ગુરુના મુખથી દેસી લહેસી,
ચતુર તણો તો ચીત્ત રંજેસી, સુઘાટ તણી તો સોભા લેસી. ૧૫
શ્રી વિક્રમનો જશ સાંભળસી, તસુ મનવંછિત સઘલા ફલસી,
કંઈ ન હોવે ચિંતા કાંઈ, અહનિસિ ઉત્સવ રંગ વધાઈ. ૧૬

ઇતિ શ્રીવિક્રમાદિત્યભૂપાલ-પંચદંડ ગ્રંથાર્થાં સપ્તખંડ સંપૂર્ણ॥ સં. ૧૮૭૭ વર્ષે, ફાલ્ગુન શુક્લ ૧૫, શનોર્કવાસરે અવંતીનગરમધ્યે,

यादृशं पुस्तकं दृष्ट्वा तादृशं लिखितं मया।
यदि शुद्धमशुद्धं वा मम दोषो न दीयते॥

લિપીકૃતં શિષ્ય-મુનિ હારવિજયેન સ્વઆત્માર્થે॥

[૧૪]

અજ્ઞાત ગુજરાતી ગદ્યકાર-વિરચિત

પંચદંડકથા

(ઇસ્વી સન ૧૬૯૨ પહેલાં)

અત્યાર સુધીમાં 'પંચદંડ' વિષયક પ્રાપ્ત થયેલી જૈનેતર કૃતિઓ પૈકીની આ એક મહત્ત્વની મધ્યકાલીન ગુજરાતીની અપ્રસિદ્ધ ગદ્યકૃતિ છે. 'પંચદંડ'ની પ્રાપ્ત થયેલી જૈનેતર કૃતિઓ આ પ્રમાણે છે: ૧. અજ્ઞાત સંસ્કૃત ગદ્યકાર-વિરચિત 'पञ्चदण्डछत्रप्रबन्ध'[૬૧] (વિક્રમનો પંદરમો શતક); ૨. નરપતિકૃત જૂની ગુજરાતીની પદ્યકૃતિ 'પંચદંડની વાર્તા'[૬૨] (વિ.સં. ૧૫૧૪); ૩. રાજધરકૃત જૂની ગુજરાતીની પદ્યકૃતિ 'વિક્રમપ્રબંધ'[૬૩] (વિક્રમના સત્તરમા શતકનો પૂર્વાર્ધ); ૪. અહીં જેનું વિવરણ કરી રહ્યો છું તે અજ્ઞાત ગુજરાતી ગદ્યકાર-વિરચિત 'પંચદંડકથા' (ઇ.સ. ૧૬૯૨ પહેલાં)[૬૪]; ૫. અજ્ઞાત કવિકૃત 'પંચદંડની વારતા'[૬૫] (વિક્રમનો સત્તરમો શતક); ૬. અજ્ઞાત રાજસ્થાની ગદ્યકાર-વિરચિત 'પંચદંડરી વાત'[૬૬] (વિ.સં. ૧૭૪૭ પહેલાં); ૭. શામળકૃત જૂની ગુજરાતી પદ્યકૃતિ 'પંચદંડની વાર્તા'[૬૭] (વિ.સં. ૧૭૭૭-૧૭૮૫); ૮. આ. પેસતનજી કાવશજી-રચિત 'પાંચ ડંડની વારતા'[૬૮] (ઇ.સ. ૧૮૭૨).

આ મહત્ત્વની જૈનેતર કૃતિની આજ સુધીમાં જાણવામાં આવેલી એક જ હસ્તપ્રત, ગુજરાત વિદ્યાસભા, અમદાવાદના સંગ્રહમાંથી મળી છે. તે, ગુજરાત વિદ્યાસભાના રજિસ્ટર નં. 300 પર નોંધાયેલી છે. પ્રતનાં કુલ પાન ૧ થી ૬૬ છે. પાન 47-13 પર પ્રતના હસ્તાક્ષરોથી જુદા, સહેજ મોટા હસ્તાક્ષર છે, અને તેના પર સાત પંક્તિઓ છે. શરૂઆતનાં પાન ૧ થી 3 અને પૃષ્ઠ ૫૮-૬૫ પર આઠ પંક્તિઓ લખાયેલી છે. કૃતિ પૃ-66-A પર પૂરી થાય છે.

૬૧. આ મહાનિબંધના આ પ્રકરણમાં સમીક્ષિત કૃતિ ક્રમાંક ૬
૬૨. એ જ, ક્રમાંક ૮
૬૩. એ જ, ક્રમાંક ૧૧
૬૪. એ જ, ક્રમાંક ૧૪
૬૫. એ જ, ક્રમાંક ૧૫
૬૬. એ જ, ક્રમાંક ૧૬
૬૭. એ જ, ક્રમાંક ૧૭
૬૮. એ જ, ક્રમાંક ૧૮

આજે તે પાન પર ૯ પંક્તિઓ લખેલી છે. પાન 1-A પર હસ્તપ્રતના હસ્તાક્ષરોથી જુદા અક્ષરોમાં નીચેનો શ્લોક લખેલો છે:

हरिश्चंद्रो नलो राजा पुरुकुत्स्थ पुरुरवा ।
सगरः कार्त्तवीर्यश्च षडैते चक्रवर्त्तिनः ॥१॥

છેવટના પૃષ્ઠ ૬૬-B પર 'पंचदंडछत्र १' લખેલું છે. પ્રતનું માપ ૮.૩"×૪" છે. તેમાં આદિ અને અંતનાં આઠદશ પાનની ધાર ખરી ગયેલી છે; વચ્ચેનાં પાન સારી સ્થિતિમાં છે. દરેક પાનની ડાબી અને જમણી બાજુએ .૪"નો કાળી શાહીથી હાંસિયો રાખેલો છે. દરેક પાનની ઉપરનીચે .૯" જગ્યા છોડેલી છે.

દરેક પાનની બીજી બાજુના ડાબા ભાગના હાંસિયાને મથાળે અને જમણા ભાગના હાંસિયાના નીચેના ભાગમાં પૃષ્ઠાંક નાખેલા છે. કૃતિમાં વચ્ચે વચ્ચે સંસ્કૃત શ્લોક આવે છે. પ્રાચીન ગુજરાતી કૃતિઓમાં, 'નંદબત્રીસી', 'વસંતવિલાસ', 'નારી નિરાસ ફાગ' આદિ કૃતિઓમાં સંસ્કૃત-ગુજરાતીની ફૂલગૂંથણી આવે છે તેવી ફૂલગૂંથણી આ રચનામાં પ્રાપ્ત થાય છે. નરપતિએ પણ પોતાની 'પંચદંડ'ની વાર્તામાં કેટલાક સ્થળે સંસ્કૃત શ્લોક મૂક્યા છે. આ ગદ્યકથામાં સંસ્કૃત શ્લોક, કોઈ પ્રસંગ કે વર્ણનને પુષ્ટ કરવા આવે છે, પણ કૃતિનો ગુજરાતી અનુવાદ કૃતિમાં કોઈ સ્થળે આપેલો નથી. એના શ્લોકના ક્રમાંક અવ્યવસ્થિત છે, જ્યારે મેં તૈયાર કરેલી કૃતિની સમીક્ષિત વાચનામાં શ્લોકના સળંગ ક્રમાંક નાખ્યા છે. હસ્તપ્રતના પૃષ્ઠાંક ૬૦-B, ૬૧-A, ૬૧-B પર, બ્રાહ્મણે વિશ્વેશ્વરની દશ શ્લોકમાં સ્તુતિ કરી છે; આ શ્લોકના ક્રમાંક ૧ થી ૧૦, કૃતિના શ્લોકના સળંગ ક્રમાંકથી અલગ નાખ્યા છે.

કૃતિનો આદિ ભાગ આ પ્રમાણે છે:

॥ श्रीगणेशाय नमः॥ अथ विक्र[म]चरित्रकथा

ધારાપુરી નામ નગરી. તેને વિષે ભોજ નામ રાજા રાજ્ય કરે છે. એકદા સમે રાજા ભોજ શીકાર ચાલ્યો; જઈ સરોવરપાલે ઉભો રહ્યો; સરોવર દીઠું.

छादिते पद्मपत्रैश्च स्वच्छकूर्मै जलोद्भवैः ।
न[टा]रैश्च[निवृक्षैः] केतकीखण्डमण्डितैः ॥१॥

એવું સરોવર છે.

કૃતિની પુષ્પિકા આ પ્રમાણે છે:

ઇતિ પંચદંડકથા સંપૂર્ણ॥ સંવત ૧૭૩૯ વર્ષે માઘ વદિ ૧૩ રવિવાસરે લિખિતમસ્તિ॥ શુભં ભવતુ॥

આ ગદ્યકથાની પુષ્પિકા જોતાં, કૃતિના કર્તાનું નામ કે રચનાસંવત્ આપેલાં નથી. પણ કર્તા જૈનેતર છે એ તેણે ગણેશને નમન કરીને 'વિક્રમચરિત્રકથા' લખવાની શરૂઆત કરી એ પરથી સમજાય છે. કથાનો અંતરંગ જોતાં પણ કર્તા જૈનેતર છે એવી સ્પષ્ટ છાપ પડે છે. પુષ્પિકા જોતાં, આ હસ્તપ્રતની નકલ સં. ૧૭૩૯ = ઇ.સ. ૧૬૮૨માં થયેલી છે, એટલે કૃતિની રચના તે પહેલાં થઈ હોવી જોઈએ. કેટલીક કૃતિઓની નકલો હસ્તપ્રતરૂપે મળે છે તેમાં આ આ હસ્તપ્રત મહત્ત્વની છે, કારણ કે ઇ.સ. ૧૬૮૨માં થયેલી આ નકલ માટે વપરાયેલા કાગળ, શાહી, દેવનાગરી અક્ષરોનો મરોડ અને ભાષાનું સ્વરૂપ દર્શાવે છે કે કૃતિની હસ્તપ્રત એના શુદ્ધ સ્વરૂપમાં આપણને પ્રાપ્ત થઈ છે. વળી, આની એક કરતાં વધુ હસ્તપ્રતો મળતી નથી. ગુજરાતી ગદ્યની આવી જૈનેતર કૃતિઓની કોઈક હસ્તપ્રત મળે એ પણ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના અભ્યાસમાં બહુ ઉપયોગી થઈ પડે. નરપતિથી તે શામળ અને તેની પછીના છેલ્લા ભાણવિજય તેમ જ આ. [illegible] ભાવસાગરની પંચદંડની જૂની ગુજરાતીની રચનાઓ જોતાં એમ જણાય છે કે, આ અજ્ઞાત ગુજરાતી ગદ્યકારે જ રામચંદ્રસૂરિ પહેલાંની પંચદંડની પરંપરા જાળવતી કથાઓ ગુજરાતીમાં આપી છે, બાકી સર્વ ગુજરાતી અને રાજસ્થાની પંચદંડકારોએ રામચંદ્રસૂરિની પરંપરાનું અનુસરણ કર્યું છે. પંચદંડની પ્રાચીન પરંપરાને ગુજરાતી ભાષામાં જાળવી રાખનાર આ કૃતિની હસ્તપ્રતને મેં મારા મહાનિબંધમાં સમીક્ષિત વાચના માટે સ્વીકારી છે.

હસ્તપ્રતનો અક્ષરમરોડ (Calligraphy) તદ્દન જુદા પ્રકારનો છે. હસ્તપ્રતગત અક્ષરોની દેવનાગરી લિપિમાંથી ગુજરાતી લિપિમાં રૂપાંતર થતી સ્થિતિનું અહીં દર્શન થાય છે. હસ્તપ્રતના પૃષ્ઠોના ક્રમાંકે તો દેવનાગરી સ્વરૂપ જ છોડી, ગુજરાતી સ્વરૂપ ધારણ કર્યું છે. દેવનાગરી ण ગુજરાતી ણ ની રીતે લખાયેલો છે. ર નો આકાર, કોઈ જોડાક્ષરનો લગાડવાના કાના જેવો લાગે છે, જ્યારે प म व મોટે ભાગે એકસરખા નજરે પડે છે. અને સંદર્ભ પરથી કૃતિનો પાઠ બેસાડી શકાય છે; પણ સંદર્ભ વિના એકલા प म કે व ઓળખવા મુશ્કેલ છે. त અને न સરખા જણાય છે, જ્યારે भ અને ज સંદર્ભ વિના ઓળખી શકાતા નથી.

કૃતિની ભાષા મારવાડી-મિશ્રિત ગુજરાતી છે, એટલે કર્તા રાજસ્થાનના હોય એમ જણાય છે. કૃતિમાંથી કેટલાક નમૂના નીચે પ્રમાણે છે:

'ચાંપકમાલા ગઢ આગણ આવી. એવે અવસર પુરુષ ૧ સાંઢણી લેઈ દેસાંતર થકો આવ્યો. તે દેવાલગ્રહ તલે ઉતરયો, સાંઢડી બાંધી. પછે દેવાલગ્રહ ચઢ્યો. કુંવરી પ્રતિ કહ્યો: "હો કુંવરી મુને રાજા કનકસેન ઈહાં મોકલ્યો છે. હો કુંવરી તુ વેગી ચાલ." તબ કુંવરી દેવાલગ્રહથી ઉતરી.'

'કહ્યો', 'તબ', આ રૂપ મારવાડી બોલીની અસર દર્શાવે છે. વળી, 'દેવલગ્રહ'નું 'દેવાલગ્રહ' રૂપ જે 'આ'નો પ્રક્ષેપ દર્શાવે છે તે પણ મારવાડીની અસરનું પરિણામ છે.

'તેનો સાસરો ઉજેણ થો'--- 'એ કથા રાજા ભોજકો જીવ સુવાકી કુડમાંહિ થો તીણ યા કથા રાજા ચંદસેણ આગે કહી.'

'થો', 'કો', 'કી' આદિ રૂપ રાજસ્થાની ભાષા અને મારવાડી બોલીનાં રૂપ છે, અને તે રીતે આખી કૃતિ ભલે ગુજરાતી છે, પણ કર્તા મારવાડ તરફના હશે, તેથી કૃતિ પર મારવાડી બોલીની અસર વરતાય છે.

ગદ્ય એ બોલાતી ભાષાના લહેકા, વળાંક અને ભાવને સચોટ રીતે વ્યક્ત કરે છે. ગદ્ય અને બોલીને જેટલો સંબંધ છે તેટલો પદ્ય અને બોલીનો નથી. તે રીતે જોતાં, ટૂંકાં ટૂંકાં વાક્યો દ્વારા, સત્તરમા શતકના લાક્ષણિક ગદ્યમાં નિરૂપાયેલી 'પંચદંડ'ની આ કૃતિ, બોલીના અનેક લક્ષણો અને લહેકા તેમજ ગદ્યના પદવિન્યાસ પર પ્રકાશ નાખે છે.

આ ગદ્યકથાની શરૂઆત શામળ સિવાયના અન્ય 'પંચદંડ'કારોથી જુદી રીતે થાય છે. પ્રાચીન પરંપરાયુક્ત સંસ્કૃત રચનાઓમાં, વિક્રમ સવારી સાથે ઉપવનમાં ક્રીડાર્થે જાય છે. ત્યાંથી પાછા ફરતાં, દમનીના મહેલનો કચરો સાફ કરતી દાસીને વિક્રમના સેવકોએ મારી, ત્યારે દમનીએ મ્હેણું માર્યું: 'ન દીઠઉ રાઉ જાણે પાંચદંડીઉ છત્ર ધરાવઈ છઈ!' અને ત્યાંથી વિક્રમના મનમાં 'પંચદંડછત્ર' વિશે જાણવાની આતુરતા પેદા થતાં, 'પંચદંડ'ના વાર્તાચક્રની શરૂઆત થાય છે.

'પંચદંડ'ની બીજી પરંપરા ક્યાંઈના પૂર્ણિમાગચ્છીય કવિ રામચંદ્રસૂરિની છે. સર્વ ગુજરાતી અને રાજસ્થાની કૃતિઓ આ પરંપરાના વર્ણન હેઠળ વિકસી છે, ફક્ત અજ્ઞાત ગુજરાતી ગદ્યકાર જ ઉપર્યુક્ત પ્રાચીન પરંપરાને અનુસરે છે.

~~રામચંદ્રસૂરિની પરંપરાનુસાર, ઉપવનમાંથી સવારી સાથે પાછાં ફરતાં વિક્રમના~~

સેવકોએ મહેલમાં ફરતાં સાથે ફરતી દમનોની દાસીને મારી. આથી દમનકે ગુસ્સે થઈ, પોતાની પાસેના ‘આમોદદંડ’[૬૬] વડે ત્રણ ગજ ઊંચી દીવાલો ઊભી કરી. અપમાનિત વિક્રમે દમનોને ત્રણ ગજ ઊંચી દીવાલો તોડવા માટે ઉપાય પૂછતાં, દમનકે કહ્યું કે, જો ‘પંચદંડછત્ર’ ધારણ કરે તો જ આ દીવાલો તોડી શકશે. અને એ રીતે વિક્રમની પંચદંડછત્ર મેળવવાની ઇન્તેજારીમાંથી ‘પંચદંડ’નું વાર્તાચક્ર વિકસ્યું.

શામળે પંચદંડની વાર્તાને એક મોટા વાર્તાચક્ર – ‘સિંહાસનબત્રીસી’ – ની એક વાર્તા તરીકે રજૂ કરી છે. રાજા ભોજ, વિક્રમાદિત્યે પ્રાપ્ત કરેલ સિંહાસન પર બેસવા જાય છે ત્યારે એક પછી એક સિંહાસનની બત્રીસ પૂતળીઓ, વિક્રમે કરેલાં પરાક્રમોનાં અને પરોપકારનાં વર્ણન કરતી જાય છે; અને વિક્રમને કહે છે કે એવાં કાર્યો તમે કરશો ત્યારે સિંહાસન પર બેસી શકશો. શામળે એ રીતે પંચદંડની વાર્તાને ‘સિંહાસનબત્રીસી’ની પાંચમી કથા તરીકે આપી છે.

અજ્ઞાત ગુજરાતી ગદ્યકાર-વિરચિત આ પંચદંડકથામાં વાર્તાની શરૂઆત ઉપર્યુક્ત બન્ને રીતથી જુદી રીતે થાય છે; એક વ્યક્તિ બીજી વ્યક્તિને વાર્તા કહી સંભળાવતી હોય એ રીતે શામળ અને આ કથાકાર સમાન છે; બાકી બન્નેના વસ્તુમાં આસમાન-જમીનનો તફાવત છે. અજ્ઞાત ગુજરાતી ગદ્યકારમાં વાર્તા આ રીતે શરૂ થાય છે:

રાજા ભોજ એક દિવસે શિકારે ગયો, ત્યાં સરોવરની પાળે તે ઊભો હતો ત્યારે પાણી ભરવા આવેલી ચાર સ્ત્રીઓ તેના વિશે બોલવા લાગી: એક કહે: “આ રાજા અતિ સુંદર દેખાય છે.” બીજી બોલી, “એ રાજા ચૌદ વિદ્યાનો જાણકાર છે.” ત્રીજી કહે, “એ રાજા ચોરશી દેખાય છે.” ચોથી બોલી, “જ્યાં સુધી એ વિક્રમાદિત્યની જેમ કાયાપ્રવેશમંત્ર નથી જાણતો ત્યાં સુધી રાજા ભોજમાં ગુણ ઓછા છે.” આ સાંભળી, રાજા ભોજે કાયાપ્રવેશમંત્ર શીખવા દેશ-પરદેશથી યોગીઓ તેડ્યા. એવામાં, ધારા નગરીમાં ફરતા વ્યભિચાર એક સાહસિક ચોરને પકડી, તેને ગધેડે બેસાડી રાજાએ નગર બહાર કાઢ્યો. અપમાન પામેલા ચોરે એક સિદ્ધયોગીની સેવા કરી તેને પ્રસન્ન કર્યો. સિદ્ધયોગીએ પ્રસન્ન થઈ, તેને વરદાન માગવાનું કહેતાં, ચોરે કાયાપ્રવેશમંત્રની યાચના કરી. યોગીએ ચોર પાસેથી માગ્યું કે, તે મંત્રનો ઉપયોગ રાજા ભોજ પર વેર વાળવામાં કરવાનો

૬૬. કોઈ પણ પંચદંડકારે દમનો પાસેના દંડનું નામ નથી આપ્યું; શામળે પણ નામ નથી આપ્યું. શામળકૃત ‘સિંહાસનબત્રીસી’ના સંપાદક શ્રી. ગંભીરલાલ ભગતે,
~~[illegible] ‘આમોદદંડ’ એમ દર્શાવ્યું [illegible]~~
પ્રચલિત થયું હોય એમ જણાય છે.

છે ત્યારે તે દુઃખી થયો. ત્યારે ચોરે યોગીને 'શઠં પ્રતિ શાઠ્યમ્' એ સૂત્રનું પ્રતિપાદન કરતી એક 'રાજાનો સૂડો'ની આડકથા કહી જે આ પ્રમાણે છે:

ભોગાવતી[100] નગરીના ભોગપુરંદર રાજા પાસે એક સૂડો હતો. સૂડો રાજાને ઘણો પ્રિય હતો. એક દિવસ એક ગણિકાએ રાજસભામાં આવી, નૃત્ય અને સંગીતથી રાજાને ખુશ કર્યો. રાજાએ તેને કંઈક માગવા કહેતાં, ગણિકાએ સૂડા પરના આગલા ના વેરના કારણે, સૂડાની માગણી કરી. ગણિકા સૂડાને પોતાને ઘેર લઈ જઈ, તેને મારી નાખવાની પેરવાઈ કરવા લાગી. સૂડો યુક્તિથી નાસી છૂટ્યો અને મહાદેવના મંદિરમાં સંતાઈને, મહાદેવ તરીકે તે બોલ્યો, "હે ગણિકા! તને સ્વદેહે કૈલાસમાં લઈ જઈશ. તું તારી સર્વ મિલ્કત ધર્માદા કરી દે. માથું મુંડાવી, સફેદ વસ્ત્ર પહેરી; સુભગ દિવસે તૈયાર રહેજે. નક્કી કરેલા દિવસે અને સમયે, સૂડાએ ગણિકાનું પાપ ઉઘાડું પાડ્યું. રાજા એ જાણી દુઃખી થયો અને ગધેડા પર બેસાડી ગણિકાને દેશપાર કરી.

સૂડાએ પોતાને મારવા જાળ બિછાવનાર ગણિકાને બરાબર પાઠ ભણાવ્યો.

આ આડકથા સાંભળી, યોગીએ ચોરને કાયાપ્રવેશ મંત્ર આપ્યો. અપમાનથી છંછેડાયેલો ચોર ધારાનગરી આવ્યો અને પરકાયાપ્રવેશ મંત્ર શીખ્યા, વિક્રમ જેવાં પરાક્રમ અને પરોપકાર કરી જવાની મહત્વાકાંક્ષાથી, ભોજ યોગીના વેશમાં આવેલા ચોર પાસે મંત્ર શીખવા સ્મશાનમાં ગયો. સાહસિક ચોરે તેને મંત્ર શીખવ્યો અને એક સૂડાના મૃતદેહમાં પ્રવેશ કરી મંત્રની અજમાયશ કરવા ભોજને કહ્યું. ભોજે જેવો સૂડાના દેહમાં પ્રવેશ કર્યો કે તરત જ, ખાલી ખાલી પડેલા ~~દેહ~~ ભોજના દેહમાં ચોરે પ્રવેશ કર્યો. સૂડાના રૂપમાં રહેલા ભોજે પાખંડી યોગીને ઓળખ્યો અને જીવ બચાવવા પરદેશ નાસી છૂટ્યો. રાજા ભોજના દેહમાં પ્રવેશેલા સાહસિક ચોરે, રાજા ભોજનો નાશ કરાવવાના ઇરાદાથી, દેશપરદેશના સૂડા પકડાવી, તેમનો નાશ કરાવવા લાગ્યો. જે સૂડાના દેહમાં રાજા ભોજનો જીવ હતો, તેણે સૂડા પકડનાર એક પારધીને વિનંતી કરી કે,

---

100. આ વાર્તા બાલવાર્તા તરીકે, 'ગાંગારામ' એ શીર્ષકથી, શ્રી નાગરદાસ ઇ. પટેલે તેનું સંપાદન કરી, 'બાલવિનોદ ગ્રન્થમાલા'ની ૧૧મી પુસ્તિકા તરીકે પ્રસિદ્ધ કરી છે. શ્રી નાગરદાસ પટેલને આના મૂળ માટે પૂછતાં, તેઓએ તા.   ના પત્રમાં જણાવ્યું કે

"---- 'ગાંગારામ' નો લોકકથામાંથી મેં લખ્યું છે. એમાંની એક વાર્તા 'કળાવિલાસ'માં આવી હતી. 'કળાવિલાસ' ગુજરાતી પ્રેસે મૂળ સંસ્કૃત પરથી તૈયાર કરાવ્યું હોવાનો મને ખ્યાલ છે. બે વાર્તાઓ સંકલિત કરીને 'ગાંગારામ'ની વાર્તા સને ૧૯૩૪માં મેં લખેલી. ---"

કાશ્મીરી કવિ ક્ષેમેન્દ્રકૃત સંસ્કૃત 'કળાવિલાસ'નું ગુજરાતી ભાષાંતર, મુંબઈના 'ગુજરાતી પ્રેસે' સને   માં પ્રગટ કર્યું છે. તેમાં આ કે આને મળતી વાર્તા જોવા મળતી નથી.

તું અને રાજા ચંદ્રસેને પાસે લઈ આ. રાજા ચંદ્રસેન સૂડાની વિદ્વત્તાથી ખુશ થયો અને તેને પોતાની પાસે રાખ્યો; તેને લાવનાર પારધીને રાજાએ ૧૦ ગામ અને ૧૦૦૦ દિનાર ઇનામ આપ્યું.

ચંદ્રસેનની રાણી શશીકલાએ સૂડાને પૂછ્યું, "મારા જેવી કોઈ સ્ત્રી સુંદર છે?" સૂડાએ કહ્યું, "શીશલાપુર પાટણના રાજા ઉગ્રસેનની કુંવરી પુષ્પાવતી છે, તેની દાસી પ્રભાવતીના રૂપ સમાન તું નહિ." આવું સાંભળી, રાણી સૂડા પર રિસાઈ. સૂડાએ રાણીને મનાવવા પ્રયત્ન કર્યો, પણ તે માને નહિ. છેવટે સૂડાએ રાણીને નીચે પ્રમાણે 'હઠાગ્રહી રાણી'ની આડકથા કહી:

અયોધ્યાના રાજા જન્મેજયે ઇન્દ્રની આજ્ઞાથી એક દૈત્યને માર્યો. આથી ઇન્દ્રે તેને વરદાન માગવા કહ્યું. જન્મેજયે ઇન્દ્ર પાસે આરોહક વસ્ત્ર અને ઇન્દ્રાણીનાં કુંડલ માગ્યાં. ઇન્દ્રે આરોહક વસ્ત્ર અને ઇન્દ્રાણીનાં કુંડલ રાજાને આપ્યાં. પોતાનાં કુંડલ કાઢી આપતાં દુઃખી થઈ ઇન્દ્રાણીએ શાપ આપ્યો કે, "જે સ્ત્રી આ કુંડલ પહેરશે તે પોતાના પતિથી વિયોગ પામશે." રાણીએ આરોહક વસ્ત્ર અને કુંડલ પહેરી, સર્વ પ્રજાજનને તેડી, મોટો ઉત્સવ કર્યો. વળી, રાણીએ હઠાગ્રહ કર્યો કે, "મારે લોહીથી ભરેલી વાવડીમાં નહાવું છે." રાજા આ સાંભળી દુઃખી થયો અને પ્રધાન સાથે મસલત કરી, અળતાથી વાવડી ભરાવી, તેને સ્નાન કરાવ્યું. અળતા વડે નાહવાથી માંસના લોચા જેવી દેખાતી રાણીને એક મોટું પક્ષી ઉપાડી ગયું. રાણીના હઠાગ્રહનું એવું પરિણામ આવ્યું.

આમ કહી, સૂડાએ રાણી શશીકલાને મનાવવા પ્રયત્ન કર્યો છતાં તે માની નહિ. રાજા ચંદ્રસેને સૂડાને પૂછ્યું કે, "પુષ્પાવતી પરણેલી છે કે કુંવારી?" સૂડાએ કહ્યું, "રાજા! તમને હું પુષ્પાવતી પરણાવું, તું ઉદ્યમ કર." ત્યારે રાજાએ પૂછ્યું, "હે સૂડા! હું કેવો ઉદ્યમ કરું?" સૂડાએ કહ્યું, "હે રાજા! રાજા વિક્રમાદિત્યે ઉદ્યમ કર્યો, તો તેણે પંચદંડ છત્ર પ્રાપ્ત કર્યું." ત્યારે રાજાએ કહ્યું, "રાજા વિક્રમાદિત્ય પંચદંડ છત્ર કેવી રીતે પામ્યો તે કૃપા કરી કહો." આ સાંભળી, સૂડો (જેના દેહમાં રાજા ભોજ પેઠેલો છે તે) ચંદ્રસેનને પંચદંડ છત્ર પ્રાપ્તિની વાર્તા કહેવા લાગ્યો.

પહેલી વાર્તા અન્ય સર્વ કૃતિઓની માફક, વિક્રમ અને દેવદમનીના લગ્ન વિશેની છે. ગુજરાતી અને રાજસ્થાની કૃતિઓમાં દમની અને દેવદમનીને ગાહણી અથવા ધારણ કહી છે.[૬] આ વાર્તાકાર તેને પરાક્રોડ કહે છે, એ ખરેખર તો 'ગાહણીગ' શબ્દનો અનુવાદ છે. (લક્ષ્મીવલ્લભે પણ 'પરાક્રોડ' શબ્દ 'ગાહિણ'

શબ્દમાં અનુવાદ તરીકે આપ્યો છે.). આ વાર્તાની સર્વ વિગતો પંચદંડની અન્ય રચનાઓમાં મળતી છે, પણ કેટલીક વિગતોમાં આ ગદ્યકાર બીજા પંચદંડકારોથી જુદો પડે છે. કચરો સાફ કરતી દાસીને વિક્રમના સેવકો મારે છે, એવો ઉલ્લેખ સર્વ કૃતિઓમાં પ્રાપ્ત થાય છે, જ્યારે અહીં પ્રધાને દાસીને મારી, એમ દર્શાવેલું છે. દેવદમનીની માતા દાનીનું નામ આપ્યું નથી, પણ ગાંહણી તરીકે તેને ઓળખાવી છે. આ ગદ્યકથામાં છ માસ સુધી વિક્રમ અને દેવદમની વચ્ચે દ્યૂતની રમત ચાલી એમ વર્ણન મળે છે, જ્યારે સામાન્ય રીતે ત્રણ જ દિવસ દ્યૂત ચાલ્યાનું સર્વ વાર્તાકારો જણાવે છે. રાજા, વૈતાલ અને મોરવાની મદદથી દેવદમનીને હરાવી તેને પરણ્યો. ત્યારે ગાંહણી બોલી, "હો રાજા! તું દક્ષિણ જઈ, દક્ષિણમાંહે દંડ છે તે લઈ આવ. દક્ષિણને વિષે સુપ્રણા નામ નગર છે, તીહાં દેવશર્મા નામ બ્રાહ્મણ છે, તેની સ્ત્રી ઉમાદેવી નામ છે; તેને દંડ ૧ છે, દંડ ૧ રાક્ષસને છે."

બીજી વાર્તામાં વિક્રમ ઉમાદેવી પાસેથી ઉડણદંડ પ્રાપ્ત કરે છે. કેટલાક પંચદંડકારોએ તેને સિદ્ધદંડ અથવા સર્વસિદ્ધદંડ કહ્યો છે, જ્યારે આ ગદ્યકથાકારે તેને કમકદંડ નામ આપ્યું છે. શામળે તેને ઉડણદંડ કહ્યો છે. શામળે 'ઉડણદંડ'નું નામ આ કૃતિમાંથી લીધું હશે, કારણ કે હસ્તપ્રતના પૃ.૬૩-B પર આ ગદ્યકારે, ઉમા પાસેના 'ઉડતદંડ'નો ઉલ્લેખ કરેલો છે, જે શામળના જોવામાં આવ્યો હોય. એટલે આ રચનામાં ઉમાદેના દંડના બે નામ 'કમકદંડ' અને 'ઉડતદંડ' પ્રાપ્ત થાય છે. આ વાર્તા આ કૃતિમાં આ રીતે શરૂ થઈ આગળ વધે છે:

'એતલી વાત સાંભલીને રાજા દક્ષિણ ચાલ્યો; દક્ષિણ જઈ ઉભો રહ્યો; તીહા દેશ તો નગર ? છે. [17-B] તીહાં તલાવ છે, તેની પાસે રાજા જઈ ઉભો રહ્યો. એવે અવસર નગરમાહેથી પણીહાર ૪ પાણી ભરવા આવી. તીહાં કૃત્યક ? પડ્યો છે, તીહાં ૪ સ્ત્રી ઉભી રહી છે.'

એ ચાર સ્ત્રીઓમાંની એક રાજાને પોતાને ત્યાં લઈ જઈ સ્ત્રીચરિત્ર બતાવે છે. ભોજન કરાવ્યા બાદ સ્ત્રીઓ વિક્રમને પોતાની સાથે ક્રીડા કરવા કહેતાં, વિક્રમે ના પાડી. આથી, 'દોડો, દોડો'ની બૂમ પાડી, અને સ્ત્રીના સસરા દોડી આવતાં, તેણે તેને કહ્યું કે, 'આમને ગળે મીઠાઈ અટકી છે, પાણી લાવો.' આવું સ્ત્રીચરિત્ર જોયા પછી, રાજા સુપ્રણા નગરમાં દેવશર્મા બ્રાહ્મણને ત્યાં ગયો.

સર્વ પંચદંડ-વિષયક રચનાઓમાં, નગરનું નામ સોપારા આપેલું છે અને બ્રાહ્મણને સોમશર્મા તરીકે ઓળખાવેલો છે. આ વાર્તાકાર નગરનું નામ

સુપ્રભા અને બ્રાહ્મણનું નામ દેવસર્મા આપ્યું છે. ઉમાદેને 'ઉમા પંડિતાણી' કહી છે. તે સિવાય વાર્તાના વસ્તુમાં કંઈ તફાવત નથી. વાર્તાને અંતે 'ઇતિ પ્રથમ દંડ' એ પ્રમાણે સમાપન-ઉક્તિ છે.

ઉમાદે પાસેથી નાસી છૂટયા પછી સમુદ્રકિનારે આવી, ત્યાંથી વિક્રમ, શિષ્યો અને ગુરુ વહાણમાં બેસી કરાલદ્વીપમાં આવ્યા. આ પ્રસંગ 'પંચદંડ'ની મોટા ભાગની કૃતિઓમાં મળે છે, પણ આ વાર્તાકાર વહાણ વડે સમુદ્ર પાર કર્યાનું નોંધતો નથી. બીજી રચનાઓમાં રાક્ષસના દંડનું નામ વિજયદંડ આપેલું છે, શામળે તેને અજિતદંડ કહ્યો છે. આ કથાકારે તેનું કોઈ નામ આપ્યું નથી. તેથી શામળે તેને આપેલું અજિતદંડ નામ અહીં સ્વીકાર્યું છે. વાર્તાને અંતે કર્તા કહે છે:

'રાજા દંડ ર, કન્યા પરણી ઉજેણ આવ્યો. ઉજેણ વાજાં વાજ્યાં, ઉછાહ હુવો. ત્યારે રાજાએ ફરી ગાંઠી તેડી, વાત કહી: "હો ગાંઠી કેવો હોઓ તે કહો, જેમ આગલો કામ સરે."'

પહેલી વાર્તાની પેઠે આ વાર્તાની સમાપન-ઉક્તિ આપેલી નથી.

ત્રીજી વાર્તામાં અંબાવતી નગરીની કુંવરી ચંપકમાલા અને રત્નમંજરીની વિક્રમે કરેલ પ્રાપ્તિનું વર્ણન આવે છે. 'પંચદંડ'ની અન્ય કૃતિઓમાં રાજકુંવરીનું નામ રત્નમંજરી આપેલું છે તેને બદલે અહીં ચંપકમાલા નામ મળે છે. તે ઉપરાંત, આ વાર્તામાં, ગદ્યકારે 'સાપ અને પારધી' અને 'ચંદ્રસેન અને અંબાવતી' એમ બે આડકથાઓ પણ આપેલી છે.

જ્યારે વિક્રમ ચંપકમાલાનું હરણ કરી તેને લઈ ચાલ્યો ત્યારે ફસાઈ પડેલી કુંવરીએ વિક્રમને 'સાપ અને પારધી'ની ટૂંકી પેટાવાર્તા કહી:

હે રાજા! એક પારધીએ એક સાપને પકડી એક ટીપારામાં ઘાલ્યો. સાપ ભૂખેતરસે મરવા લાગ્યો. પરંતુ પરમાત્માની કૃપાથી એક ઉંદરે આવી, ટીપારાને કાપ્યો. ટીપારાને કાણું પડ્યું તે માર્ગેથી સાપ નીકળી જતો રહ્યો. કુંવરીએ કહ્યું કે, મારી લાજ પરમેશ્વરને હાથ છે. આગળ તે 'ચંદ્રસેન અને અંબાવતી'ની પેટાવાર્તા કહેવા લાગી:

વિદિશા નામની નગરીમાં ચંદ્રશેખર નામનો રાજા નગરચર્યા જોવા નીકળ્યો અને ફરતાં ફરતાં એક બ્રાહ્મણને આ પ્રમાણે પુત્રને શ્લોક ભણાવતો સાંભળ્યો: 'જો શ્લોકનાં ત્રણ પદ સાચાં છે, ચોથું પદ જૂઠું છે. બીજા પ્રતીત આથી પામજે નહીં.' રાજાએ પ્રભાતે બ્રાહ્મણને રાજસભામાં બોલાવી આનો અર્થ પૂછ્યો ત્યારે બ્રાહ્મણે કહ્યું, "હે સ્વામી! દશ ભાગ્ય છે પણ બાજે કઈ જાજે, તીહાં એવાં ભાગ્ય છે કે નહી.' રાજા 'આપણા ભાગ્ય અજમાઈ

જોઉં." આ સાંભળી રાજા ચંદ્રસેન પ્રધાનને રાજ્ય સોંપી દેશાંતર ચાલી નીકળ્યો. એક નગરમાં જઈ તેણે કુબડીનું રૂપ ધારણ કર્યું. આ નગરના રાજા મદનમોહિકની દષ્ટિએ આ કુબડી પડ્યો. આ રાજાની પુત્રી અંબાવતી આપકર્મી હતી અને પોતાના પિતાના ભાગ્યથી નહિ, પણ પોતાના ભાગ્યથી ખાતીપીતી હતી, એમ પોતાના પિતાને વારંવાર કહેતી હતી. રાજાએ ગુસ્સે થઈ, પેલા કુબડા સાથે અંબાવતીને પરણાવીને જ્યાં ફાવે ત્યાં જઈ આપકર્મી રીતે જીવવા કહ્યું. કુબડાએ અંબાવતીની ઘણી આકરી કસોટી કરી, પણ તે પતિસેવામાંથી ડગી નહિ ત્યારે રાજા ચંદ્રસેને પોતાનું મૂળ સ્વરૂપ ધારણ કર્યું અને પોતાના સ્વરૂપાન્તરનો ભેદ તેને કહ્યો. રાજા મનમોહિકને પણ આની જાણ થઈ અને ચંદ્રસેન સાથે અંબાવતીનાં વિધિસર લગ્ન કર્યાં.

વાર્તાના અન્તે કુંવરી ચંપકમાલાએ વિક્રમને કહ્યું કે, પરમાત્મા દરેકની લાજ રાખે છે. વિક્રમે ચંપકમાલાને પોતાની ઓળખાણ આપી, એટલે તે હર્ષ પામી.

ચોથી વાર્તા 'પ્રધાનની પુત્રવધૂ'ની આવે છે. રામચંદ્રસૂરિ પહેલાંની, પંચદંડની પ્રાચીન પરંપરાના અંશો સાચવતી સંસ્કૃત કૃતિઓમાં આ વાર્તા મળે છે. રામચંદ્રસૂરિએ તેના સ્થાને સ્ત્રીચરિત્રનું નિરૂપણ કરતી વાર્તા આપી છે, અને આ અજ્ઞાત ગુજરાતી ગદ્યકાર સિવાય સર્વ ગુજરાતી અને રાજસ્થાની પંચદંડકારોએ ચોથી વાર્તા તરીકે સ્ત્રીચરિત્રની વાર્તા આપી છે. પણ આનો અર્થ એમ નથી કે આ ગદ્યકારે રામચંદ્રસૂરિની પરંપરા અપનાવી નથી. 'વિક્રમ અને દેવદમનીનું લગ્ન' નિરૂપતી પહેલી વાર્તામાં, દેવદમની દંડના પ્રભાવથી વજ્રદિવાલ ઊભી કરે છે તે પ્રસંગ આ ગદ્યકારમાં પણ મળે છે, એટલે અંશે આ કૃતિના કર્તાએ રામચંદ્રસૂરિનું અનુકરણ કર્યું છે એમ કહી શકાય. કૃતિના બાકીના અંશ 'પંચદંડ'ની પ્રાચીન પરંપરાના છે.

આ પ્રકરણમાં જેનું વિવરણ કર્યું છે એવી પહેલી છ રચનાઓમાં જ આ વાર્તા પ્રાપ્ત થાય છે; અને સાતમી આ ગુજરાતી ગદ્યકૃતિ તે મળે છે. પૂર્ણચન્દ્રસૂરિની રચનાના વિવરણમાં, મેં આખી વાર્તા વિગતવાર આપી છે. પૂર્ણચન્દ્રસૂરિ પ્રધાનને ચાર પુત્રો અને ચાર પુત્રવધૂઓ હતી, એમ નિર્દેશ કરે છે. શુભશીલગણિ પ્રધાનનું નામ મતિસાર આપે છે અને આખી વાર્તાનું શીર્ષક 'मतिसारस्य देशान्निर्वासनम्' આપ્યું છે. મતિસારને ત્રણ પુત્રો હતા અને તેઓનાં નામ સોમ, ચન્દ્ર અને ધન હતાં. આ ત્રણેય ભાઈઓ વિદ્યાવિશારદ હતા. અજ્ઞાત ગુજરાતી ગદ્યકાર પ્રધાનનું નામ વીરસેન આપે છે. વીરસેનના બે પુત્રનાં નામ [illegible] અને સિદ્ધસેન હતાં. [illegible]

સિદ્દસેનની પત્ની ચિત્રલેખા સર્વ પશુપક્ષીની ભાષા જાણતી હતી અને સ્વભાવે ઘણી ચતુર અને ચકોર હતી. વિક્રમે દેશપાર કરેલો પ્રધાન, પુત્રો, પુત્રવધૂઓ અને પત્ની સાથે રાજા રૂદ્રસેનના નગરમાં આવ્યો; (વાર્તામાં નગરનું આપ્યું નથી). ત્યાં કુટુંબના સર્વ સભ્યો એકબીજાથી છૂટા પડી જતાં, લઘુ પુત્રવધૂએ પુરુષનો વેશ ધારણ કરી, સુબુધ નામ રાખ્યું. આ સિવાય, રામચંદ્રસૂરિ અને વિજય-ની રચનાઓ બાદ કરતાં, પંચદંડની સંસ્કૃત કૃતિઓમાં મળતી આડકથા 'ઇંદ્રજાલિકની વાર્તા' ગુજરાતી ગદ્યકારે જરા જુદી રીતે આપી છે. સંસ્કૃત પંચદંડકારોએ આ આડકથાનું સ્થાન પ્રતિષ્ઠાનપુર દર્શાવ્યું છે, અને ત્યાં એક ઇંદ્રજાલિકે પોતાની માયાથી કૃત્રિમ સરિતા અને ફળ, ફૂલ તેમ જ વૃક્ષો સહિતનું ઉદ્યાન રચ્યું. એ ઉદ્યાન કાયમ રહે તે માટે ત્યાંના રાજાએ ઇંદ્રજાલિક-નો વધ કરાવ્યો પણ કૃત્રિમ ઉદ્યાન અને બીજી માયાવી રચના પણ નાશ પામી. ત્યાં આવેલા વિક્રમે છૂપા વેશે એ ઉદ્યાન ફરી રચી બતાવ્યું. આથી તે રાજાએ તેને અર્ધું રાજ્ય આપ્યું અને પોતાની પુત્રી પરણાવી.

અજ્ઞાત ગુજરાતી ગદ્યકાર આ આડકથા એ રીતે આપે છે કે, રૂદ્રસેન રાજાની વાડીમાં એક ભૂતરાક્ષસ રહેતો હોવાથી, તે વાડીનાં ફળ, ફૂલ કોઈ લઈ શકતું ન હતું. પોતાના પ્રધાનને પાછો લેવા આવેલા વિક્રમે વેતાલની મદદથી તે ભૂતરાક્ષસને હરાવ્યો, અને રાજાને વાડીનાં ફૂલફળ આણી આપ્યાં. રૂદ્રસેને તેને પોતાની પુત્રી પરણાવી, ઘણો દાયજો આપ્યો.

આ ગદ્યકારે, આ 'પ્રધાનની પુત્રવધૂ' એ વાર્તામાં, 'મંગલકલશ અને રત્નાવલી', 'રાજાના બે સેવક', 'શ્રીરાજ અને હંસાવલી' અને 'ધૂર્તનિગર'ની આડકથાઓ આપી છે. રૂદ્રસેને ચિત્રલેખાને પૂછ્યું કે, "સુરસેનની પુત્રી રત્નાવલીએ પોતાનો પતિ કેવી રીતે શોધી કાઢ્યો તે કહે." ત્યારે ચિત્રલેખા કહેવા લાગી:

કૌશાપુર પાટણના રાજા સુરસેને પોતાની કુંવરી રત્નાવલીને તેના પ્રધાનના પુત્ર સાથે પરણાવવા ઇચ્છા દર્શાવી. પણ પ્રધાનપુત્ર કુષ્ઠી હતો તેથી ઉજ્જયિનીમાં રહેતા મંગલકલશ નામના યુવાનને પ્રધાનપુત્ર ઠરાવી, કપટથી રત્નાવલી સાથે પ્રધાન-પુત્રનાં લગ્ન થયાનું જાહેર કર્યું. મંગલકલશને થોડું ધન આપી, પ્રધાને કાઢી મૂક્યો અને પોતાનો પુત્ર રાજકુંવરીના સંસર્ગથી કુષ્ઠી થયો, એમ તેણે રાજા સમક્ષ જાહેર કર્યું. આ સાંભળી રાજા દુઃખી થયો અને રાજકુંવરીનું મોઢું પોતાને નહિ બતાવવા રાણીને આજ્ઞા કરી. કુંવરીએ કહેવાથી રાજમાતાએ સિદ્દ નામના પ્રધાનને સાચી હકીકત કહી. ત્યારે સિદ્દ પ્રધાને પ્રસ્તાવ આપ્યો એનો ઉકેલ થશે એમ

જ ગાવ્યું. અને 'પ્રસ્તાવ' (યોગ્ય સમયે) વિષે 'રાજાના બે સેવકોની' નીચે દર્શાવેલી આડકથા કહી:

એક રાજાના બે સેવકો રાજાની ઘણી સેવા કરે પણ રાજા તેઓને કંઈ આપે નહિ. એક વખતે શિકારે જતાં, રાજા પડી ગયો અને તેના સર્વ દાંત નીકળી પડ્યા. ત્યારે સાથે રહેલા સેવકે રાજાને વિનંતી કરી કે, "હે રાજા! મને વિદાય આપશો; કારણ કે આજ સુધી તમારા દાંત જોઈ ભૂખ શમતી હતી, પણ હવે દાંત નીકળી પડ્યા, માટે વિદાય આપશો." આ પ્રસ્તાવથી ખુશ થઈ રાજાએ સેવકને એક લાખ ટકા આપ્યા અને તેને પોતાની સેવામાં ચાલુ રાખ્યો.

પ્રસ્તાવ આવ્યો, સિંધ પ્રધાને રાજા સુરસેનને કહ્યું કે, "કુંવરી રત્નાવલી આપની સાથે વાત કરવા ઇચ્છે છે." પડદામાં રહી કુંવરીએ કહ્યું કે, "મંત્રીએ તેનો કુષ્ઠી પુત્ર મારી સાથે છળકપટથી પરણાવ્યો છે. આપ રજા આપો તો હું મારા સાચા પતિને શોધી લાવું." પિતાની સંમતિ લઈ, કુંવરી સિંધ પ્રધાન સાથે લશ્કર લઈ, પુરુષવેશે ઉજ્જયિની ગઈ અને ત્યાંથી પોતાના પતિ મંગલકલશને શોધી લાવી. ઉજ્જયિનીનો રાજા રત્નાવલીને મળવા આવ્યો ત્યારે રત્નાવલીએ કહ્યું, "એક મહાજનની કુંવરી આપણો ભર્તાર શોધી લાવ્યો, તીણે મુજથી અધીક વાત કીધી છે." અને પછી રત્નાવલીએ નીચે પ્રમાણે 'શ્રીરાજ અને હંસાવલી'ની ગોટવાર્તા રાજાને કહી:

ધર્મસ્થલી નામના નગરના રાજા ધર્મસેનનો હરિવંશ શેઠ નામનો મંત્રી હતો; તેના પુત્રનું નામ શ્રીરાજ હતું. તે જ નગરના બીજા શાહની પુત્રીનું નામ હંસાવલી હતું. શ્રીરાજ અને હંસાવલી સાથે ભણતાં હતાં. એક દિવસ શ્રીરાજે હંસાવલીને કહ્યું, "રે સાહની બેટી! તું મારી પાટી માંજી દેઇ." ત્યારે સાહની બેટી બોલી, "હું થારી દાસી છું જે પાટી માંજુ?" ત્યારે વાણિયાના પુત્રે પ્રતિજ્ઞા કીધી, "જો સમુદ્રના બેટમાંહે મુકું તો મહાજનનો પુત્ર થો." ત્યારે કન્યા એવું કહ્યું, "સાહ પાસ વાંધા તાજણા મારું તો મહાજનની પુત્રી." આ પ્રમાણે વાર્તાલાપ થયા. પછી મોટી ઉંમરે તેઓ પરણ્યાં. શ્રીરાજ વહાણ લઈને વેપાર માટે ચાલ્યો; સાથે હંસાવલી પણ લીધી. વહાણ આગળ વધતાં એક બેટ પાસે આવ્યું. ત્યાં બેટ પર હંસાવલીને મૂકી, શ્રીરાજ વહાણ લઈ ભાગી ગયો. એક ગંધર્વે આપેલી ગુટિકાના પ્રભાવથી, હંસાવલી પુરુષવેશ ધારણ કરી શોભાપુર પાટન આવી. પુરુષવેશે તે એક જગાતીની પુત્રી સાથે પરણી. ત્યાંના રાજાની ખોવાયેલી મિલ્કત શોધી આપ્યા બદલ રાજાએ તેને પોતાની કુંવરી પરણાવી અને પોતાનું અડધું રાજ્ય

~~આપ્યું. તેવામાં શ્રીરાજ [illegible]~~

માલ નોંધવા માંડ્યો ત્યારે શ્રીરાજે ખોટી નોંધ કરાવવા માંડી. આથી જગાતીએ તેને દોરડે બાંધી આસડાથી માર્યો. રાત્રે હંસાવલીએ શ્રીરાજને પોતાની ઓળખાણ આપી. શ્રીરાજ વહાણ લઈ પોતાને દેશ ગયો. ઘોઘાપુર પાટનના રાજાએ જાણ્યું કે, જગાતી હતો તે સ્ત્રી હતી ત્યારે તેને ઘેર આવી વાત પૂછવા લાગ્યો. તેના ઉત્તરમાં, હંસાવલીએ 'ધૂર્તનગર'ની પેટાવાર્તા નીચે પ્રમાણે કહી:

ભોગાવતી નગરીમાં સુંદર શેઠ અને ગુણસાગર શાહ હતા. ગુણસાગરને એક પુત્ર હતો અને સુંદર શેઠને એક પુત્રી હતી. બન્ને મહાજનનાં બાળકો વચ્ચે તકરાર થતાં, ગુણસાગરના પુત્રે સુંદર શેઠની પુત્રીને કહ્યું, "હું તુને માણ ભરી વહાણ ચલાવું તો સાહનો પુત્ર." ત્યારે શેઠની પુત્રીએ કહ્યું, "હું તુને મારો પલંગ ધરી વહાવું તો સાહની પુત્રી." આ પ્રસંગ બન્યા પછી થોડાં વર્ષે બન્ને પરણ્યાં. એક દિવસ, પિતાની રજા લઈ સાહનો પુત્ર વહાણ ભરી પરદેશ ચાલ્યો; પોતાની પત્નીને પિયર મોકલવાને બહાને તેણે તેને ભોંયરામાં પૂરી, ઘરની દાસીને એવી સૂચના આપી કે, "એને માણી ૧ ભાર ચણા દીજે, સેવા કીજે." પછી તે વહાણ લઈ, કુટીલાપુર પાટણ દ્વીપ કે જ્યાં ઘણા ધૂર્ત રહેતા હતા ત્યાં ગયો. તે નગરની વેશ્યાએ તેને એક ગાથાનો અર્થ પૂછતાં તે કહી શક્યો નહીં, તેથી વેશ્યાએ તેનું માથું મુંડાવી, ગુલામ કરી રાખ્યો. ઘણા દિવસો સાહને ખબર પડતાં તે દુઃખી થયો. સાહની પુત્રવધૂને આ સમાચાર મળતાં, સસરાજીની રજા લઈ, પુરુષવેશે વહાણ લઈ, કુટીલાદ્વીપ આવી. ત્યાં તેણે પોતાના પતિને ગુલામ બનાવનાર વેશ્યાને મહાત કરી અને તે ધૂર્તનગરના બીજા ધૂર્તોને ચાલાકીથી હરાવી પતિ સાથે સ્વદેશ આવી.

આ રીતે, 'પ્રધાનની પુત્રવધૂ'ની વાર્તામાં ચાર આડકથાઓ મળે છે. આ પ્રકારની આડકથાઓ બીજા કોઈ પંચદંડકારે પોતાના વાર્તાસંગ્રહમાં વણ્યાનું જાણવામાં નથી. આ અજ્ઞાત ગદ્યકારે આ આડકથાઓ 'પુત્રવધૂ'ની વાર્તાની પૂરક કથાઓ તરીકે આપી હોય એમ જણાય છે.

આ કૃતિની પાંચમી કથા દ્વારા વિક્રમે વિષહરદંડ અને રત્નદંડની પ્રાપ્તિ કરી છે. વાર્તામાં, પુરોહિત, પુરોહિતની પુત્રી, માલણપુત્રી આદિનાં નામ આપવામાં આવ્યાં નથી, જે અન્ય કૃતિઓમાં પ્રાપ્ત થાય છે. મોટા ભાગની પંચદંડની રચનાઓમાં પુરોહિતપુત્રી આદિ ચાર સખીઓ નાગકન્યાના લગ્નમાં મહાલવા ગયાનો નિર્દેશ મળે છે, જ્યારે આ ગદ્યકથામાં, પુરોહિતપુત્રી, માલણપુત્રી અને દેવદત્તની બહેન પાતાલમાં ગયાનું જણાવેલું છે. વિક્રમ નાગકન્યાને અને ગોમતી આદિ સખીઓને પરણ્યો અને નાગરાજ પાસેથી બે દંડ માગી લીધા.

સર્વ રચનાઓમાં આ બે દંડ[૧૦૧] નાગરાજ તરફથી વિક્રમને ભેટ મળ્યાનો નિર્દેશ છે, જ્યારે આમાં વિક્રમે તે માગી લીધાનું દર્શાવ્યું છે.

એકંદરે જોતાં, આ વાર્તાના સર્વસામાન્ય વસ્તુમાં કંઈ તફાવત નથી. પણ આ વાર્તાકારે પ્રાચીન સંસ્કૃત ગદ્યકારોની જેમ જ રામચંદ્રસૂરિની 'પંચદંડ'ના વાર્તાચક્ર-ની પરંપરા જોઈ હોય એમ સ્પષ્ટ વરતાય છે. વાર્તાના અન્તે વિક્રમે પંચ દંડ ગંધર્વ આગળ મૂક્યાનો નિર્દેશ છે, પણ ખરેખર તો વિક્રમે ચાર જ દંડ પ્રાપ્ત કર્યા છે. વિક્રમાદિત્યના માથે પંચદંડછત્ર થયું એટલે ઇન્દ્રે વિક્રમ માટે બત્રીસ પૂતળી-યુક્ત સિંહાસન મોકલ્યું, એ પ્રસંગનો મૂળ વિચાર કર્તાએ રામચંદ્રસૂરિમાંથી અથવા રામચંદ્રસૂરિની 'પંચદંડ'ની કૃતિને અનુસરનાર 'પંચદંડ'કારોમાંથી સ્વીકાર્યો હોય એ સંભવિત છે. બાકી 'પ્રધાનની પુત્રવધૂ'ની વાર્તા આ ગદ્ય-કૃતિમાં અન્તર્ગત થયેલી હોઈ, તેના પર પ્રાચીન સંસ્કૃત ગદ્યકારોની અસર પણ જણાય છે.

સૂડાના દેહમાં પ્રવેશેલા રાજા ભોજે ચંદ્રસેનને 'પંચદંડ'ની કથા કહી. વળી, સૂડાએ રાજા ચંદ્રસેનને કહ્યું, "હે રાજા! તને ઉગ્રસેનની કુંવરી પુષ્પા-વતી પરણાવું. તું શકુનવતી તેડી શકુન પૂછ." આથી ચંદ્રસેને શકુનમાહાત્મ્ય પૂછતાં સૂડો શકુનના ફળની આડકથા કહેવા લાગ્યો:

પુષ્પાવતી નગરીનો હરદત્ત નામનો મહાજન ઉજ્જયિનીમાં પરણ્યો હતો. તે પોતાની પત્નીને લેવા જવા શકુન જોવા લાગ્યો, પણ શુભ શકુન મળે નહિ. એક દિવસ શકુનની દેવીને બદલે એક ચીડા પક્ષીએ મહાજનને શકુન આપતાં, મહાજન ઉજ્જયિની જવા નીકળ્યો. શકુનની દેવીએ આ વાત જાણતાં, ચીડાને બ્રાહ્મણનું રૂપ આપી, મહાજન કે જેનો માથે કાળ ભમતો હતો તેનું રક્ષણ કરવાનું કહ્યું. બ્રાહ્મણ મહાજનને જઈ મળ્યો. બન્ને હરદત્તના સસરાને ત્યાં ગયા. હરદત્તની પત્ની પરપુરુષ સંગ ક્રીડા કરવા જતાં, એક ભૂતે તેનાં નાકકાન કાપી ખાધાં. સ્ત્રી ઘેર જઈ બૂમો પાડવા લાગી કે "મારા પાપી પતિએ, વિના અપરાધે મારાં નાકકાન કાપ્યાં." આથી ત્યાંના રાજાએ હરદત્તને શૂળી દેવા હુકમ કર્યો. ત્યારે હરદત્તના મિત્ર બ્રાહ્મણે રાજાને અન્યાયી રાજાની પેટાવાર્તા કહી:

૧૦૧- વાર્તામાં દંડનાં નામ આપ્યાં નથી, પણ વિક્રમના નાગકન્યા સાથેના લગ્નમાં પરિણમતી 'પંચદંડ'ની દરેક કૃતિની આ વાર્તામાં 'વિષહરદંડ'ની પ્રાપ્તિ વર્ણવેલી છે, જ્યાં બે દંડ પ્રાપ્ત થયા હોય ત્યાં બીજો દંડ 'રત્નદંડ' કે 'તમોહરદંડ' તરીકે ~~વર્ણવેલો છે. તેના આધારે આ કૃતિની આગળની વાર્તાઓમાં પણ આ વાર્તાનું શીર્ષક~~ 'વિષહરદંડ': 'રત્નદંડ' રાખ્યું છે.

સોપારાપુર પાટનમાં એક અવિવેકી રાજા હતો. તેના નગરમાં એક મહાજનના ઘરમાં બે ચોર ચોરી કરવા પેઠા ત્યાં ઘરની ભીંત પડી ગઈ; બે ચોરમાંનો એક ભીંત નીચે દટાયો. આથી બીજા ચોરે રાજાને ફરિયાદ કરી કે, "મહાજને કોચરી ભીંત ચણી તેથી ભીંત પડી ગઈ અને અમારો સાથી દટાયો. હે રાજા! મહાજનને શિક્ષા કરો." ત્યારે અન્યાયી રાજાએ મહાજનને બોલાવી હકીકત મહાજને ભીંત ચણનાર સીલાવટ પર, સીલાવટે શણગાર સજી બહાર નીકળેલી પત્ની પર, મહાજનની પત્નીએ કોટવાલ પર, કોટવાલે રાજાના પુત્ર પર — એમ દોષની પરંપરા ચાલી. આ અન્યાયી રાજાએ નગર બહાર વસતા એક સિદ્ધના ચેલાને માર્યો. આથી સિદ્ધે તેને શાપ આપ્યો, "હે રાજા! તારા નગરમાં સર્વ અન્યાયી લોક રહેશે."

હરદત્તના મિત્ર બ્રાહ્મણે ઉજ્જયિનીના રાજાને હરદત્તની સ્ત્રીની કુટિલતા કહી સંભળાવી, અને રાજાએ તે સ્ત્રીને શૂળી દેવડાવી; તેના માબાપને ગધેડે બેસાડી કાઢી મૂક્યાં.

સૂડાએ ઉપર્યુક્ત 'શકુનમાહાત્મ્ય' અને અન્યાયી રાજાની વાત કહી, શકુન જોઈ રાજા ઉગ્રસેનને ત્યાં ગયો. ત્યાં તેણે 'ચંદ્રવદની, મૃગલોચની, હંસગતી, ગજગામની' એવી ગુણાવતી જોઈ. ચંદ્રસેન ગુણાવતી સાથે પરણ્યો. એક દિવસ સૂડાને રુદન કરતો જોઈ, ચંદ્રસેને તેને કારણ પૂછતાં સૂડાએ કહ્યું, "હું ધારાનગરીનો રાજા ભોજ છું, અને યોગીના વેશમાં રહેલા એક ચોરે મારા દેહમાં પ્રવેશ કર્યો છે." આ સાંભળી ચંદ્રસેન સૂડા સાથે ધારાનગરી ગયો અને યોગીને ભોજનો દેહ છોડવાની ફરજ પાડી. યોગી એક ઘેટાના મૃતદેહમાં પેઠો અને રાજા ભોજે પોતાના દેહમાં પ્રવેશ કર્યો.

રાજા ભોજે પોતાનો દેહ ધારણ કર્યો તે પહેલાં સૂડાના રૂપમાં તેણે ચંદ્રસેનને 'પંચદંડછત્ર'ની ઉત્પત્તિ કહી સંભળાવી તે નીચે પ્રમાણે છે:

સત્યયુગમાં વિશ્વેશ્વરે 'પંચદંડછત્ર', 'રત્નમંજૂષા' અને બત્રીસ પૂતળી-યુક્ત 'સિંહાસન' બનાવ્યાં. બ્રહ્માએ વિષ્ણુની સ્તુતિ કરતાં, વિષ્ણુએ ઉપર્યુક્ત વસ્તુઓ બ્રહ્માને, અને બ્રહ્માએ તે ઇંદ્રને આપી. ત્યાર પછીની જે વાર્તા આ રીતે આગળ વધે છે;

એક દિન સભામાં બ્રહ્માને દર્શને લોમશ આવ્યા, અને દ્વારે ઊભા રહ્યા. જુએ તો; ચિત્રસેન ગંધર્વ ઊભા છે, આગળ જ અપ્સરા ઊભી છે — જયા સિદ્ધવતી, સિદ્ધા, પદ્માવતી, પદ્મા — એ ચાર અપ્સરા, કોઈ ગંધર્વ [illegible] માન્ય કરતા અને ત્યારે ઋષિએ શાપ દીધો ત્યારે અત્યારે [તે] [illegible]

~~ચાર ચોર [illegible] એવા માટે બ્રહ્મા આવ્યા, એટલે તે લોમશ ઊભા છે.~~

ત્યારે બ્રહ્મા બોલ્યા, "તમે ઋષિનો અપમાન કીધો." ત્યારે ઋષિ બોલ્યા જી, "મેં શાપ દીધા તે મીથ્યા નહી હોયે, તેથી મૃત્યુલોકને વિષે અવતાર ધરો. ઇણી જયાને વાસની છડી લઇ હમારો અપમાન કીદ્યો તેથી યા ગાંધીનો અવતાર ધરો. ઇણી સીંહાસણનો આસરો લઇ હમારો અપમાન કીદ્યો તેથી યા રાજાની પુત્રી હુઇ." અને ૧ હોઇ ગંધર્વ બોલ્યા, "હો પ્રભુ! હમારી કુણ ગતિ હોઇ?" ત્યારે ઋષિ બોલ્યા, "રે ગંધર્વ! તમારા ગર્ભનું અપમાન કીદ્યો, તેથી તું દૈત્ય હુવો ને તારો ભાઇ સર્પ હુવો." ત્યારે બ્રહ્મા બોલ્યા, "રે દ્વાપરકે [અં]તે, કલિયુગકે આદે વીર વીક્રમાદિત્ય અવતાર ધરસે ત્યારે તમારી મોક્ષ હસે." "તે બ્રહ્મા હમને કીયે ઉપાયે કરી મળે?" ત્યારે બ્રહ્માએ ઇણાને જુવા જુવા દંડ દીદ્યા; એકને હાઇ દંડ દીદ્યા; એકને રત્નમજૂસ દીધી યો છત્રસમેત. ત્યારે ગંધર્વ બોલ્યા, "ઇનનો નામ કહો." ત્યારે બ્રહ્મા બોલ્યા, "એનોને તમારો નામ કહું તે સાંભલો. ચિત્રક થારો નામ, પ્રતાપવતી દૈત્ય થારા દંડનો નામ છે. અને યા લોડ-ભાઈનો નામ વીરભદ્ર નાગ નામ; તેને પાસે દંડ છે તેનો નામ વાયસમૂદ; બીજાનો નામ અગ્નીદંડ; એકનો નામ દૃદ્યા ગંધી, દેવદમની એની પુત્રીનો નામ; એના દંડનો નામ દુર્ગછેદ; ત્રીજાનું નામ ઉમા પંક્યાણી, તેના દંડનો નામ ઉડંત દંડ છે; [ચો]થીનો ના[મ] ચંપકમાલા છે. તેને પાસે રત્નમજૂસ છે; તેનો મહિમા સુવર્ણ છે. જેને માથે છત્ર હોઇ તેને કોઇ ન જાણે; બીજું જે ચિંતવે તે હોએ; સદૈવ પારજાતક-ના પુષ્પની વૃષ્ટિ કરે. એ મે છત્રના ગુણ કહ્યા." ત્યારે ગંધર્વ બોલ્યા, "હો બ્રહ્માજી! વીર વિક્રમાદિત્યને [કુણ બતાવે?]" બ્રહ્મા બોલ્યા, "તે દૃદ્યા ગંધી વતાવે." એવી વાત કઇ બ્રહ્મા આપણે અંતપુર ગયા; ઋષી આપને આશ્રમ ગયા. આપણા પક્ષ્યા અવતાર ધરો.

ઉપર્યુક્ત આખ્યાયિકામાં, 'પંચદંડ'ની કથાને, કર્તાએ પૌરાણિક સ્વરૂપ આપવાનો પ્રયત્ન કર્યો છે. આમાં, 'ઊડતદંડ' અને 'દુર્ગછેદદંડ'નો નિર્દેશ કરેલો છે તેમનું સ્વરૂપાન્તર, શામળની રચનામાં 'ઊડણદંડ' અને 'અભેદદંડ'ના નામથી થયું હોય એ શક્ય છે. આ આખ્યાયિકા 'પંચદંડ'ની કોઈ કૃતિમાં મળતી નથી એટલે કર્તાએ પોતાની કલ્પનાથી આને ગૂંથી હોય એમ સમજાય છે.

આમ, સમગ્ર કૃતિને સળંગ રીતે અવલોકતાં, આ ગદ્યકથા 'પંચદંડ' વિષયક પ્રાપ્ત ગુજરાતી કૃતિઓમાં ગદ્યકૃતિ તરીકે તેમ જ 'પંચદંડ'ની પ્રાચીન પરંપરા જાળવતી રચના તરીકે તે મહત્ત્વની છે. કૃતિનું સ્વરૂપ સર્વસામાન્ય કૃતિઓથી ઘણું જુદું પડે છે. શામળે 'પંચદંડ'ની વાર્તા, 'સિંહાસનબત્રીસી'ની પાંચમી વાર્તા

તરીકે હંસા પૂતળીના મુખે કહેવડાવી છે તે આયોજનની રીત, આ ગદ્યકારે સૂડાના મુખેથી રાજા ચંદ્રસેનને 'પંચદંડની વાર્તા' એક મોટી આડકથા તરીકે કહેવડાવી, તેની સાથે મળતી છે; કહો કે રામજીએ આ અજ્ઞાત ગદ્યકથા જોઈ હોય એ અશક્ય નથી. આ કૃતિનાં ઘટકતત્ત્વો તરીકે રાજા ભોજની વાર્તા મુખ્ય અંગ બને છે, જ્યારે 'પંચદંડની વાર્તા' 'ભોજ રાજાની વાર્તા'નું એક અંગ બને છે. 'ભોજ રાજાની વાર્તા'ની પશ્ચાદ્ભૂ તરીકે 'રાજા ભોજ અને ધૂર્ત'ની વાર્તા શરૂઆતમાં આવે છે. પછી 'હઠાગ્રાહી રાણી'ની પેટાવાર્તા આવે છે. તેના પછી 'પંચદંડ'ની વાર્તા શરૂ થાય છે. ગુજરાતી 'પંચદંડ'કારોએ 'વિક્રમ અને દેવદમનીના લગ્ન'ને સ્વતંત્ર વાર્તા ગણી નથી; જ્યારે 'પંચદંડ'ની પ્રાચીન પરંપરા અને રામચંદ્રસૂરિની પરંપરા અપનાવનાર સંસ્કૃત લેખકોએ 'વિક્રમ-દેવદમનીના લગ્ન'ને આ વાર્તાચક્રની પહેલી વાર્તા ગણી છે, અને લગ્નને પાંચ સિદ્ધ કરવાના આદેશો પૈકી પહેલો સિદ્ધ થયેલ આદેશ માને છે. ગુજરાતી 'પંચદંડ'કારોને પગલે પગલે આ કથાકારે પણ 'વિક્રમ-દેવદમનીના લગ્ન'ને કથામુખ તરીકે ગણ્યું છે. 'ઉડણદંડ'ની વાર્તા પહેલી આવે છે, જ્યારે રામજી પાસેના 'અજિતદંડ'ની વાર્તા બીજી મળે છે. 'રત્નમંજૂષા'ની ત્રીજી વાર્તામાં, 'સર્પ અને પારધી' અને 'ચંદ્રસેન-મંગળવતી'ની પેટાવાર્તાઓ સાંકળેલી છે. ચોથી વાર્તા 'પ્રધાનની પુત્રવધૂ'ને પુષ્ટ કરવા આ વાર્તાકારે 'મંગલકલશ-રત્નાવતી', 'રાજાના બે સેવક', 'શ્રીરાજ-હંસાવલી' અને 'ધૂર્તનગર' એમ ચાર આડકથાઓ આપી છે, જ્યારે પાંચમી 'વિષહરદંડ-રત્નદંડ'ની વાર્તામાં એકેય આડકથા નથી. છેવટે, સૂડાના દેહમાં રહેલા રાજા ભોજે, રાજા ચંદ્રસેનને 'શકુનમાહાત્મ્ય' અને '[illegible] રાજા'ની પેટાવાર્તાઓ કહી; તેની પછી 'પંચદંડોત્પત્તિ'ની કથા પણ કહી. આમ, મુખ્ય વાર્તાના સ્થાપત્યની દૃષ્ટિએ, નવ આડકથાઓએ વાર્તાકલેવરને બેડોળ અને શિથિલ બનાવ્યું છે. બાકી દરેક મુખ્ય વાર્તા કે આડકથાને સ્વતંત્ર રીતે ચકાસી જોતાં, કર્તાની વાર્તાકલાની સારી હથોટી છે, એમ સ્વીકારવું જોઈએ.

ટૂંકાં ટૂંકાં વાક્યોમાં નિરૂપાયેલી આ ગદ્યકથા, જૂની ગુજરાતી ગદ્યમાં લખાયેલા વાર્તાસાહિત્યનો એક સુંદર નમૂનો છે. કર્તાએ બોલીની પ્રબળ અસરવાળા ગદ્યમાં આ કથા લખી છે અને તેના કારણે કથનરીતિ સાહજિક, ચોટદાર અને સચોટ બની છે. બોલીની છટાવાળાં [illegible] ઝીલતા આ ગદ્યમાં, સંસ્કૃતના સંસ્કાર અને છાપ સારી પેઠે નજરે પડે છે.

[૧૫]

અજ્ઞાત કવિકૃત

પંચદંડની વારતા

(અનુમાને ઇસવી સનનો સત્તરમો શતક)

અજ્ઞાત જૈનેતર કવિકૃત 'આ 'પંચદંડની વારતા'ની હસ્તપ્રત ડૉ. રણજિતભાઈ મ. પટેલ ('અનામી') દ્વારા શ્રી ડાહીલક્ષ્મી લાયબ્રેરી, નડિયાદના સંગ્રહમાંથી મળી છે. હસ્તપ્રતનો નોંધ નં. ૧૨૬ – બં. ૧૨ છે. પ્રતિ ગુટકાકારમાં છે અને તેમાં નાકરકૃત 'મૃગલીસંવાદ', 'પંચદંડની વારતા', ભોજાકૃત 'બભ્રુવાહન આખ્યાન', 'ભવાનીના છંદ' (અપૂર્ણ), 'રણછોડજીના શ્લોક', જન નાગીકૃત 'બભ્રુવાહન આખ્યાન' એ છ કૃતિઓ જુદા જુદા અક્ષરે લખાયેલી મળી આવે છે. 'પંચદંડની વારતા' દેવનાગરી લિપિમાં લખાયેલી છે, જ્યારે બાકી પાંચ કૃતિઓ લીટી દોરી, ગુજરાતી મરોડવાળી લિપિમાં મોટા હસ્તાક્ષર ટાઈપના અક્ષરોમાં લખાયેલી છે. પ્રતની લંબાઈ અને પહોળાઈ ૮.૫" x ૬.૫" છે. દરેક પાનની બીજી બાજુના મથાળે પૃષ્ઠાંક નાખેલા છે, અને સાથે થોડા અંતરે દરેક પાન પર દંડનો ક્રમાંક નાખેલો છે. દરેક પાનની ડાબી અને જમણી બાજુએ કાળી શાહીથી ૧"નો હાંસિયો પાડેલો છે; પાનની ઉપરનીચે ½" જગ્યા છોડેલી છે. દરેક પૃષ્ઠ પર ૧૬ પંક્તિ છે. પ્રતોની વચ્ચે સામાન્યતઃ કલશાકૃતિ જેવી લખ્યા વિનાની જગ્યા છોડવામાં આવે છે તેવી જગ્યા અહીં છોડેલી નથી. કૃતિ પ્રતના બીજા પાનથી શરૂ થાય છે અને ઓગણવનમા પાન સુધી વાર્તાનું વસ્તુ અપૂર્ણ સ્થિતિમાં મળે છે; છેલ્લે, એકાદ પાન જેટલી જ કૃતિ અધૂરી જણાય છે. જે પાન પર જે દંડની વાર્તા પૂરી થાય છે તે પાનના મથાળે, '૧ ડંડ પેલો પૂરો થાઓ', '૨ ડંડ બીજો પૂરો થાઓ' એ પ્રમાણે ઉલ્લેખ કરેલો છે. આ પ્રતનાં ૩થી ૧૦ સુધીનાં પાન, પાછળથી બીજા લહિયાના હાથે લખાયેલાં છે, જ્યારે ૧૧થી [illegible] પાન એક જ હાથે લખાયેલાં છે. આ કૃતિ પર નરપતિકૃત 'પંચદંડની વારતા'ની અસર છે. તે અસર એટલી હદ સુધી છે કે, નરપતિએ યોજેલ ગેય છંદ 'પૂર્વછાયા', 'ચોપાઈ' આદિ એ તેમ જ સંસ્કૃત શ્લોકોનું આ કૃતિમાં કવિએ અનુકરણ કર્યું છે. આ કૃતિ હજી અપ્રસિદ્ધ છે.

નરપતિની માફક આ અજ્ઞાત કવિએ શરૂઆતમાં સરસ્વતી, ગણેશ, ગુરુ આદિની સ્તુતિ કરી હોવી જોઈએ, જે પ્રતનાં શરૂઆતનાં ત્રણ પાન નથી એટલે તેનું અવતરણ આપવું શક્ય નથી. મંગલાચરણ પછીથી નરપતિની કૃતિમાં જેમ વિક્રમની મહત્તા અને ઉજ્જયિનીની ભવ્યતાનું વર્ણન આવે છે તેવું વર્ણન આ કૃતિમાં પણ મળે છે. કેટલેક સ્થળે તો અક્ષરશઃ નરપતિનું અનુકરણ મળે છે.

મેહેમાંપાર ન જાણીએ, હઈડે ધરો સુજાણ,
ક્વી નરપતિ એમ ઓચરે પૂછો પદમપૂરાણ. ૩૦

[આદેશ પહેલો]

નરપતિની રચનામાં એ પંક્તિઓ આ પ્રમાણે છે:

મહિમાપાર ન જાણીઈ, હઈડઇ જોઈ સુજાણ,
કવિ નરપતિ ઇમ ઉચ્ચરઇ, પૂછિ પદ્મપુરાણ.[૧૦૨] ૨૪

[આદેશ પહેલો]

અજ્ઞાત કવિ પોતે કબૂલ કરે છે કે, વાર્તાનું વસ્તુ તેણે નરપતિની કૃતિમાંથી લીધું છે.

સુધ વંસ ધરમી પરમાર, ગરધવસેનતણો કુમાર,
જાત પરમારતણો આધાર, ક્વી નરપતએ કહો વચાર.[૧૦૩] ૩૧

શ્લોક:

क्रतजुगे जानुदांतां त्रेहेत्याऐ रघुनंदनं।
द्वापरे क्रशा वीशाल्यां कलुजुगे वीर वीक्रम ॥३२॥

પૂરવ છાયો

વીરહ રંણ વેક્રમતણું પંચડંડ પરમાણ,
ભાવ ધરી અહો ગાઔસું સુંણજો ગુણ સુજાણ. ૩૩
ભોલ! મકા હામ વરાસસો, સોઓ ત્યાં ફરજો તેમ,
છોરૂ નીદવણ કરી, રહે વરઆરો એમ. ૩૪

વિક્રમની મહત્તા ગાઈ, ગણપતિને નમન કરી, કવિ કૃતિની શરૂઆત કરે છે. કૃતિના પાંચેય આદેશમાંની પાંચ વાર્તાઓનું વસ્તુ નરપતિને ચુસ્ત રીતે અનુસરે છે, જ્યારે નરપતિએ પોતે રામચંદ્રસૂરિના 'પંચદંડછત્રપ્રબન્ધ'નું અનુકરણ કરેલું છે.

૧૦૨- રાવળ, શંકરપ્રસાદ, ડૉ., 'પંચદંડની વાર્તા', આદેશ પહેલો, કડી ૨૪
૧૦૩- એજન, કડી ૩૧-૩૪

પહેલા આદેશમાં, દાનવદમની વિક્રમને દેવદમનીને દ્યૂતમાં ત્રણ વાર હરાવવા કહે છે. રાજધારે 'વિક્રમપ્રબન્ધ'માં અને નરપતિએ 'પંચદંડની વાર્તા'માં, દેવદમનીને આવી રીતે ત્રણ વાર હરાવવાની શરતનો ઉલ્લેખ કર્યો છે, જ્યારે 'પંચદંડ'-વિષયક કેટલીક રચનાઓમાં 'વિક્રમ દેવદમનીને એક વાર હરાવે' એવી શરતનું નિરૂપણ કરેલું છે. 'દાનવદમની' નામ, અજ્ઞાત પંચદંડચતુષ્પદીકાર અને લક્ષ્મીવલ્લભે આપેલ નામ 'દૈત્યદમી' કે 'દૈત્યદમની'ને મળતું છે. આ સિવાય, પરંપરાપ્રાપ્ત, આ આદેશની વાર્તામાં કંઈ ફેરફાર નથી.

કવિની સાહજિક વર્ણનપદ્ધતિ, નરપતિને મળતી છે. દેવદમની દ્યૂત રમવા જાય છે, તે વખતે તેના સૌંદર્યનું કવિ વર્ણન કરે છે:

અંગ સુરંગ સોહલૈ શણગાર, ચંચલ ચપલ તણા નહી પાર. ૧૨૪
કાંમ તણી કુંદલા અતિ, સરગાભવન મોહોત્રા દેવતા. ૧૨૫
નારી અવર પતંગ સમાંન, રવીતલૈ નહી કોઈ એહ નમાંન. ૧૨૬

કવીત

શિણગાર સોલનુ પૂર મર્દન, મરજંન,
ચાર હાર, લલાટ તિલક, નેત્રઅંજને કુંડલ મણ;
હાર કુસમાંઆ સુ નીકલંક સાર,
કરકંકણ, પા અંને પૂર ઝણકાર;
કટીમેખલા, પકુાવલી ઘંટડી, વીટી છવીટીઆ સોહે સણગાર,
મુખતંબોલ, ચતુર તાં એવં સણગાર તો ષોડસા. ૧૨૬

આ કૃતિની ભાષા પર લોકબોલીની પ્રબળ અસર છે. 'ઇંદ્ર'નું 'ઇંદ', 'વાડી'નું 'બાડી', 'વિક્રમ'નું 'વિક્રમ', 'તિલક'નું 'તલક' — આ સર્વ લોકબોલીથી રંગાયેલાં રૂપ રાજધર અને અજ્ઞાત ગુજરાતી ગદ્યકાર (વિ.સં. ૧૭૩૮ પહેલાં)-ની 'પંચદંડ'ની રચનાઓમાં મળે છે, અને આ ત્રણેય જૈનેતર કૃતિઓ વિક્રમના સત્તરમા શતકની છે. રાજધર અને આ અજ્ઞાત કવિમાં, વાર્તાવસ્તુની ગૂંથણીની દૃષ્ટિએ ઘણું સામ્ય છે, જ્યારે અજ્ઞાત ગુજરાતી ગદ્યકાર, સર્વ પ્રચલિત ગુજરાતી 'પંચદંડ'ની વાર્તાઓની પરંપરાથી જુદો પડે છે. રાજધર અને અજ્ઞાત કવિએ નરપતિની કૃતિનું અનુકરણ કર્યું છે, જ્યારે અજ્ઞાત ગુજરાતી ગદ્યકાર, એ ઉપર્યુક્ત બન્ને કવિઓ સાથે મારવાડી બોલીની અસર હોવાનું સામ્ય દર્શાવે છે, આખી કૃતિની શરૂઆત, વાર્તાઓનાં સ્વરૂપ,

સ્વરૂપાન્તર, લાડકથાઓ, મુખ્યકથાઓ એ સર્વ વિષયમાં તે પ્રાચીન સંસ્કૃત ગ્રંથકારોને અનુસરે છે. વળી, કેટલીક લાડકથાઓ તો સંસ્કૃત, ગુજરાતી અને રાજસ્થાની કૃતિઓમાં વત્તા ઓછા અંશે ય તે એ ગદ્યકારમાં મળે છે. રાજધરની કૃતિની હસ્તપ્રત જોવા મળી નથી, પણ અજ્ઞાત ગુજરાતી ગદ્યકાર અને આ અજ્ઞાત કવિકૃતિની કૃતિઓની હસ્તપ્રતોમાં, હસ્તપ્રતગત લિપિપદ્ધતિ-(Calligraphy)માં પણ ઘણું સામ્ય જોવા મળે છે.

વિક્રમ, દેવદમનીને દ્યૂતમાં હરાવી તેને પરણ્યો; એ પ્રસંગનું નિરૂપણ કવિ આ રીતે કરે છે:

વારતા

રાજા વીક્રમદૈત પ્રતેં દેમની કેહે છે:

પૂરવ છાયો

દેમો પણ ચાખો નહી જે દીઠા સુપનેણ,
વીદ્યાંતાં નવ નીગજે તે કીધું વીક્રમેણ. ૨૨૬

ચોપાઈ

છત્ર હેઠ નવરાવી લોઓ, મધીમ કીટી ઉત્તમ હોઓ,
રાજનીત એ રાઓ કરી, બીક્રસેંને દેમની વરી. ૨૨૭
નારી-અંગ્રાત રાઓ લીધ, અંનપાન દાંન આતે દીધ,
કુટર બુધ રાજની ગઈ, દાનવદેમની સાસુ થઈ. ૨૨૮
સંતબોગત હોઓ અપાર, આસંન સીઆર વીસ ને સીંગાર,
દેમની સુ બહુ ક્રીડા કરી, દીઆડામાહે ભાવ માંન ધરી. ૨૨૯
નગરમાહે સરવ સોંમ બોલત, નારી નરસું કેમ ઝીલત,
આતી હોઈ ચાંદ્રણી રાત, નવી આવે દેનકરની ભાત. ૨૩૦
વસંતતણો ચાલ્યો વેહેવાર, જઈ સાસુને કરો જુહાર,
કાંઈ કહીવા પૂછ્યા ભણી, આવો વીક્રમ સોહવુ ગણી. ૨૩૧
વસંત ત્યાં રૂડું પ્રમાણ, ઉદયાચલ જેમ ઉગો ભાણ,
સોંમ બોલે માલવનરેસ, બાબે મુજને દીઓ આદેસ. ૨૩૨

વારતા

॥ સૌને શ્રી પ્રથમ આદેસ સંપૂર્ણ॥ હવે આદેસ બીજો-રાજા શ્રીવીક્રમાદૈતને દેમની કેહે છે. ~~બીજા આદેસ રાજા ચાલી [illegible]~~
આદેસ બીજે સંચરા છે.

ઉપર્યુક્ત પંક્તિઓ નરપતિએ આ રીતે આપી છે:

દમની રાજા પ્રતિ કીહિ છિ:

વારતા

દેખઇ પણિ ચાખઇ નહિ, જે પેખિઉં સુપનાઇ,
વિદ્યાનાઇ નવિ નીપજઇ, તે કીધૂં વિક્રમરાય. ૧૯૯

ચઉપઇ

છત્ર હેઠિ નવરાવી લેઇ, મધ્યમ કીરી ઉત્તમ થઇ,
રાજનીતિ તિહાં રાઈ કરી, વિક્રમસેનઇ દમની વરી. ૨૦૦
નગરલોક સહૂ ઇમ બોલંતિ: "નારી નરનઇ ઇમ જ્યંતિ,
અતિ હૂઇ આંદરણી રાતિ, કિમ આવઇ દિનકરની ભાતિ?" ૨૦૧
વચન તણઉ ચાલિઉં વિહિવાર, જઇ સાસૂનઇ કીધ જુહાર,
કાઇ કાજ પૂછેવા ભણી, વિક્રમ આવિઉં એહવૂં ગણી. ૨૦૨
"વચન તુમ્હારૂં ચડિઉં પ્રમાણ, ઉદયાચલ જિમ ઊગિઉં ભાણ,"
ઇમ બોલઇ માલવનરેસ, "બાજઉ અમ્હનઇ દઉ આદેસ." ૨૦૩

ઉપર્યુક્ત બે કવિના બે કાવ્યખંડની સરખામણી કરતાં, એ સ્પષ્ટ જણાય છે કે, અજ્ઞાત કવિએ નરપતિની કૃતિની કેટલીક પંક્તિઓનું શબ્દશઃ અનુકરણ કર્યું છે અને છતાંય અજ્ઞાત કવિએ સર્જેલી પંક્તિઓમાં કવિપ્રતિભાનો ચમકારો વરતાય છે.

બીજા આદેશમાં, 'ઔતે આદેસ બીજો લખો છે' એ પ્રમાણે કવિ શરૂઆત કરે છે. સોમશર્મા બ્રાહ્મણની સ્ત્રી ઊમાદેની દિનચર્યા અને ચરિત્રનું અવલોકન કરવા માટે વિક્રમ સોપારા ગયો અને ત્યાં પહોંચી, એક મંદિરના પૂજારીને સોમશર્માના ઘરની એંધાણી પૂછતાં પૂજારીએ કહ્યું:

- - - - - - - ઉમાદે છે તેહની નાર. ૧૦
તે બ્રામંણસું કેહ કાજ, તે [બ્રામંણ] કહીએ રૂષરાજ,
દયાવંત ને પૂન વેસાલ, તે બ્રામંણ માડે નીસાલ. ૧૧
નીસાલીઆ ત્રેસઠ તેહ તંણે, બત્રીસ લક્ષંણ ધરમે ભણે,
તે બ્રામંણનુ મોહોટૂ માંન, નેવ ગ્નાને તે કેહેનુ દાન. ૧૨
દયાવંત અને દાનવંત, ક્ષમાવંત અને ગુણવંત,
સદાવ્રત સાહસ્ત્ર તંણો આધાર, ગૌઠવો વસે છે પાટણમાંહ્ય. ૧૩

તાહારી મુરત દીસે નરેસ, પ્રારંભમાંહે કરો પ્રવેસ,
પ્રથમ ચોક છે જમણી ગલ્લી, આગણ વૃક્ષ અછે આંબલી. ૧૪

આ આપેલી એંધાણી પ્રમાણે, વિક્રમ નિશાળિયાનું રૂપ ધારણ કરી, હિમાદ્રીને ત્યાં ભણવા રહ્યો. આ વાર્તામાં બ્રાહ્મણ સોમશર્મા અને 'વિમહરદંડ'ની વાર્તામાં આવતો વિશ્વરૂપ પુરોહિત બન્ને અપરિગ્રહી છે અને કોઈનું દાન સ્વીકારતા નથી એ સામ્ય નોંધપાત્ર છે. નરપતિએ આ વાર્તા દ્વારા 'સિદ્ધદંડ' અને 'વિજયદંડ'ની પ્રાપ્તિ વર્ણવી છે, જ્યારે આ અજ્ઞાત કવિએ 'સિદ્ધદંડ' અને 'વજ્રદંડ' મળ્યાનો ઉલ્લેખ કર્યો છે. એ સિવાયની સર્વ વિગતો અન્ય કૃતિઓમાં મળતી આ વાર્તા સાથે સામ્ય ધરાવે છે. આખી વાર્તાનું, કવિએ, નરપતિની કૃતિમાંથી ભાષાકીય રૂપાન્તર કરી અનુકરણ કર્યું છે. આ અનુકરણથી એવી છાપ પડવા સંભવ છે કે આ રચના નરપતિના 'પંચદંડ'નું રૂપાન્તર જ છે; પણ આ નરપતિની કૃતિને અનુસરતી જુદી જ રચના છે.

આ કૃતિની ત્રીજી વાર્તામાં, હમની વિક્રમને પાંભાવતની રાજકુંવરી રત્નમંજરીની રત્નમંજૂષા અને તેનો દંડ લાવવા આદેશ આપે છે. વાર્તાનું વસ્તુ અને વિકાસ તેમ જ તેનું આખું સ્વરૂપ પ્રાચીન સંસ્કૃત, ગુજરાતી અને રાજસ્થાની 'પંચદંડ'કારો સાથે સામ્ય ધરાવે છે. પણ 'પંચદંડ'ની પ્રાચીન સંસ્કૃત પરંપરા પ્રમાણે, આ વાર્તામાં વિક્રમને રત્નમંજૂષા પ્રાપ્ત થાય છે, પણ કોઈ દંડ પ્રાપ્ત થતો નથી. ગુજરાતી વાર્તાસાહિત્ય પર જેની પ્રબળ અસર છે તે પૂર્ણિમાગચ્છીય રામચંદ્રસૂરિના 'પંચદંડછત્રપ્રબંધ'માં રત્નમંજરી પાસે દંડ હોવાનો પ્રથમ આછો ઇશારો મળે છે, પણ તેમાં દંડનું નામ આપેલું નથી; અને વાર્તાના અંતે વિક્રમને રત્નમંજૂષા જ મળે છે, દંડ વિશે ઇતર કોઈ ઉલ્લેખ મળતો નથી. રામચંદ્રસૂરિનું સફળ અને પ્રથમ મૌલિક અનુકરણ કરનાર નરપતિએ અને નરપતિનું અનુકરણ કરનાર આ અજ્ઞાત કવિએ પણ રામચંદ્રસૂરિની માફક વાર્તાના પ્રારંભમાં રત્નમંજૂષા સાથે દંડ હોવાનો ઉલ્લેખ કરી, વાર્તાના અંતે દંડ વિશે કંઈ પણ કહ્યું નથી; દંડનું નામ તો આ ત્રણેય કવિઓએ આપ્યું નથી. શામળ જેવા કુશળ વાર્તાકારે 'પંચદંડ'ની આ ત્રીજી વાર્તાના આયોજનની ખામી જોઈ, અને સ્પષ્ટ રીતે, આરંભથી અંત

~~સુધી રત્નમંજૂષા સાથે દંડનો ઉલ્લેખ કર્યો છે અને છેવટે, વિક્રમને રત્નમંજૂષા~~

અને દંડ પ્રાપ્ત કર્યો એમ દર્શાવ્યું છે. શામળે આ દંડને અભયદંડ નામ આપ્યું છે.

ચારિત્ર્ય-વિષયક ચોથી વાર્તામાં, રાજા વિક્રમને ઉજ્જયિનીના વૃદ્ધ ધના શેઠની યુવાન પત્ની રત્નસુંદરીનાં ચારિત્ર્ય અને દિનચર્યા નિહાળવા આદેશ આપે છે. આ જ વાર્તાના ઉત્તરાર્ધમાં, તેના હેતુને પુરસ્કૃત કરતી 'રાજા વિક્રમની રાણી શૃંગારસુંદરી અને તેના પ્રધાન બુદ્ધિસાગરની આડકથા આવે છે. આ આખી વાર્તાનું સ્વરૂપ, પ્રસંગ, પાત્રો, વર્ણન આદિ રામચંદ્રસૂરિ અને મોટે ભાગે તો નરપતિને અનુસરે છે. આ વાર્તામાં વિક્રમને કામદ્ર (કામત્ર) દંડ પ્રાપ્ત થાય છે. રામચંદ્રસૂરિ અને નરપતિએ આ દંડને કામિકદંડ કહ્યો છે જ્યારે શામળે તેને પ્રતાપદંડ નામ આપ્યું છે. શામળે આ દંડનું પરંપરાગત નામ બદલી 'પ્રતાપદંડ' નામ રાખ્યું એમાં કોઈ હેતુ કે ઉદ્દેશ હોય એમ જણાતું નથી. અન્ય 'પંચદંડ'કારોથી જુદા પડી શામળે સિદ્ધદંડ કે સર્વરસદંડનું ઉડણ-દંડ, વિજયદંડ કે વજ્રદંડનું અભિતદંડ, કામિકદંડ કે કામપ્રદદંડનું પ્રતાપદંડ-એ પ્રમાણે દંડનાં નામ બદલવામાં અને પંચાલની રાજકુંવરી રત્નમંજરીના દંડને અભયદંડ નામ આપવામાં, 'પંચદંડ'ની વાર્તાના સામાજિક અને સાંસ્કૃતિક મૂલ્યમાં કંઈ વધારો કર્યો નથી; ઊલટું, જનમનરંજનાર્થે સરસતા અને સરળતા સાધવા જતાં, આ વાર્તાના પ્રાચીન આદ્ય જનસંસ્કૃતિ (Ancient Primitive Culture)ના અંશોને સંસ્કરણ (Sophistication) દ્વારા શામળે હાનિ પહોંચાડી છે.

આ વાર્તામાં, તેનો ઉપકારક એવી એક બીજી આડકથા આપેલી છે. નરપતિની રચનામાં પણ તે પ્રાપ્ત થાય છે. આડકથામાં, નારદ દ્રૌપદીને પૂછે છે કે, શું સ્ત્રીઓ હંમેશાં પોતાના પતિને ચાહે છે? દ્રૌપદી હકારમાં ઉત્તર આપે છે. બન્નેના વાર્તાલાપમાં અન્તે નારદ કહે છે કે, સ્ત્રીઓ ગમે તેટલી સતી હોય તોપણ તેનો સ્વભાવ ચંચળ અને તરલ હોય છે. આ આડકથા 'પંચદંડ'ની બીજી કૃતિઓમાં મળતી નથી.

છેલ્લી પાંચમી વાર્તામાં, રાજા વિક્રમને તેના પુરોહિત વિશ્વરૂપને દાન આપવા આદેશ આપે છે. વિશ્વરૂપ અતિ સ્વમાની ગરીબ બ્રાહ્મણ છે અને રાજાનું દાન સ્વીકારી ઋણ વધારવાની ના પાડે છે. આ વાર્તા 'પંચદંડ'ની સર્વ કૃતિઓમાં મળે છે અને તેનું વસ્તુ પણ સર્વેમાં મોટે ભાગે એકસરખું છે. વિશ્વરૂપ કૌશિ-

~~ની પુત્રી એમાની, તેની માતા ... સાથે ... આતાવેના ... ની પુત્રી ...~~

મંજરીના લગ્નમાં જાય છે. વિક્રમ સેવકના સ્વરૂપે પાતાલમાં જાય છે અને ત્યાં વેતાલની મદદથી કપટ કરી, ગોમતી, શૃંગારમંજરી અને ત્રણ નાગીઓને પરણે છે, અને તમોહરદંડ તેમ જ વિષહરદંડ પ્રાપ્ત કરે છે.

આ આખી કૃતિ નરપતિની રચનાનું રૂપાન્તર છે. નરપતિએ યોજેલા ચોપાઈ અને દુહાના છંદ, 'વારતા'ના મથાળા હેઠળ વચ્ચે વચ્ચે આવતું ગદ્ય, વાર્તાઓમાં વચ્ચે ફૂલગૂંથણીરૂપે આવતા સંસ્કૃત શ્લોક — આ સર્વ આ અજ્ઞાત કવિએ અનુકરણરૂપે પોતાની કૃતિમાં યોજ્યાં છે, જ્યારે નરપતિની કૃતિના આખા ને આખા પદ્યખંડો, ભાષાકીય રૂપાંતર કરી, આ કવિએ પોતાની રચનામાં લીધા છે. આ કૃતિમાં જે કંઈ કાવ્યમય વર્ણનો આવે છે તે નરપતિની પ્રતિભાનાં દર્શન કરાવે છે, જ્યારે મારવાડી-મિશ્રિત ગુજરાતી ભાષા આ કવિની પોતાની છે.

[૧૬]

અજ્ઞાત રાજસ્થાની ગદ્યકાર-વિરચિત

પંચડંડરી વાત

(વિ. સં. ૧૭૪૩ પહેલાં)

આ અપ્રસિદ્ધ કૃતિની હસ્તપ્રત મને રાજસ્થાનના પ્રસિદ્ધ વિદ્વાન અને સંશોધક શ્રી. અગરચંદજી નાહટા પાસેથી, મારા પ્રોફેસર ડૉ. ભોગીલાલ સાંડેસરા મારફતે મળી છે. હસ્તપ્રત ગુટકા આકારની છે, અને તેમાં, પહેલાં ચોવીસ પૃષ્ઠમાં 'પંચાડંડરી વાત' મળે છે. ચોવીસમા પૃષ્ઠની બીજી બાજુ કોરી છે; ફક્ત તેના પર 'इति श्रीविक्रमचरित्रे' એવા શબ્દ [illegible] લખેલા છે. 'પંચદંડ' પછી હસ્તપ્રતમાં, 'શુકનાવલી' નામની કૃતિ હોવા વિષેની નોંધ હસ્તપ્રતના પહેલા પાનની પહેલી બાજુએ મળે છે, પણ હસ્તપ્રતમાં તે કૃતિ વિષેનાં પાન પ્રાપ્ત થતાં નથી. તેના પછી, 'લીલાવતી' નામના ગણિતશાસ્ત્રના ગ્રંથ પર ભાલચંદ્રકૃત 'ભાષા' — બાલાવબોધ રાજસ્થાનીમાં મળે છે. આ 'લીલાવતી-ભાષા'નાં પ્રથમ થોડાં પાન નથી; તેનો છેવટનો ભાગ સંપૂર્ણ સ્થિતિમાં છે. 'લીલાવતી-ભાષા'ની કૃતિનાં પૃષ્ઠ પર પૃષ્ઠાંક નાખેલા નથી. આખી હસ્તપ્રત દેવનાગરી લિપિમાં એક જ હાથે લખાયેલી છે. 'પંચડંડરી વાત'નાં પૃષ્ઠોમાં, દરેક પાનની ડાબીજમણી બાજુ પર લાલ શાહીથી હાંસિયો રાખેલો છે. દરેક પાનની ઉપર ૦.૯" અને નીચે ૧" જગ્યા છોડી, લખાણ સમાવવામાં આવ્યું છે. 'લીલાવતી-ભાષા'નાં પૃષ્ઠોમાં, કાળી શાહીનો હાંસિયો રાખવામાં આવ્યો છે. હસ્તપ્રતની લંબાઈ અને પહોળાઈ ૯"x૬" છે. દરેક પાન પર સરેરાશ ૧૪ પંક્તિ છે.

'પંચાડંડરી વાત'નું પહેલું પાન ફાટી ગયું હોવાથી, અનૂપ સંસ્કૃત લાયબ્રેરી, બીકાનેરના હિન્દી વિભાગની પ્રતિ નં-૬૭ માંથી, ફાટી ગયેલા ભાગની નકલ હસ્તપ્રત સાથે જોડેલી છે. કૃતિની શરૂઆત આ રીતે થાય છે:

અથ પંચાડંડરી વાત લિખ્યતે.

સરસતિ માતા વીનવું.. ગણપતિ વંદું પાય,.....

કહે એસી પંચડંડકી વિક્રમ વાત વહાય. ૧
વીકાનેર સુહાવણો, સુખસંપતિકી ઠોડ,
રાજ કરૈ રાજા તિહાં, સુજાંણસિંઘ રાઠોડ. ૨
વારતા

ઉજેણી નામ નગર, રાજા વીર વિક્રમાદિત્ય નામ રાજા રાજ કરે છે. બડી ઠકુરાઇત છૈ. નીપટ સબલા છૈ, ઘોડા હાથી સુભટ પાયક: રથ સિલ્હે સયોજત છૈ, વાજા છત્તીસ વાજે છૈ, રાગ રંગ હુવે છૈ, નગરીમેં બડો ઉછાહ છૈ.

કૃતિની પુષ્પિકા આ પ્રમાણે છે:

॥इति श्रीविक्रमचरित्रे विक्रमपंचडंड-वारता संपूर्णा॥ संवत् १७४७ वर्षे श्रावण शुदि ६ गुरुवारे श्रीजीवाचनार्थम् लिपीकृतेयं पुस्तिका लच्छीरामेण, शुभं भूयाल्लेखकपाठकयो:॥

यादृशं पुस्तके दृष्टं, तादृशं लिखितं मया।
यदि शुद्धमशुद्धं वा मम दोषो न दीयतां॥१॥श्री॥छ॥

આ કૃતિ અજ્ઞાત રાજસ્થાની ગદ્યકારની છે, અને કૃતિની ભાષા પરથી એમ જણાય છે કે, તે રાજસ્થાનના મારવાડ પ્રદેશમાં અથવા તો કોઈ મારવાડી ગદ્યકારના હાથે રચાઈ છે. 'પંચદંડ' વિષયક કૃતિઓની શોધ માટે મેં રાજસ્થાન અને ગુજરાતના તેમ જ આપણા દેશના અને પરદેશના હસ્તપ્રતોના ભંડાર અને સંગ્રહોની તપાસ કરી અને કરાવી; તેમાં મોટે ભાગે પદ્યકૃતિઓ મળી છે. ગદ્યકૃતિઓમાં સંસ્કૃત ગદ્યકૃતિઓ બાદ કરતાં, જૂની ગુજરાતીમાં એક, રાજસ્થાનીમાં એક (જેની હું અહીં સમીક્ષા કરી રહ્યો છું.), અને પારસી બોલીની અસર ધરાવતી ગુજરાતીમાં એક, એમ ત્રણ ગદ્યકૃતિઓ પ્રાપ્ત થઈ છે. આ ગદ્યકૃતિ પર મારવાડીની સ્પષ્ટ અસર છે. ભાષાની દૃષ્ટિએ તેમ જ કૃતિની વચ્ચે આવતા સંસ્કૃત શ્લોકોની દૃષ્ટાંતગ્રંથણીની સામ્યતાથી, આ રચના, રાજધર અને અજ્ઞાત ગુજરાતી ગદ્યકાર (કૃતિ નં. ૧૪; આ મહાનિબંધ માટે મેં જેની અધિકૃત વાચના તૈયાર કરી છે)ની કૃતિઓ સાથે ઠીક ઠીક સામ્ય ધરાવે છે (નરપતિના 'પંચદંડ'માં પણ વચ્ચે સંસ્કૃત શ્લોકો આવે છે, પણ તેની ભાષાનું બંધારણ જુદું છે.) પણ આ ગદ્યકૃતિની વાર્તાઓનું વસ્તુ ઘણી રીતે ઉપર્યુક્ત કર્તાઓની કૃતિઓથી જુદું પડે છે.

આ આખી કૃતિ પાંચ ભાગમાં વહેંચાયેલી છે; દરેક ભાગમાં એક વાર્તા વણેલી છે અને દરેક વાર્તામાં વિક્રમ એક દંડ પ્રાપ્ત કરે છે; એક ઉમાદેની બાબત વાર્તામાં બે દંડ પ્રાપ્ત થાય છે. વૃદ્ધા ગાંછણ અને તેની પુત્રી દેવદમણી 'પંચદંડ'ના વાર્તાચક્રનાં બે મુખ્ય પાત્ર છે. આ ગદ્યકૃતિમાં, વૃદ્ધા ગાંછણનું નામ દેવદમણી અને તેની પુત્રીનું નામ દૈત્યદમણી આપ્યું છે. માતાનું નામ દમણી અને પુત્રીનું નામ દેવદમણી અથવા દેવદમણી માતા અને દમણી પુત્રી એમ નામનો ફેરફાર ઘણી કૃતિઓમાં માલૂમ પડ્યો છે. દૈત્યદમણી એ માતાનું નામ છે એવા ઉલ્લેખ પણ મળ્યા છે; પણ આ અજ્ઞાત રાજસ્થાની ગદ્યકારે સર્વથી જુદા પડી, પુત્રીને દૈત્યદમણી નામ આપ્યું છે. શુભશીલગણિએ માતાને નાગદમણી નામ આપ્યું છે તે પણ નોંધપાત્ર છે.

વાર્તાઓના વસ્તુમાં કર્તા અન્ય 'પંચદંડ'કારોથી ઠીક ઠીક જુદા પડ્યા છે. શરૂઆતમાં, ગાંછણના ઘરનો કચરો સાફ કરનાર દાસી તો આપણને 'પંચદંડ'ની સર્વ કૃતિઓમાં મળે છે. પણ આ ગદ્યકારે દાસીને બદલે ખુદ ગાંછણપુત્રી દૈત્યદમણીને કચરો કાઢતાં દર્શાવી છે. દૈત્યદમણીને વિક્રમના સેવકોએ મારી એટલે દમણી હાથમાં વિજયદંડ લઈ આવી અને રસ્તામાં ત્રણ રેખાઓ દોરી, ત્રણ વજ્રદિવાલો ઊભી કરી- માર્ગમાં દંડ વડે ત્રણ રેખાઓ દોરી, ત્રણ વજ્રદિવાલો ઊભી કરવાનો પ્રસંગ, સર્વ પ્રથમ 'પંચદંડ'ના વાર્તાચક્રમાં દાખલ કરનાર ડભોઈના પૂર્ણિમાગચ્છીય રામચંદ્રસૂરિ હતા. ત્યાર પછી તો ઘણા સંસ્કૃત, રાજસ્થાની અને જૂની ગુજરાતીના આ વાર્તાચક્રના રચયિતાઓએ આ પ્રસંગનું અનુકરણ કર્યું છે. પણ જે દંડ વડે માર્ગમાં રેખાઓ દોરવામાં આવી તે દંડનું 'દુર્ગછેદદંડ' નામ, અજ્ઞાત ગુજરાતી ગદ્યકારે (કૃતિ નં. ૧૪) આપ્યું છે. શામળે તેને 'આભેદ્યદંડ' તરીકે ઓળખાવ્યો છે. આ અજ્ઞાત રાજસ્થાની ગદ્યકારે તેને 'વિજયદંડ' કહ્યો છે. શામળ, પાંચ દંડ ઉપરાંત 'આભેદ્યદંડ'ને છઠ્ઠો દંડ ગણે છે, જ્યારે આ ગદ્યકાર 'વિજયદંડ' સહિત કુલ પાંચ દંડ ગણાવે છે, અને શરૂઆતમાં જ પાંચેય દંડનાં નામ આ પ્રમાણે જણાવી દે છે:

" ------- તારે ગાછી દેવદમની અર બેટી દૈત્યદમની બેઊ રાજ આડી આઇ નૈ કહિયો, " રાજા તૂં ઇતૌ ગુમાન કરૈ સુ કિસા ? રાજમાંહે રાજ છૈ. રાજ તૌ મૈં તિણનું વદાં જિણરૈ પંચદંડ હુવૈ, ઇંદ્રરો સિંહાસણ હુવૈ, છત્ર હુવૈ, તિણનું વદાં બાકીનું કહે વદાં નહી. હેમદંડ ૫ પાંચ રાજા મળીયા: વિજૈદંડ ૧, સિદ્ધિદંડ ૨, કામપ્રદંડ ૩, વિષહરદંડ ૪, તમોહરદંડ ૫. ----"

[હસ્તપ્રત, પત્ર 2-A]

ઉપર્યુક્ત દંડની પ્રાપ્તિ કર્તાએ તેની પહેલાંના અને પછીના સર્વ પંચદંડ-કારોથી જુદી રીતે દર્શાવી છે. સામાન્ય રીતે, ઉમાદેની વાર્તાના ઉત્તરાર્ધમાં, વિક્રમ કરાહડદ્વીપના માનવભક્ષી રાક્ષસને મારી, તેની પાસેથી વિજયદંડ મેળવે છે, જ્યારે અહીં વિક્રમ દૈત્યદમની સાથે દ્યૂત રમી, તેને હરાવે છે અને તેને પરણે છે. * પછી વૃદ્ધા દેવદમની તેને વિજયદંડ આપે છે કે જેના વડે માર્ગમાં ત્રણ અભેદ્ય દિવાલો ઊભી કરાઈ હતી. વિક્રમ પાંચ અદ્ભુત દંડ પ્રાપ્ત કરે છે" તેનું એક રહસ્ય એમ પણ જણાવવામાં આવ્યું છે કે, પાંચ દંડની સિદ્ધિના સંયુક્ત બળથી જ અભેદ્યદંડ (આ કૃતિમાંનો વિજયદંડ) વડે ઊભી કરાયેલી દિવાલો તોડી શકાઈ. જો આ અભેદ્યદંડ (વિજયદંડ) પહેલેથી જ વિક્રમને મળી જાય તો પછી પાંચ દંડની પણ શી જરૂર? ગમે તેમ, પણ આ કૃતિના ઉપકથાઓની સંકલનામાં કર્તાએ કૌશલ કે કારીગરી દર્શાવી નથી; ઉપકથાઓ-નું સંકલન કેટલેક અંશે અવ્યવસ્થિત અને ભૂલભરેલું છે. દૈત્યદમની અને વિક્રમના લગ્નના અન્તે કર્તા આ પ્રમાણે સમાપન-ઉક્તિ મૂકે છે:

॥इति श्रीविक्रमचरित्रे विजैदंडरी वार्त्ता संपूरणा॥

'સિદ્ધદંડ' અને 'તમોહરદંડ'ની બાબતમાં, વિક્રમ સોપારાના બ્રાહ્મણ સોમશર્માની પત્ની ઉમાદે પાસેથી 'સિદ્ધદંડ' પ્રાપ્ત કરે છે. શામળ આને 'ઉડણદંડ' કહે છે. મોટા ભાગના સંસ્કૃત 'પંચદંડ'કારોએ, આ દંડને 'સર્વસિદ્ધિ-દંડ' નામ આપ્યું છે. આ વાર્તાના ઉત્તરાર્ધમાં 'તમોહરદંડ'ની પ્રાપ્તિ વર્ણવી છે તે કર્તાની કંઈ સરતચૂક જણાય છે. સર્વ કૃતિઓમાં, સામાન્ય રીતે, (જ્યાં જ્યાં તમોહરદંડનો ઉલ્લેખ છે ત્યાં) 'વિષાપહારદંડ'ની સાથે 'તમોહર-દંડ'ની પ્રાપ્તિનું વર્ણન મળે છે એટલે નાગકન્યાને પાતાલમાંથી પરણી લાવતાં, આ બે દંડ મળે છે. કેટલીક કૃતિઓમાં એકલા 'વિષાપહારદંડ'ની પ્રાપ્તિ દર્શાવેલી છે. આ પ્રચલિત પ્રાચીન પરંપરાથી ફંટાઈને, આ ગ્રંથકાર દંડનું નામ બદલી નાખે છે તે યોગ્ય નથી. કરાહડદ્વીપના રાક્ષસ પાસેથી વિક્રમે મેળવેલા દંડનું નામ 'વિજયદંડ' — 'અજિતદંડ' કે 'વજ્રદંડ' છે, 'તમોહરદંડ' નહિ.

ઉમાદેની વાર્તામાં, કર્તાએ, ભાણવિજયગણિની માફક, વિક્રમને અદ્ભુત ~~વિદ્યાઓનો ભંડાર તરીકે વર્ણવ્યો છે. પોતાના ગુરુ સોમશર્માએ અને અન્ય~~

શિષ્યબંધુઓને વિક્રમ કહે છે કે, હું નીચેની વિદ્યાઓ જાણું છું:

"------ઇતિ વિદ્યા જાણું છું તે વિદ્યારી વિગતિ:

૧. આગમ, નિગમ; —[૧૦૪] ૧. જોતિગ; ૧. સુકુન, ૧. સુરભેદ, ૧. કાયાકષ્ટ, ૧. ભલી હોતવ, ૧. બુરી હોતવ, ૧. કામણ, ૧. મોહણ, —; ૨. જંત્ર, ૩. મંત્ર, ૪. તંત્ર, ૫. થાવર, ૬. જંગમ, ૭. જડી, ૮. મૂલી, ૯. રસ, ૧૦. વિષહર, ૧૧. વિનાણ, ૧૨. અંજન, ૧૩. ગુટિકા, ૧૪. આસન્ન, ૧૫. બેસણ, ૧૬. જુવા, ૧૭. સાધક, ૧૮. વેધક, ૧૯. વેદ, ૨૦ મોજકાઠ, ૨૧. સંગીત, ૨૨. ભાષા, ૨૩. છતરી વિદ્યા.

ઉપર્યુક્ત વિદ્યાઓનું જ્ઞાન વિક્રમને, બૌદ્ધ અને જૈન પરંપરાઓ અનુસાર વિદ્યાધર (Holder of the Magic Science)ની કોટિમાં મૂકે છે અને તે રીતે જોતાં, વિક્રમનું વ્યક્તિત્વ એક રાજા કરતાં વિદ્યાધરનું છે, એમ લાગે છે.

ઉમાદેની વાર્તા કૃતિ આ રીતે સમાપન કરે છે:

॥इति श्रीविक्रमचरित्रे सिद्धदंड नमोहरदंड राजा जीतिनें घरे आयो छै तिणारी कथा संपूर्णा॥

ત્રીજી સ્ત્રીચરિત્રની વાર્તા, અન્ય કૃતિઓના જેવી જ છે. વિક્રમને કોરી કંદોરાણ પાસેથી મળેલા દંડને આ ગદ્યકારે 'કામપ્રદંડ' કહ્યો છે. નરપતિ અને રામચંદ્રસૂરિએ તેને 'કામિકદંડ' નામ આપ્યું છે. ભાણવિજયગણિ આદિએ તેને 'કામદંડ' કહ્યો છે, જ્યારે શામળે તેને 'પ્રતાપદંડ' નામથી ઓળખાવ્યો છે.

ચોથી વાર્તા, ખંભાતની રાજકુંવરી રત્નમંજરી પાસેથી રત્નોની પેટી અને 'વિષાપહારદંડ'ની પ્રાપ્તિ વર્ણવે છે. પંચદંડની સર્વ કૃતિઓમાં, વિક્રમ 'વિષાપહારદંડ' પાતાળની નાગકન્યા પાસેથી મેળવે છે, અને આ ઘટકતત્ત્વની આસપાસ, અપરિગ્રહવ્રત ધારણ કરનાર વિશ્વરૂપ પુરોહિત, તેની પુત્રી ગોમતી તેમ જ તેની સખીઓની વાર્તા ગૂંથવામાં આવી છે. ગોમતી અને તેની સખીઓ વિક્રમને મજુર તરીકે લઈ, પાતાળમાં પરણનાર પોતાની સખી નાગકન્યાના લગ્નસમારંભમાં જાય છે. ત્યાં, યુક્તિથી વિક્રમ નાગકન્યાને પરણે છે, સાથે ગોમતી અને તેની સખીઓને પરણે છે અને નાગરાજ પાસેથી 'વિષાપહાર-

૧૦૪. હસ્તપ્રતમાં અહીં '૨' છે તે સુધારી, સંદર્ભ પ્રમાણે મેં '૧' કર્યો છે.

–દંડ' પ્રાપ્ત કરે છે. સર્વ કૃતિઓમાં, સામાન્ય રીતે પ્રાપ્ત થતી આ વાર્તા આ ગદ્યકારે છોડી દીધી છે. 'પંચદંડ'ના વાર્તાચક્રમાં મહત્ત્વનું સ્થાન ધરાવતી આ વાર્તા કર્તાએ પોતાની કૃતિમાંથી બાકાત રાખી છે, તે યોગ્ય નથી; કદાચ એમ બન્યું હોય કે, 'પંચદંડ'ની પ્રાચીન પરંપરાની કર્તાને ખબર ન પણ હોય, અને પાંચ વાર્તાના પાંચ દંડ એવી માન્યતાથી પ્રેરાઈને, વજ્રદિવાલ ઊભી કરનાર આમ્રદંડ સહિત બીજા પાંચ દંડની પ્રાપ્તિ વર્ણવતાં, પાંચને બદલે છ દંડ થઈ ગયા, (જો કે શામળે છ દંડનો ઉલ્લેખ કર્યો છે.) એવા ખ્યાલથી કર્તાએ છેલ્લી વાર્તા છોડી દીધી હશે. કઈ વાર્તામાં કયો દંડ પ્રાપ્ત થવો જોઈએ એ બાબત વિશે પણ આ ગદ્યકાર ધ્યાન આપી શક્યા નથી.

ખંભાતની રાજકુંવરી રત્નમંજરી પાસેથી વિક્રમે 'આમ્રદંડ' પ્રાપ્ત કર્યો એમ શામળે જણાવ્યું છે. રામચંદ્રસૂરિએ, રત્નોની પેટીમાં દંડ હતો એમ ઇશારો કર્યો છે. તે સિવાય, મોટા ભાગના 'પંચદંડ'કારોએ આ વાર્તામાં દંડનો ઉલ્લેખ કર્યો નથી. આ ગદ્યકારે, આ વાર્તામાં 'વિષાપહારદંડ'ની પ્રાપ્તિ વર્ણવી છે, જે સરતચૂક જણાય છે.

એકંદરે, અઢારમા શતકના પૂર્વાર્ધમાં રચાયેલી આ રાજસ્થાની ગદ્યકૃતિ ભાષાશાસ્ત્રીય અધ્યયન માટે મહત્ત્વની છે; પણ 'પંચદંડ'ના વાર્તાચક્રના તુલનાત્મક અધ્યયનમાં, વાર્તાઓની સંકલનાની દૃષ્ટિએ, નિરાશા ઉપજાવે તેવી છે. બીજી, ચોથી અને છઠ્ઠી વિભક્તિના 'રો', 'રી', 'રું', 'રે' આદિ મારવાડી પ્રત્યયો તેમ જ બોલીની લઢણો અને કહેવતો આ કૃતિનાં આકર્ષક અંગ છે. ટૂંકાં ટૂંકાં વાક્યો દ્વારા વાર્તાઓનું નિરૂપણ કરતી આની સચોટ ગદ્યશૈલી જૂના ગુજરાતી-રાજસ્થાની ગદ્યના વિકાસમાં એક મહત્ત્વનું અંગ છે. આ કૃતિનું ગદ્ય, અજ્ઞાત ગુજરાતી ગદ્યકાર (કૃતિ નં.૧૪)ના ગદ્ય સાથે ઠીક ઠીક સામ્ય ધરાવે છે. જૂના ગુજરાતી-રાજસ્થાની ગદ્યના અભ્યાસીને આ રચના સારી સામગ્રી પૂરી પાડે છે.

[૧૭]

કવિ શામળ કૃત

પંચદંડની વાર્તા

(સં. ૧૭૭૭ - ૧૭૮૫)

ગુજરાતી મધ્યકાલીન સાહિત્યાકાશના ત્રણ તેજસ્વી તારકો: અખો, શામળ અને પ્રેમાનંદ. મધ્યકાલીન યુગમાં જ્યારે પરદેશી શાસન, રાજકીય અંધાધુંધી અને અવ્યવસ્થા પ્રવર્તતાં હતાં ત્યારે પોતાની કૃતિઓ દ્વારા પ્રજામાં નૈતિક બળ અને સંસ્કારજલનું સિંચન કરનાર, નિસ્તેજ બનતા પ્રજાજીવનને પુનર્જીવન અર્પનાર આ ત્રણેય કવિઓનું ગુજરાત અતિ ઋણી છે. અખાની જ્ઞાનમાર્ગી કવિતા, પ્રેમાનંદનાં આખ્યાન અને શામળની લોકવાર્તાઓ ગુજરાતી સાહિત્યનો મહામૂલો વારસો છે. પ્રેમાનંદનાં આખ્યાન અને શામળની લોકવાર્તાઓ, બન્ને કરે છે તો રંજન અને સંસ્કરણનું કાર્ય; પણ બન્નેનાં સાહિત્યસ્વરૂપ, વિષયની પસંદગી અને રજૂઆતમાં તફાવત છે. મધ્યકાલીન સાહિત્યમાં, ધર્મ, વૈરાગ્ય, જ્ઞાન, નીતિબોધ આદિ મૂલ્યોને કેન્દ્રસ્થ કરી, રામાયણ, મહાભારત અને ભાગવતમાંથી વિષયો પસંદ કરી, પોતાની કૃતિઓ રચનાર અને અનેક મધ્યકાલીન કવિઓથી જુદા પડી રજૂઆત કરનાર શામળે 'સંસારરસ'ને કેન્દ્રમાં રાખી, પોતાની વાર્તાઓમાં અદ્ભુત વાર્તાતત્ત્વ જમાવ્યું, એ શામળની મોટી સિદ્ધિ ગણી શકાય. પણ જેમ પ્રેમાનંદને તેમ શામળને પણ આ બાબતમાં પૂર્વકાલીન સાહિત્યિક પરંપરાનો પર્યાપ્ત લાભ મળ્યો છે.

> હરિજનને શાનો સંસાર? ખરી વાતમાં શાનો ખાર?
> કહ્યું કથે તે શાનો કવિ? શીખી વાત તે શાની નવી?[૧૫]

આ પ્રમાણે ફાંકો રાખનાર શામળે 'શિવપુરાણ માહાત્મ્ય'ના અનુવાદમાં પૂર્વજ કવિઓનો ઋણસ્વીકાર પણ કર્યો છે:

---

૧૫. 'નંદબત્રીસી' વાર્તામાંની ૮૩મી ચોપાઈ.

કવિ પૂર્વે તો કોટિધા, ચડ્યું જમતાં જે જૂઠ;
શામળ ભટે સંધારી કર્યું, માન દઈ રાખ્યું મૂઠ.

અને એ ઉક્તિ અનુસાર, ગુણાઢ્ય-વિરચિત અતિ પ્રાચીન લોકવાર્તા-સંગ્રહ 'બૃહત્કથા'નું કાશ્મીરી પંડિત સોમદેવે કરેલું સંસ્કૃત રૂપાન્તર 'કથાસરિત્સાગર', દંડીનું 'દશકુમારચરિત', જૈન કવિ ક્ષેમંકરકૃત 'સિંહાસનદ્વાત્રિંશિકા', પૂર્ણિમાગચ્છીય રામચંદ્રસૂરિકૃત 'વિક્રમચરિત્ર' — આ સંસ્કૃત કૃતિઓ અને તેનાં પ્રાકૃત અનુકરણનું શામળે અધ્યયન કર્યું હોવું જોઈએ; એટલું જ નહિ પણ શામળ પહેલાંના જે ગુજરાતી વાર્તાકારો થઈ ગયા તેઓની કૃતિઓ તેણે જોઈ હશે; પ્રસ્તુત વિષયને અનુલક્ષીને કહીએ તો, ખાસ કરીને સં. ૧૫૧૪ (ઈ.સ. ૧૪૫૮) માં જૈનેતર કવિ નરપતિએ રચેલ જૂની ગુજરાતીની કૃતિ 'વિક્રમકથા' (પંચદંડની વાર્તા) પણ તેણે જોઈ હશે. 'વિક્રમચરિત્ર' કે જેમાં 'વેતાલપચીસી', 'પંચદંડ' અને 'સિંહાસનબત્રીસી' જેવાં વિક્રમ-વિષયક વાર્તાચક્રો મળે છે તે ઘણા કવિઓને મન એક પુરાણ જેવું બની ગયું હતું. શામળે પણ 'વિક્રમચરિત્ર'નું માહાત્મ્ય ગાતાં કહ્યું છે:

જેહવું શ્રીમદ્ ભાગવત, જેહવું રામચરિત્ર,
તેહવું ચરિત્ર વિક્રમતણું, સુણતાં મન પવિત્ર.[૧૦૬]

શામળે ક્ષેમંકરની 'સિંહાસનદ્વાત્રિંશિકા', પૂર્ણિમાગચ્છીય રામચંદ્રસૂરિનું 'વિક્રમચરિત્ર' (જેમાં 'સિંહાસનબત્રીસી'ની વાર્તાઓ છે.) અને તેના પંચદંડછત્રપ્રબંધનો સારો અભ્યાસ કર્યો હતો એ સ્પષ્ટ રીતે જણાય છે. પરંતુ પૂર્ણચંદ્રસૂરિનો સંસ્કૃત 'પંચદંડપ્રબંધ', દેવમૂર્તિ ઉપાધ્યાય અને પંડિત શુભશીલગણિનાં 'વિક્રમચરિત્ર', બે અજ્ઞાત સંસ્કૃત ગદ્યકાર-વિરચિત બે સંસ્કૃત 'પંચદંડ-પ્રબંધ' (આ પ્રકરણમાં જેમની સમીક્ષા આપેલી છે, તે કૃતિક્રમાંક ૧, ૪, ૬) — આ સંસ્કૃત કૃતિઓ અને તેમની પરંપરા શામળે જોઈ હોય એમ જણાતું નથી; કારણ કે, શામળ 'પંચદંડ'માં જે 'સ્ત્રીચરિત્ર'ની વાત આપે છે તેને સ્થાને ઉપર્યુક્ત રચનાઓમાં, કુંકુંભની તારણહાર 'લઘુ પુત્રવધૂ'ની વાર્તા મળે છે; અને કેટલીક નાની નાની વિગતો, જે 'પંચદંડની વાર્તા'ના પ્રાચીન સ્વરૂપ અને પરંપરાને રજૂ કરે છે, તે શામળમાં મળતી નથી. [illegible] માટે, શામળે

૧૦૬. જાની, અંબાલાલ બુલાખીરામ- સંપાદિત 'સિંહાસનબત્રીસી', ભાગ ૧, પૃ. ૧૬ (પ્રસ્તાવના).

વાર્તાના પ્રાચીન અંશોનું સારા પ્રમાણમાં સંરક્ષણ કર્યું છે.

શામળની 'પંચદંડ'ની વાર્તાનું આ વિવરણ મેં, શ્રી. અંબાલાલ બુલાખીરામ જાની-સંપાદિત શામળકૃત 'સિંહાસનબત્રીસી' ભાગ ૧ના આધારે કર્યું છે. 'પંચદંડ'ની વાર્તા શામળે સં. ૧૭૭૭-૧૭૮૫ના આઠ વર્ષના ગાળામાં 'સિંહાસનબત્રીસી'ની રચેલી ૧૫ વાર્તાઓ પૈકીની ૫મી વાર્તા છે.

સંવત સત્તર સીત્તોતરે, કરવા માંડ્યો ગ્રંથ,
પંદર વાત પંચાસિયે, પૂરણ કીધો પંથ.
સિંહજપંથ શ્રી રખીઆલે, કોડે લખ્યો કવિરાજ,
સત્તર વાત સંભળાવીશ, મોટા છે મહારાજ.

(ફા. સ. ગામાવલિ, પૃ. ૩૭૫)

'સિંહાસનબત્રીસી'ની બાકીની સત્તર વાર્તાઓ કવિએ સં. ૧૮૦૧ સુધીમાં પૂરી કરી.

'પંચદંડ'ની વાર્તાનું આયોજન 'સિંહાસનબત્રીસી'ની હંસા પૂતળીના મુખે કહેવાયેલી પાંચમી વાર્તા તરીકે થયું છે એ એક નોંધપાત્ર બાબત છે; 'વેતાલ-પચીસી' પણ 'સિંહાસનબત્રીસી'ની ૩૨મી વાર્તા તરીકે ગૂંથેલી છે. આનો અર્થ એ થયો કે, શામળે વિક્રમવિષયક વાર્તાઓનાં ત્રણ પ્રસિદ્ધ વાર્તાચક્રને 'સિંહાસનબત્રીસી'ના એક અંગ તરીકે વણી લીધાં. વિક્રમવાર્તાઓની પરંપરામાં, ક્ષેમંકરે 'सिंहासनद्वात्रिंशिका'માં 'પંચદંડ'ની વાર્તાઓ આપી નથી. રામચંદ્રસૂરિએ પોતાના 'विक्रमचारित्र'માં ૩૨ પૂતળીઓની વાર્તાઓ આપી છે, પણ 'पञ्चदण्डछत्रप्रबन्ध'ની અલગ રચના કરી છે. દેવમૂર્તિએ 'विक्रमचारित्र'માં 'સિંહાસનબત્રીસી' આપી છે, પણ 'પંચદંડકથા' જુદા સર્ગમાં અલગ રચનાઓ આપી છે, 'સિંહાસનબત્રીસી'ના ભાગ તરીકે નહિ. પંડિત શુભશીલગણિએ પોતાના 'વિક્રમચરિત્ર'માં 'पञ्चदण्डकथा' જુદા સર્ગમાં સ્વતંત્ર રચના તરીકે આપી છે, પણ તેઓ 'સિંહાસનબત્રીસી'નો ઉલ્લેખ કરતા નથી. આ સિવાય, મધ્યકાલીન ગુજરાતી અને રાજસ્થાની ભાષામાં, 'પંચદંડ' એક સ્વતંત્ર વાર્તાચક્ર તરીકે મળે છે; ફક્ત માલદેવે પોતાની 'પંચદંડછત્રોત્પત્તિકથા'માં 'પંચદંડ'ની વાર્તાના એક નાના ભાગ તરીકે થોડી 'સિંહાસનબત્રીસી'ની વાર્તાઓ અને 'વેતાલપચીસી'ની આછી રૂપરેખા આપી છે. લોકવાર્તાના સ્વરૂપાન

(Morphology of the Folktale) વિશે અહીં આપણને આછો નિર્દેશ મળે છે. મંગલમાણિક્યકૃત 'અંબડ વિદ્યાધર રાસ'[107] અને આચાર્યશ્રી મુનિરત્નસૂરિ વિરચિત સંસ્કૃત કૃતિ 'अम्बडचरित्रम्'[108] કે જે 'પંચદંડની વાર્તા'ના આખા સ્વરૂપ પર સારા પ્રમાણમાં પ્રકાશ પાડે છે તેમનાથી શામળ અનભિજ્ઞ જણાય છે.

'સિંહાસનબત્રીસી'ની સોથી પૂતળી માનવતી 'સિંહલ દેશની પદ્મિનીની વાર્તા' કહી ઊડી જાય છે. તેની પુષ્પિકા આ પ્રમાણે છે:

> સોતા વગતા સાંભલે, કેહે કવીતા કરજોડ,
> સાંમલ ભટ કેહે બોલજો: જય જય શ્રીરણછોડ.

ઇતિ શ્રીસીંહાસનં બત્રીસી વીક્રમચરીત્રે કવી શ્રી સામલદાસ વીરચીતાયાં મીનકા પુતલી તેરમો અધ્યાય સંપુરણં. શ્રીરસ્તુ. કલ્યાણમસ્તુ: સંવત ૧૯૩૪ના વરસે માગસર વદ ૭ વાર સનેઉ; લખીતં ત્રવાડી પીતાંબર ભુખણ પઠનારથ વ્યાસ્તવીંગ ગામ નવતાડ મધ્યે.[109]

પાંચમી પૂતળી હંસા 'પંચદંડની વાર્તા' કહીને ઊડી જાય છે; આ પાંચમી વાર્તાની પુષ્પિકા પણ આ પ્રમાણે છે:

> સોતા વગતા સમજતા, કેહે કવીતા કર જોડ,
> સામલ હૃ કેહે બોલો સહુ, જય જય શ્રીરણછોડ.

ઇતિ શ્રીસહીયાસનબત્રીસી વીક્રમચરીત્રે, પરમારથ પુરાણે કવીશ્રી સામલદાસ વીરચીતાયાંગ વાત પંચડંડ પુતલી હંસા, સંપુરણ સંવત ૧૯૪૪ વરસે વૈસખ વદ ૬ સોમે લખીતં ત્રવાડી પીતાંબર ભુખણ લખીતં સંપુરણ સમાપત.

આ બે પુષ્પિકાઓ પરથી ફલિત થાય છે કે, શામળ 'સિંહાસનબત્રીસી'ને 'પરમારથ પુરાણ વિક્રમચરિત્ર' કહે છે. રામચન્દ્રસૂરિએ પોતાની સંસ્કૃત કૃતિ 'सिंहासनद्वात्रिंशिका'ને 'विक्रमचारित्र' કહ્યું છે. માલદેવે 'પંચદંડની વાર્તા'ને 'વિક્રમકથા', 'વિક્રમચરિત્ર' અને 'પંચદંડ છત્રોત્પત્તિકથા' એવાં શીર્ષક આપ્યાં છે.

---

૧૦૭. ઠાકોર, બ. ક. સંપાદિત, 'અંબડ વિદ્યાધર રાસ,' પ્રકાશક: મેસર્સ એન. એમ. ત્રિપાઠી લિ., મુંબઈ, પ્રથમાવૃત્તિ, ૧૯૫૫.

૧૦૮. મુનિમાન વિજય-સંપાદિત 'अम्बडचरित्रम्', 'શ્રીસત્યવિજય ગ્રન્થમાલા, અમદાવાદ-માં ગ્રન્થાંક ૧૧ તરીકે પ્રસિદ્ધ, ૧૯૨૮.

૧૦૯. જાની, અંબાલાલ બુ. - સંપાદિત 'સિંહાસનબત્રીસી', ભાગ ૧, પૃ. ૨૨૫ની ફૂટનોટ
એ જ, પૃ. ૩૦૨ની ફૂટનોટ

નરપતિએ પોતાની પંચદંડની કૃતિને 'શ્રીવિક્રમરાયકથા' અને 'વિક્રમચરિત્ર' એવાં શીર્ષક આપ્યાં છે. તે અર્થમાં, શામળે 'સિંહાસનબત્રીસી'ને 'વિક્રમચરિત્ર' કહ્યું હોય તો નવાઈ નહિ. શ્રી. અંબાલાલ જાનીએ 'સિંહાસનબત્રીસી'ના સંપાદનમાં જે પ્રતોનો ઉપયોગ કર્યો છે તેમાં સ્વ. શ્રી. હીરાલાલ ત્રિ. પારેખની પ્રતિનાં ફૂટનોટમાં આપેલાં પાઠાન્તર અને દરેક વાર્તાના અન્તે આવતી પુષ્પિકાઓ, મૂળ પાઠ કરતાં સારી એવી ભાષાની ખૂબીઓ જાળવી રાખેલી જણાય છે.

સરસ્વતીને નમન કરીને કવિ વિક્રમનાં વખાણ કરે છે અને ઉજ્જયિનીનું ભાતીગળ વર્ણન કરે છે. એક વખત રાજા સવારી લઈ, નગરના ઉપવનમાં સંચર્યો. સવારીમાં કઈ કઈ જાતના ઘોડા હતા?

કહિ, મુલતાની ઘોડલા, ખુરાસાણિ, કાશ્મીર,
કુંતલ, કાલા, કરદૂઆ, શૂરપૂર મહા ધીર. ૧૯
ઉજ્વલ, અબલખ, ભૂખરા, નીલા ને નવરંગ,
જડાવ પલાણ હીરે જડ્યાં, અતિ અતુલી બલ અંગ. ૨૦
ગંગાજલા ને હરમજી, પાણીપંથા અમૂલ,
સોરંગી, સોરઠા, સુભલક્ષણ, તેજી તુરંગ અતૂલ. ૨૧

આવા અનેક અશ્વોના સૈન્ય સાથે રાજા ઉપવનમાં ક્રીડા કરવા ગયો. ઉપવનમાંથી પાછા ફરતાં, દેવદમની ઘાંચણના[110] ઘર પાસેથી સવારી પસાર થવા લાગી. ધૂળે વાળતી દાસીને વિક્રમના સેવકોએ મારતાં, ઘાંચણે દંડ વડે ત્રણ રેખા દોરી એટલે માર્ગમાં ત્રણ વજ્રભીંતો ઊભી થઈ. રાજા તેની સવારી સવારી સાથે ત્યાંથી પસાર નહિ થઈ શક્યો અને અપમાનિત દશામાં બીજે રસ્તેથી ગયો. તેણે દેવદમનીને બોલાવીને અભેદ ભીંતનું રહસ્ય પૂછતાં, દેવદમનીએ કહ્યું,

બળનું, રાય! નહિ એ કામ, અભેદ ભીંત છે એહનું નામ.
પંચદંડ (છત્ર) ધરાવે જેહ, પાછી ભીંત કરે નર તેહ,
એહ ભીંત પાછી નહિ થાય, બીજે મારગ ગયો રાય. ૬૨

ત્યાર પછીની આ વાર્તાની પરંપરા સર્વસામાન્ય છે. વાર્તાનાં વસ્તુ, પ્રસંગ, પાત્રો આદિમાં કંઈ નવીનતા નથી, પણ પોતાની સચોટ અને અસરકારક કથનશૈલી દ્વારા શ્રોતાજનોને મુગ્ધ કરનાર, વાર્તાકલાના કસબી શામળનું વ્યક્તિત્વ નવીન છે. કેટલાક દૃષ્ટાન્તો, કયાંક વર્ણન કરતાં

110. શામળ પહેલાંના સર્વ સંસ્કૃત, ગુજરાતી અને રાજસ્થાની 'પંચદંડ'કારોએ અહીં 'ઘાંચણ' શબ્દનો ઉપયોગ કર્યો છે.

લંબાવવાં અથવા ટૂંકાવવાં, સુભાષિતો અથવા નીતિબોધક કણિકાઓનો સંચાર વાર્તામાં કરેલો હોવો જોઈએ — આ બધાનો ઔચિત્યદૃષ્ટિથી તાગ કાઢી, શામળે શ્રોતાજનના રંજનને લક્ષમાં રાખી પોતાની વાર્તાઓનું કલેવર ઘડ્યું છે; ત્વરિત ગતિએ વહેતી એ વાર્તાઓ શ્રોતાઓને કથારસમાં તરબોળ કરે છે.

સંસ્કૃત કવિઓની શૈલીનાં, રૂઢ સ્ત્રીરૂપ-વર્ણન શામળની વાર્તામાં ઠેકાણે ઠેકાણે મળે છે. કવિ દેવદમનીનું વર્ણન કરે છે:

શણગાર અંગ સોળે સજ્યા, મોતી પરોયાં વાલ,
પીતાંબર પટ પેહેરણે, તિલક બનાવ્યૂં ભાળ. ૭૫
કામ કામ, મૃગલોચની, સિંહલંકી સુજાણ,
ષોડશ વરસની તિહાં ભલી, ભૃકુટી કમાની બાણ. ૭૬
દેવદમનીની દીકરી, દમની જેહનૂં નામ;
શશિવદની, મૃગલોચની, હીરા દંત સમાન.
પાન સરીખૂં પેટડૂં, અધર જાણે પરવાલ; ૭૭
પોપટવરણી નાસિકા, ગજના સરખી ચાલ. ૭૮
નાગફેણ શો ચોટલો, ભૃકુટી ધનુષાકાર;
પયોધર પદ્મ સરીખડાં, સોળ કળા વિસ્તાર. ૭૯
ચૌદ વિદ્યા, ચોસઠ કલા, ચોરાશી આસન;
આવી ઘેર રાજા તણે, દેખી રીઝયો મન. ૮૦

આ દમનીને યુક્તિ હરાવી રાજા તેને પરણ્યો.

'ઊડણકડની પ્રાપ્તિની વાત'માં, સોમશર્માની સિદ્ધવિદ્યાની જાણકાર પત્નીનું નામ, શામળે 'ઉમયાદે' આપ્યું છે, જ્યારે અન્ય કૃતિઓમાં 'ઊમાદે' આપેલું છે. અન્ય 'પંચદંડ'કારો પૈકીના જૈન કવિઓએ વિક્રમને જૈન ધર્મમાં શ્રદ્ધા રાખનાર તરીકે વર્ણવ્યો છે, જ્યારે શામળ જેવા કવિઓએ તેને શિવભક્ત તરીકે આલેખ્યા છે:

વૈતાલ સાથે તેડ્યો વીર, ચાલ્યો પંથ રાખીને ધીર,
દિવસ નિશા હિંડતો થયો, થોડે દિવસે કુંકણ ગયો. ૧૭૪
દિઠું નગર થયો ઉલ્લાદ, તિહાં દિઠો શિવનો પરસાદ,
કરચૂં સ્ત્રી સ્નાન ગોતે રાજન, ધરચૂં શિવભક્તિનૂં ધ્યાન. ૧૭૫

આ વાર્તાનું કથાવસ્તુ પણ સર્વ 'પંચદંડ'કારોની આ વાર્તા સાથે સામ્ય

૧૧૧. મોટા ભાગની 'પંચદંડ'ની કૃતિઓમાં 'દમની' નામ મળે છે; 'દેવદમની' એ દમનીની પુત્રીનું નામ છે. શામળે માતાનું નામ 'દેવદમની' અને પુત્રીનું દમની નામ છે.

ધરાવે છે, પણ ભાષા, છંદ, વસ્તુનું આયોજન અને નિરૂપણની મૌલિકતાના કારણે શામળની વાર્તા જુદી પડે છે. સર્વ કૃતિઓમાં, 'ઊડણદંડ' (જેનો બીજી કૃતિઓમાં 'સિદ્ધદંડ' કે 'સર્વસિદ્ધદંડ' તરીકે ઉલ્લેખ થયેલો છે.) અને 'અજિતદંડ' (જેને બીજી કૃતિઓમાં 'વજ્રદંડ' અથવા 'વિજયદંડ' કહ્યો છે.)ની પ્રાપ્તિ એક જ આદેશ કે પ્રસ્તાવમાં કરવામાં આવી છે; કહો કે બન્ને દંડ એક જ વાર્તામાં પ્રાપ્ત થયેલા વર્ણવ્યા છે, જ્યારે શામળે બન્ને દંડની પ્રાપ્તિ માટે બે વાર્તા કહી છે; અને તે રીતે તો 'વિક્રમ-દેવદમનીનું લગ્ન' એ પહેલી વાર્તા તરીકે મોટા ભાગની કૃતિઓમાં મળે છે, તેને શામળ પહેલી વાર્તા તરીકે ગણતો નથી. બીજી નોંધપાત્ર વિગત એ છે કે, ઉમયાદે ઊડણદંડની પૂજા સમયે ૬૪ બત્રીસ લક્ષણા શિષ્યો અને ગુરુની જે તાંત્રિક પદ્ધતિથી પૂજા-વિધિ કર્યાનું ઝીણવટભર્યું વર્ણન બીજા રચનારાઓમાં મળે છે તે શામળે બે જ પંક્તિમાં પતાવી દીધું છે:

> સિંદુર તિલક કર્યાં તે સાર, આરોપ્યા કણયરના હાર,
> 'બાસો માં' એમ કહે રાજન, પરથમ પ્રીશાં પરથક ભોજન. ૨૨૩

આમ, લાઘવની સાધનાથી વાર્તાની ગતિ ત્વરિત બની છે અને કથા-રસ પણ ઠીક જામ્યો છે, પણ આખા વાર્તાશિલ્પની પરંપરાના કેટલાક પ્રવાહ, આ લાઘવથી અણ-સમજ્યો શામળના હાથે લુપ્ત થઈ ગયા છે.

'પંચદંડ'ની સર્વ રચનાઓમાં એવો પ્રસંગ મળે છે કે, જ્યારે ઉમાદે જમીન પર દંડ મૂકી, તેની પૂજા કરવા લાગી ત્યારે આગળથી સંકેત કર્યા પ્રમાણે, વિક્રમ કૂદીને દંડ લઈ લે છે અને નાસવા માંડે છે; તેની પાછળ ૬૩ શિષ્યો અને ગુરુ પણ દોડે છે. તેઓ સર્વ સમુદ્રકિનારે આવી, વહાણમાં બેસી કટાહદ્વીપમાં જાય છે. પણ શામળ એ પ્રસંગ આ પ્રમાણે આપે છે:

> એટલે રાજ ઉઠિયો, મારી હાક પ્રચંડ,
> નાઠો રોતાડી સર્વને, લીધો ઊડણદંડ. ૨૨૬
> ગુરુ સમેત ઉડાડિયા, પાછૂં ન જુએ કોય,
> - - - - - - - - - - - - - - ૨૨૭
> x x x
> નાઠા રોસડ એક સામસરનૂં, ન કર્યો મન વિચાર,
> વાહાણું વાહીં જઈ નીસરયા, તિહાંથી જોજન બાર. ૨૩૦

ઉપર્યુક્ત પંક્તિઓમાં, શિષ્યો અને ગુરુને વિક્રમ સાથે ઊડતા દર્શાવ્યા છે તે અને 'વહાણે બેસી નીસરયા'ને બદલે 'વાહાણું વાઈ જૌ નીસરયા' એ ભ્રષ્ટ પાઠ, મૂળ વાર્તામાં કરેલું કઢંગું રૂપાંતર છે. 'વહાણ'ને 'વાહાણું' કરનાર શામળ પ્રત્યે આપણું માન ઓછું થઈ જાય છે.

'અજિતદંડ'ની વાર્તામાં, શામળે કરાહટદ્વીપના કમકશેખર રાજા, તેની કમકાવતી રાણી અને તેઓની કનકમાલા કુંવરી – એ સર્વનાં નામ આપ્યાં નથી, જોકે આ નામ નહિ આપવાથી, વાર્તાના સ્વરૂપમાં કંઈ તફાવત પડતો નથી. મોટા ભાગની કૃતિઓમાં આ વાર્તાના દંડનું નામ 'વિજયદંડ' આપેલું છે — કહો કે વિક્રમે અથવા તો અગ્નિએશિયાના ટાપુઓમાં આર્યપ્રજાએ આદિવાસી પ્રજાને જીતી સંસ્થાનો સ્થાપવાની પ્રવૃત્તિના પ્રતીક તરીકે પણ 'વિજયદંડ' નામ હોય. પણ અજિત ગણાતા રાક્ષસના બળ પરથી, દંડનો 'અજિતદંડ' નામ આપવામાં કંઈ ઔચિત્ય દર્શાવ્યું નથી. શામળની સમક્ષ જે શ્રોતાવર્ગ હતો તેને આવી વિગતોની કંઈ પડેલી ન હતી અને તેથી શામળે પણ તેઓને રુચે તે રીતે વાર્તાઓની સરવાળા-બાદબાકી કરી.

'અમરદંડ'ની વાર્તામાં જે દંડની પ્રાપ્તિ થાય છે તેનો આછો ઈશારો રામચંદ્રસૂરિના 'પંચદંડ છત્રપ્રબંધ'માં મળે છે. રામચંદ્રસૂરિ એમ કહે છે કે, રત્નમંજરીએ રત્નમંજૂષામાં રત્નો સાથે એક દંડ પણ મૂક્યો; પણ વાર્તાના અંતે, દંડનું નામ કે દંડની પ્રાપ્તિનો ઉલ્લેખ કરેલો નથી. નરપતિ અને માલદેવે આ દંડનું નામ 'મહાગુણદંડ' આપ્યું છે, લક્ષ્મીવલ્લભે તેને 'વાંછિતસિદ્ધિદંડ' કહ્યો છે. આપણી વાર્તાઓમાં, શામળ પર રામચંદ્રસૂરિ અને અન્ય મધ્યકાલીન ગુજરાતી અને રાજસ્થાની કવિઓની અસર સારા પ્રમાણમાં વરતાય છે. ત્રંબાવતીની રાજકુંવરીને છાની રીતે લઈ જવા આવનાર દૂત, નરબ્રહ્મ રાજા તરફથી આવ્યો હતો એવો ઉલ્લેખ શામળના પૂર્વના 'પંચદંડ'કારોમાં મળે છે; શામળે તે રાજાનું નામ 'વિરભ્રમ' આપ્યું છે, તે 'નરબ્રહ્મ'નું ભ્રષ્ટ રૂપ જણાય છે. વાર્તાના અંતે વિક્રમ ઉજ્જયિની આવે છે અને સાસુને નમે છે:

હર્ખે વાજ્યાં ઢોલ નીસાણ, [હોર] આવ્યો વિક્રમ વીર સુજાણ,
કન્યા ચોરી, દંડ, રતન, લાવ્યો હીર બહુ કરી જતન. ૩૬૬
સ્ત્રિયો ઉતારી મોહલ પાસ, જૈ સાસુને દીધા આશ:
વચન તમારું મસ્તક ધર્યું, તમો કોહો તે અમો કરૂં. ૩૬૭

લાવ્યો ત્રિણ દંડ આ દિશ, વળી કહે તે ચઢાવું શીશ. ૩૬૮

'પંચદંડ'ની સર્વ રચનાઓમાં છેલ્લી મળતી વિષહરદંડની વાર્તા, શામળે ચોથી વાર્તા તરીકે આપી છે. શામળ આ દંડને સંસ્કૃતશી વિષધરદંડ કહે છે, પણ તેનું ખરું નામ 'વિષહર' કે 'વિષાપહાર' દંડ જોઈએ. સર્વ કૃતિઓમાં અપ્રતિગ્રાહી પુરોહિતનું નામ 'વિશ્વરૂપ' આપ્યું છે; વિજયકુશલે તેનું નામ 'વિશ્વશર્મા' કે 'સોમ વિપ્ર' આપ્યું છે; શામળે તેને 'વીર ભટ' કહ્યો છે. શામળે વીરભટની પુત્રીનું અને તેની ત્રણ સખીઓનાં નામ આપ્યાં નથી. અન્ય કવિઓએ પુરોહિતપુત્રીનું નામ ગોમતી અને બીજી ત્રણ સખીઓનાં નામ જયંતુ, હરિયાલી અને હરણિકા આપ્યાં છે; નાગકન્યાનું નામ શૃંગારીસુંદરી આપેલું છે. શામળે નાગકન્યાને કુંકુમવતી કહી છે. વાર્તાના અંતે વિક્રમે શું શું પ્રાપ્ત કર્યું

- - - - - - - - - - - - - - -

કન્યા પાંચ ને લાવ્યો ડંડ, કર્યું કામ ભારે પ્રચંડ. ૪૨૨
ઘેર આવ્યો ઉજેણીરાય, જઈ સાસુને લાગ્યો પાય,
વળી તમો કહો તે કરું, વચન તમારું મસ્તક ધરું. ૪૨૩

અન્ય કવિઓએ આ વાર્તામાં, વિષહરદંડ ઉપરાંત, તમોહરદંડ, રત્નદંડ કે મણિદંડની તેમ જ જલતારણ પાવડીની પ્રાપ્તિ વર્ણવેલી છે. શામળે આ વાર્તાઓના નિરૂપણમાં જે લાઘવ સાધ્યું છે તેમાં આ વિગતોની તેણે બાદબાકી કરી દીધી છે.

પ્રભાવદંડની વાર્તામાં જે સ્ત્રીચરિત્રનું નિરૂપણ મળે છે તે વાર્તા સર્વપ્રથમ રામચંદ્રસૂરિના પ્રબંધમાં ચોથી વાર્તા તરીકે મળે છે. ત્યાર પછીના સર્વ રાજસ્થાની અને ગુજરાતી 'પંચદંડ'કારો આ વાર્તા ચોથી વાર્તા તરીકે આપે છે, જ્યારે શામળે તેને પાંચમી વાર્તા તરીકે સ્થાન આપ્યું છે. રામચન્દ્રસૂરિના 'પંચદંડછત્રપ્રબન્ધ'ની પ્રબળ અસરથી 'પંચદંડ'ની રાજસ્થાની અને ગુજરાતી કૃતિઓએ નવો જ દેહ ધારણ કર્યો અને કુટુંબની તારણહાર પુત્રવધૂની વાર્તાને સ્થાને આ વાર્તાચક્રમાં સ્ત્રીચરિત્રની વાર્તા સ્થાન પામી; એટલું જ નહિ પણ કેટલીયે નાની વિગતો મૂળ વાર્તાપરંપરાનો અંશ પણ ન વરતાય એ રીતે રૂપાંતર પામી. શામળ જેવાએ તો રામચંદ્રસૂરિની રચનાથી પ્રભાવિત થયેલા 'પંચદંડ'ની કૃતિઓથી જુદા પડી પોતાની રીતે વાર્તાદેહ ઘડ્યો.

રામચંદ્રસૂરિ, નરપતિ આદિ કવિઓએ આ વાર્તામાં પ્રાપ્ત થતા દંડનું

નામ કામિકદંડ આપ્યું છે. વિજયકુશલે તેને કામદંડ કહ્યો છે અને તે વ્યાધિહર છે એમ પણ તેના ગુણ વિષે કહ્યું છે. આખી વાર્તા, ચાલી આવતી આ વાર્તાની પરંપરાને અનુસરે છે. વાર્તાનું વસ્તુ કંઈ નવું નથી, પણ શામળની કલમના સ્પર્શથી તે નવું બન્યું છે.

વિક્રમે પાંચ દંડ પ્રાપ્ત કર્યા તેથી પ્રસન્ન થઈ ઇન્દ્રે સ્વર્ગમાંથી સિંહાસન મોકલ્યું, તે પ્રસંગ શામળે આ પ્રમાણે આપ્યો છે:

દંડ પાંચ એ જીતીઓ, થયું ઇંદ્રને જાણ,
મોકલ્યું સિંહાસન આપણું, થયું અધિક કલ્યાણ. ૫૨૧
જડ્યા પંચ દંડ પાછલે, તે પાછળ ધરિયું છત્ર,
રતન, મણિ હીરે જડ્યું, સ્ફાટિક હેમમય જત્ન. ૫૨૨
પાછળ બત્રીસ પુતળી, એક એક પેં સાર,
વાજાં તેહેનાં હાથમાં, શોભા અપરંપાર. ૫૨૩
માહા પુણ્યથી પામીઈ, દેવ[તા]ને દુર્લભ એહ,
સ્વર્ગપુરીથી ઊતર્યું, શુભ સિંહાસન તેહ. ૫૨૪
એહેવો પરાક્રમ જે કરે, તે ઘરે સિંહાસન પાય,
મન વિમાસીને જુઓ, અધિક બુદ્ધ્યા ભોજરાય. ૫૨૫
× × × × ×
એહવૂં કહીને પુતળી, હંસા ગઈ આકાશ,
આઠ કથા પૂરણ થઈ, કહે કવિ શામલદાસ. ૫૩૩

ઇન્દ્રે વિક્રમને સિંહાસન મોકલ્યું એ પ્રસંગ મૂળ રામચંદ્રસૂરિએ આપ્યો અને બીજા કવિઓએ તેનું અનુકરણ કર્યું છે.

'સિંહલ દેશની પદ્મિની'ની વાર્તાને શામળે 'સિંહાસનબત્રીસી'ની ચોથી વાર્તા ગણાવી છે; અને ત્યાર પછી આવતી 'પંચદંડ'ની વાર્તાને, સંપાદક શ્રી અંબાલાલ જાની પાંચમી વાર્તા ગણાવે છે, પણ શામળ વાર્તાને અંતે 'આઠ કથા પૂરણ થઈ' એમ કહીને 'પંચદંડ'ની ચાર વાર્તાઓનો સરવાળો કરે છે; દમની રાણી ને વિક્રમનું લગ્ન થાય છે એ પ્રાસ્તાવિક વાર્તા સાથે 'પંચદંડ'ની પાંચ વાર્તા ગણાય પણ શામળ તો ચાર વાર્તા ગણાવે છે. 'પંચદંડ'નો વાર્તાક્રમ, 'સિંહાસનબત્રીસી'માં પાંચમો છે, એ 'અબોલારાણી'ની 'પંચદંડ' પછી તરત જ આવતી વાર્તાને શામળે છઠ્ઠી કથા કહીને સમજાય છે. ગમે તેમ પણ 'પંચદંડ'ને આખી મોટી એક જ સળંગ વાર્તા ગણી કાઢ્યા પછી તે ગૂંચવણ દૂર કરવા શામળે 'પંચદંડ'ની વાર્તાના અંતે 'આઠ કથા

પૂરણ ભક્ત એમ લખ્યું હોવું જોઈએ.

શામળ એ 'વાણિયાનો કવિ'[૧૧૨] છે, અને એ રીતે આમ જનતાને રુચે એવી સરળ પ્રવાહી ભાષામાં, ચોપાઈ અને દુહાના ગેય છંદોમાં પ્રાસાનુપ્રાસ યોજી, ત્વરિત ગતિથી વહેતી વાર્તાઓ દ્વારા જે કથારસની ઝડી વરસાવી એ તેની મોટી સિદ્ધિ ગણાય. તે ઉચ્ચ કક્ષાનો કવિ ન હતો, પણ ઉચ્ચ કક્ષાનો પદ્ય વાર્તાકાર તો હતો. તેની ઘણી મર્યાદાઓ હતી છતાંયે તે યુગના સંજોગો જોતાં, તેણે મોટા પ્રમાણમાં સળંગ (Sustained) કથાત્મક પદ્યરચનાઓ આપી તે ગુજરાતી મધ્યકાલીન સાહિત્યના ઇતિહાસની એક મહત્ત્વની ઘટના છે.

૧૧૨. રાવળ, અ. મ., 'શામળ'; તેમાં 'વાણિયાનો કવિ' એ નામનો પ્રસિદ્ધ થયેલો લેખ જુઓ, પૃ. ૪૧-૫૯.

Part-1, chapter. 2-18

ભાણવિજયગણિ-વિરચિત

પંચદંડછત્ર

(વિ. સં. ૧૮૪૭)

ભાણવિજયગણિની આ અપ્રસિદ્ધ કૃતિની હસ્તપ્રત, શ્રીઆત્મારામ જૈન જ્ઞાનમંદિર, વડોદરાના શ્રીકાન્તિવિજયજી શાસ્ત્રસંગ્રહ (ગુજરાતી વિભાગ)માંથી પ્રાપ્ત થઈ છે. તેનો નોંધ નં. ૨૨ છે. કવિએ વિક્રમચરિત્ર મહાકાવ્યની રચના ગુજરાતીમાં કરવા ધાર્યું હશે; કારણ કે, આ હસ્તપ્રતમાં વિક્રમચરિત્રના ત્રણ જ ખંડ મળે છે; અને બાકીના ખંડ પૂરા કરી કવિએ વિક્રમચરિત્ર પૂરું કર્યું કે કેમ તે જાણવા માટે બીજી કોઈ હસ્તપ્રત મળી નથી, એટલે એમ અનુમાન કરવું રહ્યું કે આ રચના અધૂરી રહી ગઈ હોય. ઉપર્યુક્ત મહાકાવ્યના બીજા ખંડમાં 'પંચદંડછત્ર'ની કથા મળે છે. કૃતિની શરૂઆતમાં, મંગલાચરણમાં કવિ, જિન ભગવાન, સરસ્વતી અને ગુરુને વંદન કરે છે અને પોતાના પૂર્વજ કવિઓને ભાવથી યાદ કરે છે:

અમલ અકલ અજ અગમ જગ, સુરપતિસેવિત-પાય,
પાસ જિણંદ દિણંદ સમ, પ્રણમંતાં આણંદ થાય. ૧
સુધા મુધા કીધી જેણે, દીણ પીયુષ ભરેણ,
ફણિધર ધરપતિ કરયો, તાસ નમું વિનયેણ. ૨
ધીપટ પ્રગટ સહ ગુણ ઘણે સુજસ જેહના ગાત્ર,
~~એહવિ જે છે ભારતિ, ત્રિભુવન વ્યક્ત જે શક્ત.~~ ૩
તેહનેં વિદીત ત્રિલોકમાં, અવિરલ સન્મતિપાત્ર. ૩
એહવિ જે છે ભારતિ, ત્રિભુવન વ્યક્ત જે શક્ત,
તે આપો વર ભારતિ, જાણીને નીજ ભક્ત. ૪
અહાર કઠિન જે ઉપલ સમ, જડ વચન પ્રહરેણ,
કૃતમૂર્તિ તે ગુરુતણા પદ પ્રણમું હરખેણ. ૫
કવિ અનેક છે ભૂતલે એક એકથી ઘણુ દક્ષ,
તે આગલ મુજ ચાતુરી હાસ્યસ્થાન પરતક્ષ. ૬

તો પણ સંત સુધારસ્યો મુઝ કવિતાઇ વચન્ન,
ઉત્તમને સહેજે હૂંઇ પરઉપગારી મન્ન. ૭

ત્રણ ખંડ સુધી પ્રાપ્ત થયેલા આ વિક્રમચરિત્રના ત્રણેય ખંડની પુષ્પિકાઓ આ પ્રમાણે છે:

<u>પહેલો ખંડ</u>: 'ઇતિ શ્રીવિક્રમાદિત્યચરિત્રે પ્રાકૃતબંધે ગંધર્વનૃપોત્પત્તી પિતૃરાજ્યપ્રાપણવર્ણનો પ્રથમ ખંડ ૧.'

<u>બીજો ખંડ</u>: 'ઇતિ શ્રીવિક્રમાદિત્યચરિત્રે પ્રાકૃતબંધે વિક્રમપરદેશગમનં, વિક્રમરાજ્યમિલનં, વૈતાલસ્વાધિકરણ, સ્વર્ણપુરુષપ્રાપણં, સિંહાસનમિલનં, પંચદંડને છત્રધારણં ઇત્યાદિ વર્ણનો નામ દ્વિતીયખંડ સંપૂર્ણઃ શુભં ભવતુ. સં૦ ૧૮૬૦ના વર્ષે વૈશાખ શુદિ ૩ દિને લ૦ દાનવિજયઃ'

<u>ત્રીજો ખંડ</u>: 'ઇતિ શ્રીવિક્રમાદિત્યચરિત્રે પ્રાકૃતબંધે શ્રીભાણવિજયગણિવિરચિતે પરકાયપ્રવેશપ્રાપણ આશ્રિતરૂપકરજયકરણ, રાજ્ઞા નગરચર્યાનિરીક્ષણી, શુકીમુખે લીલાવતીવાર્તા શ્રુત્વા મરચાંતિકે ગત્વા ત્રિભિર્વેલા જલ્પયામી ઇત્યાદી અનેક વર્ણનો નામ તૃતીય ખંડ સંપૂર્ણમ્. સંવત ૧૮૬૧ વર્ષે માસોત્તમમાસે શુક્લપક્ષે વૈશાખમાસે ચંદ્રવાસરે ૧૨ દીને લખીતં, પં૦ ભક્તિવિજયગણી શ્રીસાંણસમાં-નગરે શ્રીઅટેવાપાર્શ્વનાથ પ્રશાદાત્ શ્રાયઃ શ્રેયં.

હસ્તપ્રતના પાન ૩૩ની પહેલી બાજુ પર 'પંચદંડની વાર્તા' આ રીતે શરૂ થાય છે:

એહવે અવસરે તેહ નગરમાં ધારિણી દેવરમણી નામે હો, ૧૧૩
બહુલી વિદ્યા સાધી છે તેણીઇ, તસ વિદ્યાધર શિર નામે હો,
સિદ્ધ સાધક સાઇ તે અધિકારી, તે ગાગાલ દેવ આવતાં હો, ૪૦૧
કામણ કુમણ મોહન વશીકરણી સહુ જાણે વિદ્યા તે નારી હો. ૪૦૨
અણે તો નારી નોકાલની ચાલો નહી તેહને આગલ્ય કોઇ ભાવો હો,

૧૧૩- આ પંક્તિ પછી હસ્તપ્રતમાં, 'જૂઓ મુન્ના ભડાઈ જેહને દેવ સખાઈ જસ બહુ શીદ્ધ પાઈ સાજન પુન્યે' ફરેજ્યો૰ એ દેશીમાં ઢાલની પંક્તિ મળે છે.

જક્ષ રાક્ષસ ભૂત પ્રેત પીસાચી રહે હાજર સેવા કરવા હો. જુ૦ ૩

આ દેવરમણીને કવિ ૭મી કડીમાં 'દૈત્યદમનિ' કહે છે. તેની પુત્રીનું નામ દેવદમની આપ્યું છે.

આ કૃતિમાં કવિ પૂર્ણિમાગચ્છીય રામચંદ્રસૂરિકૃત 'પંચદંડ છત્રપ્રબંધ'ની પરંપરાને અનુસરે છે. આખી કૃતિ દેશીઓમાં રચાઈ છે. પાંચેય વાર્તાઓનું વસ્તુ તો અન્ય 'પંચદંડ' વિષયક રચનાઓને લગભગ મળતું છે. પણ સરળ પ્રસન્ન નિરૂપણશૈલી, કાવ્યોચિત પદાવલિ અને દેશીઓની ગેયતા— આ સર્વ ગુણવત્તાના કારણે, અન્ય કૃતિઓના સમુદાયમાંથી આ કૃતિ તરત જ જુદી તરી આવે છે. લક્ષ્મીવલ્લભગણિ-વિરચિત 'વિક્રમ પંચદંડરાસચોપઈ' (કૃતિક્રમાંક ૧૩) પણ સરળ ગેય દેશીઓમાં રચાયેલ છે.

આ આખી કૃતિ પાંચ ભાગમાં વહેંચાયેલી છે. દૈત્યદમનીના આદેશ અનુસાર, વિક્રમ દેવદમનીને દ્યૂતમાં હરાવી તેને પરણે છે. પરણી વિક્રમ સાસુને ત્યાં ગયો ત્યારે સાસુએ તેને એક દંડ ભેટ આપ્યો:

દાસ આવ્યો જમાઈ, રાયને પેહેલો વજર કરંડો વર દંડ રે, ન૦
જે વંછિત સઘલાં પૂરવે, દેવાધિષ્ઠીત તેજ પ્રચંડ રે. ન૦ ૨૩
ભગતિ જુગતિ ઘણું સાચવી, વલી ભાખે બીજો આદેશ રે, ન૦
સાંભલયો શ્રોતા સજ થઈ, કૌતુકસ્યું કરસ્યે નરેસ રે. ન૦ ૨૪
તેહને સહુ આવિ મિલે જસ પુંન્ય હુઈ પ્રસાર રે, ન૦
ખંડ બીજે કહી ઢાલ એ વીસમી ભાનુવિજયેં પ્રેમપ્રકાર રે. ન૦ ૨૫

બીજા આદેશ પ્રમાણે, વિક્રમ સોપારા નગરમાં દેવશર્માની[૧૧૪] પત્ની ઉમાદેનું ચારિત્ર્ય અને દિનચર્યા જોવા જાય છે. ઉમાદે વિદ્યાર્થીનું રૂપ ધારણ કરેલ વિક્રમને જોતાં સ્તબ્ધ થઈ ગઈ:

સકલ અંગ લક્ષણભરી દીઠો ઉમાદે બાલ,
મુખ સોહે પૂરણશશી, અર્ધચંદ સમ ભાલ. ૪
નાસા કીરતણી કહી, અધર અરુણ પ્રવાલ,
દંત જિસ્યા દાડિમકુલી, નયનાંબુજ સુવિશાલ. ૫
દીર્ઘ કપોલ, આભનું હો, રાજિત ચાપ ભ્રૂ વંક,
ગ્રીવા દક્ષિણ સંખ શિ, વચન વદે નિસંક. ૬
ગૌર વર્ણ, કટિ કેશરી, વક્ષસ્થલ વિસ્તાર,

૧૧૪. અન્ય 'પંચદંડ' વિષયક રચનાઓમાં 'સોમશર્મા' નામ આપેલું છે.

ચાર પદ્મ જસ દીપતું, લક્ષણનો ભંડાર-૭
વાણી અમૃત સાર વી, નરપતિ ગુણનો પાત્ર,
ભાગ્યવસેં મુઝનેં મીલ્યો, એ સોસઠમો છાત્ર. ૮

આ વાર્તાનું માળખું અન્ય કૃતિઓના જેવું જ છે. વધુ સિદ્ધિ પ્રાપ્ત કરવા ઊમાદેએ યુદ્ધ માટે મૂકેલો દંડ, વિક્રમ ગુરુ અને ત્રેસઠ વિદ્યાર્થિમિત્રો લઈ નાસી ગયા અને વહાણ મારફતે કટાહદ્વીપના એક નિર્જન નગરમાં આવ્યા. ત્યાં માનવભક્ષી રાક્ષસને મારી વિક્રમે તેનો દંડ પ્રાપ્ત કર્યો. ઊમાદેના અને રાક્ષસના દંડનાં નામ કૃતિમાં આપેલાં નથી. વિક્રમનું વ્યક્તિત્વ રાજા કરતાં એક સિદ્ધયોગીને વધુ મળતું છે તે ભાણ વિજયગણિની નીચેની પંક્તિઓ પરથી સ્ફુટ થાય છે:

દૈત્યાધિપ વૈરી હણ્યો, માનવનેં અવતાર,
ગગનથકી સૂરવર કહેં દીઠો તૂં સંસાર. ૧
ધીર વીર કોટીર તું, સાહસીક સિરદાર,
સકલ કલાનો નીધી, વાચસ્પતી અ તૂં હાર. ૨
કામણ મોહણ વશિકરણ થાવર જંગમ જંત્ર,
જડીબૂટી જાણે સહૂ, અંજનગુટીકા તંત્ર. ૩
ભાવ લહે ત્રણ કાલના, આગમનિગમવિચાર,
લેપન-ક્ષેપન-વિદ્યા લહે, જોતિષ જીવનસાર. ૪
સિદ્ધ સાધક જાણે સહૂ, ધાતુવેધ રસવેધ,
સકુનિ ભાખા સહુ લહેં શબ્દશકૂન નિવેદ. ૫
મર્માયુધ છત્રીસ લહે, ભાષા સર્વનૂં ગૂઝ,
સ્વર્ગ-મૃત્યુ-પાતાલનિ શક્તિ-ગમન છેં મુઝ. ૬

વિક્રમ-વિષયક વાર્તાઓમાં, વિક્રમ એ કાલ્પનિક કે ઐતિહાસિક કે ક્ષત્રિય(?) પાત્ર છે એ વિવાદ બાજુએ મૂકીએ તોપણ વિક્રમનું પાત્ર સામાજિક તેમ જ સાંસ્કૃતિક પરંપરાઓનો સ્પર્શ પામી, આપણી સમક્ષ રજૂ થાય છે. ભાણવિજયનું ઉપર્યુક્ત વિક્રમનું વર્ણન આપણને સિદ્ધયોગીઓ અથવા તાંત્રિકોનો ભાસ કરાવે છે. વિક્રમના વ્યક્તિત્વનું આ પણ એક પાસું છે તે નકારી શકાય તેમ નથી, પછી ભલે તે ઐતિહાસિક કે કાલ્પનિક પાત્ર હોય.

ત્રીજી ઉપવાર્તાની શરૂઆતમાં દૈદા ગાંછણ વિક્રમને કહે છે:
પશ્ચિમ દીસીઇં વસેં ભલૂં, નામેં નયર ખંભાત,
અંગું સુરપતિ ભાણથકી દીસેં અધિકી આત. ૫

તેહ નયરનો રાજવિ નામેં નૃપ જયકર્ણ,
તેહનૂં મહાવા સારીખૂં સંસદ છવિનું વર્ણ. ૬
રાજચિહ્ન સર્વાંગથી દોલતનો નહી પાર,
પિણ રાજાના ભુવનમાં એક વસ્તુ છે સાર. ૭
સપ્ત ધાતુનિ પેટી કરી, ધરી જતન સું તેણ,
હીરામણી માણિકેં ભરી, હરિ નવિ જાય કેણ. ૮
તે નયરેં, તે પાતકે વેગેં જઈ મહેશ,
પેટી લેઈ આવો તુમ્હેં, એ માગે આદેશ. ૯

'પંચદંડ'ની પ્રાચીન પરંપરામાં રત્નો ભરેલી પેટી તામ્રલિપ્તા નગરીમાં દર્શાવી છે. પૂર્ણિમાગચ્છીય રામચંદ્રસૂરિએ તામ્રલિપ્તાનું રૂપાન્તર કરી ત્રંબાવતી કર્યું અને પછી તો સર્વ ગુજરાતી અને રાજસ્થાની 'પંચદંડ'કારોએ ખંભાતને જ આ વાર્તાનું કેન્દ્ર બનાવ્યું. પ્રાચીન ભારતમાં તામ્રલિપ્તા એક મોટું બંદર અને સમૃદ્ધ નગર હતું, અને તેને અનુલક્ષી આ હીરા, માણેક અને રત્નોની ભરેલી પેટીની વાર્તા અસ્તિત્વમાં આવી હોય. શામળે આ વાર્તામાં, રત્નમંજરી પાસે, રત્નો ભરેલી પેટી સાથે 'અભયદંડ' હતો એમ કહ્યું છે, પણ અભયદંડ નામ કથાના પ્રતીક તરીકે બંધબેસતું નથી. લક્ષ્મીવલ્લભે આ દંડને 'વાણિજ્યસિદ્ધિદંડ' કહ્યો છે જે તામ્રલિપ્તા જેવા સમૃદ્ધ બંદરનો દ્યોતક છે. ભાણવિજયગણિએ આ વાર્તામાં કોઈ દંડનો ઉલ્લેખ કર્યો નથી.

ચોથી વાર્તા ચતુરંગી તરલ સ્ત્રીસ્વભાવ અને સ્ત્રીચરિત્રનું નિરૂપણ કરે છે. આ વાર્તાનું પ્રાચીન સ્વરૂપ, ગુણાઢ્યની 'બૃહત્કથા'ના કાશ્મીરી રૂપાન્તર 'કથાસરિત્સાગર'માં મળે છે. 'કથાસરિત્સાગર'માં જો આ વાર્તા ક્ષેપક (પાછળથી ઉમેરાયેલી) ન હોય તો આની પરંપરા 'બૃહત્કથા' જેટલી, એટલે ઈ.સ. પહેલા સદી જેટલી પ્રાચીન ગણી શકાય. નવાઈની વાત તો એ છે કે, 'પંચદંડ'ની પ્રાચીન પરંપરામાં આ વાર્તાને સ્થાને, પ્રધાનની 'લઘુ પુત્રવધૂ'ની વાર્તા મળે છે. તેમાં લઘુ પુત્રવધૂ પોતાના કુટુંબ પર આવી પડેલી આફતના સમયમાં, બહુ તેજસ્વી ભવ્ય અને ચારિત્ર્યશીલ લાગે છે, જ્યારે "સ્ત્રીચરિત્ર"ની વાર્તામાં ધનશેઠની પત્ની ચંચળ સ્વભાવની અને શિથિલ ચારિત્ર્યની જણાય છે. વાર્તાની અસર વધુ સચોટ બનાવવા માટે વાર્તાના ઉત્તરાર્ધમાં વિક્રમની રાણીને પણ શિથિલ ચારિત્ર્યની વર્ણવવામાં આવી છે. વિરુદ્ધ પ્રકારનાં [illegible] રજૂ કરતી ઉપર્યુક્ત બન્ને વાર્તાઓ તત્કાલીન સમાજનું પ્રતિબિંબ દર્શાવે છે, પણ મને લાગે છે કે,

પ્રધાનની 'લઘુ પુત્રવધૂ'ની વાર્તા જેમાંથી વધુ પ્રાચીન હોય એવી સંભાવના છે. આ વાર્તામાં વિક્રમને 'કામદંડ' પ્રાપ્ત થાય છે. શામળ જેને પ્રતાપદંડ કહે છે તેને ભાણવિજયગણિ 'કામદંડ' કહે છે.

પાંચમી વાર્તાને અંતે વિક્રમને, 'મનોહર' અને 'વિષહર' એમ બે દંડ અને પાંચ પત્ની પ્રાપ્ત થાય છે. આ વાર્તાનું વસ્તુ 'પંચદંડ'ની સર્વ રચનાઓમાં લગભગ સરખું છે.

પાંચેય વાર્તાઓ પૂરી થયા પછી, પંચદંડના વિજેતા વિક્રમના પરાક્રમથી ખુશ થઈ, સ્વર્ગમાંથી ઇન્દ્ર વિક્રમને માટે સિંહાસન મોકલે છે, એવો ઉલ્લેખ રામચંદ્રસૂરિની રચનાને અનુસરનારી કૃતિઓમાં પ્રાપ્ત થાય છે. પણ ભાણવિજય-ગણિ આ વિષયમાં સર્વ કૃતિઓથી જુદું કહે છે:

આગિયા વીરવેતાલનું દિધું સિંહાસન પર પાયા
ઉપર બત્રીસ પુતલી સોહે દેવનિમિત્ત કહાયા રે. ભ૦ ૭
તે ઉપર પણ દંડનું છત્ર જે દેવાધિષ્ઠિત છાયા,
તેહનો વિનય કરી, નમી બેસી ભૂપતિ છત્ર ધરાયા રે. ભ૦ ૮

આ રીતે, 'સિંહાસનબત્રીસી'નું વાર્તાચક્ર પણ 'પંચદંડ' અને 'વેતાલપચીસી'-ની માફક સિદ્ધયોગી અને તાંત્રિકોની પરંપરાનું ફળ હોય એમ જણાય છે. આ વાર્તાત્રયીનો સળંગ તુલનાત્મક અભ્યાસ થવાની જરૂર છે.

ભાણવિજયગણિની આ કૃતિ પર રચનાકૌશલની દૃષ્ટિએ મધ્યકાલીન ગુજરાતી આખ્યાનકવિતાની અસર છે. આખ્યાનકાવ્યની માફક ભાણવિજયગણિ-એ આ વર્ણનપ્રધાન અને શિથિલ બાંધાવાળી કૃતિ દેશીઓમાં રચી છે. કૃતિનો શિથિલ બંધ અને વર્ણનોનું કેટલુંક અનૌચિત્ય બાદ કરીએ તો મધુર પદાવલિ અને સાથે જ વહેતો કાવ્યરસ વાચકને આકર્ષે છે. આ કૃતિ શામળની રચના પછીની છે, પણ કવિએ ક્યાંયે શામળનું અનુકરણ કર્યું જણાતું નથી; દંડનાં નામની બાબતમાં પણ શામળ ઉમાદેના દંડને 'ઉડણદંડ' કહે છે અને રાક્ષસના દંડને 'અજિતદંડ' કહે છે; ભાણવિજય આ બે દંડનાં નામ આપતા નથી. ખંભાત-ની રાજકુંવરીની વાર્તામાં શામળે 'અભયદંડ'ની પ્રાપ્તિ વર્ણવી છે, જ્યારે ભાણ-વિજયગણિ કોઈ દંડની પ્રાપ્તિ વિશે કહેતા નથી, ફક્ત રત્નો ભરેલી પેટી વિક્રમે પ્રાપ્ત કરી એમ કહે છે. 'પંચદંડ'ની પ્રાચીન પરંપરા ધરાવતી કૃતિઓમાં, આ રત્નમંજૂષાની ઉપવાર્તામાં કોઈ દંડની પ્રાપ્તિ વર્ણવેલી નથી. સ્ત્રીચરિત્રની ચોથી ~~વાર્તામાં, શામળ જેને 'પ્રતાપદંડ' કહે છે તેને ભાણવિજય 'કામદંડ' કહે છે.~~

'વિષાપહારદંડ'ની વાર્તામાં શામળ 'વિષાપહારદંડ' એ એક જ દંડ વિક્રમને મળ્યો એમ કહે છે, જ્યારે ભાણવિજયની કૃતિમાં, વિક્રમ 'તમોહરદંડ' અને 'વિષહરદંડ' એમ બે દંડ પ્રાપ્ત કરે છે. પદબંધની દૃષ્ટિએ પણ શામળે ચોપાઈ અને દુહાનો ઉપયોગ કર્યો છે, જ્યારે ભાણવિજયે દેશી ઢાળમાં રચના કરી છે. આમ, બંને કવિઓ લગભગ સમકાલીન હોવા છતાં, બન્નેની કૃતિઓનું વ્યક્તિત્વ અનોખું છે. રચનાકૌશલ, નિરૂપણશૈલી, વાર્તાઓનું વસ્તુ, ભાષા આદિમાં બન્ને પહેલી નજરે જુદા પડે છે. શામળ જૈનેતર કવિ છે, ભાણવિજય જૈન કવિ છે. ભાણવિજયે 'પંચદંડ'ની વાર્તાઓની પરંપરા સાચવી રચના કરવા પ્રયત્ન કર્યો છે જ્યારે શામળ, જૈન અને જૈનેતર પરંપરાઓનું અધ્યયન કર્યા છતાં જનમન-રંજનના આદર્શમાં લલચાઈને કોઈ પરંપરાને અનુસર્યો નથી.

કૃતિની પુષ્પિકામાં, ભાણવિજયે પોતાની ગુરુપરંપરા અને કૃતિની રચનાસાલ નીચે પ્રમાણે આપ્યાં છે:

શ્રીવિજયજિનેંદ્રસુરિસ્વર રાયા કિદ્યો એ વ્યવસાયા,
શ્રીમુનિસુવ્રતસ્વામી-કૃપાથી પુરણ લાભ કમાયા રે. ભ૦ ૨૧
સંવિધિજુગવસુચંદ્રને વર્ષે જ્યેષ્ઠ સુકલ પક્ષ છાયા,
તિથી પંચમી ગુરુવાસર જોગેં [સું]દર સીખર ચઢાયા રે. ભ૦ ૨૨
શ્રીવિજયદેવસુરિંદ સુવિનયી લબ્ધિવિજય મન ભાયા,
તાસ સિસ શ્રીરવિવિજ બુધ બુધ જનમાંહે સોહાયા રે. ભ૦ ૨૩
તાત માંનબુધ વિવેકવિજય તસ તે ગુરુના સુપસાયા,
શ્રીવિક્રમાદિત્ય નૃપના રંગેં કવીઅમૃતેં [ગુ]ણ ગાયા રે. ભ૦ ૨૪

દુહા

વિક્રમ નૃપતિ અખંડ રસ ભાખ્યો બીજે ખંડ,
સતાવન ઢાલેં વર્ણવ્યો તેજ પ્રતાપ પ્રચંડ. ૧.

આમ, પુષ્પિકા જોતાં, કૃતિની રચના સંવત ૧૮૪૭ના જેઠ સુદી પાંચ રોજ થયેલી છે. કવિના ગુરુનું નામ વિવેકવિજય આપેલું છે.

[૧૯]

આ. પેશતનજી કાવશજી-રચિત

પાંચ ડંડની વારતા

(રચનાસંવત ઈ.સ.૧૮૭૨)

'પંચદંડછત્ર'ની આ કૃતિ, આ. પેશતનજી કાવશજી-રચિત 'વીકરમનામું' ઇઆને 'બતરીશ પુતલીની તથા પાંચ ડંડની વારતા અને વીકરમ ચરીતરનું દીલપશન દાશતાન'માં સંગ્રહાયેલી છે. 'વીકરમનામું' કર્તાએ પોતે ઈ.સ.૧૮૭૨માં પ્રસિદ્ધ કર્યું છે. કર્તા પુસ્તકના 'દીબાચો' (પ્રસ્તાવના)માં જણાવે છે:

"------- એવું એક પુશતક નાંમે 'વીકરમનાંમું' ઇઆને શીંઘાશન બતરીશી તથા પાંચ દંડની વારતા અને વીકરમચરીતરની વારતા—જે શને ૧૮૪૯માં બે વાલમ મધે પરગટ થઉ હતું, તેની નકલો હેક નાબુદ જેવી થઈ ગઆથી એક ઉદાર હીંદુ મીતરની શલાહ અને મદદથી નવી આવરતીમાં હાલ પરગટ કીધું છે. તેમ કરતાં અશલ પરગટ થએલું વીકરમનામું જે બે વાલમ મધે હતું તેને ઘટતા શુધારા શાથ એક વાલમ મધે પરગટ કરી, શોકીન વાંચનારાઓની શાંમળે મુકીએ છીએ -------"૧૧૫

આ ઉપરથી ફલિત થાય છે કે, કર્તાએ 'વીકરમનામું' મૂળ બે ભાગમાં ઈ.સ.૧૮૪૯માં પ્રસિદ્ધ કરેલું, પણ તેની નકલો ખલાસ થઈ જવાથી, ઈ.સ. ૧૮૭૨માં સુધારાવધારા સાથે બન્ને ભાગ એક વોલ્યુમમાં પ્રસિદ્ધ કર્યાં છે. આ 'વીકરમનામું'માં ત્રણ કૃતિઓ છે: ૧. શીંઘાશન બતરીશી; (સિંહાસનબત્રીશી); ૨. પંચડંડની વારતા; ૩. વિક્રમચરિત્રની વારતા.

'સિંહાસનબત્રીસી'ની વાર્તાઓ શરૂ થાય તે પહેલાં લેખકે શરૂઆતમાં ગર્દભસેનના પુત્રો તરીકે જન્મેલા વિક્રમ અને ભર્તુહરિની વાર્તા આપેલી છે. વિક્રમે વીર વેતાલને કેવી રીતે વશ કર્યો તે વૃત્તાન્ત પણ આપેલો છે. ત્યારપછી 'સિંહાસનબત્રીસી'ની વાર્તાઓ શરૂ થાય છે. પુસ્તકની શરૂઆતમાં રાજા

૧૧૫. આ. પેશતનજી કાવશજી, 'વીકરમનામું' પ્રસ્તાવના, પૃ. ૧-૨

ભોજની સભાનું સુંદર ચિત્ર આપેલું છે. તેમાં, રાજા ભોજ જેવો સિંહાસન પર બેસવા જાય છે કે તુર્ત સિંહાસનની પૂતળીઓ ભોજને સિંહાસન પર બેસતો અટકાવી, એક પછી એક વાર્તાઓ કહે છે.

'પાંચ દંડની વારતા' પુસ્તકનાં પૃષ્ઠ ૨૨૮-૨૪૯પર આવેલી છે. 'સિંહાસન-બત્રીસી'ની બત્રીસ વાર્તાઓ પૂરી થયા પછી સિંહાસનની હંસા પૂતળીના મુખથી 'પાંચ દંડની વારતા' કહેવાય છે તે કૃતિના પક્ષે વસ્તુના આયોજનની ખામી ગણાય; કારણ તેમ કરવા જતાં, બત્રીસને બદલે તેત્રીસ વાર્તાઓ થઈ જાય છે. શામળ પણ હંસા પૂતળીના મુખથી આ વાર્તા કહેવડાવે છે, પણ તેની 'સિં૦બ૦'માં પૂતળીઓની સંખ્યા વધતી નથી, બત્રીસ જ રહે છે. આ. પેશતનજી વાર્તાની શરૂઆત આ રીતે કરે છે:

"એક દાહાડે શારૂં મુહુરત લેઈને રાજા ભોજે શીંઘાશનની પુંજા કરી મોટા મોટા પંડીતોને તેડાવીને શભા ભરી. શીંઘાશન પર પગ મુકે શું કે પુતલી બોલી જે તું પગ મુકે નહી, કેમ કે એ શીંઘાશન રાજા વીકરમનું છે; માંટે તું એ તેનાં જેવો હોએ તો તે ઉપર બેશવું કર. તે રાજા બરાંમણનું પાલન કરતો હતો અને પારકી બાએડીઓને પોતાની બેહેન શરખી ગણતો, માંટે તેવો શખશ જે પેદા થાશે તે એ શીંઘાશન ઉપર બેસશે. રાજા ભોજે પુતલીને પુછેઉ કહેઉ કે મને વીકરમની વખાંણ કેહે કે હું બેઉ હાથ જોડીને શાંભલું, તેણે શું પરાક્રમ કરીઆં છે અને લોકને શું ફાએદો કરીઓ છે તે મને કહી શાંભલાવ. તે પછે હંશા નામની પુતલી બોલી કે, હું કહું છું તે શાંભલ. તે રાજા ઉજન નગરીનું રાજ કરતો હતો તેણે પરાક્રમ ઘણાં કરીઆં અને શરવ પરથવીનું રાજ કરીઉ. તેનાં રાજમાં લોક ધરમી હતા, કોઈને રોગ નહી થાતો, તેનું શીંઘાશન શોનાંનું હતું, તેહેને પાંચ દંડ અને છતર જડેલાં હતાં તે શીંઘાશનની વાત ઘણી છે તે હું તમો કહું છું તે શાંભલ. - - - - - - - - - - - - -"[116]

કૃતિનો અન્ત ભાગ આ પ્રમાણે છે:

"- - - - - એ પરમાંણે પાંચ દંડ રાજા જીતી લાવેઓ શાશુને જઈને પગે લાગેઓ. પછે વીકરમ રાજા પાંચ દંડ જીતી લાવીઓ. એ વાત શઘલી દુનીઆંમાં જાહેર થઈ. પછી કાંઈ જીતવાનું નહી રહીઉ તારે તેણે જે જોશી

116. ઉપર્યુક્ત, પૃ. ૨૨૯

લખે છે ને પોતાનો શક ચાલુ કરાશે. એ વાત ઇન્દ્રે જાણી ત્યારે તેણે પોતાનું સિંહાસન મોકલીઉં, તેની પાછળ તે પાંચે દંડ મલીઆ અને છઠું એક છત્તર મલીઉં અને ઘણાં રતન મણી હીરા, સુનાંનાં પતરાં કરાવીઆં અને પાછળ બત્રીસ પુતળી એકએકની સાથે હતી અને તેનાં હાથમાં વાજાં હતાં તેથી સિંહાસન ઘણું સારૂં દેખાતું હતું- - - -."[117]

કૃતિની પાંચેય વાર્તાઓનું વસ્તુ રામચન્દ્રસૂરિની પરંપરાને અનુસરનાર 'પંચદંડ'કારોની કૃતિઓના વસ્તુ સાથે સામ્ય ધરાવે છે; ફક્ત અન્ય રચનાઓમાં પાંચમી વાર્તા તરીકે આવતી 'વિનાપહારદંડ'ની વાર્તા આ કૃતિમાં ચોથી આવે છે, અને ચોથી સ્ત્રીચરિત્રની વાર્તા અહીં પાંચમી થાય છે. કર્તા વાર્તાઓના વસ્તુ પરત્વે શામળ અને બીજા પૂર્વજોને અનુસર્યા છે, પણ વાર્તાઓમાંના એકેય દંડનાં નામ આપ્યાં નથી. વળી, અન્ય રચનાઓમાં, દમની વિક્રમને પાંચ આદેશ સોંપે છે અને પ્રત્યેક આદેશ પૂરો થતાં વિક્રમ નવા આદેશની માગણી કરે છે અને દમની તેને કાર્યસિદ્ધિ માટે નવો આદેશ આપે છે. કેટલીક કૃતિઓમાં, પાંચ કાર્ય, પાંચ પરિચ્છેદ, પાંચ દંડ ઇત્યાદિમાં વાર્તાઓનું વસ્તુ વહેંચાયેલું છે. આ ગદ્યકથામાં, વસ્તુના ઉપર્યુક્ત કોઈ રીતે ભાગ પાડેલા નથી; આદેશ કે પરિચ્છેદથી વાર્તા પૂરી થવા કે શરૂ થવાનો એ સૂચન મળતું નથી. એક પ્રાસ્તાવિક વિક્રમ-દેવદમનીના લગ્નની વાર્તા પછી ઉમાદેના ઉડણદંડની વાર્તા શરૂ થાય છે; ત્યાર પછી રત્નમંજરીની રત્નમંજૂષાની વાર્તા આવે છે, અને પછી વિનાપહારદંડની અને છેલ્લી સ્ત્રીચરિત્ર અથવા પ્રતાપદંડ(કામિદંડ)ની વાર્તા મળે છે; પણ કર્તાએ વાર્તાનો અન્ત કે શરૂઆત સ્પષ્ટ રીતે દર્શાવ્યાં નથી.

'વિક્રમ-દેવદમની'ની પ્રાસ્તાવિક વાર્તામાં, દંડ વડે ઊભી કરાયેલી ત્રણ ભીંત વિક્રમના સેવકોથી તૂટી શકતી નથી ત્યારે દમની લાક્ષણિક ગુજરાતી ઢબે કહે છે:

" - - - પછે દમની હસતી હસતી રાજા પાસે આવી અને બોલી કે, 'એ કાંઈ એરણું કામ નથી. એનું આમોભીત એવું નામ છે; માટે પાંચ દંડનું છત્તર જે માંડા ઉપર ધરાવે તે સાખશ આએ ભીતને નહી હતી તેવી કરે. જેની માસે શેઠનો એક ગાંઠીઆ આણો હે અથવા જેના મોહોડા ઉપર

૧૧૭. ઉપર્યુક્ત, પૃ. ૨૪૮-૨૪૯

મુછ છે એવો કોઈ નથી કે એ ભીંત નહીં હતી તેમ કરે. ----"[118]

રાજા વિક્રમ 'પંચદંડ' વિષે જિજ્ઞાસા દર્શાવી દમનીને પૂછે છે તે વસ્તુ પણ અન્ય કૃતિઓથી સહેજ જુદું પડે છે:

"---- બીજે દહાડે શહવારે શભા ભરીને રાજાએ દમનીને ઘેર એક માણસ મોકલી તે બોલાવી મંગાવી અને પાંચ ડંડનું મોહોણું દઈને પુછીઉં કે, પાંચ ડંડ એ કોણનું નામ છે અને એ કોણને ઘેર છે તથા કેવું અને કેવડું છે તે મને ખરેખરૂ જાહેર કરીને કેહે, હું તારેથી જુદાઈ રાખતો હોઉં તો મને ઈશવરની આંણ છે."[119]

વિક્રમ અને દેવદમની દ્યૂત રમે છે તે વખતે જે શરત આ ગદ્યકથામાં કરેલી છે તે અન્ય સર્વ રચનાઓથી જુદી પડે છે:

"---- દમની બોલી કે, જો હું હારૂ તો તારી સાથે પરણીને દાસી થાઈને તારી પાશે રેહું અને જો તું હારે તો તુંને દેશમાંથી બાહાર કાહાડી મુકું અને તુંને ચાકર તરીકે રાખીને તારૂં રાજ હું કરૂં, પણ ચાર દહાડાની બોલી કરવી અને આપણ બેમાંથી કોઈએ ફરવું નહિ. ---"[120]

ઉમાદેના ઉડણદંડની વાતમાં કર્તાએ આ વાર્તાચક્રની પરંપરાની એક મહત્વની ઘટનાનો જાણ્યે-અજાણ્યે ત્યાગ કર્યો છે. 'પંચદંડછત્ર'ની મોટા ભાગની કૃતિઓમાં આ વાતમાં એમ ઉલ્લેખ મળે છે કે, પૂજા માટે મૂકેલો ઉમાદેનો દંડ લઈ વિક્રમ, તેના સાથીદાર વિદ્યાર્થીઓ તેમ જ ગુરુ સોમશર્મા નાઠા અને સમુદ્રકિનારે આવી, વહાણમાં બેસી કટાહદ્વીપ પર ઊતર્યા. એને બદલે આ ગદ્યકથાકાર એમ દર્શાવે છે છે કે, દંડ લઈ નાઠેલા વિક્રમ, શિષ્યો અને ગુરુ એક નિર્જન નગરમાં ગયા; વહાણમાં બેસવું અને કટાહદ્વીપ પર ઊતરવું એ પ્રસંગો તેણે છોડી દીધા છે. શામળે પણ આ પ્રસંગ તેમ જ વાર્તાઓમાં દંડનાં નામ ફેરવી નાખી વાર્તાઓની પરંપરાને આંચકો આપ્યો છે, તે આપણને રુચતું નથી.

રત્નમંજરીની રત્નમંજૂષાની વાતમાં, રત્નમંજરી પાસે સામાન્ય રીતે એક દૂત પત્ર લઈ આવે છે, અને રત્નમંજરીને તેમ જ રત્નમંજૂષાને ગુપ્ત રીતે સાંઢ પર લઈ જવાની યોજના કરે છે. આ ગદ્યકૃતિમાં, દૂતને સ્થાને દેવ

118. એ જ, પૃ. ૨૩૦
119. એ જ, પૃ. ૨૩૦
120. એ જ, પૃ. ૨૩૦

રાજકન્યાને જોવા આવ્યો એમ વર્ણન મળે છે.----"

વિષાપહારદંડની ચોથી વાર્તાનો કોઈ પ્રસંગ અન્ય રચનાઓથી જુદો પડતો નથી, પણ સ્ત્રીચરિત્રની પાંચમી વાર્તામાં, કોચી કંદોયણને કર્તા કાશી કંદોયણ કહે છે. કેટલીક 'પંચદંડછત્ર'ની કૃતિઓમાં 'કોચી'ને સ્થાને 'કુચી' શબ્દ મળે છે; તો તે 'કુચ' પ્રદેશની હોઈ શકે, એવી એક સંભાવના ન કરી શકાય? ભારતના ઈશાન ખૂણામાં આવેલ હાલનો કુચબિહાર એ જ 'કુચ' પ્રદેશ. કોચી-કુચી ગણિકાસંસ્થાના પ્રતીકરૂપ હોય એમ આ વાર્તામાં તે ભાગ ભજવે છે.

'પંચદંડછત્ર'ના વાર્તાચક્રમાં સૌથી છેલ્લી[૪૨] આ ગદ્યકૃતિ સુરત જિલ્લા તરફના પારસી ગદ્યની લઢણો અને ખૂબીઓ સારી રીતે વ્યક્ત કરે છે. ગદ્ય એ બોલાતી ભાષાનાં બળ, છટા અને સાહજિકતા દર્શાવે છે, એ કથન આ કૃતિ અક્ષરશઃ સાચું પાડે છે. અર્વાચીન ગુજરાતી ગદ્યના વિકાસનો અભ્યાસ કરનારે આવી કૃતિઓનું પરીક્ષણ અને પરિશીલન પણ કરવું જોઈશે.

ઉપર્યુક્ત, 'પંચદંડ'ની ઓગણીસ કૃતિઓના પરિચય અને સમીક્ષાના અંતે, આ વાર્તાચક્રની બે પરંપરા આપણને જાણવા મળે છે: ૧. પ્રાચીન સંસ્કૃત પરંપરા; ૨. પૂર્ણિમાગચ્છીય રામચન્દ્રસૂરિની પરંપરા. આ બે પરંપરા વચ્ચેનો ભેદ એ છે કે, સંસ્કૃત પરંપરાની 'પંચદંડ'ની કૃતિઓમાં, 'વિક્રમ-દેવદમની'ની વાર્તામાં, કચરો વાળતી દમનીની દાસીને જ્યારે રાજસેવકો મારે છે, ત્યારે દમની ગુસ્સે થઈ વિક્રમને મહેણું મારે છે કે, 'ના જોયો હોય મોટો પંચદંડ-છત્રનો ધારણ કરનાર જાણે!' આ મહેણું સાંભળી, વિક્રમ પંચદંડ છત્રનો ભેદ પામવા, દમનીને બોલાવીને પૂછે છે. રામચંદ્રસૂરિની પરંપરામાં, આ જ પ્રસંગે, મહેણું મારવાના બદલે ગુસ્સે થયેલી દમની દંડ વડે, વિક્રમની સવારી-ના માર્ગમાં ત્રણ રેખાઓ કરે છે, જેના પરિણામે રસ્તામાં ત્રણ વજ્રદિવાલો ઊભી થાય છે. વિક્રમનું સૈન્ય તેને તોડી શક્યું નહિ તેથી અંતે, રામ અને

૪૨. સ્વ. પ્રો. બ. ક. ઠાકોરે 'પંચદંડ'વિષયક કૃતિઓનો અભ્યાસ કરવાનું વિચાર્યું હશે અને તેથી તેઓએ 'વિજયનેમિસૂરી ભંડાર, અમદાવાદ'ના હસ્તપ્રતો-ના સંગ્રહમાંથી 'પંચદંડ'પરની પ્રતોની નોંધ કરેલી છે. આ નોંધ મને વડોદરા યુનિવર્સિટી લાયબ્રેરીના સ્વ. બ. ક. ઠાકોર-સંશોધનવિભાગમાંથી મળી આવતાં મેં ઉપર્યુક્ત ભંડાર જોવા પ્રયત્ન કર્યો પણ તે જોવાની સગવડ મળી નથી.

તેનું સૈન્ય અન્ય માર્ગેથી મહેલમાં ગયાં, રામએ દમનીને મહેલમાં બોલાવી, પંચદંડ છત્રનું રહસ્ય પૂછ્યું. પ્રાચીન સંસ્કૃત 'પંચદંડ'ની રચનાઓમાં, રત્નમંજૂષાની પ્રાપ્તિ માટે, વિક્રમ તામ્રલિપ્તિ જાય છે; ત્યાં રાજકુંવરીના મહેલમાં છુપાઈ રહી વિક્રમ, કુંવરીને લેવા આવેલા દૂતનો વધ કરે છે, અને કુંવરી તેમ જ રત્નમંજૂષાનું હરણ કરી જાય છે. આ વાર્તાની પ્રાચીન સંસ્કૃત પરંપરામાં, વાર્તાનું કેન્દ્ર તામ્રલિપ્તિ (પ્રાચીન બંગાળના સમૃદ્ધ બંદર અને વેપારના મથક તરીકે ઉલ્લેખ પામેલું) છે, જ્યારે રામચંદ્રસૂરિની પરં-પરામાં તેનું રૂપાન્તર ખંભાતમાં થઈ ગયું છે, અને સર્વ ગુજરાતી તેમજ રાજસ્થાની 'પંચદંડ'કારોમાં વાર્તાનું કાર્યક્ષેત્ર ખંભાત દર્શાવેલું છે. વળી, એ જ વાર્તામાં, વિક્રમ રાજકુંવરીના મહેલમાં સંતાઈ રહ્યો હોય છે, ત્યારે દેવદમનીએ રત્નમંજરી પર પોપટ દ્વારા મોકલેલો પત્ર કુંવરી વાંચતી હોય છે અને વિક્રમ પણ તે વાંચે છે. આ વાર્તામાં જે દંડનો ઉલ્લેખ આવે છે તે પણ પ્રાચીન સંસ્કૃત કૃતિઓમાં મળતો નથી. એટલે રત્નમંજૂષા સાથેનો દંડ અને પોપટ દ્વારા દેવદમનીએ મોકલેલો પત્ર, આ બે દોરના રામચંદ્રસૂરિએ આ વાર્તામાં દાખલ કરી છે; પ્રાચીન સંસ્કૃત કૃતિઓમાં તે મળતી નથી. 'પંચદંડ'ના વાર્તાચક્રની ચોથી વાર્તા, પ્રાચીન પરંપરામાં, 'લઘુ પુત્રવધૂ'ની મળે છે; રામચંદ્રસૂરિએ તે વાર્તાના સ્થાને, ઉજ્જયિની-ના વૃદ્ધ ધનશેઠની યુવાન સુંદર સ્ત્રીના સ્ત્રીચરિત્રની વાર્તા દાખલ કરી છે. છેવટે, જ્યારે વિક્રમ પાંચ દંડ જીતી લાવી, પંચદંડ છત્ર ધારણ કરે છે ત્યારે ઇન્દ્ર તેના પરાક્રમથી ખુશ થઈ, તેને માટે સ્વર્ગલોકથી એક દિવ્ય સિંહાસન મોકલે છે, સિંહાસન મોકલવાનો પ્રસંગ, રામચંદ્રસૂરિની કલ્પનામાંથી ઉદ્ભવ્યો છે; તે પહેલાંની કૃતિઓમાં તે પ્રસંગ મળતો નથી. રામચંદ્રસૂરિએ પોતાની કૃતિ દ્વારા 'પંચદંડ'ની સર્વ જૂની ગુજરાતી અને રાજસ્થાની કૃતિઓ પર પ્રબળ અસર કરી, તેઓને નવો વળાંક અને ઓપ આપ્યો છે. વધારે વિગતોમાં ન ઊતરતાં, એક વસ્તુનો સ્વીકાર કરવો પડશે કે, રામચંદ્રસૂરિની પરંપરા દ્વારા 'પંચદંડ'ની વાર્તાઓના સ્વરૂપમાં એક પ્રકારની સંસ્કરણપ્રક્રિયા (Process of Sophistication)નો પ્રવેશ થયો અને શામળમાં એ સંસ્કરણપ્રક્રિયા

એટલી હદે પહોંચી કે મૂળ વાર્તાઓની પ્રાચીનતા અને સાહજિકતા માર્યાં ગયાં. લોકબોલીમાં જેમ સંસ્કરણ પ્રવેશતાં તેની સાહજિકતા નાશ પામે છે તેમ લોકવાર્તામાં— કહો કે લોકવિદ્યાનાં તમામ અંગોમાં થાય છે.

'પંચદંડ' વિષયક કૃતિઓના તુલનાત્મક અધ્યયન પછી હવે "પંચદંડનું પ્રાચીન સ્વરૂપ અને સ્વરૂપાન્તર" એ વિષયની હું ચર્ચા કરીશ.